સાપ્તાહિક
૨૦૩ વર્ષ
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 37
■ વિક્રમ સંવત ૨૦૮૦ ■ ભાદ્રપદ વદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૪, (૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૪ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સુરત નજીક ટ્રેનને ઊથલાવવાનું ષડ્‌યંત્ર

## રેલવે સ્ટાફની સતર્કતાને કારણે મોટી દુર્ઘટના ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરના કીમ સ્ટેશન નજીક ટ્રેન ઊથલાવવાના ગુનાઈત કૃત્યનો પર્દાફાશ થયો હતો. પશ્ચિમ રેલવે વડોદરા ડિવિઝનની એક ટ્રેન ઊથલાવવાનો પ્રયાસ નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો, અજાણ્યા શખ્સે ટ્રેન પલટાવવાનો પ્રયાસ કરતાં હોબાળો મચી ગયો હતો. જે લાઈન પર આ ષડ્‌યંત્ર કરવામાં આવ્યું હતું તે લાઈન યુપી લાઈન છે એટલે કે યુપી તરફ જતી ટ્રેનો આ ટ્રેક પરથી જતી હતી. ઘટનાની જાણ થતાં જ સુરત જિલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ સ્થળ પર પહોંચ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે, અજાણ્યા શખ્સે ટ્રેનના ટ્રેક પર ફિશ પ્લેટ ખોલી દીધી હતી. આ ઘટનાની જાણ થતાં જ રેલવે વિભાગમાં દોડધામ શરૂ થઈ ગઈ હતી. જોકે કોઈ પણ પ્રકારનો અકસ્માત સર્જાય એ પહેલાં અધિકારીઓએ તરત જ નિર્ણય લઈને રેલ વ્યવહારને તાત્કાલિક બંધ કરી દીધા હતા. બીજી તરફ નવા ફિશ પ્લેટ લગાવીને રેલ સેવા ફરી શરૂ કરી હતી.

પશ્ચિમ રેલવે વડોદરા ડિવિઝનના જણાવ્યા મુજબ સુરત પાસે કીમ રેલવે સ્ટેશન નજીક કોઇ વ્યકિતએ અપલાઇનના ટ્રેકની સાથે ચેડાં કર્યા હતાં અને ટ્રેક ઉપરથી ફિશપ્લેટ અને ચાવી ખોલી નાખી હતી જેના કારણે ત્યાર બાદ તેના પર પસાર થનારી ટ્રેનને મોટી દુર્ઘટનાની શક્યતા

(જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાન મોદીથી ડરે છે : અમિત શાહ

મેંઢર (જમ્મુ અને કાશ્મીર) : પાકિસ્તાન ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીથી ગભરાતું હોવાથી તેનામાં સરહદમાં ગોળીબાર કરવાની હિંમત નથી અને આથી જમ્મુ અને કાશ્મીરની સરહદો શાંત છે, એમ કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે શનિવારે કહ્યું હતું.

શાહ કેન્દ્રશાસિત પ્રદેશ પૂંછ જિલ્લાના સરહદી વિસ્તારમાં ચૂંટણી રૅલી સંબોધી રહ્યા હતા. બંદૂક અને પથ્થરનું સ્થાન લેપટોપને આપીને આતંકવાદને નેસ્તનાબૂદ કરવા માટે તેમણે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે મારી સરકાર જમ્મુ વિસ્તારમાં બંદૂકને ફરી ગુંજવા નહીં દે. અમે લોકોની સુરક્ષા માટે સરહદી વિસ્તારોમાં વધુ બન્કર તૈયાર કરીશું. હું તમને ૧૯૯૦ના દાયકાના સરહદપારના ફાયરિંગની યાદ અપાવું છું. શું આજે સરહદપારથી ગોળીબાર થાય છે? અગાઉના શાસકો પાકિસ્તાનથી ડરતા હોવાથી એમ થતું હતું, પરંતુ હવે પાકિસ્તાન મોદીથી ગભરાય છે. તેઓ ગોળીબાર કરવાની હિંમત નહીં કરે અને કરશે તો જડબાતોડ જવાબ અપાશે. ભાજપના નેતા પ્રદેશના ત્રણ દિવસના પ્રવાસે છે અને તેઓ વધુ પ્રચારસભા સબોધવાના છે.

અમિત શાહે કહ્યું હતું કે ગુર્જર અને બકરવાલ ૧૯૪૭થી જમ્મુ અને કાશ્મીરની સરહદનું રક્ષણ કરે છે અને આ લોકોએ આતંકવાદ સામે લડવા તેમની છાતીમાં ગોળીઓ (જુઓ પાનું ૨) ▸▸

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 68,130/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

મોટાભાઈ ! ૩૮ વરસનો અનુભવ છે!
હિના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
Heena Tours & Travels
022-61596900

FLAMINGO transworld pvt. ltd.
ARCTIC CIRCLE
With Indian Chef (12 Days)
10 Feb, 9 Mar 2025
Successfully planned holidays for more than 2,10,000 families
For More Details Scan The QR Code
+91 78618 82783 +91 99987 88159
www.flamingotravels.co.in

ESTD. 2014 Freedom your holiday, your way
FREEDOMTOURISM.COM
CHAL NEW ZEALAND FARVA JAIYE!
100% PURE NEW ZEALAND
DOWNLOAD TOUR PLAN
12N NEW ZEALAND GROUP TOUR
Auckland Arrival Date | PAY ONLY 25000/- & BOOK
15 OCT | 21 OCT | 27 OCT | 02 NOV | 08 NOV | 14 NOV | 20 NOV | 26 NOV | 02 DEC | 17 JAN | 23 JAN
₹ 1,85,400/- Land Package only
₹ 2,25,000/- Land Package-Restaurant
₹ 2,43,000/- Land Package with Maharaj (Chef)
₹ 4,54,500/- All inclusive Tour Package (Mumbai to Mumbai)
SINGAPORE AIRLINES
+91 98751 62567 +91 94263 17279
Freedom Tourism: 601, Abhishree Avenue, Nehrunagar, Ahmedabad.

દૂધમાં ફોસ્ફરસ હોય છે જે દાંતના ઈનેમલને જાળવી રાખવામાં મદદ કરે છે
Amul Cow Milk
અમૂલ દૂધ
અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા

## મુંબઈના વેપારીઓએ રૂપિયા ના આપતાં રાજકોટમાં નવ લોકોએ ઝેરી દવા ગટગટાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં એક જ પરિવારના સભ્યોએ સામૂહિક આપઘાતના પ્રયાસ કરતા ખળભળાટ મચી ગયો હતો, શહેરના ગુંદાવાડી વિસ્તારમાં સોની પરિવારના નવ લોકોએ ઊધઈ મારવાની દવા ગટગટાવી લેતાં તમામને સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. મુંબઈના ૪ વેપારીને આપેલા સોનાના માલના પોણા ત્રણ કરોડ રૂપિયા ન આપતાં સોની પરિવારે આવું પગલું ભર્યાનું એક સ્વજને જણાવ્યું હતું તેમજ બૅન્ક લોન ભરપાઈ ન કરી શકતાં સામૂહિક આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. આસપાસના લોકોએ પરિવારના બપોરના સમયે તમામ સભ્યોને હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડ્યા હતા, તમામની સ્થિતિ હાલ સ્થિર છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી હતી, જ્યારે સગાસંબંધીઓને પણ આ ખબર મળતા જ તેઓ હોસ્પિટલ પહોંચ્યા હતા.

આપઘાતનો પ્રયાસ કરનારા આડેસરા પરિવારના સભ્યોમાં લલિત વલ્લભભાઈ આડેસરા(૭૨), મીનાબેન લલિતભાઈ આડેસરા (૬૪), ચેતનભાઈ લલિતભાઈ

(જુઓ પાનું ૨) ▸▸

## હડતાળિયા ડૉક્ટરો ૪૨ દિવસ પછી ફરી ફરજ પર જોડાયા

કોલકાતા: આરજી કર મેડિકલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલની ટ્રેઈની ડૉક્ટરનાં બળાત્કાર અને હત્યાને પગલે હડતાળ પર ઉતરેલા ડૉક્ટરોએ ૪૨ દિવસની હડતાળનો અંત આણ્યો હતો અને શનિવાર સવારથી ફરી ફરજ પર જોડાયા હતા. જૂનિયર ડૉક્ટરો ફરી આવશ્યક સેવાઓમાં જોડાયા હતા. જોકે તેમણે આઉટ પેશન્ટ ડિપાર્ટમેન્ટ (ઓપીડી)માં ફરજ પર જોડાવાનું ટાળ્યું હતું. અમે આજથી ફરી ફરજ પર હાજર થવાનું શરૂ કરી દીધું છે અને અમારા સાથીદારોએ પણ માત્ર આવશ્યક અને તાકીદની સેવાઓ માટે પોતપોતાના ડિપાર્ટમેન્ટમાં ફરજ પર જોડાવાનું શરૂ કરી દીધું છે. યાદ રહે કે અમે માત્ર આંશિક રીતે કામ પર જોડાઈ રહ્યા છીએ, એમ હડતાળ પર ઉતરેલા ડૉક્ટરોમાંના એક અનિકેત માહતોએ કહ્યું હતું.

અમારા અન્ય સાથીદારો પૂરગ્રસ્ત વિસ્તારમાં જવા રવાના થઈ ગયા છે અને ચાલી રહેલા વિરોધપ્રદર્શન વચ્ચે પણ તેમના ક્ષેત્ર પરત્વેની

(જુઓ પાનું ૨) ▸▸



**ગરબા:** અમદાવાદમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મૂર્તિ, સુરત ડાયમંડ બૂર્સ તેમ જ કોલકાતા બળાત્કાર ઘટનાનું નિરુપણ કરતી અલગ જ પ્રકારની પાઘડી પહેરી ગરબા કલાકારે અન્યો સાથે તસવીર ખેંચાવી હતી. (એજન્સી)

# મણિપુરમાં ૯૦૦ ત્રાસવાદી ઘૂસ્યા

### ૨૮ સપ્ટેમ્બરે અનેક હુમલા કરવાનું ષડ્‌યંત્ર

ઇમ્ફાલ: મણિપુર સરકારના સુરક્ષા સલાહકાર કુલદિપ સિંહે જણાવ્યું હતું કે મ્યાનમારમાંથી ૯૦૦ પ્રશિક્ષિત સશસ્ત્ર આતંકવાદીઓ મણિપુરમાં ભારતીય ક્ષેત્રમાં ઘૂસ્યા હોવાનો ગુપ્તચર અહેવાલ સુરક્ષા વડાઓને આપવામાં આવ્યો છે.

રાજ્ય અને કેન્દ્રીય સુરક્ષાનાં સંયુક્ત દળોને સરહદી વિસ્તારો સહિતના વ્યૂહાત્મક વિસ્તારોમાં એલર્ટ કરી દેવામાં આવ્યા છે, એમ સુરક્ષા સલાહકારે મુખ્ય પ્રધાનના સચિવાલયમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

મંગળવારે, મુખ્ય પ્રધાન દ્વારા ડીજીપી મણિપુર, સુરક્ષા સલાહકાર અને ગૃહ કમિશનરને સંબોધીને લખવામાં આવેલો એક પત્ર સોશિયલ મીડિયા પર સામે આવ્યો (જુઓ પાનું ૨) ▸▸

## મુંબઈ, થાણેમાં ઘરનું વેચાણ ઘટ્યું

નવી દિલ્હી: મુંબઈ, નવી મુંબઈ, થાણે સહિતના નવ શહેરમાં સપ્ટેમ્બર સુધીના ત્રિમાસિક ગાળામાં ઘરના વેચાણમાં ૧૮ ટકાનો ઘટાડો થવાની ધારણા છે.

આ નવ શહેરમાં દિલ્હી-એનસીઆર, મુંબઈ, નવી મુંબઈ, થાણે, પુણે, બેંગલૂરુ, હૈદરાબાદ, ચેન્નઈ અને કોલકાતાનો સમાવેશ થાય છે.

ગયા વરસે આ જ સમયગાળામાં આ નવ શહેરોમાં ૧,૨૬,૮૪૮ ઘર વેચાયા હોવાની સરખામણીએ આ વરસે ૧,૦૪,૩૯૩ ઘર વેચાયા છે જે ૧૮ ટકાનો ઘટાડો સૂચવે છે.

રિયલ એસ્ટેટ ડૅટા ઍનાલિસ્ટ કંપની પ્રોપઈક્વિટીના અંદાજ મુજબ ચાલુ ત્રિમાસિકમાં કુલ ૧૩,૩૧૧ ઘર ધરાવતી હાઉસિંગ પ્રોપર્ટીઓ લૉન્ચ કરવામાં આવી હતી જેની સરખામણીએ ગયા વરસે આ સંખ્યા માત્ર ૪,૧૪૫ જેટલી હતી.

જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન દિલ્હી એનસીઆરમાં ઘરનાં વેચાણમાં બાવીસ ટકા વધારો જોવા મળે તેવી શક્યતા છે.

ગયા વરસે દિલ્હીમાં આ સમયગાળામાં ૮,૪૧૧ ઘર વેચાયા હોવાની સરખામણીએ આ વરસે ૧૦,૨૬૩ ઘર વેચાયા હોવાનું અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આગામી તહેવારોની સિઝન અને આવનારા વરસોમાં પ્રોપર્ટી ક્ષેત્રમાં અપવર્ડ ટ્રેન્ડ જોવા મળશે. (એજન્સી)■

## ઝારખંડના મુખ્ય પ્રધાન સૌથી વધુ ભ્રષ્ટ : રાજનાથ

ઈટખોરી (ચતરા) : સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શનિવારે ઝારખંડના મુખ્ય પ્રધાન હેમંત સોરેનને 'સૌથી ભ્રષ્ટ મુખ્ય પ્રધાન' ગણાવીને તેમની આલોચના કરી હતી.

રાજનાથે ભારપૂર્વક જણાવ્યું હતું કે હવે સોરેનને પદભ્રષ્ટ કરવાનો અને પૂર્વના રાજ્યમાં ભાજપને સત્તા પર લાવવાનો સમય આવી ગયો છે. આ વર્ષના અંતમા ઝારખંડમાં ચૂંટણી થવાની છે. ઈટખોરીથી ભાજપની પરિવર્તન યાત્રાને લીલી ઝંડી દેખાડતાં રાજનાથે કહ્યું હતું કે હેમંત સોરેન સૌથી ભ્રષ્ટ મુખ્ય પ્રધાન છે. તેમણે ભારતના

(જુઓ પાનું ૨) ▸▸

પ. કૃ. દેવ શ્રીમદ્ રાજચંદ્ર
કાર્તિકી પૂનમ જન્મોત્સવ ત્રિ-દિવસીય શિબિર



સત્સંગ - વાંચન - ડો. દીપક તુરખિયા
- શ્રી વડવા તીર્થક્ષેત્ર
શુક્રવાર, શનિવાર, રવિવાર, તા. ૧૫ થી ૧૭ નવેમ્બર ૨૦૨૪
વકૃત્વ હરીફાઈ વિષય
*જાતિસ્મરણજ્ઞાન, *અદભુત યાદશક્તિ, *આજન્મ કવિત્વશક્તિ, *અવલોકન શક્તિ, *જ્યોતિષ શક્તિ, *લેખન શક્તિ, *અતિન્દ્રિય જ્ઞાન, *અગમ ચેતીપણું, *અવધાન - **શતાવધાન, *અંતર્યામીપણું અને *આત્મિક શક્તિનો સંપૂર્ણ ઉઘાડ......
આધ્યાત્મિક અને હરિફાઈ વિષયક માહિતી - 9967 661515,
આશ્રમ વ્યવસ્થા હેતુ - મેનેજર શ્રી - 87678 80455
*નોંધ - ઈચ્છુક વ્યક્તિને શિબિર હરીફાઈની પ્રશ્ન-ઉત્તરની પુસ્તિકા અગાઉથી જ પ્રભાવના દાખલ આપવામાં આવશે*
સૌજન્ય - શ્રી બી. ટી. શાહ પરિવાર,
ફ્લોરિડા, USA : + 1(305) 684-4526
KParth

## દિલ્હીનાં મુખ્ય પ્રધાન બન્યાં આતિશી

નવી દિલ્હી : દિલ્હીના ઉપ રાજ્યપાલ વી. કે. સકસેનાએ રાજનિવાસમાં આમ આદમી પાર્ટીનાં વરિષ્ઠ નેતા આતિશીને શનિવારે દિલ્હીમાં આઠમા મુખ્ય પ્રધાન તરીકે સોગંદ લેવડાવ્યા હતા.

સકસેનાએ આતિશીને હોદ્દાના અને ગુપ્તતાના સોગંદ લેવાડાવ્યા હતા. આતિશીના પુરોગામી અરવિંદ કેજરીવાલે રાજીનામું આપતાં આતિશીને વિધાનસભાના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યાં હતાં. શપથ સમારોહમાં કેજરીવાલ અને મનિષ સિસોદીયા જેવા (જુઓ પાનું ૨) ▸▸

## સરકાર મંદિરોનું નિયંત્રણ હિંદુઓને સોંપેઃ વિહિંપ

નવી દિલ્હી: વિશ્વ હિન્દુ પરિષદ(વિહિપ)એ તિરૂપતિ લાડુ પ્રસાદમાં પ્રાણીની ચરબીના કથિત ઉપયોગને 'અસહ્ય' ગણાવ્યો છે. તેમજ આંધ્ર પ્રદેશ સરકારે મંદિરનું નિયંત્રણ અને સંચાલન હિંદુઓને સોંપવાની માગ કરી છે.

વિહિપના મહાસચિવ બજરંગ બાગડાએ દેશભરનાં તમામ મંદિરો અને અન્ય હિંદુ ધાર્મિક સ્થળોને સરકારી નિયંત્રણમાંથી મુક્ત કરવાની હિમાયત કરી છે. તેમણે તિરૂપતિ લાડુ પ્રસાદમની અપવિત્રતામાં કથિત રીતે સામેલ લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પણ માગ કરી છે.

બાગડાએ એક વીડિયો નિવેદનમાં કહ્યું કે તિરૂપતિની ઘટના વિશ્વ હિંદુ પરિષદની એ માન્યતાને વધુ મજબૂત કરે છે કે મંદિરો પર સરકારી નિયંત્રણ રાજકારણનું પ્રવેશદ્વાર હોય છે. સરકારી નિયંત્રણવાળા મંદિરોમાં બિન-હિંદુ અધિકારીઓની

(જુઓ પાનું ૨) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૨-૯-૨૦૨૪ થી તા.૨૮-૯-૨૦૨૪

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ કન્યા રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મિથુનમાં સમગતિએ ભ્રમણ કરે છે. બુધ સિંહમાંથી કન્યા રાશિમાં તા. ૨૩મીએ પ્રવેશે છે. બુધ શીઘ્ર ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર તુલા રાશિમાં શીઘ્ર ગતિએ ભ્રમણ કરે છે. વક્રી શનિ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ મીનમાં, કેતુ કન્યા રાશિમાં ભ્રમણ કરે છે. પ્રારંભે ચંદ્ર વૃષભ રાશિમાં રહે છે. તા. ૨૪મીએ મિથુનમાં, તા. ૨૬મીએ કર્કમાં આવે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના તેજીના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નવા રોકાણ માટે ગોચરફળ શુભ નથી. નવી નોકરીનો પ્રારંભ થાય. નોકરી માટે તા. ૨૫, ૨૭, ૨૮ શુભ જણાય છે. સંતાન પરિવારના કારોબારમાં ઉપયોગી થશે. વેપારની પ્રવૃત્તિઓ સફળતાથી જળવાઈ રહેશે. અર્થવ્યવસ્થા વધુ મજબૂત બનશે. મહિલાઓ સહોદરો સાથેના મતભેદમાં ઉકેલ પ્રાપ્ત કરશે. વિદ્યાર્થીઓ નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી થશે. નોકરીના કામકાજમાં યશ મેળવશો. કુટુંબમાં કારોબારની પ્રગતિ જળવાઈ રહેશે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. વેપાર વધશે. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓના કારોબાર પ્રગતિસૂચક જણાય છે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને અધ્યયનમાં નિયમિતતા જાળવવામાં સફળતા જણાશે. શૈક્ષણિક પ્રવાસ સફળ બની રહેશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ માટેના નિર્ણયનો અમલ કરી શકશો. નોકરીના કામકાજ અર્થે પ્રવાસ શક્ય છે. વેપારના મિત્રો ઉપયોગી થશે. નવા વેપાર, નવી આવકનાં સાધનો મેળવી શકશો. કુટુંબના સદસ્યોની પ્રગતિ જળવાશે. અર્થવ્યવસ્થા વધુ સક્ષમ બની રહેશે. મહિલાઓને તીર્થ પ્રવાસના આયોજન માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓનો અભ્યાસ નિયમિતપણે એકાગ્રતાથી જળવાઈ રહેશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજાર માટે નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. વાહન – સ્થાવર મિલકતનો નિર્ણય લઈ શકશો. કુટુંબમાં સભ્યો સાથેનો મતભેદ દૂર થશે. કાર્યક્ષેત્રની નાણાંની આવક જળવાઈ રહેશે. ભાઈ–બહેનો સાથેના મતભેદો દૂર થશે. વિદ્યાર્થીઓને અધ્યયન નિત્યપણે જાળવી રાખવામાં સફળતા જણાશે. શાળા–કોલેજના અભ્યાસમાં નિયમિત રહેશો.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબના નવા રોકાણ માટે સફળ રહેશો. નોકરીમાં ઉપરી અધિકારીનો સહયોગ મેળવશો. વેપાર, વાણિજ્ય, હિસાબ–કિતાબ સફળ બની રહેશે. ભાગીદાર સાથેના વ્યવહારમાં સાવચેતી રાખવી જરૂરી છે. મુસાફરી દ્વારા કારોબારના કામકાજ પૂર્ણ કરી શકશો. મહિલાઓને નવી નોકરીના પ્રારંભમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અનુકૂળ તકો પ્રાપ્ત થશે. અભ્યાસના જરૂરી સાધનો મેળવશો.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના રોકાણમાંથી નાણાં મેળવી શકશો. નોકરીમાં માનવૃદ્ધિ–યશવૃદ્ધિ થશે. વેપારની આવક વધશે. નવા વેપારના કામકાજ થાય. ભાગીદાર સાથેનો મતભેદ દૂર થશે. નાણાંની આવક જળવાઈ રહેશે. નાણાં બચતના નિર્ણયોનો અમલ થઈ શકશે. મહિલાઓને કુટુંબમાં યશપ્રાપ્તિનો અનુભવ થાય. વિદ્યાર્થીઓના અધ્યયનનાં કાર્યો નિયમિત જળવાઈ રહેશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષાનુસાર દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૨૪, ૨૫, ૨૮ શુભ જણાય છે. પરિવારજનોનો સહયોગ નિજી પ્રવૃત્તિમાં મેળવશો. વ્યક્તિગત મતભેદો કાર્યક્ષેત્રે દૂર થવાથી ઉત્સાહ અનુભવશો. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કુટુંબના વડીલોનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને વાંચન–અભ્યાસ પૂર્ણ કરવામાં સફળતા જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજાર માટેનો નાણાં રોકાણનો નિર્ણય અમલમાં મૂકી શકશો. નોકરી માટે તા. ૨૨, ૨૩, ૨૮ શુભ જણાય છે. કારોબારમાં મિત્ર–મદદનીશ, ભાગીદાર મેળવશો. વેપારના કામકાજની વાટાઘાટો સફળ નીવડશે. જૂનાં ઉઘરાણીનાં નાણાંની વસૂલી થશે. કુટુંબના સભ્યો સાથેનો મહિલાઓનો જૂનો મતભેદ દૂર થશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓ સફળતા પ્રાપ્ત કરશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષામુજબ સાપ્તાહિક વેપાર સફળ રહેશે. નોકરી માટે તા. ૨૨, ૨૩, ૨૫, ૨૬ શુભ પુરવાર થશે. નોકરીના જૂનાં અપૂર્ણ કામો સરળતાથી પૂર્ણ કરી શકશો. કુટુંબીજનો પરિવારના કારોબારમાં ઉપયોગી થશે. અર્થવ્યવસ્થા જળવાઈ રહેશે. મહિલાઓને કાર્યક્ષેત્રે પરિવર્તનો લાવવામાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસ સફળતાથી જળવાઈ રહેશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારના કામકાજ સફળ બની રહેશે. નોકરીમાં તા. ૨૫, ૨૬, ૨૮ શુભ જણાય છે. નોકરીની જવાબદારીઓમાં પરિવર્તનો આવે તેમ છે. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. કુટુંબજીવનનો યશસ્વી અનુભવ થાય. કુટુંબના સભ્યોનો મહિલાઓને પ્રાસંગિક જવાબદારમાં સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને નિર્ણયો લેવામાં આત્મવિશ્વાસ ઉપયોગી બની રહેશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબના વેપાર લાભદાયી બની રહેશે. નોકરી માટે તા. ૨૬, ૨૭, ૨૮ શુભ પુરવાર થશે. મિલકતના નિર્ણયો સફળ રહેશે. ખર્ચના સાધનો આવક કરતાં વધારે જણાશે. આવક જળવાઈ રહેશે. મહિલાઓ પરિવારના નિર્ણયો અને પ્રસંગોમાં સફળતા મેળવશે. વિદ્યાર્થીઓના દૈનિક અભ્યાસમાં વિલંબ આવે તેમ જણાય છે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજાર માટે નવા નાણાં રોકાણનો નિર્ણય અમલમાં લાવી શકશો. નવા નોકરીના કામકાજ સફળ રહેશે. તા. ૨૪, ૨૭, ૨૮, શુભ પુરવાર થશે. મિત્રો દ્વારા કારોબારમાં સફળ તકો મેળવશો. વિભાગીય પરીક્ષામાં સફળતા મેળવશો. વેપાર વધશે. મહિલાઓના કારોબારના કામકાજ અનુકૂળ બની રહેશે. વિદ્યાર્થીઓને કુટુંબીજનોનો સહયોગ શૈક્ષણિક પ્રવૃત્તિમાં પ્રાપ્ત થશે.

## આજનું પંચાંગ

### (ઉત્તરાયણ સૌર શરદઋતુ), રવિવાર, તા. ૨૨-૯-૨૦૨૪

ભારતીય દિનાંક ૩૧, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ વદ–૫
જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ વદ–૫
પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
મીસરી રોજ ૧૯મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
નક્ષત્ર કૃત્તિકા રાત્રે ક. ૨૩–૦૧ સુધી, પછી રોહિણી.
ચંદ્ર મેષમાં સવારે ક. ૦૬–૦૮ સુધી, પછી વૃષભમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૮ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૮, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૬, સ્ટા. ટા.
: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
ભરતી : બપોરે ક. ૧૪–૨૪, મધ્યરાત્રિ પછી ક. ૦૩–૨૨ (તા. ૨૩)
ઓટઃ સવારે ક. ૦૮–૧૫, રાત્રે ક. ૨૦–૩૦
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ – પંચમી. પંચમીનું શ્રાદ્ધ, ષષ્ઠીનું શ્રાદ્ધ, સૂર્ય સાયન તુલા રાશિમાં ક. ૧૮–૧૪.
મુહૂર્ત વિશેષઃ વિષ્ણુ –લક્ષ્મી પૂજા, સૂર્ય પૂજા, ગાયત્રી જાપ, હવન, અગ્નિ પૂજા, ઉંબરાના વૃક્ષનું પૂજન, માલ વેચવો, પશુ લે–વેચ. શ્રાદ્ધ પર્વઃ પાંચમ તિથિએ દિવગંતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. કૃત્તિકા નક્ષત્રનાં શ્રાદ્ધનો મહિમા અધિક છે. કૃત્તિકા શ્રાદ્ધ ખ્યાતિ, પ્રસિદ્ધિ, આરોગ્ય પ્રદાન કરે છે. પાંચમનું શ્રાદ્ધ લક્ષ્મીજીના આશીર્વાદ અપાવે છે. આયુર્વેદની દૃષ્ટિએ ભાદરવો એ શરદઋતુમાં આવે છે. જેને આયુર્વેદમાં રોગોની માતા તરીકે ઓળખાય છે. આ ઋતુમાં પિત્તનો પ્રકોપ થાય છે આથી જેણે આ ઋતુ રોગ વિનાની કાઢી તેનું વરસ નિરોગી નીકળ્યું તેવું ગણવામાં આવે છે. આ ઋતુમાં તાવ વિગેરે પિત્તપ્રકોપના દિવસો ગણાય છે. પિત્તના શમન માટે દૂધ શ્રેષ્ઠ છે. આથી દૂધની બનાવટો જેમ કે ખીર–દૂધપાક વિગેરે શ્રાદ્ધમાં જમવાનું વિધાન છે. શરીર એક પિંડ જ છે. બ્રહ્માંડ પણ એક પિંડ છે અને પૃથ્વી પણ એક પિંડ જ છે. આથી આ ઋતુમાં પિંડદાન પિંડ આપવાનું મહત્ત્વ પણ છે. આ ઋતુમાં નિરોગી રહેવાની વૈદિક પ્રાર્થના 'શતજિવેત શરદ' આવે છે.
આચમનઃ ચંદ્ર હર્ષલ યુતિ, વિચારો ફર્યા કરે. ચંદ્ર – સૂર્ય ત્રિકોણ અરોગ્ય જાળવણી માટે સતર્ક.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–કૃત્તિકા યુતિ, વિષુવદીન, દક્ષિણ ગોળારંભ.
ગ્રહગોચરઃ સૂર્ય–કન્યા, મંગળ–મિથુન, માર્ગી બુધ–સિંહ, ગુરુ–વૃષભ, શુક્ર–કન્યા, વક્રી શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, વક્રી હર્ષલ– વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૨-૯-૨૦૨૪ થી તા.૨૮-૯-૨૦૨૪

રવિવાર, ભાદ્રપદ વદ–૫, વિ. સં. ૨૦૮૦, તા. ૨૨મી સપ્ટેમ્બર, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર કૃત્તિકા રાત્રે ક. ૨૩–૦૧ સુધી, પછી રોહિણી. ચંદ્ર મેષમાં સવારે ક. ૦૬–૦૮ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. પંચમીનું શ્રાદ્ધ, ષષ્ઠીનું શ્રાદ્ધ, કૃત્તિકા શ્રાદ્ધ. સૂર્ય સાયન તુલા રાશિમાં ક. ૧૮–૧૪. દક્ષિણ ગોલારંભ, વિષુવદિન.
સોમવાર, ભાદ્રપદ વદ–૬, તા. ૨૩મી, નક્ષત્ર રોહિણી રાત્રે ક. ૨૨–૦૬ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. ચંદન છઠ્ઠ, સાતમનું શ્રાદ્ધ, બુધ કન્યામાં ક. ૧૦–૧૦, ભારતીય આશ્વિન માસારંભ, વિષ્ટિ બપોરે ક. ૧૩–૫૧ થી મધ્યરાત્રિ પછી ક. ૨૫–૦૯. (તા. ૨૪)
મંગળવાર, ભાદ્રપદ વદ–૭, તા. ૨૪મી, નક્ષત્ર મૃગશીર્ષ રાત્રે ક. ૨૧–૫૩ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં સવારે ક. ૦૯–૫૪ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. અષ્ટમી શ્રાદ્ધ, કાલાષ્ટમી, મહાલક્ષ્મી વ્રત સમાપ્તિ.
બુધવાર, ભાદ્રપદ વદ–૮, તા. ૨૫મી, નક્ષત્ર આર્દ્રા રાત્રે ક. ૨૨–૨૩ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. નવમીનું શ્રાદ્ધ, અવિધવા નવમી. સૌભાગ્યવતીનું શ્રાદ્ધ.
ગુરુવાર, ભાદ્રપદ વદ–૯, તા. ૨૬મી નક્ષત્ર પુનર્વસુ રાત્રે પછી ક. ૨૩–૩૩ સુધી, પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં સાંજે ક. ૧૭–૧૨ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. દશમનું શ્રાદ્ધ, સૂર્ય મહાનક્ષત્ર હસ્ત ક. ૨૫–૧૦, વાહન મોર (સંયોગિયું નથી). ગુરુ પુષ્યામૃત સિદ્ધિયોગ ક. ૨૩–૩૪ થી સૂર્યોદય, વિષ્ટિ ક. ૨૪–૪૭થી.
શુક્રવાર, ભાદ્રપદ વદ–૧૦, તા. ૨૭મી નક્ષત્ર પુષ્ય મધ્યરાત્રિ પછી ક. ૨૫–૨૦ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. એકાદશીનું શ્રાદ્ધ, વિષ્ટિ ક. ૧૩–૨૦ સુધી.
શનિવાર, ભાદ્રપદ વદ–૧૧, તા. ૨૮મી, નક્ષત્ર આશ્લેષા મધ્યરાત્રિ પછી ક. ૨૭–૩૭ સુધી (તા. ૨૯મી), પછી મઘા. ચંદ્ર કર્કમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭–૩૭ સુધી (તા. ૨૯મી) પછી સિંહ રાશિ પર જન્માક્ષર. ઈન્દિરા એકાદશી, ગજગૌરી વ્રત (કલાકંદ).

# ભાજપ જ ચાવાળાને વડા પ્રધાન બનાવી શકે છેઃ વિજય રૂપાણી

બદાઉં (યુપી): ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા વિજય રૂપાણીએ શનિવારે એવું નિવેદન કર્યું હતું કે ફક્ત ભાજપ જ એક ચાવાળાને દેશના વડા પ્રધાન બનાવી શકે છે, દેશની અન્ય કોઈ પાર્ટીમાં આ તાકાત નથી.

ભાજપ દ્વારા આયોજિત કરવામાં આવેલા નમો એક્ઝિબિશનનું ઉદ્ઘાટન કરતાં તેમણે ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

બાંકે બિહારી લૉ કોલેજ, બદાઉં ખાતે વિદ્યાર્થીઓ સાથે વાતો કરતાં તેમણે કહ્યું હતું કે ભાજપ આખી દુનિયાની સૌથી મોટી રાજકીય પાર્ટી છે.

વડા પ્રધાન મોદીનો દાખલો આપતાં રૂપાણીએ કહ્યું હતું કે એક વ્યક્તિ જે પોસ્ટર લગાવે છે. જે ચા-વેચે છે અથવા તો ગરીબ માતા-પિતાનો દીકરો (આ પાર્ટીમાં) વડા પ્રધાન બની શકે છે.

અમારી પાર્ટી લોકશાહી પદ્ધતિએ કામ કરે છે. ભાજપ મુલ્યો અને સિદ્ધાંતોનું રાજકારણ કરે છે. ભાજપમાં સમાજના દરેક વર્ગના લોકોને સભ્યપદ મળે છે. અન્ય પાર્ટીઓમાં જાતી, પ્રદેશ, વંશવાદ વગેરે જોઈને સભ્યપદ આપવામાં આવે છે, એમ તેમણે કહ્યું હતું.

ભાજપ દરેક દિશામાં કામ કરે છે એમ ભારપૂર્વક જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે અયોધ્યામાં રામ, યુવાનો માટે નોકરીઓ, ખેડૂતો માટે યોગ્ય કિંમતો, મહિલાઓ માટે સન્માન. આ અમારો મૂળ મંત્ર છે. અમારી પાર્ટીમાં બધાથી ઉપર રાષ્ટ્ર છે. અન્ય પાર્ટીઓ વોટ બેંકની રાજનીતિ કરે છે.

આજે મોદીજીના નેતૃત્વ હેઠળ ભારત આખી દુનિયામાં મજબૂત બનીને ઊભું છે, એમ પણ તેમણે કહ્યું હતું.

ભાજપના નેતાએ યુવાનોને એવી અપીલ કરી હતી કે ભારત માતાને અખંડ, મજબૂત અને વિકસિત રાષ્ટ્ર બનાવો. લક્ષ્મીજી (સમૃદ્ધિની દેવી) હંમેશા કમળ પર બેસીને આવે છે, ક્યારેય પંજા કે સાઈકલ પર બેસીને આવતી નથી. આથી તમારે લોકોએ મોદીજી અને ભાજપની સાથે રહેવાની આવશ્યકતા છે, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ)

# સિંગતેલ-કપાસિયા બાદ પામોલિન તેલના ભાવમાં ભડકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં તહેવારોની સીઝન નજીક છે એવા ટાણે જીવન જરૂરિયાતની તમામ ચીજોના ભાવ આસમાને પહોંચ્યા છે, અનાજ, કઠોળ, શાકભાજી, ફળો અને હવે ખાદ્યતેલના ભાવમાં પણ ભડકો થયો છે. એક જ અઠવાડિયામાં તેલના ભાવમાં ફરી ૫૦ રૂપિયાનો વધારો થતા લોકો માટે એક સાંધે ત્યા તેર તૂટે જેવી સ્થિતિ સર્જાઈ છે.

ખાદ્યતેલના ભાવમાં સતત એક મહિનાથી ભડકો થઈ રહ્યો છે. કેન્દ્ર સરકારે ગત સપ્તાહે ખાદ્ય તેલો પર બેઝિક કસ્ટમ ડ્યૂટીમાં વધારો કર્યો હતો. સરકારે આયાત ડ્યૂટીમાં વધારો કરતા કપાસિયા તેલ, સિંગતેલ અને પામ તેલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. આયાત ડ્યૂટી વધતા તેલ વધુ મોંઘું થયું છે. ડ્યૂટી વધારી તે પછીના સપ્તાહમાં ખાદ્ય તેલના ભાવમાં ૧૭ ટકા સુધીનો વધારો થયો છે. સરકારના આ એક માત્ર નિર્ણયને કારણે ગુજરાતની જનતા મોંઘવારીમાં પીસાઈ રહી છે.

તેલના ભાવ અંગે મળતી વિગતો મુજબ, કપાસિયા અને પામ તેલમાં રૂપિયા ૫૦ રૂપિયાનો વધારો થયો હતો. જ્યારે સનફ્લાવર તેલ, મકાઈ અને સરસવ તેલમાં પણ ૫૦ રૂપિયાનો વધારો થયો હતો. આયાત ડ્યૂટી વધ્યા બાદ હાજર માલની ખેંચના બહાના હેઠળ ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ચાલુ સપ્તાહમાં જ તમામ તેલોમાં ૨૨૫થી ૨૭૫ રૂપિયાનો તોતિંગ વધારો થયો હતો. કપાસિયા તેલનો ડબ્બો ૨૦૮૦થી વધીને ૨૧૩૦ રૂપિયા થયો હતો. જ્યારે પામ તેલનો ડબ્બો ૧૮૮૫ થી વધીને ૧૯૩૫ રૂપિયાએ પહોંચ્યો હતો.

# યુપીમાં બસ ઊંધી વળતાં ૩૮ ઘાયલ

કન્નોજ (ઉત્તર પ્રદેશ) : તિવરા પોલીસ સ્ટેશનના વિસ્તારમાં એક સ્લિપર બસ ઊંધી વળતાં ૩૮ પેસેન્જર ઘાયલ થયા હતા. અકસ્માત શનિવારે રાત્રે સવાબાર વાગ્યે લખનઊ-આગ્રા એક્સપ્રેસવે પર થયો હતો. એરિયાના સર્કલ ઓફિસર પ્રિયંકા વાજપયીએ કહ્યું હતું કે બસ દિલ્હીથી ગોન્ડા જઈ રહી હતી અને એમાં ૮૦ પેસેન્જર હતા. બસ ડિવાઈડર સાથે ટકરાઈને ઊંધી વળી હતી.

તેમણે કહ્યું હતું કે ઈજાગ્રસ્તોને હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. આમાં ત્રણની હાલત ગંભીર છે. (એજન્સી)

# નરાધમોનો આતંકઃ શ્રદ્ધા વાલકરની જેમ બેંગલૂરુની મહિલાની હત્યા કરી ફ્રિજમાં રાખ્યો મૃતદેહ

બેંગલૂરુઃ દિલ્હીનો નરાધમ આફતાબ આમીન પૂનાવાલા તો બધાને જ યાદ હશે જેણે મુંબઈની ૨૭ વર્ષની યુવતી અને તેની પોતાની જ ગર્લફ્રેન્ડ શ્રદ્ધા વાલકરની હિચકારી હત્યા કરી હતી અને તેના મૃતદેહના ૩૫ ટુકડા કરીને તેને દિવસો સુધી ફ્રિજમાં રાખી મૂક્યા હતા. આવા જ અનેક રાક્ષસો હયાત છે અને તેનો પુરાવો બેંગલુરુમાં થયેલી વધુ એક માસૂમ યુવતીની થયેલી હત્યા છે.

બેંગલુરુના વય્યાલિકાવલ વિસ્તારના વિરન્ના રોડ પર આવેલા ત્રણ માળના મકાનમાં આ ઘટના બની હતી. ઘરમાંથી જ્યારે અત્યંત દુર્ગંધ આવવા માંડી ત્યારે યુવતીની હત્યા થઇ હોવાનો ખુલાસો થયો હતો.

આ જ મકાનના પહેલા માળ પર રહેતી મહાલક્ષ્મી નામની યુવતીની હત્યા કરીને શ્રદ્ધા વાલકરની જેમ જ હત્યારાએ તેનો મૃતદેહ ફ્રિજમાં મૂકી દીધો હતો. આ હત્યારાએ પણ આફતાબે કરેલું મૃતદેહના ટુકડા કરવાનું હિચકારું કૃત્ય કર્યું હતું.

જોકે, ચિંતાનો વિષય એ છે કે હજી સુધી મહાલક્ષ્મીની હત્યા કરનાર વ્યક્તિ પોલીસના સકંજામાં સપડાયો નથી અને ફરાર છે. પોલીસે કરેલી પ્રાથમિક તપાસ મુજબ મહાલક્ષ્મીની હત્યા ચારથી પાંચ દિવસ પહેલા કરવામાં આવી હોય તેવી શક્યતા છે.

તપાસમાં મહાલક્ષ્મી ૨૬ વર્ષની હોવાનું તેમ જ અન્ય રાજ્યમાંથી કર્ણાટકમાં આવીને વસી હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, મહાલક્ષ્મી છેલ્લાં ઘણા સમયથી બેંગલૂરુમાં રહેતી હોવાનું પણ પોલીસે જણાવ્યું હતું. હત્યારાને પકડવા માટે પોલીસે ટીમ તૈયાર કરી છે અને તે સીસીટીવી કેમેરાની ફૂટેજ તપાસ કરવામાં આવી રહી છે. પોલીસને શંકા છે કે મહાલક્ષ્મીની હત્યામાં તેના નજીકના–જાણકારોની સંડોવણી હોઇ શકે. જોકે હજી સુધી આ મામલે કોઇ નક્કર પુરાવા પોલીસના હાથમાં નથી લાગ્યા.

## પહેલા પાનાનું ચાલુ

### સુરત નજીક

હતી. લાઇન રિપેર કરીને ટ્રેન વ્યવહાર ચાલુ કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં આ પ્રકારની ટ્રેન ઉથલાવવાની ઘટનાથી તમામ ડિવિઝનને સતત મોનિટરિંગ કરવા જણાવાયું હતું.

જે વ્યકિતએ આ પ્રકારે ફિશપ્લેટ અને ચાવી કાઢી છે તે ટ્રેક વ્યવસ્થાનો જાણકાર હોવાનું માનવામાં આવે છે અને તેણે ટ્રેક ઉપર જ ફિશપ્લેટ રાખી દીધી હતી. રેલવે દ્વારા આ અંગે હવે તપાસ હાથ ધરવામાં આવી છે.

### મુંબઈના વેપારીઓએ

આડેસરા(૪૫), દિવ્યાબેન ચેતનભાઈ આડેસરા (૪૩), જય ચેતનભાઈ આડેસરા (૨૧), વિશાલ લલિતભાઈ આડેસરા (૪૩), સંગીતા વિશાલ આડેસરા (૪૧), વંશ વિશાલ આડેસરા(૧૫) નો સમાવેશ થાય છે.

પીડિતોના પરિવારના એક સભ્યએ જણાવ્યું હતું કે, અમારું કામ સોનાના દાગીના બનાવવાનું છે. અમે મુંબઈના ચાર વેપારીઓએ કરેલા ઓર્ડર પ્રમાણે ૨૨ કેરેટના દાગીના બનાવી આપ્યા હતા. આ વેપારીઓ પાસેથી પોણા ત્રણ કરોડ રૂપિયા લેવાના બાકી નીકળતા હતા. દાગીના બનાવી આપ્યા છતાં પૈસાની ચુકવણી કરી નહોતી. ૧૧ મહિનાથી વધુ સમય વીત્યો હોવા છતાં પૈસા આપતા નહોતા.

આ ઉપરાંત સોની પરિવારે બૅન્કમાંથી મોટી લોન પણ લીધી હતી પ્રાથમિક માહિતી અનુસાર, બૅન્કવાળા આ પરિવારને હેરાન કરતા હતા અને લોન મુદ્દે માથાકૂટ ચાલતી હતી. પરિવારે બૅંકની લોન પૂરી થવાની તૈયારી હતી, ત્યારે જ બૅન્ક તરફથી આકરી ઉઘરાણી કરાતી હોવાનું પણ બહાર આવ્યું હતું.

### પાકિસ્તાન મોદીથી

ખાઈ છે. જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ ફેલાવવા માટે જવાબદાર ત્રણ કુટુંબો ગાંધી, અબ્દુલ્લા અને મુફ્તિઓના રાજકારણનો આ ચૂંટણી અંત લાવશે. ત્રણ કુટુંબોએ જમ્મુ અને કાશ્મીરના યુવાનોને હથિયારો આપ્યા . અમે તેમને લેપટોપ આપ્યા.

શાહે કહ્યું હતું કે આતંકવાદને અહીં ફરી પુનર્જીવિત થવા નહીં દઈએ.

### હડતાળિયા ડૉક્ટરો

તેમની પ્રતિબદ્ધતા દર્શાવવા તેઓ ત્યાં 'અભય ક્લિનિક' શરૂ કરશે. ઘટનાનો ભોગ બનેલી ડૉક્ટરને જલદી ન્યાય મળે અને રાજ્યના આરોગ્ય સચિવને હોદ્દા પરથી દૂર કરવામાં આવે એવી અમારી માગણીની વહીવટીતંત્ર પૂર્તિ કરે એ માટે અમે સાત દિવસ રાહ જોઈશું અને જો એમ કરવામાં તેઓ નિષ્ફળ જશે તો અમે ફરી હડતાળ પર જઈશું, એમ તેમણે કહ્યું હતું.

ઘટનાનો ભોગ બનેલી ટ્રેઈની ડૉક્ટરને ન્યાય મળે તે માટે ડૉક્ટરો નવ ઑગસ્ટથી હડતાળ પર ઉતર્યા હતા. ઘટનાને મામલે તપાસ કરી રહેલી સીબીઆઈએ અત્યાર સુધીમાં આરજી કર હૉસ્પિટલના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ સહિત અનેક લોકોની ધરપકડ કરી છે. (એજન્સી)

### મણિપુરમાં

હતો. પત્રમાં ૯૦૦ થી વધુ કુકી આતંકવાદીઓના અહેવાલનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેઓ ડ્રોન–આધારિત બોમ્બ, અસ્ત્રો, મિસાઈલ અને જંગલ યુદ્ધ માટે પ્રશિક્ષિત છે, જેઓ મ્યાનમારથી મણિપુરમાં પ્રવેશ્યા છે. આ આતંકવાદીઓ ૩૦નાં જૂથોમાં સંગઠિત છે અને હાલમાં પેરિફેરલ વિસ્તારોમાં વિખેરાયેલા છે. તેઓ ૨૮ સપ્ટેમ્બરની આસપાસ મેઇતેઈ ગામો પર બહુવિધ સંકલિત હુમલાઓ શરૂ કરે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

વાઈરલ સત્તાવાર પત્ર જેનાથી સામાન્ય લોકોમાં નોંધપાત્ર તણાવ પેદા થયો હતો તે નકલી ન હોવાની પુષ્ટિ સુરક્ષા સલાહકાર દ્વારા કરવામાં આવી હતી. કુલદીપે જણાવ્યું હતું કે, ૧૮ સપ્ટેમ્બરના રોજ સ્ટ્રેટેજિક ઓપરેશન ગ્રુપ (એસઓજી)ની બેઠક યોજાઈ હતી અને મણિપુરના મુખ્ય વિસ્તારોમાં સુરક્ષા દળોની તૈનાતી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

તેમણે આસામ રાઈફલ્સ (આઈજીએઆર–દક્ષિણ, આઈજીએઆર–પૂર્વ), જીઓસી ૫૭ માઉન્ટેન ડિવિઝન, બીએસએફના વડા, ડીજીપી મણિપુર, હોમ કમિશનર, સીઆરપીએફ મણિપુરના ડીજી અને અન્ય વરિષ્ઠ સુરક્ષા અધિકારીઓની હાજરીમાં બેઠકની અધ્યક્ષતા કરી.

તેમણે ઉમેર્યું હતું કે, ચુરાચંદપુર, ફેરઝાવલ, તેંગનોપલ, ચંદેલ અને અન્ય સહિત વિવિધ જિલ્લાઓમાં સુરક્ષા દળોને એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

અગાઉ સર્ચ ઓપરેશન મુખ્યત્વે હથિયારો અને દારૂગોળો જપ્ત કરવા પર કેન્દ્રિત હતું. આ નવા ગુપ્તચર અહેવાલ બાદ, સુરક્ષાદળોને શંકાસ્પદ, વિસ્ફોટકો માટે કાચો માલ, ડ્રોન, રોકેટના ભાગો, પાઇપ અથવા બોમ્બ શોધવા માટે પણ નિર્દેશ આપવામાં આવ્યો છે, એમ કુલદીપે જણાવ્યું હતું. રોકેટના પરિવહન પર પણ નજર રાખવામાં આવી રહી છે. આ રોકેટોને પરિવહન માટે નાનાં વાહનોની જરૂર પડે છે કારણ કે દરેક રોકેટનું વજન લગભગ ૨૫-૩૦ કિલો છે, એમ તેમણે ઉમેર્યું હતું.

સંબંધિત ડીસીને ચેતવણી આપવામાં આવી છે અને રેલવે ટનલ વિસ્તારો સહિત રસ્તાના બાંધકામમાં વિસ્ફોટકો માટે તપાસ કરવામાં આવી રહી છે, એમ તેમણે કહ્યું હતું. હિંસા ફાટી નીકળ્યા બાદથી કુલ ૪૬૮ બંકરો નષ્ટ કરવામાં આવ્યા છે એમ સુરક્ષા સલાહકારે જણાવ્યું હતું.

એનએચ-૩૭ (ઇમ્ફાલ–સિલચર વાયા જીરીબામ) ની સાથે મુખ્ય પ્રધાનના કાફલા પર હુમલો કરનારા કેટલાક સહિત કુલ ૫૩૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. લૂંટાયેલા ૬,૦૦૦ હથિયારોમાંથી કુલ ૨,૬૮૧ હથિયારો જપ્ત કરવામાં આવ્યાં છે. જો કે રિકવર કરાયેલાં હથિયારોમાંથી ૧,૨૦૦ લૂંટાયેલાં હથિયારો હતાં, જ્યારે ૧,૪૦૦ બિન–લૂંટ હથિયારો હતાં. તેમણે ઉમેર્યું હતું કે ૧,૪૦૦ હથિયારોમાંથી ૮૦૦ અત્યાધુનિક છે.

૯ સપ્ટેમ્બરના રોજ ચંદેલ જિલ્લાના કાચીબુંગ ગામમાંથી આસામ રાઈફલ્સ દ્વારા મ્યાનમારના ખમપતથી મ્યાનમારના એક ઘૂસણખોરને પકડવામાં આવ્યો હતો. તે કુકી નેશનલ આર્મી–બર્મા (કેએનએ–બી)નો કેડર છે કે કેમ તે હજુ સુધી પુષ્ટિ થઈ નથી, એમ સુરક્ષા સલાહકારે જણાવ્યું હતું.

#### મણિપુરમાં વિસ્ફોટકો પકડાયા

મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં સર્ચ ઓપરેશન દરમિયાન ઇમ્પ્રુવાઇઝ્ડ રોકેટ હેડ દારૂગોળો અને શેલ મળી આવ્યા છે, એમ પોલીસે શનિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું. શુક્રવારે સમુલામ્લાન ખાતે સર્ચ ઓપરેશન અને એરિયા ડોમિનેશન કવાયત દરમિયાન એક ઇમ્પ્રુવાઇઝ્ડ રોકેટ શેલ, વિવિધ કદના ત્રણ જીવંત રોકેટ હેડ દારૂગોળો, ત્રણ ઇમ્પ્રુવાઇઝ્ડ મોર્ટાર અને એન્ટી રાઈટ સ્ટન શેલ અને એક સ્ટન ગ્રેનેડ જપ્ત કરવામાં આવ્યા હતા, એમ તેમણે જણાવ્યું હતું. ગયા વર્ષે મે મહિનાથી ઇમ્ફાલ ખીણ સ્થિત મેઇટેઈ અને કુકી વચ્ચે વંશીય હિંસામાં ૨૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે અને હજારો લોકો બેઘર થયા છે. આતંકવાદીઓએ અંતમાં હરીફ સમુદાયનાં ગામોને નિશાન બનાવવા માટે ડ્રોન અને ઇમ્પ્રુવાઇઝ્ડ રોકેટનો ઉપયોગ કરવાનો આશરો લીધો છે જે મૃત્યુ અને ઇજાઓ તરફ દોરી જાય છે. (પીટીઆઈ)

### ઝારખંડના

લોકતાંત્રિક મૂલ્યો સાથે રમત રમીને ભ્રષ્ટાચાર કર્યો છે. ભારત આવા કલંકિત વ્યક્તિને કદી સ્વીકારશે નહીં. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ટીકા કરતાં આક્ષેપ કર્યો હતો કે તેમણે વિદેશમાં ભારતની છાપ ખરડી છે અને શીખ કોમને ઉશ્કેરવાની કોશીશ કરી છે.

રાજનાથે કહ્યું હતું કે રાહુલ ગાંધીએ અમેરિકાની મુલાકાત લીધી હતી. તેમણે શીખો ભારતમાં સલામત નથી એમ કહીને શીખ કોમને ઉશ્કેરવાના પ્રયાસો કર્યા હતા. રાહુલ વિદેશી દેશોમાં ભારતની છાપ અને શાખ ખરડે છે.

તેમણે જેએમએમ, કૉંગ્રેસ અને આરજેડીના ગઠબંધનને રાજ્યના વિકાસને રોકતા ત્રણ સ્પીડબ્રેકર ગણાવ્યા હતા.

રાજનાથે બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરોને આશરો આપવા માટે રાજ્ય સરકારની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે આ લોકો આપણી પુત્રીઓ સાથે લગ્ન કરે છે જે સાંખી નહીં લેવાય. ભાજપ જ્ઞાતિ, સંપ્રદાય કે ધર્મના રાજકારણમાં નહીં, પણ ન્યાયના રાજકારણમાં માને છે. (એજન્સી)

### સરકાર મંદિરોનું

નિમણૂકને કારણે પ્રસાદમાં ઇરાદાપૂર્વક આ પ્રકારની અશુદ્ધિઓ નાખવામાં આવે છે.

બાગડાએ કહ્યું કે વિહિપ લાંબા સમયથી માગ કરી રહ્યું છે કે હિંદુ મંદિર અને અન્ય ધાર્મિક સ્થળો સરકારી નિયંત્રણમાં ન રહેવા જોઇએ. અમે અમારી માગનું પુનરાવર્તન કરીએ છીએ કે તમામ મંદિરો અને અન્ય પૂજા સ્થળોને સરકારી નિયંત્રણમાંથી મુક્ત કરવામાં આવે. તમામ મંદિરો અને હિંદુ ધાર્મિક સ્થળોનું સંચાલન અને નિયંત્રણ હિંદુ સમાજને સોંપવામાં આવે.

બાગડાએ તિરુપતિ લાડુ પ્રસાદમાં પ્રાણીની ચરબીના કથિત ઉપયોગને અસહ્ય અને ઘૃણાસ્પદ કૃત્ય ગણાવતા કહ્યું કે આ અહેવાલથી સમગ્ર હિંદુ સમાજ ચિંતિત અને દુઃખી છે. તેમણે કહ્યું કે હિંદુ સમાજ તેની આસ્થા પર આવા વારંવાર હુમલા સહન નહીં કરે. અમને વિશ્વાસ છે કે આંધ્ર પ્રદેશ સરકાર અને કેન્દ્ર સરકાર આ મામલાની ગંભીરતાને ધ્યાને લઇને ગંભીરતાથી વિચાર કરશે. વિહિપ મહાસચિવે તિરુપતિ લાડુ કેસની સંપૂર્ણ તપાસ અને આમાં સામેલ લોકો સામે કાયદેસરની કાર્યવાહીની માગ કરી છે.

### દિલ્હીનાં મુખ્ય પ્રધાન

નેતાઓ હાજર રહ્યા હતા. આતિશી કૉંગ્રસનાં શીલા દીક્ષિત અને ભાજપનાં સુષમા સ્વારાજ પછીના દિલ્હીનાં ત્રીજા મહિલા મુખ્ય પ્રધાન બન્યાં છે. આતિશી સ્વતંત્ર ભારતના મુખ્ય પ્રધાનનો હોદ્દો મેળવનાર ૧૭મા મહિલા છે. જોકે આતિશીની મુખ્ય પ્રધાન તરીકેની મુદત ટૂંકી રહેવાની છે, કારણ કે રાષ્ટ્રીય રાજધાનીમાં ચૂંટણી આવતા વર્ષના ફેબ્રુઆરીમાં થવાની છે.

આતિશી સાથે સૌરભ ભારદ્વાજ, ગોપાલ રાઈ, કૈલાશ ગેહલોટ, ઈમરાન હુસૈન અને મૂકેશ અહલવટે પ્રધાન તરીકે સોગંદ લીધા હતા. (એજન્સી)



**જાગરૂકતા....** કેન્સર પેશન્ટ એઈડ એસોસિયેશન (સીપીએએ)ના નેશનલ કેન્સર રોઝ ડે નિમિત્તે લોકોમાં કેન્સર પ્રત્યે જાગરૂકતા લાવવા બાન્દ્રા-વરલી સી-લિંકને લાલ રંગની રોશનીથી સજાવવામાં આવ્યો હતો. (જયપ્રકાશ કેળકર)

# વીબીએનાં વ્યંડળ સહિત ૧૧ ઉમેદવારના નામ જાહેર



શમીભા પાટીલ

મુંબઈઃ વંચિત બહુજન અઘાડી (વીબીએ)એ શનિવારે મહારાષ્ટ્ર વિધાનસભાની આગામી ચૂંટણી માટે વ્યંડળ ઉમેદવાર સહિત ૧૧ ઉમેદવારની પ્રથમ યાદી જાહેર કરી છે. મુંબઈમાં એક પત્રકાર પરિષદમાં ઉમેદવારોની જાહેરાત કરનારા વીબીએના પ્રમુખ પ્રકાશ આંબેડકરે જણાવ્યું હતું કે લેવા પાટીલ સમુદાયની ટ્રાન્સજેન્ડર શમીભા પાટીલ ઉત્તર મહારાષ્ટ્રના જળગાંવ જિલ્લાની રાવેર વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. ડો.બી.આર.આંબેડકરના પૌત્ર પ્રકાશ આંબેડકરે વીબીએના સહયોગી ભારત આદિવાસી પાર્ટી (બીએપી) અને ગોંદવાના ગણતંત્ર પાર્ટી (જીજીપી)ના બે ઉમેદવારની પણ જાહેરાત કરી હતી. અનિલ જાધવ (બીએપી) જળગાંવના ચોપડા (એસટી) બેઠકના ઉમેદવાર હશે, જ્યારે હરીશ ઉઇકે (જીજીપી) નાગપુરની રામટેક બેઠકના ઉમેદવાર હશે. આંબેડકરે જણાવ્યું હતું કે 'અમારી પવિત્ર વિચારધારાને વળગી રહી અમે યોગ્ય પ્રતિનિધિત્વ અને રાજકીય શક્તિ પ્રાપ્ત કરવાના અને ચોક્કસ જાતિઓના પરિવારોના વર્ચસ્વને તોડવાના હેતુથી વંચિત, 'બહુજન' જૂથોને પ્રતિનિધિત્વ આપ્યું છે.' ■

# અકસ્માત પછી એક્ટર પરવીન ડબાસ આઇસીયુમાં



મુંબઈઃ કાર એક્સિડન્ટ પછી હિન્દી - અંગ્રેજી ફિલ્મોના એક્ટર પરવીન ડબાસને મુંબઈની ઉપનગરીય હોસ્પિટલના ઇન્ટેન્સિવ કેર યુનિટ (આઇસીયુ)માં દાખલ કરવામાં આવ્યો હોવાની જાણકારી એક્ટરના પરિવારે આપી હતી. ૫૦ વર્ષના પરવીન ડબાસએ મીરા નાયરની 'મોનસૂન વેડિંગ', તેમજ અન્ય ફિલ્મો 'મૈંને ગાંધી કો નહીં મારા', 'ખોસલા કા ઘોસલા', 'ધ પરફેક્ટ હસબન્ડ' અને 'ધ વર્લ્ડ અનસીન' જેવી હિન્દી અને અંગ્રેજી ભાષાની ફિલ્મોમાં એક્ટિંગ કરી છે. એક્ટરની પત્ની અભિનેત્રી પ્રીતિ ઝિંગિયાનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ડબાસ વાંદરાની હોલી ફેમિલી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. એક્ટર આર્મ-રેસલિંગ સ્પર્ધા પ્રો પંજા લીગનો સહ-સ્થાપક છે.

નિવેદનમાં જણાવવામાં આવ્યા અનુસાર આ અકસ્માત શનિવારે વહેલી સવારે થયો હતો. ઘટનાની પૂર્ણ વિગતો હજી બહાર નથી આવી પણ અભિનેતાને તબીબી સારવાર મળી રહી છે. પ્રો પંજા લીગ મેનેજમેન્ટ સ્થિતિ પર નજર રાખી રહ્યું છે. દિલ્હીમાં જન્મેલા આ અભિનેતાએ તાજેતરમાં જ 'મેડ ઇન હેવન' સિઝન ટુ અને તાહિરા કશ્યપની 'શર્માજી કી બેટી'માં અભિનય કર્યો હતો. (પીટીઆઈ) ■

# એ ૬૬ બિલ્ડિંગનું હવે નહીં થાય રિડેવલપમેન્ટ, માત્ર મરામત જ કરાશે

## ૧૯૮૮માં વડા પ્રધાન આવાસ યોજના હેઠળ બાંધવામાં આવેલી આ ઇમારતો માટે ૧૫૦ કરોડ રૂપિયાનું ભંડોળ ફાળવાયું

મુંબઈઃ વડા પ્રધાન આવાસ યોજના હેઠળ ૩૦-૩૫ વર્ષ પૂર્વે બનાવવામાં આવેલી ૬૬ બિલ્ડિંગના રિડેવલપમેન્ટ(પુનર્વિકાસ)ની વિચારણા આખરે પડતી મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે રિડેવલપમેન્ટના બદલે આ ઇમારતોનું ફક્ત સમારકામ જ કરવામાં આવશે.

આ તમામ બિલ્ડીંગ જૂના થઇ ગયા હોવાથી તેનું બાંધકામ નબળું પડી ગયું હતું, જેને પગલે તેના રિડેવલપમેન્ટનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે હવે રિડેવલપેમન્ટ માટે વધુ રાહ જોવી પડે એમ હોઇ તેનું સમારકામ કરવાનો નિર્ણય લેવાયો છે અને આના માટે દોઢસો કરોડ રૂપિયાનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકાર દ્વારા ૧૯૮૮માં વડા પ્રધાન આવાસ યોજના હેઠળ આપવામાં આવેલા ભંડોળનો ઉપયોગ કરીને મુંબઈમાં ૨૪૩ રહેઠાણોનું રિડેવલપમેન્ટ કરવામાં આવ્યું હતું. ૧૯૮૯થી ૧૯૯૪ દરમિયાન આ ૬૬ બિલ્ડિંગ બનાવવામાં આવી હતી, જેમાં કુલ ૫,૭૦૮ રહેવાસીઓને અને ૫૯૭ અનિવાસી એમ કુલ ૬,૩૦૫ લોકોને વસાવવામાં આવ્યા હતા. આ રહેઠાણો રહેવાસીઓને માલિકી હકના ધોરણે આપવામાં આવ્યા હતા. જોકે, છેલ્લાં ૩૦ વર્ષમાં રહેવાસીઓએ યોગ્ય દેખરેખ ન કરી હોવાના કારણે બિલ્ડિંગની હાલત જર્જરિત થઇ ગઇ છે.

જોકે નિયમોની અડચણોને પગલે આ બિલ્ડીંગ્સનું રિડેવલપમેન્ટ વિકાસ નિયંત્રણ નિયમાવલી અંતર્ગત શક્ય નહોતો. જેને પગલે સરકારે ૩૩(૨૪) નિયમાવલી બહાર પાડી હતી. જોકે, તેમાં પણ અડચણ ઊભી થઇ હતી અને આ નિયમાવલી અંતર્ગત આ મકાનોનું રિડેવલપમેન્ટ થઇ શકે એમ નહોતું. હવે આ બાબતે ગૃહનિર્માણ ખાતાએ નગરવિકાસ વિભાગને પ્રસ્તાવ મોકલ્યો છે, જે મંજૂર થયા પછી જ બધી ઇમારતોનું રિડેવલપમેન્ટ શક્ય બનશે, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું. ■

લાલા લાભ માટે લોટ્યા

# ૪૯ વર્ષનાં સરપંચ બન્યાં ૭૧ વર્ષના વૃદ્ધા: સરકારી યોજનાનો લાભ મેળવવા કારસ્તાન

મુંબઈઃ લાડકી બહેન યોજનાના દર મહિને મળતા ૧,૫૦૦ રૂપિયા મેળવવા માટે અનેક લાભ મેળવવા અપાત્ર હોવા છતાં અરજી કરતા હોવાના અમુક કિસ્સા સામે આવ્યા છે ત્યારે વૃદ્ધાઓ માટે ચાલતી સરકારની યોજના અંતર્ગત એક મહિલા સરપંચનો પણ સમાવેશ થયો છે. વૃદ્ધાઓને આર્થિક સહાય આપતી સરકારની યોજનાનો લાભ મેળવવા માટે ૪૯ વર્ષની મહિલા સરપંચે ૭૧ વર્ષની હોવાનો ડોળ રચ્યો હતો. આ માટે મહિલા સરપંચે ખોટી જન્મતારીખ નોંધાવેલું નકલી આધારકાર્ડ પણ બનાવ્યું હતું અને છેલ્લાં સાત-આઠ વર્ષથી યોજનાનો લાભ લઇ રહી હતી. મહિલા સરપંચનું નામ રેખા જ્ઞાનેશ્વર ગભળે હોવાનું તેમ જ તે પિંપળગાવ-કન્હળગાવ ખાતેની સરપંચ હોવાનું જાણવા મળ્યું હતું. ગભળેએ સેતુ કેન્દ્રમાં નકલી આધાર કાર્ડ તૈયાર કરાવ્યું હતું. તેની પાસેથી એક જ નંબરના બે આધાર કાર્ડ મળી આવ્યા હતા. એક કાર્ડ ઉપર તેની જન્મતારીખ ૧૦ નવેમ્બર ૧૯૭૫ જ્યારે બીજા આધાર કાર્ડ પર ૧ જાન્યુઆરી ૧૯૫૩ લખવામાં આવી હતી. આ ચોંકાવનારી જાણકારી સરકારી યોજનાઓનો ખોટો લાભ મેળવનારા બોગસ લાભાર્થીઓને શોધવા માટે મોહાડીના તહેસીલદાર દ્વારા શરૂ કરવામાં આવેલી ઝુંબેશ દરમિયાન સામે આવી હતી. તે છેલ્લાં આઠ વર્ષથી યોજના અંતર્ગત આપવામાં આવતા માસિક દોઢ હજાર રૂપિયા મેળવતી હતી. હવે તેના વિરુદ્ધ શું કાર્યવાહી કરવામાં આવશે તેના પર બધાની નજર છે. ■

# માથા પર પથ્થર ફટકારી યુવાનની હત્યાના કેસમાં વ્યંડળની ધરપકડ

પાલઘરઃ વસઈમાં માથા પર પથ્થર ફટકારી યુવાનની હત્યા કરવાના કેસમાં પોલીસે મૃતદેહ મળ્યાના ૨૪ કલાકમાં જ વ્યંડળની ધરપકડ કરી હતી.

મીરા-ભાયંદર વસઈ-વિરાર ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-બેના અધિકારીના જણાવ્યા મુજબ મુંબઈ-અમદાવાદ હાઈવે પર વસઈ પાસેના સાતિવલી ખાતેથી ગુરુવારની બપોરે યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. અંદાજે ૩૦ વર્ષના યુવાનનો મૃતદેહ ઝાડીઝાંખરાંમાંથી મળી આવ્યો હતો. પથ્થર મારી મોં છૂંદી નાખવામાં આવ્યું હોવાથી યુવાનની ઓળખ થઈ શકી નહોતી. મૃતદેહ મળતાં જ ક્રાઈમ બ્રાન્ચે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. ઘટનાસ્થળે સીસીટીવી કૅમેરા ન હોવાથી આરોપીની ઓળખ મેળવવી મુશ્કેલ હતી. જોકે ઘટનાસ્થળેથી પોલીસને એક સાડી અને અમુક ગર્ભનિરોધક સામગ્રી મળી આવી હતી. આ સામગ્રીને આધારે પોલીસે આરોપીની ઓળખ મેળવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી વ્યંડળ રૂપા શેખને તાબામાં લઈ પૂછપરછ કરવામાં આવી હતી. શેખે ગુનો કબૂલતાં તેની ધરપકડ કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે નાણાં મામલે થયેલી દલીલને પગલે આરોપીએ યુવાનની હત્યા કરી હતી. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ) ■






LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# નાટ્ય દર્પણ

## ચંદુ ચકડોળે ચડ્યો



તેજરાજ પ્રોડક્શનનું તેજસ ગોહિલ પ્રસ્તુત, ભાવિશા ગોહિલ નિર્મિત, સંજય ઝા - રાહુલ અંતાણી લિખિત, રાહુલ અંતાણી દિગ્દર્શિત, હેમંત ઝા અભિનીત જાત સાથે જાતે જ છેક સુધી લડ્યો, એક વચન આપી... 'ચંદુ ચકડોળે ચડ્યો' કલાકારોઃ ભાવિશા ગોહિલ, તુષાર કાપડિયા, બીજલ મહેતા, ધ્રુવેશ ભટ્ટ, ફાગુન, પ્રસાદ પડવલ અને રાહુલ અંતાણી છે. કલાઃ અજય પુજારે, સેટિંગ્સઃ કલ્પકલા સેટિંગ સર્વિસ, સંગીતઃ પ્રકાશ - દીપક, સહાય દિગ્દ.: વિનીત ઝાલા, શુભારંભઃ આ રવિવાર, તા. ૨૨ સપ્ટેમ્બર રાત્રે ૯.૦૦ ક. અસ્પી ઓડિટોરિયમ, મલાડ (વે) ખાતે ભજવાશે.

### બે અઢી ખીચડી કઢી

સંજય ગોરડિયા પ્રોડક્શન્સ, વિશાલ ગોરજિયા પ્રસ્તુત, વિનોદ સરવૈયા લિખિત, સંજય ગોરડિયા નિર્મિત-દિગ્દર્શિત-અભિનીત ઓરિજિનલ નાટક! સાથી કલાકારોઃ સૌનીલ દરૂ, પૂજા દમણિયા, ભાવીતા સંઘવી, પ્રતિક દવે, કૌશાંબી ભટ્ટ, ફલક મહેતા અને વિનાયક કેતકર છે. ગીતકારઃ સંજય છેલ, સંગીતઃ રાજીવ ભટ્ટ, સેટ ડિઝાઈનઃ અજય પુજારે, પ્રકાશઃ રોહિત ચિપ્લુનકર, સંગીત સંકલનઃ રાહુલ સોલંકી, સહાયક દિગ્દર્શકઃ ચિંતન મહેતા, પ્રચારઃ દિપક સોમૈયા. કોમેડીના ડબલ તડકા સાથે લિજ્જતદાર હાસ્યના સબડકા... 'બે અઢી ખીચડી કઢી' આ રવિવાર, તા. ૨૨ સપ્ટેમ્બર સાંજે ૭.૩૦ ક. ભારતીય વિદ્યા ભવન ઓડિટોરિયમ, ચોપાટી ખાતે ભજવાશે.

### પત્ની નચાવે એને કોણ બચાવે

લીલા આર્ટ્સ - ગૌતમ જોષી - આસિફ પટેલ - જીતેન્દ્ર જોષી નિર્મિત, ચિત્રક શાહ - કિરણ માલવણકર પ્રસ્તુત, ઈમ્તિયાઝ પટેલ લિખિત, કિરણ ભટ્ટ દિગ્દર્શિત, કેતકી દવે - દિલીપ દરબાર અભિનીત હાસ્યનું વાવાઝોડું... 'પત્ની નચાવે એને કોણ બચાવે' આ નાટકનાં સાથી કલાકારોઃ હિતેષ ઉપાધ્યાય, હાર્દિકા જોષી, હિના વેલાણી છે. નિર્માણ નિયામકઃ કપિલ ભુતા, વિશેષ આભારઃ પ્રથમ ભટ્ટ. આ રવિવાર, તા. ૨૨ સપ્ટેમ્બર બપોરે ૩.૩૦ ક. નહેરુ ઓડિટોરિયમ, વર્લી ખાતે ભજવાશે.

### એકલવ્ય

અમરદિપ સર્જન, વિશાલ ગોરડિયા પ્રસ્તુત, ભરત નારાયણદાસ ઠક્કર નિર્મિત, વિપુલ મહેતા લિખિત-દિગ્દર્શિત, કૃત્તિકા દેસાઈ - મેહુલ બુચ અભિનીત કળિયુગમાં અંગૂઠો કાપીને નહિ, અંગૂઠો બતાવીને બનાય... 'એકલવ્ય' સાથી કલાકારોઃ સ્મિત ગણાત્રા, શ્યામ મખેચા, સુહાની વ્યાસ, કેવિન ઉમારીયા, હિતાર્થ જોષી, દુર્ગેશ મિશ્રા, કેતન જોષી. મૂળકૃતિઃ સુદિપ મોડક, વિશેષ આભારઃ મનીષ પટેલ. આ રવિવાર, તા. ૨૨ સપ્ટેમ્બર સાંજે ૭.૩૦ ક. નહેરુ ઓડિટોરિયમ, વર્લી ખાતે ભજવાશે.

## "ફાફડા જલેબી" નાટક એટલે વાહ, વાહ અને વાહ



ઘણા વર્ષે એવું કોમેડી નાટક આવ્યું જે જોયા બાદ પ્રેક્ષકો કહે છે કે નાટકની વાર્તા વાહ, નાટકની કોમેડી વાહ, નાટકના કલાકારો વાહ, નાટકનો મેસેજ વાહ. દેવિન્દ્રા આર્ટ્સ અને નિમેષ શાહ પ્રસ્તુત, સુશીલા શાહ - મલ્લિકા શાહ આવટે નિર્મિત અને નિમેષ શાહ લિખિત - દિગ્દર્શિત આ નાટક કોઈકની ખુશી દત્તક લેવાના એક અનોખા વિચાર વર્તુળની આગળ પાછળ ફરે છે. નિમેષ શાહ અને મલ્લિકા શાહનું નામ હવે રંગભૂમિ પર કોમેડી નાટકોમાં સૌથી મોખરે છે અને જેવું નામ એવું એમનું નાટકમાં કામ પણ છે. સમીર રાજડા, નિખિલ પરમાર અને વિશ્વા ગરાછનો અભિનય નાટકની માવજતને આગવી કક્ષાએ પહોંચાડે છે. લેખક તરીકે નિમેષ શાહના લેખનના લાખો ચાહકો છે.

## ગમતાંનો કરીએ ગુલાલ



જસુભાઈ ફાઉન્ડેશન અને કિલાચંદ ફાઉન્ડેશનના સહયોગથી આ કોન્સર્ટમાં હૈયાને રણઝણાવી મૂકે તેવાં ઉત્તમ ગુજરાતી ગીતોની રજૂઆત કરવામાં આવશે. ગાયક કલાકારો છે અમર ભટ્ટ, ગાર્ગી વોરા, ઉપજ્ઞા પંડ્યા અને પ્રહર વોરા. ઉત્કર્ષ મઝુમદાર અને હેતલ મોદી જૂની રંગભૂમિના ગીતની સાભિનય પ્રસ્તુતિ કરશે. કાર્યક્રમની સંકલ્પના ઉદયન ઠક્કરની છે. ગુરુવાર, ૨૬ સપ્ટેમ્બર સાંજે ૬.૩૦ કલાકે ટાટા થિયેટર (NCPA) માણવાનો અનેરો અવસર છે.

# ટાટા ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓએ દલિત પીએચ.ડી સ્કોલરની બરતરફીનો વિરોધ કર્યો

મુંબઈઃ ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિસ (ટીઆઈએસએસ)ના વિદ્યાર્થીઓએ પીએચ.ડી. સ્કોલર રામદાસ પ્રિની શિવાનંદનને સસ્પેન્ડ કરવાના વિરોધમાં મુંબઈસ્થિત કેમ્પસમાં એક દીક્ષાંત સમારંભ દરમિયાન વિરોધ પ્રદર્શન કર્યું ત્યારે પોલીસ કાર્યવાહીનો આરોપ કર્યો છે. ૩૧ ડિસેમ્બર સુધીમાં જેમની નોકરી જઈ શકે છે અથવા અત્યાર સુધીમાં નોકરી ગુમાવી ચૂક્યા છે એ ૧૧૯ શિક્ષકો અને કર્મચારીઓ સાથે એકતામાં શુક્રવારે પણ વિરોધ પ્રદર્શન કર્યું હતું' એમ અર્બન પૉલિસી એન્ડ ગવર્નન્સમાં એમએ, એમએ ઇન અર્બન પૉલિસી એન્ડ ગવર્નન્સમાં સિલ્વર મેડલ મેળવનારા શ્રીયાસ વલસાન અને અન્યના હસ્તાક્ષરવાળા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો હતો કે અન્ય કોઈ કાર્યવાહીમાં વિક્ષેપ પાડ્યા વિના શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હોવા છતાં વહીવટીતંત્રે વારંવાર વિદ્યાર્થીઓને તેમના અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકારનો ઉપયોગ કરતા અટકાવવાની કોશિશ કરી હતી અને ઘણા પોલીસ કર્મચારીઓને દીક્ષાંત સમારંભના સ્થળે બોલાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે 'અમે દલિત પીએચ.ડી. સ્કોલર અને વિદ્યાર્થી કાર્યકર્તા રામદાસ પ્રિની શિવાનંદનને મનસ્વી રીતે બરતરફ કરવામાં આવતા તેમને છેલ્લા ૧૫૬ દિવસથી શિક્ષણથી વંચિત રાખવામાં આવ્યા છે અને ૧૧૯ શિક્ષકો અને કર્મચારીઓ કે જેઓ ૩૧ ડિસેમ્બર સુધીમાં નોકરી ગુમાવી શકે છે અથવા પહેલેથી જ ગુમાવી ચૂક્યા છે તેમની સાથે એકતા દર્શાવવા બેનરો લગાડવામાં આવ્યાં હતાં.' મુંબઇ પોલીસના એક અધિકારીએ જણાવ્યું હતું કે ટીઆઈએસએસ કેમ્પસની અંદર શિવાનંદનને બરતરફ કરવા અંગે મુદ્દો છે અને સંસ્થા દ્વારા આંતરિક તપાસના આદેશ આપવામાં આવ્યા છે. સોમવારે તપાસ હાથ ધરવામાં આવશે. પોલીસને કોઇ ઔપચારિક ફરિયાદ નથી મળી. પોલીસ કેમ્પસની અંદરના ઘટનાક્રમ પર નજર રાખી રહી છે. (પીટીઆઈ)

# ડોમ્બિવલી-કલ્યાણમાં સગીર અને યુવકની આત્મહત્યા

થાણેઃ કલ્યાણ અને ડોમ્બિવલીમાં ૧૧ વર્ષના સગીર અને ૨૩ વર્ષના યુવકે કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના બની હતી. કોલસેવાડી પોલીસના જણાવ્યા મુજબ શક્રવારે ૧૧ વર્ષના સગીરને વડીલોએ ઘરમાં છોકરીની હાજરી અંગે પૂછપરછ કરી હતી. પૂછપરછ પછી સગીરે ઘરમાં જ ગળાફાંસો ખાધો હતો. આત્મહત્યાની બીજી ઘટના ડોમ્બિવલીના માનપાડા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ૨૩ વર્ષનો યુવક ડોમ્બિવલીમાં રહેતી યુવતીના પ્રેમમાં હતો. યુવતીને મળવા તે કોલ્હાપુરથી આવ્યો હતો. જોકે યુવતીએ પ્રેમનો પ્રસ્તાવ ઠુકરાવી દેતાં શુક્રવારે બિલ્ડિંગના ચોથા માળે આવેલા યુવતીના ઘરમાંથી કૂદકો મારી જીવન ટૂંકાવ્યું હતું. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

## છેલ્લા પાનાનું ચાલુ

### મુંબઇ યુનિવર્સિટીની

હતો. ૨૨મી સપ્ટેમ્બરે ચૂંટણી યોજવાનો આદેશ આપ્યા બાદ યુનિવર્સિટીના વકીલે હાઇ કોર્ટને વિનંતી કરી હતી કે ચૂંટણી ૨૪મી સપ્ટેમ્બરે યોજવાની પરવાનગી આપવામાં આવે જેથી તેની માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે. હાઇ કોર્ટે યુનિવર્સિટીની વિનંતી માન્ય રાખી હતી.

'યુનિવર્સિટી તરફથી આટલા ઓછા સમયમાં ચૂંટણી યોજવાની અસમર્થતા દર્શાવ્યા બાદ તથા ચૂંટણી માટે યોગ્ય તે વ્યવસ્થા કરવા માટે જે વિનંતી કરવામાં આવી છે તે માન્ય રાખવામાં આવે છે', એમ કોર્ટે કહ્યું હતું. યુનિવર્સિટીના રજીસ્ટર થયેલા ગ્રેજ્યુએટ્સનું પ્રતિનિધિત્વ કરતી દસ બેઠક માટે સેનેટની ચૂંટણી બે વર્ષથી નથી થઈ. (પીટીઆઈ)

### નવી મુંબઈમાં

માનસરોવર, ખારઘર અને અન્ય રેલવે સ્ટેશનથી નજીકના અંતરે બાંધવામાં આવેલી ઊંચી ઇમારતોમાં ઉપલબ્ધ થશે. સિડકોએ ઓનલાઇન ડ્રોમાં ફ્લેટ્સ, ઇમારતો અને ફ્લોર પસંદ કરવાની તક આપી હોવાથી ખરીદદારો તેમની પસંદગીના ફ્લેટ અને ફ્લોર પસંદ કરી શકશે. આ પ્રકારનો આ પહેલો પ્રયોગ છે.

### ધારાવીમાં

ધારાવીના ૯૦ ફૂટ રોડ પર આવેલી મહેબૂબ-એ-સુબહાની મસ્જિદનો કથિત ગેરકાયદે ભાગ તોડી પાડવા શનિવારની સવારે ૯ વાગ્યાની આસપાસ મહાપાલિકાના અધિકારીઓની ટીમ પોલીસ સુરક્ષા સાથે પહોંચી હતી. જોકે પાલિકાની ટીમ પહોંચતાં જ સેંકડો લોકો રસ્તા પર ઊતરી આવ્યા હતા. એકઠા થયેલા લોકોએ પાલિકાની ટીમને ઘેરી લીધી હતી અને તેમના વાહનના કાચ તોડી નુકસાન પહોંચાડ્યું હતું.

ચુસ્ત પોલીસ બંદોબસ્ત હોવા છતાં ઉશ્કેરાયેલા લોકોના ટોળાએ રસ્તા રોકો આંદોલન તો કર્યું હતું પણ આ કાર્યવાહી સામે સુધરાઈના વાહનની તોડફોડ પણ કરી હતી અને પરિસ્થિતિ વધુ વણસી જવાની શક્યતા હતી. સ્થાનિકોના વિરોધ અને પરિસ્થિતિ હાથ બહાર જવાની શક્યતાને પગલે મસ્જિદના ટ્રસ્ટીગણે સુધરાઈ અને પોલીસ અધિકારીઓ સાથે આ મામલે ચર્ચા કરી હતી.

પાલિકાના જી-ઉત્તર વોર્ડના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ મસ્જિદના સ્થળે રહેલા ગેરકાયદે બાંધકામને જાતે જ હટાવવા માટે ટ્રસ્ટીગણ તૈયાર થઈ ગયા છે, તે માટે તેઓએ ચારથી પાંચ દિવસની મુદત લેખિતમાં માગણી કરી હતી.

સંબંધિતો જાતે જ બાંધકામ હટાવવાની વિનંતી કરતા પાલિકાએ તેને માન્ય રાખી છે. હવે આપેલી મુદતમાં અતિક્રમણ હટાવવાની જવાબદારી મસ્જિદના ટ્રસ્ટીગણની રહેશે.

### મહારાષ્ટ્રને

એક મિકેનિઝમ વિકસિત કરવામાં આવ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું.

આ ક્ષેત્રોમાં એઆઈ અને રોબોટિક્સ, ગ્લોબલ કેપેસિટી સેન્ટર અને ડેટા સેન્ટર વગેરેનો સમાવેશ થાય છે.

એકનાથ શિંદેએ કહ્યું હતું કે અટલ સેતુ, કોસ્ટલ રોડ અને ઈસ્ટર્ન ફ્રી-વે જેવા પ્રોજેક્ટ પ્રાદેશિક કનેક્ટિવિટી વધારશે અને ખાસ કરીને થાણેની અર્થવ્યવસ્થાને વેગ આપશે.

તેમણે જણાવ્યું હતું કે નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વિવિધ પરીક્ષણો અને ટ્રાયલ સપ્ટેમ્બરના અંત સુધીમાં શરૂ થશે, જ્યારે પાલઘર સાથે એર કનેક્ટિવિટી લાવવા અને દહાણુ નજીક વઢવાણમાં મેગા પોર્ટ સ્થાપિત કરવાની યોજનાઓ છે.

૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં દેશને મળેલા એફડીઆઈમાં મહારાષ્ટ્રનો હિસ્સો બાવન (૫૨) ટકા હતો, જ્યારે ઇલેક્ટ્રિક વાહન ઉત્પાદન સહિત સેમિકન્ડક્ટર અને અન્ય ઉચ્ચ તકનિકી ક્ષેત્રો માટે ૫.૮ લાખ કરોડ રૂપિયાના સમજૂતી કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, એમ એકનાથ શિંદેએ જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે ૨૦૩૦ સુધીમાં થાણેની અર્થવ્યવસ્થા ૧૫૦ બિલ્યન ડોલરના આંકને સ્પર્શે તે સુનિશ્ચિત કરવા તમામ પ્રયત્નો કરવા જોઈએ અને ભાગધારકોને તેમની સરકારના સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી હતી. (પીટીઆઈ)

## દરિયાકિનારાને સ્વચ્છ રાખવાની જવાબદારી દરેકની છેઃ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે

દરેક મોટા કાર્યની શરૂઆત નાની વસ્તુઓથી થાય છે. રાજ્યપાલ સી. પી. રાધાક્રિષ્નને ભારપૂર્વક જણાવ્યું હતું કે આજે દરિયાકાંઠાની સ્વચ્છતા માટે જનજાગૃતિનો દિવસ છે અને દરિયાકાંઠાની સ્વચ્છતાની આ પહેલ 'સ્વચ્છ ભારત, મહાન ભારત'ના ખ્યાલને આકાર આપશે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું કે દરિયાકિનારાને સ્વચ્છ રાખવાની જવાબદારી દરેકની છે.

દરિયા કિનારાની સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે સપ્ટેમ્બરના ત્રીજા શનિવારે આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લીન અપ ડેનું આયોજન કરવામાં આવે છે. તદ્નુસાર જુહુ બીચ પર પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય અને શ્રમ અને રોજગાર મંત્રાલય, મહારાષ્ટ્ર સરકાર, મુંબઈ મહાનગરપાલિકા, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સહયોગથી બીચ સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશમાં સ્વચ્છ ભારત અભિયાન શરૂ કર્યું છે. રાજ્યમાં પણ તાજેતરમાં 'સ્વચ્છતા એક સેવા'ના પખવાડિયાની શરૂઆત કરવામાં આવી છે અને રાજ્યમાં ૪૫૦૦ સ્થળોએ આ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. રાજ્યને ૭૨૦ કિમીની લંબાઇ સાથે કુદરતી સૌંદર્યના અનેક દરિયાકિનારાનો આશીર્વાદ મળ્યો છે. વિશ્વભરના પ્રવાસીઓ પણ સ્વચ્છ બીચ પસંદ કરે છે.

આ દરિયાકિનારાને સ્વચ્છ રાખવાની જવાબદારી દરેકની છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે મુંબઈમાં સંપૂર્ણ સફાઈ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જે ચોમાસા પછી નિયમિતપણે ચાલુ રહેશે, જેના પરિણામે પ્રદૂષણમાં મોટો ઘટાડો થયો છે.

મુંબઈ આંતરરાષ્ટ્રીય કક્ષાનું શહેર છે, ચાલો તમામ સરકારી તંત્ર, સામાજિક સંસ્થાઓ અને નાગરિકોની સંયુક્ત ભાગીદારીથી આ શહેર અને દરિયાકિનારાને સ્વચ્છ રાખીએ, એવી અપીલ તેમણે આ પ્રસંગે કરી હતી. આ પ્રસંગે તેમણે ઉપસ્થિતોને સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા.

### મુંબઈમાં પખવાડિયા સુધી 'સ્વચ્છતા એ સેવા અભિયાન' ચાલશે

મુંબઈ મહાનગરપાલિકાએ તેના તમામ ૨૪ પ્રશાસકીય વોર્ડમાં ૧૭ સપ્ટેમ્બરથી બે ઑક્ટોબર, ૨૦૨૪ સુધી એક પખવાડિયા સુધી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવાની છે, જે હેઠળ શનિવારે મુંબઈના જુદા જુદા વિસ્તારોમાં મુખયત્વે જુહુ, ગિરગામ ચોપાટી, દાદર, ચિંબઈ, વેસાવે, મઢ, ગોરાઈ ચોપાટી, બધવાર પાર્ક, ગેટ વે ઓફ ઈન્ડિયા, જમશેદ બંદર, માર્વે બીચ, કાર્ટર રોડ, માહિમ રીતે બંદર, બેન્ડ સ્ટેન્ડની સફાઈ કરવાની સાથે જ જુદા જુદા વિસ્તારોમાં આવેલા રસ્તા તથા ફૂટપાથને ધૂળમુક્ત કરવામાં આવ્યા હતા.

એ સાથે જ ડીવાઈડર, સાર્વજનિક દીવાલ, કચરાપેટીઓની સફાઈની સાથે લાવારિસ વાહનોનો નિકાલ કરવામાં આવ્યો હતો. ગેરકાયદે હૉર્ડિંગ્સ હટાવવાની સાથે જ જ રસ્તા પર પડેલા કાટમાળને હટાવવામાં આવ્યો હતો.

# થાણે જિલ્લામાં મ્હાડાનાં ૧,૪૦૦ ઘર?

મુંબઈઃ મ્હાડાના કોંકણ મંડળને થાણે જિલ્લામાં વિવિધ જગ્યાએ અંદાજે ૧,૪૧૯ ઘર ઉપલબ્ધ થવાની શક્યતા છે. આમાંથી ૨૦ ટકા ઘર સર્વસમાવેશક (કોમ્પ્રિહેન્સિવ) યોજનાના અને ૧૫ ટકા એકીકૃત (ઇન્ટિગ્રેટેડ) યોજનાના હશે. આ ઘર સંબંધિત પ્રસ્તાવ બિલ્ડરોએ મંડળને આપ્યો છે. કોંકણ મંડળની આગામી લોટરીમાં આ ઘરનો સમાવેશ હશે. આચારસંહિતા લાગુ થાય તે પહેલા અંદાજે ૭,૦૦૦ ઘરની લોટરી માટેની જાહેરખબર પ્રસિદ્ધ કરવાની યોજના છે. આ જાહેરખબર ઓક્ટોબરના પ્રથમ અઠવાડિયામાં પ્રસિદ્ધ થવાની શક્યતા છે.

થાણે પાલિકા, કલ્યાણ-ડોંબિવલી પાલિકા અને વસઇ-વિરાર પાલિકા વિસ્તારના ૨૦ ટકા યોજનાના ૧૯ પ્રસ્તાવ કોંકણ મંડળ તરફ રજૂ કરાયા છે.

### ૨૦થી ૩૦ લાખના હશે ઘર

થાણેના ૨૦ ટકાવાળા ૫૯૪ ઘર સહિત ડોંબિવલીના ૮૨૫ ઘર પણ કોંકણ મંડળને ઉપલબ્ધ થશે. આ ઘર ઇકોનોમિકલ વીકર સેક્શન (ઇડબ્લ્યુએસ) અને લો ઇન્કમ ગ્રુપ (એલઆઇજી) કેટેગરીના હોઇ તે ૩૦૦થી ૫૦૦ ચો. ફૂટના હશે. આ ઘરની કિંમત વીસથી ૩૦ લાખ રૂપિયા હોવાની શક્યતા છે.

# બે પિસ્તોલ અને બૂલેટ્સ સાથે શખસ પકડાયો

મુંબઈઃ બાન્દ્રામાં બે દેશી બનાવટની પિસ્તોલ અને બૂલેટ્સ સાથે પોલીસે ૩૫ વર્ષના શખસની ધરપકડ કરી હતી. મળેલી માહિતીને આધારે ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૯ના અધિકારીઓએ શનિવારની વહેલી સવારે બાન્દ્રાના મહારાષ્ટ્ર નગર પરિસરમાં છટકું ગોઠવી આરોપીને પકડી પાડ્યો હતો. પકડાયેલા આરોપીની ઓળખ મનોજ ગોપાલ ગાલીપલ્લી તરીકે થઈ હતી. તેની પાસેથી બે પિસ્તોલ અને ૧૦ કારતૂસ જપ્ત કરવામાં આવી હતી. ઘાટકોપરના અસલ્ફા વિલેજમાં રહેતા મનોજે દીપક નામના શખસ પાસેથી શસ્ત્રો પ્રાપ્ત કર્યાં હતાં. પોલીસ દીપકની શોધ ચલાવી રહી છે. બાન્દ્રા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# પારસી મરણ

પીલું સોલી જોખી તે મરહુમ સોલીના ધણિયાની. તે મરહુમો ઓસ્તી હોમાય ઓસતા તેમુરસ પંથકીના દીકરી. તે મરહુમો ઝરીન, રોશન, મની ને એમીના બહેન. તે મરહુમો રતનબઇ ખરશેદજી જોખીના વહુ. તે દેઝી નવરોઝ ગારદ અને મરહુમ નોઝર બી. જોખીના કાકી. તે મરહુમ બહાદુરના જેઠ. (ઉં. વ. ૭૯) રે. ઠે. ફલેટ નં.૭, રાધીકા કો. હાઉસિંગ સોસાયટી, સેકટર-૧૪, વાશી, નવી મુંબઇ-૪૦૦૭૦૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૨-૯-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે. નારીયલવાલા બંગલીમાં છેજી.

બેપસી નરીમાન ઇરાની તે નરીમાન ફરદુનજી ઇરાનીના ધણિયાની. તે મરહુમો નાજામાય કાવસજી એન્જિનિયરના દીકરી. તે ખુરશીદ ને ખુશમનના માતાજી. તે સરોશ ને શીરઝાદના જમાઇ. તે મીનું, જનગુ, મેહલી તથા મરહુમો રુમી, દારા નોશીર ને દીનાઝના બહેન. તે આવાન, સાઇરસ ને ફીઓના ના મમઇજી.(ઉં. વ. ૮૨) રે.ઠે. રેડિમની બિલ્ડિંગ, નં.૭. ભોંયતળિયે, રૂમ. નં.૧, એમ. જોશી રોડ, પારસી કોલોની, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા.૨૨-૯-૨૪ના દિને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની ભાભા નં-૧ બંગલીમાં છેજી ડુંગરવાડી.

**વડોદરા**

જાલુ નેવીલ વાડીયા (ઉં. વ. ૭૫). તે નેવીલ એરચશા વાડીયા (ઉમરગામવાલા)ના ધણીયાની. તે મરહુમો શહેરામાય રૂસ્તમજી ખાનસાહેબના દીકરી. તે મરહુમો હોમાય એરચશા વાડીયાના વહુ. ડેલજાન-પોરષ-રૂસીના મમ્મા. શીરીન-ડાયના-પલકના સાસુજી. જરસીસ-ઝેલીન-જીનાય-એલીઝા-પરશીયાનના બપયજી (મમ્મુ). તારીખ ૨૧-૯-૨૪ વડોદરા મધ્યે બહેશ્તનશીન થયા છે. ઉઠમણુંઃ ફતેહગંજ અગીયારી સ્ટે. ૩.૪૦ ક. તા. ૨૨-૯-૨૪. રહેવાનું ઠેકાણુંઃ ૬ ચન્દ્રનગર સોસાયટી, વાઘોડીયા રોડ, વડોદરા. પીનઃ ૩૯૦૦૧૯.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખરસાડ (ઓરી ફળિયું) હાલ ગોરેગાવ (પૂર્વ) ગં. સ્વ. લક્ષ્મીબેન (ગંગાબેન) જીવણભાઈ પટેલ (ઉં. વ. ૯૭) તે તા. ૧૯-૯-૨૪ ગુરુવારના શ્રીચરણ પામ્યા છે. તે મોહનભાઈ, સ્વ. અરવિંદભાઈ, સ્વ. કલાવતીબેન, ઉર્મિલાના માતા. તે મંજુલાબેન, સ્વ. સુષ્માબેન, સ્વ. પરસોતભાઈ, સ્વ. કિશોરભાઈના સાસુ. તે નયન, કલ્પેશ, હિતેશ - વર્ષાના દાદી. તે સ્વ. હિનાબેન, જયશ્રી, ચૈતાલી, નિમીષા, શ્યામના દાદીસાસુ. બંને પક્ષનું બેસણું તા. ૨૩-૯-૨૪ સોમવારના ૩ થી ૫ તેમ જ પુષ્પપાણીઃ તા. ૩૦-૯-૨૪ના ૨ થી ૪ નીચેના ઠેકાણે રાખેલ છે. ઠેઃ સી વોર્ડ, બી.એમ.સી. કોલોની, રૂમ નં. ૨૫૩, હનુમાન મંદિર પાસે, જનરલ અરૂણકુમાર વૈદ્ય માર્ગ, હનુમાન નગર, ગોરેગાવ (પૂર્વ).

**ઔદીચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

મોરબી નીવાસી હાલ કાંદીવલી શ્રીમતી નીનાબેન પંડિત (ઉં.વ. ૫૯) શુક્રવાર તા. ૨૦-૯-૨૪ના કૈલાશવાસી થયા છે, તે રાહુલભાઈ પંડિતના ધર્મપત્ની. સ્વ. ભદ્રાબેન કાંતીલાલ પંડિતના પુત્રવધૂ. વૈશાલીબેન દિલીપભાઈ, વૃતીકા રાહુલભાઈના માતુશ્રી. સ્વ. હર્ષાબેન હરિશભાઈ, જ્યોતિબેન કમલેશભાઈ, રેખાબેન ચેતનભાઈના ભાભી. ચંદ્રિકાબેન પ્રવિણ કુમાર પંચોલીના સુપુત્રી. જતીનભાઈ, ધીરેનભાઈ પ્રવિણકુમારના બેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૨/૯/૨૪ના રવિવારે ૫ થી ૭. એલ.એમ. પટેલ રોટરી આંખની હોસ્પિટલ, ૨૪, સ્વામી વિવેકાનંદ રોડ, આઇ.બી.પી પેટ્રોલ પંપની બાજુમાં, મલાડ, વિજયકર વાડી, મલાડ પશ્ચિમ. (લૌકિક વ્યવહાર બંધ છે)

**કપોળ**

ડુંગર નિવાસી હાલ મુંબઇ સ્વ. દોલતરાય હરિલાલ મહેતાના ધર્મપત્ની ભાનુમતી દોલતરાય મહેતા (ઉં. વ. ૯૩) તા. ૨૧-૯-૨૪ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. બળવંતભાઇ, સ્વ. જયાબેન, કાંતીભાઇના ભાઇના પત્ની. તે સિહોરવાળા, સ્વ. હરિલાલ નારણદાસ મહેતાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૨-૯-૨૪ના રવિવારના ૫થી ૬.૩૦. ઠે. વનીતા વિશ્રામ, ૩૯૨, સરદાર વલ્લભભાઇ પટેલ રોડ, એચ. એન. રિલાયન્સ હોસ્પિટલની બાજુમાં, મુંબઇ-૪૦૦૦૦૪.

**ખંભાત દશા શ્રીમાળી વણિક**

સ્વ. તનમનબેન ઈન્દ્રવદન શાહ (નગરાવાળા) (ઉં. વ. ૯૩) હાલ અંધેરી નિવાસી ૨૧-૯-૨૪ શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. અશ્વિનભાઈ, સ્વ. કમલેશભાઈ, સ્વ. મુકેશભાઈ, હર્ષાબેન, શીલાબેનના માતુશ્રી. મીનાબેન, ગં.સ્વ. જ્યોતિબેન, ગં.સ્વ. અલ્પાબેન, હર્ષદકુમાર, અરવિંદકુમારના સાસુશ્રી. નીમિષા-ભૈરવ, રિચા-આદર્શ, ભૂમિકા-વિનયકુમાર, હેતિશાના દાદી. પ્રાર્થનાસભા ૨૩-૯-૨૪ સોમવારે ૫ થી ૭. સ્થળ- જાનકીબાઈ હોલ, ભવન્સ કોલેજ પાસે, અંધેરી (પ).

**હાલાઈ લોહાણા**

શર્મિષ્ઠાબેન સુરેન્દ્ર અઢીયા (ઉં. વ. ૮૫) તે સ્વ. સુરેન્દ્ર અઢીયાના ધર્મપત્ની. સ્વ. જમનાદાસ સામાણીના પુત્રી. સ્વ. હરેન્દ્રભાઈ અઢીયાના ભાભી. ચિ. જીજ્ઞા, સમીર, તેજલ રોહિત તન્નાના માતા. સપના સમીર અઢીયાના સાસુ. જનક, ધ્રુવ, સોનુ, શકીલ, જોય, જીલ, રાજવી, જેહા, આશીરીયાના નાનીમા શુક્રવાર ૨૦-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. એમની પ્રાર્થનાસભા રવિવાર, ૨૨-૯-૨૪ના સાંજે ૪ થી ૬.સરનામુંઃ ડ્રીમ અરેના બૅન્ક્વેટ, ઓપલ સૉલીટેરની સામે, સ્ટેલા પેટ્રોલ પંપની પાછળ, વસઈ (વેસ્ટ).

**ઇડર ચૌદશી તપોધન બ્રાહ્મણ**

ગામ નવા ભવનાથ હાલ થાણા નિવાસી કલ્પનાબેન વિકેશભાઇ રાવલ (ઉં. વ. ૫૬) તે વિકેશભાઇના પત્ની. મિત અર્ચનાના માતુશ્રી. સુનીલકુમાર સોનીયાના સાસુ. રીયાંશના નાની. પ્રદીપ, જયેન્દ્ર, યોગેશ, નિકુલના ભાભી. સ્વ. ગિરજાશંકર શિવરામ રાવલ (ઇડર)ના પુત્રી. શુક્રવાર, તા. ૨૦-૯-૨૪ના દેવલોક પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૨-૯-૨૪ના ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ, ડો. આર. પી. રોડ, જ્ઞાન સરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

ઠક્કર સુરેન્દ્ર તુલસીદાસ પલણ-કચ્છ ગામ મોટી ધ્રૂફી ડોમ્બિવલી હાલ ગાંધીનગર વાળાના ધર્મપત્ની અ. સૌ. રંજનબેન (ઉં. વ. ૭૧) તા. ૧૮-૯-૨૪ના ગાંધીનગર મુકામે શ્રીરામશરણ પામ્યા છે. સ્વ. શાંતાબેન રામજીભાઇ વેલજી સ્વાર કચ્છ ગામ કોઠારા હાલે મુલુંડવાળાની પુત્રી. સ્વ. ભરતભાઇ તથા મુકેશભાઇ (શંકરભાઇ)ના બહેન. દક્ષાબેન મનીષભાઇ રૂપારેલ, પ્રેરણા હિતેશભાઇ રૂપારેલ તથા યજ્ઞેશના માતુશ્રી. તેજલબેન, મનીષભાઇ, રુપારેલ તથા હિતેશભાઇ રુપારેલના સાસુ. ભરતભાઇ તેમ જ પ્રવીણભાઇના ભાભી. બન્ને પક્ષની પ્રાર્થના રાખેલ નથી.

**મોડાસા એકડા દશા ખડાયતા સમાજ**

મૂળ વતન બાયલ દ્વકરોલ હાલ બદલાપુરના કંચનબેન શાહ (કલ્યાણ) (ઉં.વ. ૭૦) તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પ્રવીણચંદ્ર વિઠ્ઠલદાસ શાહના ધર્મપત્ની. દીપિકા નીતિન, બીના અલ્પેશ, પ્રીતિ યોગેશ, નિશા મયુર, કાજલ કમલેશ, રિચા ઉર્વેશના માતૃશ્રી. વાડીલાલ વિઠ્ઠલદાસના ભાભી. સૂર્યકાંતભાઈ, અમૃતભાઈ, હસમુખભાઈ તથા સ્વ. શ્રદ્ધાબેનના બેન. પ્રાર્થનાસભા રવિવાર ૨૨-૯-૨૪ના ૩.૦૦ થી ૫.૦૦. સંજીવની હોલ, મોંજીનીસ કેક શોપની બાજુમાં, રેલ્વે સ્ટેશન, બદલાપુર ઈસ્ટ. પિયર પક્ષનું બેસણું તે સ્થળે તે સમયે રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ સલાયા હાલ મુંબઈ મયુરભાઈ દામોદરદાસ લાલજી સોમૈયા (ઉં.વ. ૬૮) તે નયનાબેનના પતિ. લોપા તથા સૌમિલના પિતા. સ્વ. ગીતાબેન, સ્વ. લતાબેન અશ્વિનકુમાર જોષી, ભદ્રાબેન ભરતકુમાર શેલાણી, રેખાબેન તથા દીપકભાઈના ભાઈ. સ્વ. મોહનલાલ ભુરાભાઇ રૂપારેલિયાના જમાઈ. અમિતકુમાર દિલીપભાઈ કારિયા તથા નિધિના સસરા. ૨૦/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

ચલાળાવાળા હાલ સુરત સ્વ. લલિતભાઈ હીરાલાલ સંઘવીના ધર્મપત્ની સુમિત્રાબેન (ઉં.વ. ૬૪) ૨૦/૯/૨૪ના રામશરણ પામેલ છે. તે પંકજ તથા પ્રકાશના માતુશ્રી. નયના તથા અર્ચનાના સાસુ. કુલદીપ, બ્રિજેશ, જય, શિયાના દાદી. સ્વ. ચીમનભાઈ, સ્વ. અનંતરાય, કિશોરભાઈ, સ્વ. કાંતાબેન, સ્વ. મંગળાબેન, જશુમતીબેન, સરલાબેન તથા રંજનબેનના ભાભી. પિયરપક્ષે સ્વ. રમાબેન બાબુલાલ મધવના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ મુલુંડ સ્વ. રમેશચંદ્ર મનસુખલાલ દોશીના ધર્મપત્ની નિર્મળાબેન દોશી (ઉં. વ. ૭૭), તા. ૨૧-૯-૨૪ના શનિવાર મુલુંડ મુકામે સ્વર્ગવાસ પામેલ છે. તે સુરેશભાઇ, અનિલભાઇ તથા ચંદ્રાબેન પ્રવીણચંદ્ર મહેતાના ભાઇના પત્ની. તરૂલતાબેન, વર્ષાબેનના જેઠાણી. દેવાંગ, દર્શનાબેન મુકેશકુમાર, ભાવિકા પરાગકુમાર, સેજલ સંદીપકુમારના માતુશ્રી. શિલ્પાના સાસુ. ચિંતન, કવિશા, ક્રીશા તથા વત્સલના નાની. કપૂરચંદ નાનચંદ દોશીના ભત્રીજાવહુ. હઠીચંદ દેવચંદ મહેતા (નોંઘણવદર) હાલ ભાવનગરના દીકરી. સાદડી રવિવાર, તા. ૨૨-૯-૨૪ના ૪થી૭. ઠે. રમેશચંદ્ર મનસુખલાલ દોશી ૧૦૧, જસુ સદન, ગૌશાળા રોડ, મુલુંડ (વેસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ઠાડચ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. નગીનદાસ રતનજી પાતાણીના ધર્મપત્ની ગં. સ્વ. જયશ્રીબેન પાતાણી (ઉં. વ. ૭૯) તા. ૨૧-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે રાજેશ, હીના પિયુષ કામદાર, બિંદુ અભય વાઘર, વૈશાલી નિરવ મહેતાના માતુશ્રી. લીનાબેનના સાસુ. પૂર્વેશ-ધ્રુવીનના દાદીમા. મધુબેન નાગરદાસ, ગુણવંતીબેન ચીમનલાલ, ભાવનાબેન ભૂપતરાય, (સ્વ. અરૂણાબેન) જાગૃતિબેન અનંતરાય પાતાણી, કાંતાબેન, ઇચ્છાબેન, જયાબેન, ગીતાબેનના ભાભી. પિયરપક્ષે સ્વ. નાગરદાસ જગજીવનદાસ મહેતા (કુકડવાળા)ના દીકરી. તા. ૨૩-૯-૨૪ના સોમવારે ૧૦થી ૧૨. સમાધિની સમપદી રાખેલ છે. ઠે.જોલીજીમ ખાના, કિરોલ રોડ, વિદ્યાવિહાર (વેસ્ટ), બેઝમેન્ટ હોલ.

**ખંભાત વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચંદ્રીકાબેન વિનોદચંદ્ર શાહ (ઉં. વ. ૮૨) તે બીનાબેન, રૂપેનભાઈ તથા વિપુલભાઈના માતુશ્રી. અ.સૌ. બીન્દુબેન તથા મુકેશકુમાર જયંતીલાલ શાહના સાસુ. ચી. મિલન અને ચીરાગના દાદી. ઈશાન અને ઝંકૃતીના નાની ૨૧-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા માધવ બાગ, સીપી ટેન્ક, મુંબઈમાં ૨૩-૯-૨૪ના ૪ થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે.

**માંગરોળ/પોરબંદર જૈન**

દિનેશભાઈ (ઉં. વ. ૮૧) તે સ્વ. હીરામણી તુલસીદાસ શેઠના પુત્ર. તે ભારતીબેનના પતિ. તે પોરબંદર નિવાસી સ્વ. તુલસીદાસ કેશવજી ભણસાલીના જમાઈ. તે સ્વ. પ્રમોદાબેન જયસુખલાલ દોશી, સ્વ. જ્યોત્સનાબેન શાંતિલાલ શેઠ, સ્વ. કિશોરીબેન (સુધાબેન) સુરેન્દ્ર દોશી તથા પંકજભાઈના ભાઈ. તે દિપ્તી દેવાંગ દમણિયા તથા અમી પુનીત વોરાના કાકા ૨૦-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રામાણીયાના અ.સૌ. કુસુમબેન શાહ/રાંભિયા (ઉં. વ. ૭૮) ૧૮-૯-૨૪ના અવસાન પામ્યા છે. માતુશ્રી કસ્તુરબેન વીરજી વેરશીના પુત્રવધૂ. ચંદ્રકાંત વીરજી શાહના ધર્મપત્ની. રાજુલ, જતિનના માતુશ્રી. માતુશ્રી નાનબાઈ મોરારજી માલશી છેડાના સુપુત્રી. નવિનભાઈ, રમેશભાઈ, નેમજીભાઈ, અશોકભાઈ, કિશોરભાઈના બહેન. પ્રાર્થનાઃ સમૃધ્ધી બેંકવેટ હોલ, માલવીયા રોડ, ટેલીફોન એક્ષચેંજની પાસે, મુલુંડ-વેસ્ટ. ટા. ૪ થી ૫.૩૦.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી સ્થા. જૈન**

હાલ ચીંચપોકલી મુંબઈ સ્વ. પ્રભુદાસ કરસનજી વસાના સુપુત્ર. દીનેશના ધર્મપત્ની પૂર્ણિમા (પ્રમોદબેન) (ઉં. વ. ૭૮) તે દીપાલી, ધર્મેશ, જીજ્ઞા, જીતેશના માતુશ્રી. તે કેતનકુમાર, રાજેશકુમાર, પ્રગતિ, પ્રવિણાના સાસુ. મૈત્રી, ધ્રુવી, વિહાનના દાદી. રીયા, માહીના નાની તેમજ સ્વ. હરીલાલ ત્રિભોવનદાસ ગોળવાલાના દીકરી ૨૧-૯-૨૪ને શનિવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ભોકરવા નિવાસી હાલ બોરીવલી સ્વ. ઇન્દુબેન બાલુભાઇ શેઠના પુત્રવધુ અ.સૌ. ચારૂલતા (ચારુબેન) કીર્તિભાઇ શેઠ (ઉં.વ. ૫૮) તે ૧૯/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. કરણના માતુશ્રી. દીપકભાઈ, સુરેશભાઈ, સ્વ. ભરતભાઈ, મહેશભાઈ, નરેશભાઈ, નિલેશભાઈ, દમુબેન મહાસુખરાય, મધુબેન લલિતભાઈ, વર્ષાબેન હરેશભાઇ, દક્ષાબેન રાજેશભાઈના ભાઈના પત્ની. પિયરપક્ષે જોરાવરનગર નિવાસી સ્વ. મંજુલાબેન ચંદુલાલ શાહના દીકરી. સ્વ. પ્રકાશભાઈ, સ્વ. ભરતભાઈ, સ્વ. ગીરીશભાઈ, રાજેશભાઈ, ચેતનાબેન રજનીભાઇ, કવિતાબેન પંકજભાઈ દેસાઈ (ગોડા)ના બહેન. પ્રાર્થનાસભા ૨૨/૯/૨૪ના ૪ થી ૬. જુના સ્વામિનારાયણ મંદિર હોલ, ૬૦ ફિટ રોડ, વસઈ વેસ્ટ.

**ઝાલાવાડ સ્થા. જૈન**

વઢવાણ નગરા નિવાસી હાલ બોરીવલી ગં.સ્વ. ઇન્દીરાબેન ધીરજલાલ શાહ (ઉં.વ. ૮૩) પંકજભાઈ, શૈલેષભાઇ, છાયાબેનના માતુશ્રી. વંદના, મયુરી તથા સુભાષ અનંતરાય કદમના સાસુ. પિયુષ તથા જીનલના દાદી. જ્યોતિના નાની. રાજુલાબેન છોટાલાલ શાહના દીકરી. ૨૦/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ફ્લેટ નં ૧૨, અંબાજી ધામ, ફેક્ટરી લેન, બોરીવલી વેસ્ટ .

**સુરતી વિશા લાડ વણિક**

સુરેશ બંગાળી (ઉં.વ. ૯૪) તે સ્વ. નિર્મળા અને સ્વ. મોતીલાલ જેકિશનદાસ બંગાળીના પુત્ર. સ્વ. અ.સૌ. ઇલાના પતિ. સંજય, સુનિલ, પારુલ દિવ્યેશ મોદીના પિતા. દિવ્યેશ મોદી, નિતી, માધવીના સસરા. સ્વ. વસંત ઇશ્વરલાલ ખાંડવાલા, સ્વ. માલતી કુમુદ ચીનીવાળા, આશા શિરીષ પારેખ, સ્વ. રમેશ, અવનિ મહેશ મોદીના ભાઈ. સ્વ. નિર્મળા અને સ્વ. હરમુખલાલ મગનલાલ ત્રિવેદીના જમાઈ, શનિવાર ૨૧ સપ્ટેમ્બરના અવસાન પામ્યા છે. પ્રાર્થના સભા રાખેલ નથી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|
















# અમદાવાદ-મહેસાણા-પાલનપુર રોડનો હાઈસ્પીડ કોરિડોરઃ ₹ ૨૬૩ કરોડ ફાળવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતમાં ભારે ટ્રાફિક ધરાવતા હાઈવેને અંદાજે ૩૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે હાઈસ્પીડ કોરિડોર તરીકે વિકસાવવા રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. વટામણ- પીપળી, સુરત- સચિન-નવસારી, અમદાવાદ- ડાકોર, ભૂજ-ભચાઉ, રાજકોટ-ભાવનગર અને મહેસાણા-પાલનપુર સહિત ૬ હાઈસ્પીડ કોરિડોર વિકસાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. મુખ્ય પ્રધાને અમદાવાદ-મહેસાણા-પાલનપુર રોડને હાઈ સ્પીડ કોરિડોર અંતર્ગત વિકસાવવા માટે ૨૬૨.૫૬ કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા હાઈવેને અંદાજે રૂપિયા ૩૧૦૦ કરોડના ખર્ચે હાઈ સ્પીડ કોરિડોર તરીકે વિકસાવવા રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં સરકારે પ્રાવધાન કર્યુ હતું આ પ્રાવધાન અંતર્ગત વટામણ-પીપળી, સુરત - સચિન- નવસારી, અમદાવાદ-ડાકોર, ભૂજ-ભચાઉ, રાજકોટ-ભાવનગર, અને મહેસાણા-પાલનપુર સહિત ૬ જેટલા હાઈ સ્પીડ કોરિડોર વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર ઉત્તર ગુજરાતના મહેસાણા-ઊંઝા-સિદ્ધપૂર-પાલનપૂર હાઈવે પર અગાઉ ૨૦૨૩-૨૪માં અલગ-અલગ ૯ જેટલા ક્રોસીંગ સ્થળો પર ફલાયઓવર તેમજ વ્હીક્યુલર અન્ડરપાસ અને ૩ નદીઓ પર નવિન બ્રીજ મંજૂર કર્યા છે. આ રોડ નેટવર્કની દિશામાં એક કદમ આગળ વધતા વધુ એક ફલાયઓવર અને બે વ્હીક્યુલર અન્ડરપાસના નિર્માણ માટે ૨૬૨.૫૬ કરોડ રૂપિયાની મંજૂરી આપી છે.

તદનુસાર, મહેસાણા શહેરમાં રાધનપુર સર્કલ પરના વધારે પડતા ટ્રાફિકના નિવારણ માટે રૂ. ૧૩૬ કરોડના ખર્ચે નવો સિકસ લેન ફલાયઓવર બ્રિજ, નાગલપુર ક્રોસ રોડ પર અકસ્માત નિવારી શકાય તે માટે અંદાજિત રૂ.૫૪.૪૦ કરોડના ખર્ચે સિક્સ લેન વ્હીક્યુલર અન્ડરપાસ અને ઉનાવા ખાતે બંને ક્રોસ રોડ પર રૂ. ૭૨.૧૬ કરોડના અંદાજિત ખર્ચે નવો ૬-માર્ગીય વ્હીક્યુલર અન્ડરપાસ બનાવવાની કામગીરી હાથ ધરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે તાજેતરમાં ઓગસ્ટ મહિનામાં જ થરાદ-મહેસાણા-અમદાવાદના નેશનલ હાઈસ્પીડ કોરિડોરને મંજૂરી આપી છે. ભારતમાલા પરિયોજનામાં એક મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ અન્વયે થરાદથી અમદાવાદ સુધીના ૨૧૪ કિ.મી. લંબાઈના સીક્સ લેન નેશનલ હાઈસ્પીડ કોરિડોર (એક્સપ્રેસ વે) માટે રૂ. ૧૦૫૩૪ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. ■

# ઉધનામાં ઘર પર ચઢેલી ગાય છાપરું તોડીને સૂતેલા પરિવાર પર પડીઃ ત્રણ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં રસ્તા પર રખડતી ગાયને લીધે અત્યાર સુધીમાં અનેક વાહનચાલકો ઘાયલ થયાં છે તેમ જ અનેકના મોત પણ થયાં છે. પરંતુ સુરતના ઉધના વિસ્તારમાં રસ્તા પર નહીં પણ રાત્રે ઘરના છાપરે ચઢેલી ગાય પતરા તૂટતા ઘરમાં સૂઇ રહેલા પરિવાર પર પડી હતી જેમાં ત્રણ જણા ઘાયલ થયાં હતા. આ વિચિત્ર બનાવની વિગત એવી છે કે, સુરતના ઉધના સ્થિત આશાપુરી બ્રિજ પાસે મૂળ બિહારના વતની મોહમ્મદ સમીમ મોહમ્મદ ઉવારી અન્સારી પરિવાર સાથે રહે છે અને મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. રાત્રે સમીમભાઈ પરિવાર સાથે જમીને સુઈ ગયો હતો. આ દરમિયાન મધરાત્રે બે વાગ્યાના અરસામાં તેના રૂમની પાછળના ભાગથી એક ગાય પતરાં ઉપર ચડી ગઈ હતી. દરમિયાન પતરું તૂટી ગયું હતું. જેથી રૂમમાં સૂતેલા સમીમના ઉપર ગાય પટકાઈ હતી. સમીમને ગંભીર ઈજાઓ થઈ હતી અને બંને પગમાં ફ્રેક્ચર થઈ ગયું હતું. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં સમીમભાઈના ૬ અને ૧૨ વર્ષના બે સંતાનોને સામાન્ય ઈજાઓ થઇ હતી.આ ઘટના બાદ ત્યાં સ્થાનિકો પણ એકઠા થઇ ગયા હતા. આ ઘટનામાં સીસીટીવી ફૂટેજ પણ વાયરલ થયા છે. આ ઘટના બાદ જ્યાંથી આ ગાય પતરા પર ચડી ગઈ હતી, ત્યાં લાકડા બાંધી દેવામાં આવ્યા હતા. ■

# જખૌનાં ક્રિક વિસ્તારમાં અફઘાની ચરસના ૧૦ બિનવારસી પેકેટ મળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી કચ્છના પાકિસ્તાનને અડીને આવેલા હજારો કિલોમીટર લાંબા સમુદ્રકાંઠેથી લગભગ સાડા ત્રણ વર્ષથી માદક પદાર્થના બિનવારસી પડીકાઓ મળવાનો સિલસિલો અવિરત ચાલી રહ્યો છે, વધુ એકવાર સરહદી સલામતી દળની ચોકિયાત ટુકડીને અબડાસા તાલુકાના જખૌથી થોડે દૂર આવેલા નિર્જન ટાપુ પરથી ૧૨.૪૦ કિલોગ્રામ વજનનાં ચરસનાં ૧૦ પેકેટ મળી આવ્યાં હતાં.

આ અંગે સરહદી સલામતી દળના જનસંપર્ક અધિકારીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગત શુક્રવારે બટાલિયનના જવાનો જખૌ આસપાસના ક્રિક વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે અફઘાની ચરસનાં ૧૦ પેકેટ મળી આવ્યાં હતાં. અહીંથી વધુ પેકેટ મળી આવવાની પ્રબળ શક્યતાઓ જોતા અહીં સર્ચ વધારી દેવામાં આવ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રીષ્મ ઋતુથી વર્ષાઋતુની શરૂઆત થાય તે પહેલાં ગુજરાતના દરિયાકાંઠેથી બિનવારસી હાલતમાં લાખો કરોડો રૂપિયાના મૂલ્યનું ડ્રગ્ઝ ઝડપાવાનો સિલસિલો શરૂ થાય છે જેમાં ખાસ કરીને, એપ્રિલ, મે અને જૂન માસમાં સૌરાષ્ટ્ર અને કચ્છના સાગરકાંઠે કરોડો રૂપિયાના ચરસના પેકેટ તણાઈ આવે છે. મોટાભાગના પેકેટ વિવિધ પ્રકારની આંતરરાષ્ટ્રીય કોફી બ્રાન્ડના પ્લાસ્ટિકના પેકેટમાં પેક હોય છે.

પેલેસ્ટાઇને કરેલા મિસાઈલ એટેક વખતે ઊંઘતા ઝડપાયેલા ઇઝરાયલ દેશ દ્વારા તૈયાર કરાયેલા સ્પાયીંન્ગ સોફ્ટવેર પેગાસસનો ઉપયોગ કરી રહેલી ભારતની વિવિધ સુરક્ષા એજન્સીઓ ગુજરાતના સાગર કાંઠા પર દર વર્ષે ચરસ, હેરોઈન, બ્રાઉન સ્યુગરથી લઈ એમ.ડી, કોકેઈન, ક્રિસ્ટલ, એમ્ફેટામાઇન જેવા વિવિધ પ્રકારોના કરોડો રૂપિયાના રઝળતી હાલતમાં માદક પદાર્થો પાકિસ્તાની નેવીના વણફૂટેલાં વિસ્ફોટક પદાર્થો અહીં કેમ આવી ચડે છે તે અંગે દેશના નાગરિકો પાસે સરકારી એજન્સીઓ તેનો સંતોષકારક ખુલાસો કરી શકી નથી! ■

# સુરતના હીરા ઉદ્યોગની ચમક ઘટીઃ કાચા હીરાની આયાતમાં ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતની ડાયમંડ નગરી સુરતમાં છેલ્લા છ મહિનાથી હીરા ઉદ્યોગ માટે ખરાબ ચાલી રહ્યાં છે. હીરાની ચમક ઘટતા ત્રણેક મહિનાથી રત્ન કલાકારોની હાલત પણ કફોડી બની ગઇ છે. બીજી બાજુ સુરતમાં હીરાના કામકામના ઘટાડાની સીધી અસર કાચા હીરાની આયાત પર પડી રહી છે. હીરાની આયાત ૫૩.૭૪ ટકા ડાઉન થઈ છે.

પ્રમોશનલ કાઉન્સિલના આંકડા અનુસાર ઓગસ્ટ ૨૩માં ૧૨.૦૨ મિલિયન કેરેટ કાચા હીરાની આયાત થઈ છે.ઓગસ્ટ ૨૦૨૪માં માત્ર ૫.૫૬ મિલિયન કેરેટ આયાત થઈ છે. વિશ્વના દર ૧૦માંથી ૯ કાચા હીરા સુરત આવે છે.સુરતથી અમેરિકા,સ્વીટ્ઝર્લેન્ડ, યુકે,ચીન, દુબઈ વગેરે જેવા દેશોમાં ફિનિશ્ડ ડાયમંડ એક્સપોર્ટ થાય છે.

હોંગકોંગમાં હીરા ઉદ્યોગ મુશ્કેલીમાં મુકાયો છે ત્યારે તેની સીધી અસર સુરતના હીરા ઉદ્યોગ પર હવે વધારે જોવા મળશે. ચાઈનાએ હીરાને બદલે સોનું ખરીદવાનું શરૂ કરતાં ૬૦ વેપારીઓએ હીરાની ઓફિસ બંધ કરવી પડી છે. હીરામાં મંદીના પગલે ડાયમંડ વેપારીઓ અન્ય વ્યવસાયમાં જઇ રહ્યાં છે, અમુક વેપારી સુરત-મુંબઇ શિફ્ટ થઇ રહ્યાં છે. વૈશ્વિક સ્તરે સોનાના ભાવોમાં વધારો થતાં વિદેશમાં હીરા વેપાર પર અસર થઇ છે.

યુરોપિયન યુનિયને રશિયન હીરા પરના પ્રતિબંધ માટેના સનરાઇઝ પિરિયડના અમલને છ મહિના લંબાવ્યો છે. જે અનુસાર હવે ૧લી સપ્ટેમ્બરની તારીખ લંબાવી રફ-પોલિશ્ડ હીરાની આયાત માટે ૧લી માર્ચ, ૨૦૨૫ બાદ અમલમાં આવશે. વૈશ્વિક મંદી વચ્ચે હીરા ઉદ્યોગને રાહત મળી છે. યુનિયને હીરાની આયાત માટે ટ્રેસિબિલિટી પ્રોગ્રામ ૧ માર્ચ ૨૦૨૫ના રોજથી ફરજિયાત બનાવશે. ત્યારબાદ આયાતકારોએ ૦.૫૦ કેરેટથી વધુના હીરાની આયાતને ચકાસવા માટે ટ્રેસિબિલિટી આધારિત સર્ટિફિકેટનો ઉપયોગ કરવો ફરજિયાત બનશે. ■

# તિરુપતિ બાલાજી મંદિરમાં પ્રસાદ વિવાદ મુદ્દે અમૂલે કરી સ્પષ્ટતાઃ પોસ્ટ કરનાર સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ભારતના વિશ્વપ્રસિદ્ધ તિરુપતિ બાલાજી મંદિરમાં પ્રસાદનો વિવાદ ગુજરાત સુધી પહોંચ્યો હતો. વિશ્વભરમાં દૂધ સહિત તમામ ડેરી પ્રોડક્ટની સપ્લાય કરતી અમૂલ ડેરીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચતા કંપનીએ અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અમૂલના કર્મચારીએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરનારી વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવી હતી. તિરુપતિના પ્રસાદમાં જે ઘી વપરાયું છે તે અમૂલ દ્વારા સપ્લાય કરવામાં આવ્યું હોવાની એક્સ પર પોસ્ટ મૂકવામાં આવી હતી, તે અંગે વિવાદ સર્જાયો હતો. અમૂલની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા માટે ખોટા સમાચાર ફેલાવવામાં આવ્યા હોવાની સાયબર ક્રાઇમે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.

અમૂલમાં છેલ્લાં ૩૦ વર્ષથી નોકરી કરતા હેમંત ગાવની ૨૦ સપ્ટેમ્બરે તેઓ દિલ્હી ગયા હતા. પરત અમદાવાદ એરપોર્ટ પર આવ્યા ત્યારે તેમને એક્સ પર અલગ અલગ એકાઉન્ટથી તિરુપતિ બાલાજી મંદિરમાં લાડુ બનાવવા વપરાયેલા એનિમલ ફેટવાળું ઘી અમૂલનું હોય એવી પોસ્ટ કરવામાં આવી હતી. આ તમામ પોસ્ટના સ્ક્રીનશોટ સાથે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, તિરુપતિ લાડુમાં ભેળસેળના વિવાદ વચ્ચે ડેરી કંપની અમૂલે પણ સ્પષ્ટતા આપી હતી. કંપનીએ શુક્રવારે સોશિયલ મીડિયા પર એક નિવેદન જાહેર કરીને કહ્યું હતું કે તેમણે તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમને ક્યારેય ઘી આપ્યું નથી. અમૂલે તે પણ ચોખવટ કરી હતી કે, ઘી અમારા અત્યાધુનિક ઉત્પાદન પ્લાન્ટમાં દૂધમાંથી બનાવવામાં આવે છે. ■



સુરતી વિશા લાડ વણિક

**સુરેશ મોતીલાલ બંગાળી (૯૪)** તે સ્વ. નિર્મળા અને સ્વ. મોતીલાલ જેકિશનદાસ બંગાળીના પુત્ર. સ્વ. અ. સૌ. ઈલાના પતિ. સંજય, સુનિલ, પારુલ દિવ્યેશ મોદીના પિતા. દિવ્યેશ મોદી, નિતી, માધવીના સસરા. સ્વ. વસંત ઈશ્વરલાલ ખાંડવાલા, સ્વ. માલતી કુમુદ ચીનીવાળા, આશા શિરીષ પારેખ, સ્વ. રમેશ, અવનિ મહેશ મોદીના ભાઈ. સુરેખાબેનના જેઠ. સ્વ. નિર્મળા અને સ્વ. હરમુખલાલ મગનલાલ ત્રિવેદીના જમાઈ. સ્વ. અનિલ, સ્વ. સુધીર, યોગીન્દ્રાબેન શશિકાંત ઝવેરીના બનેવી. માનસી, કરણના દાદા. શ્રુતિના નાના શનિવાર, ૨૧ સપ્ટેમ્બરના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

# ભુજમાં ૨૦૦ કરોડના લેન્ડગ્રેબિંગ કૌભાંડ મામલે ફરિયાદઃ આઠ લોકો સામે કાર્યવાહી કેમ નહીં?

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ઈતિહાસમાં ૨૦૦ કરોડની સરકારી જમીન ખાલી કરાવવા મામલે કચ્છના ભુજમાં ફરિયાદ નોંધાઈ હતી, ભુજના હિલ ગાર્ડન નજીક રિસોર્ટ માટે જમીન ફાળવાયા બાદ મહેસૂલી તંત્રની નજર હેઠળ જ વધારાની ૩૦ હજાર ચો.મી. દબાવી દેવાયાની અને આ જમીન ખાલી કરાવવાની અરજી તંત્રને કરાઈ હતી. આ રાજ્યની સૌથી મોટી લેન્ડગ્રેબિંગની ફરિયાદ ગણાવાઈ રહી છે, જે અંગે હજુ સુધી કોઈ કાર્યવાહી નહીં થઈ રહ્યાનો પણ આક્ષેપ થઈ રહ્યો છે.

સરકારી રેકર્ડ મુજબ માત્ર ૩૮૦૦ ચો.મી. જમીન નવી અવિભાજ્ય શરતે હૉટેલ ઉદ્યોગ માટે કચ્છ કલેક્ટરે ફાળવી હતી, પરંતુ સ્થળ સ્થિતિ મુજબ હિલ વ્યુ રિસોર્ટના ૮ ભાગીદાર માલિકોએ બાજુની સરકારી ટ્રાવર્સ ૮૭૦/૧ની જમીન પર ખુલ્લેઆમ દબાણ કરાયાની ફરિયાદ થઈ હતી. આજ દિન સુધી કલેક્ટર દબાણની જમીન ખાલી કરાવી શક્યા નથી.

આ મામલે એક જાગૃત નાગરિક તેમની ફરજ બજાવી લેખિતમાં જાણ કરી તો બે બે વર્ષ સુધી આ કલેક્ટર કોઈ કાર્યવાહી કરી નથી. ભુજના હિલગાર્ડન નજીક સર્વે નં.૮૭૦ પૈકી ૧ ખાતા નંબર ૭૪૬ની નવી અને અવિભાજય શરતની ૩૮૦૦ ચોરસ મીટર જમીન ૨૦૧૬માં તત્કાલીન કલેક્ટરે હૉટેલ બનાવવા ખાનગી માણસોને ફાળવી હતી. આ જમીન પર આઠ ભાગીદારો જગદીશ આણંદજી ઠક્કર, હિંમત લીલાધર દામા, હિતેન શંકરલાલ દામા, પ્રકાશકુમાર નટવરલાલ પટેલ, શૈલેષ રાજેશભાઈ મોદી, જિગીશકુમાર રાજેશકુમાર મોદી, શેહનાઝ કરીમભાઈ પાયલા, અશર્રફઅલી વલી આગરિયાએ હિલ વ્યૂ રિસોર્ટનું નિર્માણ કર્યુ હતું. ■

દશાશ્રીમાળી સ્થા. જૈન

જન્મ: ૧૨/૧૦/૧૯૩૭



સ્વર્ગવાસ: ૨૦/૦૯/૨૦૨૪

**શ્રી. ભાનુરાઈ નગીનદાસ મહેતા**

મોરબી નિવાસી હાલ, ચેમ્બુર શુક્રવાર ૨૦-૦૯-૨૦૨૪ ના અરિહંત શરણ પામેલ છે. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રાર્થના.

શોકાતુર

પત્ની : ચારૂબેન ભાનુરાય મહેતા

પુત્ર - પુત્રવધુ : પારસ ભાનુરાય મહેતા, મોના પારસ મહેતા

પુત્ર - પુત્રવધુ : ઋષભ ભાનુરાય મહેતા, શીવાની ઋષભ મહેતા

લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# તેજસ ઉડાડનારાં પ્રથમ મહિલા પાઈલટ મોહના સિંહને કચ્છના નલિયા એરબેઝમાં તહેનાત કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:ભારતીય વાયુસેનાના તેજસ ફાઇટર સ્ક્વોડ્રનનો ભાગ બનનારા ભારતના પ્રથમ મહિલા પાઇલટ સ્ક્વોડ્રન લીડર મોહના સિંહને કચ્છના અબડાસા તાલુકાના નલિયા સ્થિત વાયુસેનાના મથક નંબર ૧૮માં ફ્લાઈંગ બુલેટ સ્ક્વોડ્રન સોંપવામાં આવી છે.

સ્ક્વોડ્રન લીડર મોહના સિંહે તાજેતરમાં સંપન્ન થયેલી તરંગ શક્તિની બહુપક્ષીય હવાઈ યુદ્ધ કવાયતમાં ભાગ લીધો હતો. તેઓ અગાઉ રાજસ્થાનના નાલ ખાતે આવેલી નંબર ૩ ફાઇટર સ્ક્વોડ્રનમાં મિગ-૨૧ લડાકુ વિમાનના પાઇલટ તરીકે તૈનાત હતાં.

કેન્દ્ર સરકારે પ્રાયોગિક ધોરણે મહિલાઓ માટે ફાઇટર સ્ટ્રીમ બનાવવાનું નક્કી કર્યાના માત્ર એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં, તેઓને વર્ષ ૨૦૧૬માં ભારતીય વાયુસેનામાં કમિશન કરવામાં આવ્યા છે. ■

**સૉલ ઓફ ટૂર**

# રોમાંચથી ભરપૂર એવા હૉટ ઍર બલૂન રાઈડ્સ, ઐતિહાસિક ગુફાઓ સાથે માણો મનોહર અને વિસ્મરણીય દૃશ્યોની મોજ

**નિસર્ગરમ્ય વાતાવરણ, મનોહર એવાં સ્થળો અને અદ્ભુત રોમાંચકભર્યા પ્રવાસના સૌંદર્યનો અનુભવ અને અલગ-અલગ પ્રોગ્રામ સાથે સુવિધાસભર ટૂર્સ કરાવી છે. કોઈપણ સ્થળે જવા, ત્યાંની સુંદરતાને માણવા અને એની યાદગાર પળો ભેગી કરવા માટે આજે આપણે જાણીશું એક નવા અને આકર્ષક સ્થળ કેપેડોકિયા વિશે**



ઔરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

**ધવલભાઈ, તમે ઘણી ટૂર્સ કરાવો છો, પણ આજે ટર્કીના કયા નવા શહેરની ટૂર કરાવવાના છો?**

તેમનું કહેવું છે કે આ વખતે અમે એક એવું સ્થળ જ્યાં ઐતિહાસિક શહેર, સાંસ્કૃતિક, સ્ટ્રીટ ફૂડ, શૉપિંગ અને બલૂન રાઈડ જેવી રોમાંચક અનુભવથી ભરેલો પ્લેસ જ્યાં તમે સિટી લાઈફ, નાઈટ લાઈફ લવર્સ માટે પાર્ટી કરવા પબ, સ્ટ્રીટ ફૂડ માટેનું ક્રાઉડ, શૉપિંગ લવર્સ માટે સ્ટ્રીટ શૉપિંગનો અનુભવ માણવા જેવો છે. અમે અમારી દરેક ટ્રિપમાં ફન સાથે વિવિધતા લાવતા રહીએ છીએ, જેથી કરીને પર્યટકને તેમની ટ્રિપમાં નવીનતા અને એક્સાઈટમેન્ટ બની રહે. આજે તમને અવનવી ઍક્ટિવિટીઝથી ભરેલી કેપેડોકિયાની ટૂરનો અનેરો અનુભવ કરાવવાના છીએ.



**કેપેડોકિયા**

ટર્કીના મધ્યમાં આવેલો કેપેડોકિયા એક ઐતિહાસિક પ્રદેશ છે. આ સ્થળ ખૂબ આકર્ષણોથી ભરેલું છે. કેપેડોકિયા ફરવા જવાનો ઉત્તમ સમય વસંત (એપ્રિલથી જૂન) અને પાનખર (સપ્ટેમ્બરથી નવેમ્બર) દરમ્યાન જવાની ખૂબ મજા આવે છે અને ત્યારે ત્યાંનું હવામાન ખૂબ જ ખુશનુમા હોય છે અને આસપાસનું નૈસર્ગિક સૌંદર્ય આપણને મોહિત કરી દે એવું હોય છે. જોકે કેપેડોકિયા શહેર આખું વર્ષ સુંદર જ દેખાય છે અને દરેક સીઝનમાં એક અનોખો અનુભવ કરાવે છે. હું કેપેડોકિયા પહોંચવા માટેનું સૌથી નજીકનું ઍરપોર્ટ કાયસેરી એર્કિલેટ એરપોર્ટ (એ.એસ.આર.) પર ઊતર્યો. ત્યાંથી મારી હોટેલ સુધી પહોંચવા માટે ટૅક્સી લીધી. હોટેલમાં બ્રેકફાસ્ટ કર્યું અને ફ્રેશ થઈને બહાર સિટી એક્સપ્લોર કરવા નીકળી પડ્યો. ત્યાં તમે ડ્રાઈવર અને કાર ભાડા પર લઈને તમારા પોતાના પ્લાનિંગ પ્રમાણે વિવિધ જગ્યાએ ફરવા જઈ શકો છો. વૈકલ્પિક રીતે, તમે ટૂર પ્રવાસોમાં જોડાઈ શકો છો. અથવા જેને પ્રદેશના ઇતિહાસ અને સંસ્કૃતિ વિશે આંતરદૃષ્ટિની જાણ હોય એવા સ્થાનિક માર્ગદર્શકની પણ મદદ લઈ શકો છો. કેપેડોકિયામાં રહેવા માટે સૌથી વધુ લોકપ્રિય શહેરો ગોરેમ, ઉર્ગુપ અને ઉહિસાર છે.

**હૉટ ઍર બલૂનની રાઈડ્સ અને અન્ય ઍક્ટિવિટી**

હું ખૂબ ઉત્સુક હતો એટલે સૌપ્રથમ જ કેપેડોકિયાના આકર્ષક એટલે કે પ્રખ્યાત હૉટ ઍર બલૂનની રાઈડ્સ માટે ગયો. ત્યાં અતિવાસ્તવ લૅન્ડસ્કેપ્સનાં આકર્ષક હવાઈ દૃશ્યો જોવા મળ્યાં. સૂર્યોદયના સમયે પરીઓની જેમ ઊડતા સેંકડો રંગબેરંગી ફુગ્ગાઓને હવામાં તરતા જોવાનું અદ્ભુત દૃશ્ય એ એક અવિસ્મરણીય અનુભવ લાગ્યો. ત્યાંથી કેપેડોફોકિયાના હૃદય તરીકે ગણાતું, ગોરેમમાં ગોરેમ ઓપન ઍર મ્યુઝિયમની યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ જોવા ગયો, તયાં અદ્ભુત ભીંતચિત્રો સાથે રૉક-કટ ચર્ચો છે. ત્યાંની વિલક્ષણ શેરીઓમાં ફરવાની ખૂબ મજા આવી. ત્યાંથી ડેરિન્કુયુ અથવા કાયમાકલીના નામે ઓળખાતાં આકર્ષક ભૂગર્ભ શહેરોની મુલાકાતે ગયો, જ્યાં પ્રાચીન સમુદાયોએ આક્રમણના સમયે આશ્રય મેળવ્યો હતો. આ સાંકડા અને જમીનની અંદરના રસ્તાઓ કેપેડોકિયાના અનોખા ઇતિહાસનું પ્રમાણપત્ર જણાયું. પ્રાચીન ચેમ્બર, સ્ટોરેજ રૂમ અને પૂજાસ્થાનો જોવા માટે ભુલભુલામણી ટનલમાં ઊંડો ઊતરી ઐતિહાસિક માહિતી મેળવી. ત્યાર બાદ કેપેડોકિયા એની મનોહર ખીણો માટે પણ જાણીતું છે ત્યાં પહોંચ્યો. ત્યાં રોઝ વૅલી, લવ વૅલી અને પિજન વૅલી જેવાં અદ્ભુત લૅન્ડસ્કેપ્સમાં હાઈકિંગનો આનંદ માણ્યો, છુપાયેલાં ગુફા ચર્ચો અને આકર્ષક દૃશ્યો જોયાં.

**માટીકામ, ઘોડેસવારી અને નાઈટ શૉ**

ત્યાં માટીકામ કરતા કુશળ કારીગરોનું શહેર એવાનોસ ગયો. ત્યાં હું માટીકામની પરંપરાગત કૃતિઓ જોઈને નવાઈ પામ્યો. કુશળ કારીગરોની કલાનાં ઉત્કૃષ્ટ કાર્યો જોઈને મને પણ મન થયું એટલે મેં પણ કારીગરોના માર્ગદર્શન હેઠળ માટીમાંથી મારા માટે એક માસ્ટરપીસ બનાવવાનો અનુભવ મેળવ્યો. ત્યાર બાદ ત્યાંથી ત્યાંની સુંદર ખીણોમાં રોમાંચક હાઇકિંગ, ઘોડેસવારીનો આનંદ માણ્યો. ઍડ્વેન્ચર શોખીનો માટે રોપ ક્લાઈમ્બિંગ અને માઉન્ટેન બાઈકિંગની તકો પણ જોવા મળી. ત્યાં નાઈટ લાઈફ પણ માણવા જેવી લાગી, મેં ત્યાં પરંપરાગત સંગીત, નૃત્ય પ્રદર્શન સાથે લાઈવ ટર્કિશ નાઈટ શૉનો અનેરો આનંદ લીધો. ત્યાર બાદ ત્યાં સ્વાદિષ્ટ ટર્કિશ ભોજનનો પણ આસ્વાદ માણ્યો. કેપેડોકિયાના સ્થાનિક ભોજનમાં માટીના વાસણમાં રાંધેલી અનન્ય વાનગીઓ ટેસ્ટી કબાબ, માન્ટી (ટર્કિશ ડમ્પલિંગ) અને ગોઝલેમ (સ્ટફ્ડ ફ્લૅટ બ્રેડ) જેવી વાનગીઓનો સમાવેશ થાય છે.

**લાજવાબ લજ્જતદાર વાનગીઓની મેજબાની**

ફરવાની મજા ફૂડ વગર અધૂરી છે, જો લાજવાબ સ્વાદ સાથે વિવિધ એવી વાનગીઓની મેજબાની પણ મળે તો સફરની મજા જ અલગ હોય. આમ સંપૂર્ણ ટૂરમાં અમે તમને દરેક પ્લેસ પર ટોપ ક્લાસ ભારતીય રેસ્ટોરાંમાં ગરમાગરમ અને તાજું ભારતીય ભાણું ખવડાવીશું. બેસ્ટ ક્વૉલિટીનું સુપીરિયર ફૂડ ઓફર કરીએ છીએ જે હાઈજીનિક સ્ટાન્ડર્ડને ફૉલો કરે છે. એ ઉપરાંત લોટ્સ વરાઈટી આપીએ છીએ, જેથી અમારી સાથે આવનારા તમે સૌ પર્યટકોને ફૂડ આઈટમ્સની મનગમતી ચોઈસ મળી રહે.

Aurora Travel Tours Pvt Ltd :- 22, Paradise Compound, Bhulabhai Desai Road, Nr. Mahalaxmi Chamber, Breach Candy, Mumbai- 400026

Contact Nos.:- +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

# કાલાઘોડામાં શનિ-રવિવારે હવેથી વાહનોને નો-એન્ટ્રી

## ફક્ત ને ફક્ત રાહદારીઓ-પર્યટકો માટે જ ખુલ્લો રહેશે આ વિસ્તાર



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈનો કાલાઘોડા ઐતિહાસિક અને હેરિટેજ મહત્ત્વ ધરાવે છે. પર્યટકોની ભીડથી આ વિસ્તાર હંમેશા ભરચક રહેતો હોય છે. હવે નાગરિકોની સાથે જ પર્યટકો અહીં 'હેરિટેજ વૉક'નો આનંદ લઈ શકે તે માટે હવેથી દર શનિવાર અને રવિવાર આ પરિસરને વાહનવ્યહાર માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હાલ કાલાઘોડા પરિસરમાં ફૂટપાથ બનાવવાની સાથે જ બ્યુટીફિકેશનનું કામ સુધરાઈ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. સુધરાઈ કમિશનર ભૂષણ ગગરાણીએ શનિવારે ટ્રાફિક ડિપાર્ટમેન્ટના આસિસ્ટન્ટ પોલીસ કમિશનર અનિલ કુંભારે સાથે સાંજના કાલાઘોડા પરિસરની મુલાકાત લઈને હાલ ચાલી રહેલાં કામનો અહેવાલ લીધો હતો. આ દરમિયાન સુધરાઈ કમિશનરે કાલાઘોડા પરિસરનું ઐતિહાસિક અને હેરિટેજ મહત્ત્વ જાળવી રાખવાનો નિર્દેશ આપતા કહ્યું હતું કે હવેથી દર શનિવાર અને રવિવારે આ વિસ્તાર ફક્ત નાગરિકો અને પર્યટકો માટે જ ખુલ્લો રહેશે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ કાલા ઘોડા પરિસરમાં સાઈબાબા રોડ, રોપ વૉક લેન, વી.બી.ગાંધી માર્ગ/ફોર્બ્સ સ્ટ્રીટ, રુધરફોર્ડ સ્ટ્રીટ અને બી.ભરૂચા માર્ગ આ પાંચ રસ્તા દર શનિવાર અને રવિવારે સાંજે છથી રાતના ૧૨ વાગ્યા સુધીના સમયગાળા માટે વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ રહશે અને ફક્ત રાહદારીઓ માટે સમગ્ર પરિસર ખૂલ્લો રહેશે અને સપૂર્ણ વિસ્તારનું સુશોભીકરણ કરવામાં આવશે. ■

# રાજકારણ દિવસ-રાત ગાળો ખાવાનો ધંધોઃ દેવેન્દ્ર ફડણવીસ

મુંબઈઃ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ શનિવારે વીજનિર્મિતી કામગારો દ્વારા યોજવામાં આવેલા એક કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા ત્યારે તેમણે રાજકારણ વિશે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો અને પહેલી વાર જનતા સરકારે કરેલા કાર્યો બદલ તેને બિરદાવવા બોલાવી રહી હોવાનું જણાવ્યું હતું.

કોન્ટ્રેક્ટ પર રહેલા વીજનિર્મિતી કામગારોને સંબોધતા તેમણે કહ્યું હતું કે હું ૨૫ વર્ષથી રાજકારણમાં છું. અમારી ફરજ બજાવ્યા બાદ જનતાએ અમારો આભાર માનવાનો નિર્ણય લીધો. ૨૫ વર્ષમાં પહેલી જ વખત હું જોઇ રહ્યો છું કે જેમની માટે કાર્યો કર્યા તે લોકો આભાર માનવા માટે અમને ફરી બોલાવી રહ્યા છે. રાજકારણ એક એવો ધંધો છે જેમાં સવારથી લઇને સાંજ સુધી ગાળો ખાવાની તૈયારી હોય તો જ તમે જનતાને ન્યાય આપી શકો. કારણ કે જનતાએ આપેલી ગાળો એ ગાળો નહીં, પરંતુ તેમની અપેક્ષાઓ હોય છે.

૨૦૧૯માં ભાજપના મહારાષ્ટ્ર પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ લીધેલા નિર્ણયને પગલે વીજનિર્મિતીના કોન્ટ્રેક્ટ પર કામ કરતા કામગારો માટે ઐતિહાસિક નિર્ણય લીધો હતો, જેના કારણે તેમને મોટો ફાયદો થયો હતો. જેનો આભાર માનવા માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં દેવેન્દ્ર ફડણવીસ ઉપસ્થિત રહ્યા હતા.

### રાહુલ ગાંધીના અનામત વિશેના નિવેદનની ટીકા

આ દરમિયાન ફડણવીસે રાહુલ ગાંધીની ટીકા કરતા જણાવ્યું હતું કે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી વિદેશમાં જઇને અનામત વિરોધી વાતો કરે છે. તેમને લાગે છે કે તે બીજા દેશમાં જઇને બોલીશ તો કોઇને ખબર નહીં પડે, પરંતુ આજકાલ તો સ્મશાનમાં પણ મીડિયા હોય છે એની જાણ તેમને નહીં હોય. વિરોધ પક્ષોની ટીકા કરતા તેમણે કહ્યું હતું કે જો અમારી બહેનો માટેની યોજના બંધ કરવાની વાતો કરશો તો પાંચ તો છોડો ૨૫ વર્ષ સુધી સત્તામાં નહીં આવી શકો. ■

# અભિનેતા દીપક તિજોરી સાથે ૧૭.૪૦ લાખ રૂપિયાની ઠગાઈ



મુંબઈઃ ફિલ્મ બનાવવાને બહાને 'આશિકી' ફેમ અભિનેતા દીપક તિજોરી પાસેથી ૧૭.૪૦ લાખ રૂપિયા પડાવી કથિત ઠગાઈ કરવામાં આવી હતી. આ પ્રકરણે તિજોરીએ કરેલી ફરિયાદને આધારે અંબોલી પોલીસે વિક્રમ ખક્કર નામના ફિલ્મ નિર્માતા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે વિક્રમ 'ટિપ્સી' નામની ફિલ્મ લંડનમાં બનાવવાનો હતો. આ માટે તેણે આર્થિક મદદ તરીકે તિજોરી પાસેથી ૧૭.૪૦ લાખ રૂપિયા લીધા હતા. ૨૦૨૦માં તિજોરીએ આ રકમ વિક્રમે આપેલા બૅન્ક એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. તિજોરીએ પોતાની રકમ પાછી માગતાં વિક્રમ ઉડાઉ જવાબ આપતો હતો. આખરે કંટાળીને તિજોરીએ પોલીસ ફરિયાદ કરી હતી. અંબોલી પોલીસે પાંચ દિવસ અગાઉ એફઆઈઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# દશેરાએ શિવાજી પાર્કમાં ઉદ્ધવ સેનાની જ સભા

## શિંદે-સેના બીકેસીમાં સભા યોજે એવી શક્યતા છે

મુંબઈઃ શિવસેનાના બે ફાંટા પડ્યા અને શિંદે જૂથ અસ્તિત્વમાં આવ્યો ત્યાર પછી દર વર્ષે શિવાજી પાર્કમાં દશેરાની રેલી માટે મંજૂરી મેળવવા બંને જૂથમાં સંઘર્ષ ચાલતો હોય છે. જોકે, આ વર્ષે ઠાકરે જૂથ અને શિંદે જૂથ વચ્ચે આ મુદ્દે ખેંચતાણ નહીં થાય તેવું જણાય છે.

શિંદે જૂથ તરફથી આ વખતે શિવાજી પાર્કમાં રેલી યોજવા માટે મંજૂરી મેળવવાની અરજી કરવામાં આવી નથી, જ્યારે ઠાકરે જૂથ તરફથી ત્રણ મહિના પૂર્વે જ આ માટે અરજી કરી દેવામાં આવી હોવાથી ઠાકરે જૂથને શિવાજી પાર્ક ફાળવવામાં આવી શકે. બીજી બાજુ શિંદે જૂથ આ વર્ષે બીકેસી(બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ)માં દશેરાની રેલી યોજે તેની શક્યતા જણાઇ રહી છે.

ઉલ્લેખનીય છે કે બાળાસાહેબ ઠાકરેના સમયથી દર દશેરાએ શિવસેના દ્વારા શિવાજી પાર્કમાં રેલી યોજવામાં આવે છે અને આ રેલીને એક પ્રકારનું શક્તિ પ્રદર્શન પણ માનવામાં આવે છે. જોકે શિવસેના બે જૂથમાં વહેંચાઇ ત્યાર બાદ બંને જૂથ દ્વારા શિવાજી પાર્કમાં રેલી યોજવા માટે હોડ જામે છે અને પ્રશાસન કોને મંજૂરી આપે છે તેની રાહ જોવાય છે.

શિવસેનાના ભાગલા થયા બાદ ૨૦૨૨માં આ પ્રકરણ અદાલતમાં પણ પહોંચ્યું હતું અને બંને જૂથે પોતે પહેલા અરજી કરી હોવાનો દાવો કર્યો હતો.

આખરે અદાલતે ઠાકરે જૂથના પક્ષમાં પોતાનો ફેંસલો સંભળાવ્યો હતો અને શિંદે જૂથને બીકેસી મેદાન ફાળવવામાં આવ્યું હતું. ગયા વર્ષે પણ બંને જૂથ આ મામલે આમને સામને થઇ ગયા હતા. પ્રશાસન આ મુદ્દે કોઇ નિર્ણય ન લઇ રહી હોવાથી ઠાકરે જૂથે પાલિકા વિભાગ કાર્યાલય ખાતે મોરચો પણ કાઢ્યો હતો. જોકે, પછીથી શિંદે જૂથે પોતાની અરજી પાછી ખેંચતા મામલો થાળે પડ્યો હતો.

# વિચારભેદ પ્રત્યે શાસક સહિષ્ણુ બને અને મનોમંથન કરે એ લોકશાહીની કસોટીઃ ગડકરી

પુણેઃ સૌથી મજબૂત અભિપ્રાય પોતાની વિરુદ્ધ હોવા છતાં શાસક એ પ્રત્યે સહિષ્ણુ બને તે લોકશાહીની સૌથી મોટી કસોટી છે અને તે તેને આત્મનિરીક્ષણ તરફ દોરી જાય છે, એમ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું.

લેખકો અને બુદ્ધિજીવીઓએ પોતાને કોઇ પણ પ્રકારના ભય વગર વ્યક્ત કરવા જોઇએ, એમ ભાજપના વરિષ્ઠ નેતા ગડકરીએ પુણેની એમઆઇટી વર્લ્ડ પીસ યુનિવર્સિટી ખાતે એક પુસ્તક વિમોચનના કાર્યક્રમમાં જણાવ્યું હતું.

'લોકશાહીની સૌથી મોટી કસોટી એ છે કે શાસક પોતાની સામેના મંતવ્યો-વિચારભેદ પ્રત્યે સહિષ્ણુ બને અને તે વિશે મનોમંથન કરે. ભારતમાં અભિપ્રાયોમાં તફાવત એ સમસ્યા નથી, પણ અહીં અભિપ્રાયોનો અભાવ એ મોટી સમસ્યા છે', એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. 'આપણે જમણેરી નથી કે ડાબેરી નથી. આપણે તકવાદી છીએ. લેખકો અને બુદ્ધિજીવીઓ કોઇ પણ પ્રકારના ભય વગર પોતાના અભિપ્રાય વ્યક્ત કરે એવી આશા રાખવામાં આવે છે, એમ ગડકરીએ કહ્યું હતું. ■

# 'લાડકી બહેન'નું શ્રેય ખાટવા ભાજપે હવે ગીત રિલીઝ કર્યું

મુંબઈઃ બજેટ દરમિયાન લાડકી બહેન યોજનાની જાહેરાત થઇ ત્યારથી જ વિરોધ પક્ષોની ટીકાના કારણે આ યોજના ચર્ચામાં રહી હતી અને હવે સત્તાધારી મહાયુતિના ત્રણેય પક્ષમાં આ યોજનાનો શ્રેય લેવા માટે ખેંચતાણ ચાલતી હોવાનું દૃશ્ય છે.

આ યોજનાનું શ્રેય દેવેન્દ્ર ફડણવીસને જાય એ માટે હવે ભાજપ દ્વારા એક વીડિયો સોન્ગ તૈયાર કરવામાં આવ્યું છે. 'બહીણી ચા ભાઉ દેવા ભાઉ' એટલે કે 'બહેનોના ભાઇ દેવા ભાઇ' એવું ગીત ભાજપ દ્વારા તૈયાર કરીને સોશિયલ મીડિયા સહિતના માધ્યમોમાં મૂકવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર દ્વારા તેમના કાર્યક્રમોમાં લગાવાયેલા લાડકી બહેન યોજનાના બેનરો-પોસ્ટરોમાંથી મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનો ફોટો કે નામ ગાયબ હોવાના કારણે આ શિવસેના(શિંદે જૂથ)ના નેતાઓ દ્વારા એનસીપી(અજિત પવાર જૂથ)ની ટીકા કરવામાં આવી હતી.

આ ગીતના કારણે લાડકી બહેન યોજનાનો જશ ખાટવા માટે મહાયુતિના ત્રણેય પક્ષમાં ખેંચતાણ ચાલી રહી હોવાની ચર્ચા છે. આ ઉપરાંત હવે શિવસેના દ્વારા પણ લાડકી બહેન યોજનાનો શ્રેય મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને જાય એ માટે કોઇ પ્રયાસ કરવામાં આવશે તેવી ચર્ચા પણ થઇ રહી છે. ■

દેશ–વિદેશ



**વિદેશ પ્રવાસઃ** અમેરિકાના પ્રવાસે રવાના થતા પહેલા નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી. તેઓ અમેરિકામાં ત્યાંના પ્રમુખ જૉ બાઈડન સહિત અનેક દેશના વડાની સાથે મંત્રણા કરવાના છે. (એજન્સી)

# ભારત અને અમેરિકા વચ્ચેના બિઝનેસમાં ૫૦૦ અબજ ડૉલર સુધી પહોંચવાની ક્ષમતાઃ કેન્દ્રીય પેટ્રોલિયમ પ્રધાન

હ્યુસ્ટનઃ પેટ્રોલિયમ અને નેચરલ ગેસ પ્રધાન હરદીપ સિંહ પુરીએ કહ્યું હતું કે ભારતના છઠ્ઠા સૌથી મોટા બિઝનેસ પાર્ટનર અમેરિકા સાથે વધતો દ્વિપક્ષીય વેપાર ૨૦૦ અબજ ડોલરના વર્તમાન સ્તરથી વધીને ૫૦૦ અબજ ડૉલરથી પણ આગળ વધવાની ક્ષમતા ધરાવે છે.

પુરીએ ઉર્જા કંપનીઓ સાથેની એક રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે બન્ને દેશો વચ્ચે હાઇડ્રોકાર્બન વ્યાપાર નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં ૧૩.૬ અબજ ડૉલર સુધી પહોંચ્યો છે જે ૨૦૧૮-૧૯ના આંકડાથી લગભગ બમણો છે.

અહીં 'ગ્લોબલ એનર્જી કોન્ફરન્સ ગેસ્ટેક - ૨૦૨૪' ના અવસર પર આયોજિત આ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં યુએસઆઈએસપીએફના પ્રમુખ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઈઓ) મુકેશ અઘી અને હ્યુસ્ટનમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ ડી.સી. મંજૂનાથે પણ હાજરી આપી હતી.

પુરીએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ બે મહિનામાં ૨.૪૩ અબજ ડોલરના મૂલ્યના હાઇડ્રોકાર્બન વ્યાપાર સાથે અમેરિકા હવે ભારતનો છઠ્ઠો મોટો ઊર્જા ભાગીદારી બની ગયું છે. આ ઝડપ બન્ને દેશોના કુલ દ્વિપક્ષીય વ્યાપારના ૨૦૦ અબજ ડોલરથી વધીને ૫૦૦ અબજ ડૉલરથી વધુ થવાની સંભાવના દર્શાવે છે.

પેટ્રોલિયમ પ્રધાને ભારત-યુએસ ટ્રેડ કાઉન્સિલ (યુએસઆઈબીસી) અને ઇન્ડો-યુએસ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમ (યુએસઆઈએસપીએફ) અને અમેરિકાની તેમની મુલાકાતમાં ઉદ્યોગપતિઓ સાથે મળીને યુએસ-ભારત ઉર્જા ભાગીદારીના મહત્ત્વનો ઉલ્લેખ કર્યો હતો.

પુરીએ જણાવ્યું હતું કે જી ૨૦ ગ્રુપની અધ્યક્ષતામાં ભારતે યુ.એસ. અને અન્ય સમાન વિચારધારાઓના સહયોગથી વૈશ્વિક જૈવ ઇંધણ જોડાણની શરૂઆત કરી હતી. આનો ઉદ્દેશ ઓછા કાર્બન ઉત્સર્જન સાથે સમાધાન વિકસિત કરવા અને અમલમાં મૂકવાનો છે.

આ સાથે પુરીએ પેટ્રોલિયમ કંપનીઓ વિટોલ, બેકર હ્યુજીસ અને વુડસાઇડ એનર્જીના નેતાઓ સાથે ભારતમાં રોકાણ અને સહકારની તકો અંગે ચર્ચા કરી હતી. તેમણે શેલ યુએસએને આગામી ઓપન એરિયા લાઇસન્સિંગ પોલિસી બિડિંગ રાઉન્ડમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા. ■

# આદિ કૈલાસ યાત્રાના બીજા તબક્કાનો ૨૩ સપ્ટેમ્બરથી આરંભ

પિથોરાગઢઃ આદિ કૈલાસ યાત્રાનો બીજો તબક્કો ૨૩ સપ્ટેમ્બરથી શરૂ થશે. આ જાહેરાત શુક્રવારે તીર્થયાત્રાની નોડલ એજન્સી કુમાઉ મંડળ વિકાસ નિગમ(કેએમવીએન)એ કરી હતી.

વિકાસ નિગમના અધિકારી અને ધારચૂલાના બેઝ કેમ્પના પ્રભારી ધન સિંહ બિષ્ટે જણાવ્યું કે મે અને જૂનમાં એટલે કે યાત્રાના પ્રથમ તબક્કા દરમિયાન ૨૦,૦૦૦ તીર્થયાત્રીઓ આદિ કૈલાસ શિખરના દર્શન કરવા પહોંચ્યા હતા. આ યાત્રા ચોમાસાની શરૂઆતમાં સ્થગિત કરી દેવામાં આવી હતી. આ દરમિયાન કુદરતી આફતોની સંવેદનશીલતાને કારણે ઊંચાઇવાળા માર્ગો અસુરક્ષિત બની જાય છે.

બિષ્ટના જણાવ્યા અનુસાર યાત્રાના બીજા તબક્કા માટે ૨૫ તીર્થયાત્રીઓનું એક જૂથ ૨૫ સપ્ટેમ્બરના રોજ ધારચુલા પહોંચશે.

બેઝ કેમ્પથી જથ્થાને આદિ કૈલાસ અને ઓમ પર્વતના દર્શન કરવા માટે ત્રણ દિવસ માટે ગુંજી મોકલવામાં આવશે. તેમણે કહ્યું કે યાત્રાનો બીજો તબક્કો ઓક્ટોબરમાં ચાલુ રહેશે અને બુકિંગના આધારે તેને નવેમ્બર સુધી લંબાવવામાં આવી શકે છે. ■

# એનપીએસ વાત્સલ્ય યોજના હેઠળ પહેલા દિવસે ૯૭૦૦થી વધુ સગીર ગ્રાહકોની નોંધણી

## બાળકોની પેન્શન યોજનાને ભારે વ્યાપક પ્રતિસાદ

નવી દિલ્હીઃ આ સપ્તાહની શરૂઆતમાં એનપીએસ વાત્સલ્ય યોજના લોન્ચ થયાના પહેલા દિવસે યોજના અંતર્ગત લગભગ ૯૭૦૦ સગીર ગ્રાહકોએ નોંધણી કરાવી છે. પેન્શન ફંડ રેગ્યુલેટરી અને ડેવલપમેન્ટ ઓથોરિટી(પીએફઆરડીએ) દ્વારા નિયંત્રિત અને સંચાલિત આ યોજના માતા-પિતા અને વાલીઓને તેમના બાળકોની નિવૃત્તિ માટે સંયોજન શક્તિનો ઉપયોગ કરીને વહેલી તકે બચત શરૂ કરવાની તક પૂરી પાડે છે. જે ભારતના ઊભરતા પેન્શન પરિદ્રશ્યમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

ભારતના યુવાનોના નાણાકીય ભવિષ્યને સુરક્ષિત કરવાના હેતુથી ઐતિહાસિક સરકારી પહેલ રૂપે નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે ૧૮ સપ્ટેમ્બરના રોજ સત્તાવાર રીતે એનપીએસ વાત્સલ્ય યોજના શરૂ કરી છે. જે કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ની નોંધપાત્ર જાહેરાતને ચિહ્નિત કરે છે.

પીએફઆરડીએ શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું કે એનપીએસ વાત્સલ્યને લોન્ચના દિવસે જ જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. વિવિધ પોઇન્ટ્સ ઓફ પ્રેઝન્સ(પીઓપી) અને ઇ-એનપીએસ પોર્ટલના માધ્યમથી ૯,૭૦૫ સગીર ગ્રાહકોની આ યોજના અંતર્ગત નોંધણી કરવામાં આવી છે. ■

# ૧૬૪૩ કિમી.ની ભારત-મ્યાનમાર સરહદ પર વાડ કરવા માટે ₹ ૩૧૦૦૦ કરોડ ખર્ચાશે

નવી દિલ્હી. : શસ્ત્રો, દારૂગોળો અને નાર્કોટિક્સની દાણચોરી માટે જાણીતી ૧૬૪૩ કિમી.ની ભારત-મ્યાનમાર સરહદ પર રૂ. ૩૧૦૦૦ કરોડના ખર્ચે વાડ ઊભી કરવામાં આવશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે સરહદના ૩૦ કિમી.માં વાડનું કામ પૂર્ણ થઈ ગયું છે, જેને તેમણે મણિપુરમાં વંશીય હિંસાનું મૂળ કારણ ગણાવ્યું હતું.

સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિએ, સૈદ્ધાંતિક રીતે, ભારત અને મ્યાનમાર વચ્ચે ૧૬૪૩ કિલોમીટરની આંતરરાષ્ટ્રીય સરહદ પર ૩૧૦૦૦ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે સરહદની વાડ અને રસ્તાઓના નિર્માણને મંજૂરી આપી છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

મોરેહ નજીક લગભગ ૧૦ કિમી.ની વાડ પહેલેથી જ પૂર્ણ થઈ ગઈ છે અને મણિપુરના અન્ય વિસ્તારોમાં સરહદની બીજી ૨૧ કિમી. વાડ કરવાનું કામ ચાલી રહ્યું છે.

ભારત-મ્યાનમાર સરહદ મણિપુર, મિઝોરમ, નાગાલેન્ડ અને અરુણાચલ પ્રદેશમાંથી પસાર થાય છે.

કેન્દ્ર સરકારે પહેલાથી જ ભારત-મ્યાનમાર ફ્રી મૂવમેન્ટ રેજીમ નાબૂદ કરી છે, જે સરહદની નજીક રહેતા લોકોને કોઈપણ દસ્તાવેજો વિના એકબીજાના પ્રદેશમાં ૧૬ કિમી. સુધી પ્રવાસ કરવાની મંજૂરી આપે છે. તે ૨૦૧૮માં ભારતની એક્ટ ઇસ્ટ નીતિના ભાગ રૂપે લાગુ કરવામાં આવી હતી.

ગૃહ પ્રધાન શાહ મણિપુરમાં સુરક્ષાની સ્થિતિની નિયમિત સમીક્ષા કરી રહ્યા છે અને જરૂરી પગલાં સુનિશ્ચિતે કરવામાં આવી રહ્યા છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વિદેશમાં ભારતનું અપમાન નહિ ચલાવીએઃ ઉપરાષ્ટ્રપતિ

નવી દિલ્હીઃ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર આક્રમક પ્રહાર કરતા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું હતું કે કોઈપણ સંજોગોમાં વિદેશમાં ભારતનું અપમાન નહિ ચલાવી લેવાય. જે વ્યક્તિ વિદેશમાં દેશનું અપમાન કરતી હોય તેની પ્રશસ્તિ ન કરી શકાય.

શાસક પક્ષના સાથી ઘટક પક્ષના સભ્યએ રાહુલ ગાંધીને નિશાન બનાવીને કરેલા આક્રમક અને વાંધાજનક નિવેદનનો મુદ્દો ઉઠાવી કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે એ મુદ્દો ઉપાડી લઈ સાથીપક્ષના સભ્યને શિસ્તમાં રહેવાની વિનંતી કરવા જણાવ્યાના દિવસો બાદ ધનખડે રાહુલ ગાંધી પર પ્રહાર કર્યા હતા.

મોદીને લખેલા પત્રમાં કોંગ્રેસના પ્રમુખે દેશની લોકશાહીનું પતન થતાં રોકી શકાય તે માટે રાહુલ ગાંધી વિરુદ્ધ આક્રમક અને વાંધાજનક નિવેદન કરનાર નેતા વિરુદ્ધ કડક પગલાં લેવાની ભારપૂર્વક માગણી કરી હતી.

સંસદને સંબોધન કરતાં રાજ્યસભાના અધ્યક્ષે કહ્યું હતું કે વિદેશમાં જઈ કોઈ બેફામ બોલી રહ્યું છે જેને કારણે દેશની પવિત્ર બંધારણીય સંસ્થાઓ અને નેતાઓની છબીને નુકસાન પહોંચી રહ્યું છે શું એ ચલાવી લેવાય?

ખાસ કરીને વિદેશમાં ભારતની ખોટી છબી ચિતરવામાં આવી રહી છે શું એ ચલાવી લેવાય? આ એવા લોકો છે જે ગ્લાસ ૯૫ ટકા ભરેલો હોવા છતાં તેમને તે ખાલી જ લાગે છે.

વિદેશ જતો દરેક ભારતીય દેશનો રાજદૂત છે અને તેણે દેશ પ્રત્યે ૧૦૦ ટકા દેશપ્રેમ અને પ્રતિબદ્ધતા સિવાય હૃદયમાં બીજું કશું જ રાખવાનું નથી, એમ ધનખડે કહ્યું હતું. ■



**પૂજાઃ** ગૃહ પ્રધાન અમિત શાહે ઝારખંડના ગિરિધ ખાતે બાબા ઝારખંડી નાથ મહાદેવના મંદિરમાં પૂજા કરી હતી. (એજન્સી)

મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર
તા. ૨૨-૯-૨૦૨૪

# કાશ્મીરમાં જીતીને ભાજપ ઈતિહાસ રચી શકશે ?

**જમ્મુ અને કાશ્મીરમાં ફરીથી લોકશાહીની સ્થાપના થઈ શકે એવી આ વખતની ચૂંટણીમાં અન્ય પક્ષો સાથે ભાજપની ખરાખરીની ટક્કર થવાની છે. કાગળ પર મંડાતા બેઠકોના આંક મુજબ નજર સામે દેખાતું પરિણામ છેતરામણું પણ નિવડે.**



કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

**કાશ્મીરમાં** ચૂંટણી પ્રચાર પુરજોશમાં ચાલી રહ્યો છે. પહેલા તબક્કાનું તો મતદાન પણ પતી ગયું. જમ્મુ-કાશ્મીર વિધાનસભાની કુલ ૯૦ બેઠકો છે. ૧૮ સપ્ટેમ્બરે પ્રથમ તબક્કામાં ૨૪ બેઠક પર મતદાન થયું તેમાં નોંધપાત્ર ૫૯ ટકા મતદાન થયું.

હવે ૨૫ સપ્ટેમ્બરે બીજા તબક્કામાં ૨૬ બેઠક અને ૧ ઓક્ટોબરે ત્રીજા તબક્કામાં ૪૦ બેઠક પર મતદાન થશે અને ૮ ઓક્ટોબરે મતગણતરી થશે.

આ મતગણતરીમાં શું પરિણામ આવે છે તેના પર સૌની નજર છે કેમ કે જમ્મુ અને કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ અને કાશ્મીરના નાગરિકોને વિશેષાધિકાર આપતી કલમ ૩૫ એની નાબૂદી પછી જમ્મુ અને કાશ્મીરમાં આ પહેલી વિધાનસભા ચૂંટણી છે.

જમ્મુ અને કાશ્મીરનું બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજન થયું તેના કારણે જમ્મુ અને કાશ્મીરમાં રચાનારી નવી વિધાનસભા અને સરકાર પાસે મર્યાદિત સત્તાઓ હશે. એમ છતાં પણ આ ચૂંટણી મહત્ત્વની છે કેમ કે આ ચૂંટણીના કારણે જમ્મુ અને કાશ્મીરમાં ફરીથી લોકશાહીની સ્થાપના થશે.

જમ્મુ અને કાશ્મીરમાં અત્યારે પણ લોકશાહી નથી એવું નથી, પણ છેલ્લાં પાંચ વર્ષથી રાષ્ટ્રપતિશાસન છે અને ત્યાં કોઈ ચૂંટાયેલી સરકાર નથી. લોકશાહીનો અસલી અર્થ જ લોકો દ્વારા ચૂંટાયેલી સરકાર દ્વારા લોકો માટે ચાલતું શાસન છે. રાષ્ટ્રપતિશાસન દ્વારા રાજ્યનો વહીવટ ચાલે એ સંપૂર્ણ લોકશાહી ના કહેવાય. આ ચૂંટણી દ્વારા એ ખોટ પૂરી થશે તેથી જમ્મુ અને કાશ્મીર માટે આ ચૂંટણી ઐતિહાસિક છે.

આ ચૂંટણી દ્વારા ભારત પાકિસ્તાન અને તેના પીઠ્ઠુઓના મોં પર તમાચો મારી રહ્યું છે. પાકિસ્તાન સતત એવો પ્રચાર કરી રહ્યું છે કે, જમ્મુ અને કાશ્મીરને ભારતે બંદૂકના જોરે પોતાની સાથે જોડેલું રાખ્યું છે. ભારત લશ્કરના જોરે કાશ્મીર પર કબજો કરીને બેઠું છે એવું પાકિસ્તાન સતત કહ્યા કરે છે. પાકિસ્તાને પોતાની વાતને સાચી કરવા આતંકવાદીઓને છૂટા મૂકી દીધા છે.

જમ્મુ - કાશ્મીરમાં લોકસભાની ચૂંટણી સફળતાપૂર્વક કરાવીને ભારતે આતંકવાદીઓને જોરદાર લપડાક મારી પછી વિધાનસભાની ચૂંટણી રોકવા માટે આતંકવાદીઓએ પૂરી તાકાત લગાવી દીધી છે ને છતાં પહેલા તબક્કામાં ૫૯ ટકા મતદાન થયું. આમ પ્રથમ તબક્કે તો લોકોએ જ પાકિસ્તાનને કુપ્રચારનો જડબાતોડ જવાબ આપી દીધો છે. પાકિસ્તાન સતત એવું કહે છે કે, ભારતે એક પક્ષીય રીતે કલમ ૩૭૦ અને કલમ ૩૫ એને નાબૂદ કરી દીધાં ને કાશ્મીરીઓ તેના કારણે નારાજ છે. લોકો ખરેખર નારાજ હોય તો ભારત સરકારની ચૂંટણી પ્રક્રિયામાં ભાગ જ ના લે. ૬૦ ટકા લોકો મતદાન કરવા માટે બહાર નીકળે અને ચૂંટણીમાં ભાગ લે તેનો અર્થ એ થાય કે, લોકોને લોકશાહીમાં રસ છે અને લોકો ડરીને નહીં, પણ લોકશાહીમાં વિશ્વાસ રાખીને જીવી રહ્યા છે.

રાજકીય રીતે આ ચૂંટણી મહત્ત્વની છે અને ભાજપ માટે વધારે મહત્ત્વની છે. લોકસભાની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી ના મળી તેના કારણે નરેન્દ્ર મોદીની અંગત પ્રતિષ્ઠા ધોવાઈ છે અને ભાજપનાં વળતાં પાણી થવા માંડ્યાં હોવાના સંકેત દેખાઈ રહ્યા છે. રાજકારણમાં ધારણાઓ મહત્ત્વની હોય છે કેમ કે બહુમતી લોકો ધારણાઓને આધારે કોને મત આપવો એ નક્કી કરતા હોય છે. ભાજપ માટે અત્યારે નકારાત્મક ધારણાઓ બની રહી છે, પણ જમ્મુ અને કાશ્મીરમાં ભાજપ જીતી જાય તો પિક્ચર જ બદલાઈ જાય. આ કારણે ભાજપ કોઈ સંજોગોમાં જમ્મુ અને કશ્મીરમાં જીતવા માગે છે.

અહીં મહત્ત્વની વાત એ છે કે, અત્યારે જે સમીકરણો છે તેમાં ભાજપ જીતી જાય એવી શક્યતા વધુ પણ છે. આ વાતને સમજવા જમ્મુ અને કાશ્મીરની ભૂગોળ અને રાજકીય સમીકરણોને સમજવા જરૂરી છે.

જમ્મુ અને કાશમીરનું બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજન થયું એ પહેલાં જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની કુલ ૧૧૧ બેઠકો હતી ને તેમાંથી ૨૪ બેઠકો પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)ની ગણીને ખાલી રખાય છે કેમકે પીઓકે પણ ભારતનો જ ભાગ છે. બાકીની ૮૭ બેઠકોમાંથી બહુમતી મળે તેની સરકાર રચાય એવી વ્યવસ્થા હતી. લદ્દાખમાંથી વિધાનસભાની ચાર બેઠકો જ્યારે કાશ્મીર ખીણમાંથી ૪૬ અને જમ્મુમાં ૩૭ બેઠકો હતી. આ વ્યવસ્થામાં ભાજપ એકલા હાથે સરકાર રચી શકે એવી સ્થિતિમાં નહોતો, કેમ કે ૫૦ ટકાથી વધારે બેઠકો ભાજપનો કોઈ પ્રભાવ જ નથી એવી કાશ્મીર ખીણમાં હતો. કાશ્મીર ખીણમાં ૯૬ ટકા વસતિ મુસ્લિમોની છે, જે ભાજપને બહુ પસંદ કરતા નથી. કોંગ્રેસ, પીડીપી અને નેશનલ કોન્ફરન્સ એ ત્રણ મોટા પક્ષ કાશ્મીર ખીણમાં જીતે છે તેથી ભાજપ માટે તક નહોતી.

આ સાથે લડાખ કેન્દ્રશાસિત પ્રદેશ બન્યો એટલે તેની ૪ બેઠક ઓછી થઈ જ્યારે જમ્મુ અને કાશ્મીરના વિભાજનના ખરડા પ્રમાણે ૭ બેઠકનો વધારો થતાં કુલ બેઠકો વધીને ૧૧૧ થઈ ગઈ. નવા સીમાંકનમાં પીઓકેની ૨૪ બેઠકો ખાલી રાખવામાં આવી છે, જ્યારે બાકીની ૯૦ બેઠકો પર મતદાન છે. આ પૈકી કાશ્મીર ખીણની ૪૭ અને જમ્મુની ૪૩ બેઠક છે. જમ્મુમાં હિંદુ અને શીખોની બહુમતી હોવાથી જમ્મુ વિભાગની તમામ ૪૩ બેઠકો જીતી શકે તેમ છે.

ભાજપ જમ્મુમાં સફાયો બોલાવી દે તો સરકાર રચવા ૩ જ ધારાસભ્યનો ટેકો જોઈએ. ભાજપ ૪૩ બેઠકો જીત્યો હોય તો ૩ ધારાસભ્યોનો ટેકો મેળવવો અઘરો નથી. ભાજપે કાશ્મીર ખીણમાં તમામ બેઠક પર ચૂંટણી લડવાને બદલે અપક્ષો તથા નાના પક્ષોને ટેકો આપવાની નીતિ અપનાવી છે. આ પૈકી ત્રણેક ઉમેદવાર જીતી જાય તો ભાજપને બીજા કોઈના ટેકાની જરૂર ના પડે અને ભાજપ પોતાની તાકાત પર સરકાર રચીને ઈતિહાસ રચી શકે.

આ વાત કાગળ પર શક્ય લાગે છે, પણ સામે સ્પર્ધા ય જોરદાર છે. નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસે જોડાણ કર્યું છે અને મહેબૂબા મુફતીની પીડીપી પણ મજબૂત છે. આ પક્ષો જમ્મુ અને કાશ્મીરને ભારતનાં બીજાં રાજ્યોની સમકક્ષ ગણવા તૈયાર નથી. તેમને જમ્મુ અને કાશ્મીરને ખાસ દરજ્જો જોઈએ છે, જમ્મુ અને કાશ્મીરના લોકોને વિશેષ અધિકારો જોઈએ છે, જમ્મુ અને કાશ્મીરને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો પણ જોઈએ છે.

ટૂંકમાં જમ્મુ અને કાશ્મીર પહેલાં જે વિશેષાધિકારો ભોગવતું એ બધા વિશેષાધિકારો જોઈએ છે. કાશ્મીરીઓને આ એજન્ડા વધારે આકર્ષક લાગે એવી પૂરેપૂરી શક્યતા છે.


પીડીપી કાશ્મીર ખીણમાં જ્યારે કોંગ્રેસ અને નેશનલ જમ્મુમાં મજબૂત છે તેથી ભાજપ માટે કપરાં ચઢાણ છે. જમાત એ ઈસ્લામી અને રાશિદ એન્જિનિયર જેવાં કટ્ટરવાદી પરિબળો પણ મેદાનમાં હોવાથી ભાજપ માટે જીત સરળ નથી. આમ છતાં ભાજપ જીતી જાય તો આ જીત ભાજપના ઈતિહાસની સૌથી મોટી જીત હશે. ■

## અરાઉન્ડ દ વર્લ્ડ



નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# પરફેક્ટ હોલીડે માટે તૈયારી




હું આ લખી રહ્યો છું ત્યારે ગોવાથી વાપસી કરી રહ્યો છું અને મને ખાતરી છે કે તમે મારી આ વાત સાથે સંમત થશો કે હોલીડેના નિયોજન સાથે વિશેષ પ્રકારનો રોમાંચ સંકળાયેલો છે. આપણી વાટ જોતાં નવાં સ્થળો, અનુભવો અને યાદોનો વિચાર આપણને આ ઉત્સુકતાથી રોમાંચિત કરી દે છે.જોકે વીણા વર્લ્ડમાં કોઈ પણ તમને કહેશે તેમ, ખરા અર્થમાં આનંદદાયક વેકેશનની ચાવી તૈયારીમાં રહેલી છે. સરળ હોલીડે તમારા ડેસ્ટિનેશનથી શરૂ થતી નથી, પરંતુ તમે તમારી બેગો પેક કરો તેના બહુ અગાઉથી શરૂ થાય છે. વીણા વર્લ્ડના 350થી વધુ ટુર મેનેજરમાંથી કોઈ પણ અને ઘણા બધા અનુભવી પ્રવાસીઓ મોટે ભાગે આ બાબત પર વિશેષ ભાર આપે છે: પ્રસ્થાન પૂર્વે સર્વ બારીકાઈઓનું ધ્યાન રાખવાથી ઝંઝટમુક્ત અને અવિસ્મરણીય અનુભવની ખાતરી રહે છે. તો આજે, સ્પોટિફાઈ અને યુટ્યુબ પર અમારા પોડકાસ્ટ્સ અને વિડિયો સિરીઝની જેમ જ હું તમને તમારી હોલીડે માટે તૈયારીનાં મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ વિશે જણાવવા માગું છું, જે તમારી રાહમાં ગમે તે આવે તો પણ તમે સુસજ્જ રહો તેની ખાતરી રાખશે.

**તમારા ડેસ્ટિનેશનનું સંશોધન:** તમે પ્રવાસે નીકળો તે પૂર્વે તમારા ડેસ્ટિનેશનની બારીકાઈ વિશે જાણી લેવાનું બહુ મહત્ત્વપૂર્ણ છે. ઉત્તમ પર્યટન સ્થળો જાણવાથી પણ પાર જોવુ જોઈએ. સંસ્કૃતિ, રીતરિવાજો અને અજ્ઞાત સામાજિક નિયમો વિશે પણ સમજી લેવાનું જરૂરી છે. દાખલા તરીકે, એક દેશમાં સૌજન્યશીલ માનવામાં આવે તે અન્ય દેશમાં અસંસ્કારી માનવામાં આવી શકે છે. આ પાસાંનું સંશોધન કરવાથી ભૂલો ટાળવામાં મદદ થવા સાથે સ્થાનિકો સાથે તમે વધુ અર્થપૂર્ણ રીતે આદાનપ્રદાન કરીને તમારો અનુભવ સમૃદ્ધ બનાવી શકો છો. અંતે, હવામાન તમારી ટ્રિપ બનાવે અને તોડે પણ છે, જેથી તમારે યોગ્ય કપડાં અને વસ્તુઓ પેક કરી રહ્યા છો તેની ખાતરી રાખવા માટે વરતારો અને મોસમની શૈલીઓનો પણ અભ્યાસ કરવો જોઈએ.

**તમારી આઈટિનરીનું નિયોજન કરો:** સુનિયોજિત આઈટિનરી કોઈ પણ સફળ હોલીડેનો પાયો હોય છે. તમે અનુભવવા માગો તે મુખ્ય આકર્ષણો અને પ્રવૃત્તિઓની યાદી બનાવવાનું શરૂ કરો, પરંતુ સ્વયંસ્ફુરિતતાનો કોઈ અવકાશ નહીં રહેવો જોઈએ તે યાદ રાખો. સૌથી યાદગાર અવસરો મોટે ભાગે અનિયોજિત સાહસોમાંથી આવે છે. પ્રવાસના સમય વિશે વાસ્તવલક્ષી રહેવું પણ મહત્ત્વપૂર્ણ છે. જો તમે શહેરો અથવા દેશો વચ્ચે પ્રવાસ કરવાના હોય તો પ્રવાસ, ચેક-ઈન અને ઠરીઠામ થવા કેટલો સમય લાગી શકે તે પરિબળ પણ ધ્યાનમાં લેવાં જોઈએ.

**બજેટ અને આર્થિક તૈયારીઓ:** અતિખર્ચ અને તેની સાથે આવતો તાણ ટાળવા માટે બજેટ બનાવવું જરૂરી છે. મુકામ, ખાવાનું, પ્રવૃત્તિઓ અને સુવેનિયર માટે તમારા ખર્ચનો અંદાજ લગાવો અને તે પછી અણધાર્યા ખર્ચ માટે તેમાં થોડો ઉમેરો કરો. જો તમે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવાસ કરવાના હોય તો અતિખર્ચ ટાળવા માટે સર્વસમાવિષ્ટ પેકેજ જુઓ. ઉપરાંત વિદેશમાં ક્રેડિટ કાર્ડના ઉપયોગ સમયે કોઈ પણ સમસ્યા ટાળવા માટે તમારા પ્રવાસના નિયોજન વિશે તમારી બેન્કને જાણ કરવાનું મહત્ત્વપૂર્ણ છે. કાર્ડ્સ સાથે રોકડ પણ રાખવાનું સલાહભર્યું રહેશે. અણધારી સ્થિતિઓ માટે કટોકટીનું ભંડોળ પણ રાખવું જોઈએ.

**બુકિંગ અંગે મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ:** તમારી ફ્લાઈટ અને મુકામ તમારી ટ્રિપનો આધાર છે, પરંતુ વાત અહીં પૂરી થતી નથી. જો તમે વ્યસ્ત સમયગાળામાં પ્રવાસ કરવાના હોય તો કાર રેન્ટલ્સ અથવા જાહેર પરિવહનના પાસ જેવા પરિવહન વિકલ્પો અગાઉથી બુક કરી રાખવાનું વિચારો. લોકપ્રિય આકર્ષણો માટે ટિકિટો સમય પૂર્વે બુક કરવાથી લાંબી કતાર અને નિરાશાથી તમે બચી શકો છો. મર્યાદિત દૈનિક પ્રવેશ અથવા અગાઉથી રિઝર્વેશન આવશ્યક હોય તેવાં સ્થળો માટે આ ખાસ કરીને મહત્ત્વપૂર્ણ છે.

**પ્રવાસના દસ્તાવેજ:** દસ્તાવેજી કામ કોઈને ગમતું નથી, પરંતુ તમારા સર્વ પ્રવાસના દસ્તાવેજો બરોબર હોય તેની ખાતરી રાખવાનું અનિવાર્ય છે. તમારા પાસપોર્ટ સાથે શરૂઆત કરો. તે તમારી વાપસીની તારીખની પાર કમસેકમ છ મહિના માટે પ્રમાણિત હોય તેની ખાતરી રાખો, કારણ કે અમુક દેશોમાં પ્રવેશ માટે તે આવશ્યક છે. જો તમને વિઝા લેવાની જરૂર હોય તો અગાઉથી અરજી કરી રાખો, કારણ કે પ્રક્રિયા સમય ભિન્ન હોઈ શકે છે. પ્રવાસ વીમો બિનજરૂરી ખર્ચ છે એવું મહેસૂસ થઈ શકે છે, પરંતુ તબીબી કટોકટીથી ગેરવલ્લે થતા લગેજ સુધી બધું જ આવરી લઈને મનની શાંતિ માટે ચૂકવવાની આ નાની કિંમત છે. તમારો પાસપોર્ટ, વિઝા, વીમો અને આઈટિનરી સહિતના મહત્ત્વપૂર્ણ દસ્તાવેજોની નકલો પ્રત્યક્ષ અને ડિજિટલ ફોર્મેટમાં પણ રાખી મૂકો. આમ કરીને કશું પણ ગેરવલ્લે કે ચોરી થાય તો બેક-અપ તમારી પાસે રહેશે.

**સ્વાસ્થ્ય અને સુરક્ષાની સાવચેતીઓ:** પ્રવાસ કરવા સમયે સ્વાસ્થ્ય હંમેશાં અગ્રતા રહેવી જોઈએ. ટ્રાવેલ ફર્સ્ટ-એઈડ કિટ અવશ્ય રાખવું જોઈએ. તેમાં તમારે માટે જરૂરી હોઈ શકે તે પેઈન કિલર, બેન્ડ-એઈડ્સ અને કોઈ પણ પ્રિસક્રિપ્શન દવાઓ જેવી મૂળભૂત વસ્તુઓનો સમાવેશ થાય છે. નજીકની હોસ્પિટલ અથવા દવાખાનાનું સ્થળ જાણી રાખવાનું અને તમારી એમ્બેસી અથવા કોન્સ્યુલેટ સહિત કટોકટીમાં સંપર્કની યાદી રાખવાનું પણ સૂઝબૂઝભર્યું રહેશે.

**સ્માર્ટ પેકિંગ:** પેકિંગ કળા અને વિજ્ઞાન પણ છે. તમે જરૂરી બધું જ સમાવવા સાથે હલકું પેકિંગ કરો તે તેની ચાવી છે. આથી પેકિંગની યાદી તૈયાર કરો. મિક્સ એન્ડ મેચ કરી શકાય તેવાં કપડાં લેવાનો આગ્રહ રાખો. ઉપરાંત એડપ્ટર્સ, પાવર બેન્ક્સ અને ઉત્તમ ગુણવત્તાની બેકપેક જેવા અવશ્ય રાખવાના ટ્રાવેલ ગિયર પેક કરવાનું ભૂલશો નહીં. અને યાદ રાખો, અમુક વસ્તુઓ પાછળ છોડી જવામાં શાણપણ છે. વધુ પડતું પેકિંગ ટાળવું જોઈએ.

**છેલ્લી ઘડીની તપાસ:** તમારી પ્રસ્થાનની તારીખ નજીક આવે તેમ એક છેલ્લી વાર તમારી ચેકલિસ્ટ તપાસી લો. તમારાં સર્વ રિઝર્વેશન્સ-ફ્લાઈટ્સ, હોટેલ્સ અને પ્રવૃત્તિઓ તપાસી લો, જેથી બધું જ બરોબર છે તેની ખાતરી રહી શકે. તમે કશું પણ મહત્ત્વપૂર્ણ ભૂલી તો નથી ગયા ને તેની ખાતરી રાખવા માટે તમારી પેકિંગ લિસ્ટ ફરીથી તપાસી લો. તમારાં ડિવાઈસીસ ફુલ્લી ચાર્જ્ડ હોય તેની ખાતરી રાખો અને મહત્ત્વપૂર્ણ ફાઈલો અને ફોટોનું બેક-અપ રાખો. સંપૂર્ણ તૈયાર પ્રવાસી, આનંદિત પ્રવાસી રહે છે.

આખરે તમારા મનને તૈયાર કરવાનું ભૂલશો નહીં. તમારાં પ્રવાસનાં લક્ષ્યો અને અપેક્ષાઓ સ્થાપિત કરો, પરંતુ અણધારી બાબતો મોટે ભાગે સૌથી યાદગાર અનુભવો બનાવે છે તે યાદ રાખો. આખરે પ્રવાસની ખુશી ડેસ્ટિનેશન સાથે ખુદ પ્રવાસમાં પણ રહેલી છે.

**વીણા વર્લ્ડ સાથે ગ્રુપ ટુર્સની આસાની:** જો તમે વીણા વર્લ્ડના સંગાથમાં પ્રવાસ કરવાનું પસંદ કરો તો તમારે માટે આવાં ઘણાં બધાં તૈયારીનાં કામોની કાળજી લેવામાં આવે છે. ફ્લાઈટ બુકિંગથી મુકામ અને પરિવહનના નિયોજન સુધી અને સર્વ જરૂરી દસ્તાવેજો બરોબર છે તેની ખાતરી રાખવા સુધી, વીણા વર્લ્ડ લોજિસ્ટિક્સ હાથ ધરે છે,જેથી તમારે તેની ચિંતા કરવાની જરૂર નથી. ગ્રુપ ટુર્સનો આ જ મોટો ફાયદો છે: તે ઝંઝટમુક્ત અનુભવ પ્રદાન કરે છે, જેથી તમે વિગતો વિશે ચિંતા કરવાને બદલે તમારી હોલીડે માણ્યા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકો છો. અનુભવી ટુર મેનેજર દરેક પગલે તમને માર્ગદર્શન કરતા હોવાથીતમે નિશ્ચિંત રહો અને બધું નિયંત્રણમાં છે એ ધ્યાનમાં રાખીને તમારાં એડવેન્ચરનો મહત્તમ આનંદ લો.

તૈયારી સહજ અને આનંદદાયક હોલીડેની ગોપનીય સામગ્રી છે. તમે નીકળો તે પૂર્વે સર્વ બાબતોનું ધ્યાન રાખવા માટે સમય આપવાથી તમે પોતાને તાણમુક્ત અને અવિસ્મરણીય એડવેન્ચર માટે સુસજ્જ બની શકો છો. તો, વીણા વર્લ્ડના ટુર મેનેજર સૂઝબૂઝપૂર્વકની સલાહ આપે છે તે અનુસાર બધી તૈયારી પ્રસ્થાન પૂર્વે કરવાની ખાતરી રાખવાથી તમારી હોલીડે સરળ બની રહેશે. હવે, તમારું સર્વ પેકિંગ થઈ ગયું છે તો તમારા આગામી ઉત્તમ એડવેન્ચર પર નીકળવા તૈયાર છો? તમારાં પ્રવાસનાં સપનાં હવે તમને ક્યાં લઈ જશે? મને neil@veenaworld.com પર જણાવો, જેથી તમારા આગામી એડવેન્ચર માટે અમે નિયોજન શરૂ કરી શકીએ?




નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

## દ અલ્ટિમેટ કૉન્ટિનેન્ટ યુરોપ વીણા વર્લ્ડ સંગાથે!

**મુંબઈ થી મુંબઈ એરફેર સાથે ઓલ ઈન્ક્લુઝિવ ટુર્સ માંથી તમારી મનપસંદ ટુર આજે જ સિલેક્ટ કરો.**
**વીણા વર્લ્ડ ની અન્ય ઓલ ઈન્ક્લુઝિવ વધુ યુરોપ ટુર્સ veenaworld.com પર ઉપલબ્ધ.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| યુરોપિયન પેનોરમા 8 Days - Nov 22 205000 | યુરોપિયન સ્પ્લેન્ડર્સ 10 Days - Nov 18 225000 | યુરોપિયન હાઈલાઈટ્સ 12 Days - Nov 11 285000 | યુરોપિયન ડિલાઈટ 13 Days - Oct 27 300000 | યુરોપિયન જ્વેલ્સ 15 Days - Nov 7 350000 | સ્વિસ પેરિસ લંડન (11D) Nov 6 305000 | સ્વિસ પેરિસ 8 Days - Nov 4 230000 |
| બેસ્ટ ઓફ ઈટાલી 8 Days - Oct 15 225000 | આઈસલેંડ સ્કેન્ડિનેવિયા નોર્ધર્ન લાઈટ્સ (14D) Jan 22 – 495000 | ક્રોએશિયા સ્લોવ્હેનિયા સ્લોવ્હાક્યિા હંગેરી (11D) Nov 6 – 260000 | ઑલ ઑફ ઈસ્ટર્ન યુરોપ 15 Days - Oct 24 305000 | હાઈલાઈટ્સ ઑફ સ્પેન 8 Days - Nov 10 195000 | બેસ્ટ ઓફ સ્પેન (10D) Oct 31 225000 | સ્પેન પોર્ટુગલ મોરોક્કો 16 Days - Nov 5 340000 |
| હાઈલાઈટ્સ ઓફ ગ્રીસ 8 Days - Oct 27, Nov 24-225000 | ઈજિપ્ત ગ્રીસ ટર્કી 15 Days - Oct 30 337000 | ગ્રીસ ટર્કી 12 Days - Nov 5 330000 | બેસ્ટ ઓફ ટર્કી (10D) Oct 14, 26 220000 | બેસ્ટ ઓફ ઈજિપ્ત (9D) Nov 10,19,26 190000 | બેસ્ટ ઓફ બાકૂ (7D) Oct 19, 25 125000 | ઉઝબેકિસ્તાન કઝાકસ્તાન કિરગિઝસ્તાન - 9 Days Oct 27 – 177000 |

*T&C Apply




Email: travel@veenaworld.com | veenaworld.com | Toll-Free: 1800 22 7979

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# મૂડીબજારના ભાવિ વિકાસનો આધાર કોણ બનશે?

**મૂડીબજાર-શૅરબજારની તેજી એક યા બીજા સ્વરૂપે દેશના અર્થતંત્રને મજબૂત બનાવી રહી છે, જેને કારણે દેશમાં ઈક્વિટી કલ્ચર ઝડપથી ફેલાઈ રહ્યું છે...**



દેશમાં રોકાણકારોની અને ડિમેટ એકાઉન્ટસની સંખ્યા એકધારી વધી રહી છે. કારણ ઘણાં છે, અર્થ પણ ઘણાં થઈ શકે. કારણો છે, શૅરબજારમાં રોકાણ તરફ સતત આકર્ષાતો વર્ગ અને અર્થ છે શૅરબજારમાં તેજી લાંબી ચાલતી રહેશે. મૂડીસર્જનના બહેતર અને સરળ માધ્યમ તરીકે ભારતનો બચત કરતો વર્ગ બહુ ઝડપથી ઈન્વેસ્ટર્સ વર્ગમાં પલટાઈ જશે એવી આસ્થા અસ્થાને નથી. માન્યમાં નહીં આવે પણ ભારતમાં ડિમેટ એકાઉન્ટસની સંખ્યા રશિયા, મેક્સિકો, જપાન અને ઈથોપિયા જેવા દેશોની વસતિ કરતાં વધી ગઈ છે. બાંગ્લાદેશની વસતિ અને ભારતમાં ડિમેટ એકાઉન્ટસની સંખ્યા લગભગ સમાન સ્તરે પહોંચી ગઈ છે. જાન્યુઆરી ૨૦૨૩ બાદ અત્યાર સુધીના ગાળામાં નવા ૬ કરોડ ડિમેટ એકાઉન્ટસ ખુલ્યા છે. વાસ્તવમાં આ ઓગસ્ટમાં જ ડિમેટ એકાઉન્ટસની કુલ સંખ્યા ૧૭ કરોડને પાર કરી ગઈ. એકલા ઓગસ્ટમાં ૪૨ લાખથી વધુ એકાઉન્ટસ ઓપન થયાં છે.

આ આંકડા ભારતીય માર્કેટમાં ઈક્વિટી અને ફાઈનાન્સિયલ એસેટસમાં રોકાણનો ટ્રેન્ડ કેટલી ઝડપી ગતિએ વધી રહ્યો છે તેનો સંકેત આપે છે. ૨૦૨૩ના આખા વરસમાં ૩.૧૦ કરોડ ડિમેટ એકાઉન્ટસ ખુલ્યાં હતાં, જેની સામે ૨૦૨૪ના આટલા સમયમાં-અર્થાત્ ઓગસ્ટ સુધીમાં ૩.૧૮ કરોડ એકાઉન્ટસ ખૂલી ગયાં છે. ઈક્વિટી રોકાણનું વધતું આકર્ષણ હકીકતમાં જેમ-જેમ શૅરબજાર ઊંચે જઈ રહ્યું છે તેમ તેમ ડિમેટ એકાઉન્ટસ પણ વધી રહ્યાં છે. લોકોનો માર્કેટ પ્રવેશ એકધારો વધી રહ્યો છે. અનેક લોકો એકથી વધુ (મલ્ટીપલ) ડિમેટ એકાઉન્ટસ પણ ધરાવતા થયા છે. માર્કેટની તેજી ઉપરાંત કેવાયસી (નો યોર કલાયન્ટ)ની વિધિ સરળ બનવાથી તેમ જ એક બ્રોકરથી બીજા બ્રોકર પાસે શિફ્ટ થવાનું પણ સરળ બનવાથી ડિમેટ ખાતામાં વધારો થઈ રહ્યો છે. અલબત્ત, નવા ઈસ્યુઓની વધતી સંખ્યા અને ઈન્ટ્રા ડે ટ્રેડિંગનું આકર્ષણ પણ આ એકાઉન્ટસ વધારવામાં ભાગ ભજવી રહ્યા છે. ઈક્વિટીનું વળતર લોકોને વધુ ને વધુ માર્કેટ તરફ ખેંચી રહ્યું છે. ભાવિ ગ્રોથનો આશાવાદ ડિમેટ એકાઉન્ટસ અને ઈક્વિટી ઈન્વેસ્ટમેન્ટ વધવાના બીજાં કારણો શું?

જેના જવાબમાં કહી શકાય કે માર્કેટ અને સ્ટોકસના રોકાણમાં વધી રહેલા વળતર, ભાવિ ગ્રોથનો આશાવાદ અહીં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

એક રસપ્રદ ઉદાહરણ તરીકે જોઈએ તો જાન્યુઆરી ૨૦૨૩થી અત્યાર સુધીમાં સેન્સેક્સમાં ૩૫ ટકા અને નિફટીમાં ૩૯ ટકા વળતર ઉપજયું છે. જયારે કે બીએસઈ સ્મોલ અને મિડકેપ સ્ટોકસમાં ૯૪ ટકા વળતર ઉપજયું છે. એક મહત્ત્વની વાત એ પણ નોંધવી રહી કે ભારતીય મૂડીબજારમાં હાલ સતત ઓવર વેલ્યુએશન અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે. જોકે ભાવિ ગ્રોથના આશાવાદમાં રોકાણકારો કોઈપણ ઊંચા ભાવે માર્કેટમાં ખરીદી કરી રહ્યા છે. આ મુદો ચર્ચા-વિચારણા અને અભ્યાસ માગી લે છે.

વધી રહેલો રોકાણકારોનો પ્રવાહ

હવે તો સમય એવો આવ્યો છે, જેમાં શૅરબજારમાં ગુજરાતીઓની મોનોપોલી તૂટી રહી છે અને નવાઈ લાગે એમ ઉત્તર અને પૂર્વ ભારતનાં ઈન્વેસ્ટરોની સંખ્યા ચાર ગણી વધી છે. અન્ય ભાષા અને રાજ્યોના ઈન્વેસ્ટરો પણ હવે ઈક્વિટીઝમાં મૂડીરોકાણ કરવા માટે મોટી સંખ્યામાં શૅરબજારમાં પ્રવેશી રહ્યા છે. છેલ્લા થોડાક વખતથી વધુ સંખ્યામાં ઉત્તર ભારતીય ઈન્વેસ્ટરો પ્રોપર્ટી અને ગોલ્ડ ઉપરાંત શૅરબજારમાં પણ નાણાં રોકતા થયા છે. કોરોના મહામારી બાદ ઉત્તર અને પૂર્વ ભારતના લોકો પણ શૅરબજારો તરફ આકર્ષિત થયા છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ)માં ઉત્તર ભારતીય ઈન્વેસ્ટરોની સંખ્યા વર્ષ ૨૦૨૦ પછી ચાર ગણી વધીને ૩ કરોડ ૫૭ લાખ જેટલી થઈ છે. બીજી બાજુ, પૂર્વ ભારતની આગેવાની ઈશાન ભારતનાં રાજ્યો, ઓડિશા અને પશ્ચિમ બંગાળે લીધી છે. તેમના ઈન્વેસ્ટરોની સંખ્યા પણ ચાર વર્ષમાં ચાર ગણી વધી ગઈ છે. નવા ૮૯ લાખ ઈન્વેસ્ટરોનો ઉમેરો થયો છે.

આની સરખામણીમાં પશ્ચિમ ભારત, જેમાં આર્થિક પાટનગર મુંબઈ અને વેપારીઓના વર્ચસ્વવાળા ગુજરાત રાજ્યનો સમાવેશ થાય છે, તેના ઈન્વેસ્ટરોની સંખ્યા ત્રણ ગણી વધી છે. એજ રીતે, વર્ષ ૨૦૨૦થી દક્ષિણ ભારતના ઈન્વેસ્ટર બેઝમાં ૧૭૨ ટકાનો વધારો નોંધાયો છે.

આ બધાનું કારણ શું?

બિઝનેસ વિશ્લેષકોનું માનવું છે કે માથાદીઠ આવકમાં થઈ રહેલા વધારા, બહેતર ઈન્ટરનેટ કનેક્ટિવિટી, સ્માર્ટફોનના વ્યાપક વપરાશ તેમજ અસંખ્ય ચેનલો દ્વારા મૂડીબજારો વિશે ફેલાવવામાં આવી રહેલી જાગૃતિને લીધે અન્ય ભાષા અને રાજ્યોના ઈન્વેસ્ટરોની સંખ્યા વધવા માંડી છે, આમ શૅરબજારમાં ઈન્વેસ્ટમેન્ટ હવે માત્ર મહાનગરો પૂરતું સીમિત રહ્યું નથી. આ વર્ષની એપ્રિલ ૧ અને ૩૧ જુલાઈ વચ્ચેના સમયગાળામાં ઉત્તર ભારતના ૩૩.૩ લાખ ઈન્વેસ્ટરો ઉમેરાયા હતા. એની સામે પશ્ચિમ ભારત અને દક્ષિણ ભારતના નવા ઈન્વેસ્ટરોની સંખ્યા અનુક્રમે ૧૯.૬ લાખ અને ૧૪.૯ લાખ હતી. સ્ટોકબ્રોકિંગ કંપનીઓના અભ્યાસ મુજબ, ૨૦૨૧ની સાલ પછી શૅરબજારોમાં દેશભરમાંથી રિટેલ ઈન્વેસ્ટરોની સંખ્યા ચાર ગણી વધી છે. જેમાં દેશના સૌથી વધુ વસતિવાળા ઉત્તર પ્રદેશમાંથી ઘણા ઈન્વેસ્ટરો મૂડીબજારો તરફ આકર્ષિત થયા હોવાની બાબત નોંધનીય ગણાય.

આર્થિક સાક્ષરતા સંબંધી થયેલા સર્વે મુજબ યુપીઆઈ અને આધાર-બેઝ્ડ ઈ-કેવાયસી જેવી ડિજિટલ સાર્વજનિક પાયાભૂત સુવિધાને લીધે વધુ ને વધુ લોકો પોતાની મૂડીને શૅરબજાર તરફ વાળી રહ્યા છે.

જોકે, હવે આ માર્ગે ખરા ઈન્વેસ્ટર્સ કેટલા અને સ્પેકયુલેટર્સ કેટલા ઊભા થાય છે એ તો આગામી સમય જ કહેશે. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# આધુનિક કે ગમાર, સ્ત્રીને આજે પણ બુદ્ધિમાં કમતર ગણવામાં આવે છે



થોડા દિવસ પહેલાં પોતાના નવા પુસ્તક ‘નેક્સસ’ના પ્રકાશન નિમિત્તે ઇઝરાયલી ઇતિહાસકાર અને ‘હોમો સેપિયન્સ’ના

લેખક યુવલ નોઆ હરારીનો એક ઇન્ટરવ્યૂ સાંભળ્યો હતો. તેમાં એમણે માનવ ઈતિહાસની વિભિન્ન ક્રાંતિઓની વાત કરતી વખતે એક નોંધપાત્ર બયાન કર્યું હતું કે

પ્રત્યેક પ્રમુખ ક્રાંતિ દરમિયાન મનુષ્યએ કોઈને કોઈ રીતના અત્યાચાર કર્યા છે. કાં તો તે અત્યાચાર માનવ સમુદાયમાં થયા છે અથવા અન્ય પ્રાણીઓ પર થયા છે, પરંતુ કોઈ ક્રાંતિ શાંત અને અહિંસક નથી રહી, એમાં લોહી રેડાયું છે. પ્રોફેસર હરારીએ કહ્યું એ બધામાં નારીવાદી અંદોલન એકમાત્ર એવી ક્રાંતિ હતી જેમાં લોહી નથી વહ્યું. નારીવાદી ક્રાંતિ સૌથી અહિંસક ક્રાંતિ રહી છે. નારીવાદીઓએ ન તો લડાઈઓ કરી છે, ન તો તોડફોડ કરી છે, ન તો નેતાઓની હત્યા કરી છે.

નારીવાદી ક્રાંતિ વીસમી સદીની સૌથી મોટી રાજકીય અને સામાજિક ક્રાંતિ હતી. નારીઓએ સમાનતા અને હકની માગણી કરી એટલે સ્ત્રી-પુરુષો વચ્ચેના હજારો વર્ષ જૂના સંબંધ ધરમૂળથી બદલાઈ ગયા,પણ એમાં કોઈનું ખૂન નહોતું થયું. તેની સામે, ફ્રેંચ ક્રાંતિ, સામ્યવાદી ક્રાંતિમાં કે ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં કેટલા લોકોના જીવ ગયા હતા. કૃષિ ક્રાંતિમાં હજારો વર્ષો સુધી પ્રાણીઓ પર અત્યાચાર થયા હતા. ઔદ્યોગિક ક્રાંતિમાં મજદૂરોનું શોષણ થયું હતું. તેની સામે નારીવાદી ક્રાંતિએ સાબિત કર્યું છે કે હિંસા વગર પણ ક્રાંતિ શક્ય છે.

હજારો વર્ષોથી પૂરી દુનિયામાં લોકો માનતા હતા કે પુરુષ કરતાં સ્ત્રી કમતર છે- ઊતરતી છે અને એ પુરોહિત, વેપારી, શિક્ષક, શાસક કે વૈજ્ઞાનિક બની શકે તેમ નથી. પશ્ચિમમાં ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં નારીવાદી ચળવળ શરૂ થઇ અને ધીમે ધીમે પુરુષસત્તાક માનસિકતામાં પરિવર્તન આવતું ગયું. નારીવાદી અંદોલન સ્ત્રીઓ દ્વારા સંચાલિત હતું (જે આમ પણ કમજોર અવસ્થામાં હતી) અને બિનઆક્રમક હતું એટલે તેનો પ્રભાવ ધીમો રહ્યો છે.

આજે પણ એ આંદોલન સંપૂર્ણપણે સફળ થઇ ગયું છે એમ ન કહેવાય. હજુ પણ સ્ત્રીઓએ ઘણી મંજિલ કાપવાની છે.

આપણે અહીં દુનિયાના ધનાઢ્ય અને સૌથી સફળ ઉદ્યોગપતિ બિલ ગેટ્સની પત્નીની વાત કરીશું, જેથી ખબર પડે કે નારીવાદીઓની લડાઈ ૨૧મી સદીમાં અને સૌથી આધુનિક સમાજમાં પણ કેટલી કપરી છે.

નારીવાદને હંમેશાં મહિલાઓ દ્વારા અને મહિલાઓ માટેના આંદોલન તરીકે જોવામાં આવે છે તેથી એક ભ્રમ ખૂબ જ મજબૂત બની ગયો છે કે નારીવાદનો હેતુ પુરુષની શક્તિને દૂર કરીને સ્ત્રીની શક્તિ સ્થાપિત કરવાનો છે. આ પણ એક કારણ છે કે પુરુષો પણ નારીવાદી હોવાના ટેગથી દૂર રહ્યા છે.

લૈંગિક સમાનતાને ટેકો આપવા માટે કોઈની જેન્ડર મહત્ત્વની નથી. નારીવાદની વ્યાખ્યા પણ એ જ કહે છે કે લૈંગિક સમાનતાના અધિકારોની હિમાયત કરતી દરેક વ્યક્તિ નારીવાદી છે, પછી ચાહે એ સ્ત્રી હોય કે પુરુષ.

જોકે, નારીવાદી ચળવળનું કેન્દ્ર હંમેશાં પિતૃસત્તાથી પીડિત મહિલાઓની મુક્તિ પર રહ્યું છે. પુરુષોએ પિતૃસત્તાક માનસિકતાને આગળ વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ પિતૃસત્તાક માળખાથી પુરુષોને હંમેશાં આર્થિક, રાજકીય અને સામાજિક રીતે ફાયદો થયો છે. તેથી જ નારીવાદનો એક વિભાગ માને છે કે લૈંગિક સમાનતામાં કોઈ પણ યોગદાન વિના પુરુષો પોતાને નારીવાદી કેવી રીતે માની શકે છે. આ જૂથ માને છે કે પુરુષ નારીવાદનો સમર્થક હોઈ શકે છે, પરંતુ કોઈ નારીવાદી નહીં.

પિતૃસત્તાક માળખામાં સત્તા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેમાં દરેક પુરુષ મજબૂત હોય અને દરેક સ્ત્રી નબળી હોય તે જરૂરી નથી. પિતૃસત્તાક માળખામાં કમજોર પુરુષને પણ આપોઆપ સરસાઈ મળે છે અને મજબૂત સ્ત્રીને પણ પ્રતિકૂળતા સહન કરવી પડતી હોય છે.

આ વાતને હમણાં સમાજસેવી મેલિંડા ગેટ્સે સાબિત કરી છે. મેલિંડા અબજોપતિ વ્યવસાયિક છે અને ‘માઈક્રોસોફ્ટ’ કંપનીની ભૂતપૂર્વ સંચાલક છે. એ પોતાના ભૂતપૂર્વ પતિ બિલ ગેટ્સ સાથે મળીને આરોગ્ય, શિક્ષણ, ગ્રામીણ વિસ્તારોનો વિકાસ , વગેરે જેવાં ઘણાં ક્ષેત્રોમાં કામ કરી રહી છે. મેલિંડા યુનાઇટેડ સ્ટેટ્સમાં રહેતી હોવા છતાં, એનું કાર્ય સમગ્ર વિશ્વમાં ફેલાયેલું છે. ભારત માટે એનું યોગદાન અપાર છે.

દુનિયાની સૌથી શક્તિશાળી મહિલાઓ પૈકીની એક હોવા છતાં, મેલિંડાને લૈંગિક ભેદભાવનો સામનો કરવો પડ્યો છે, એ પિતૃસત્તાક વ્યવસ્થાની તાકાતનું ઉદાહરણ છે. હમણાં ‘વેનિટી ફેર’ નામના મહિલાઓ માટેનાં જાણીતા મેગેઝિન સાથે વાતચીતમાં મેલિંડાએ કહ્યું હતું એ જયારે એના પતિ અને ‘માઈક્રોસોફ્ટ’ ના સહ-સ્થાપક બિલ ગેટ્સ સાથે કામ કરતી હતી ત્યારે એણે લૈંગિક ભેદભાવ એવી રીતે સહન કરવો પડ્યો હતો કે સૌ લોકોને એમ લાગતું હતું કે મારામાં બિલ ગેટ્સ કરતાં ઓછું જ્ઞાન છે. અને તે પણ એવી જગ્યાઓએ જે સામાન્ય રીતે સૌથી પ્રગતિશીલ અને જેન્ડર રહિત માનવામાં આવે છે.

મેલિંડા કહે છે, ‘ જો હું રાષ્ટ્રપતિ અથવા વડા પ્રધાનના કાર્યાલયમાં જાઉં અને હું મારા ભૂતપૂર્વ પતિ સાથે હોઉં તો એ બધા સૌથી પહેલાં બિલ તરફ વળે અને જ્યાં સુધી હું વાતચીતમાં વિક્ષેપ ન પાડું ત્યાં સુધી એ બધા એવી રીતે વાતચીત કરતા રહે જાણે હું ત્યાં છું જ નહીં અથવા જાણે મને એમાં સમજ પડતી ના હોય. મને ખબર છે કે બિલ જાણીતા હતા અને ટેક ઉદ્યોગમાં બહુ મોટાં કામ કર્યાં હતાં, પરંતુ એ લોકો એવું શા માટે ધારી લેતા હશે કે સમાજસેવા વિશે હું બિલ

કરતાં ઓછું જાણું છું, જયારે હકીકત એ પણ છે કે હું ૨૫ વર્ષથી એમની સાથે કામ કરું છું. આવી ખોટી ધારણા શા માટે ? આ ખરેખર લૈંગિક ભેદભાવ હતો.’

એ પછી મેલિંડાએ નક્કી કર્યું હતું કે મીટિંગોમાં તે સૌથી પહેલાં બોલશે અને લોકોએ એને સાંભળવી પડશે. મેલિંડા પાસે અંગત રીતે એટલી તાકાત છે કે એ પોતાની હાજરીની નોંધ લેવડાવી શકે, પરંતુ એવી લાખો સ્ત્રીઓ છે જેમના માટે આવો અનુભવ એટલો રોજનો છે કે એમણે એવું સ્વીકારી લીધું છે કે જાહેર પ્રસંગોએ કે મીટિંગોમાં કોઈ આપણો મત થોડો પૂછે?! એ તો સાથે જે પુરુષ હોય એનો જ મત મહત્ત્વનો ગણાય!

આપણે ત્યાં કેટલી સ્ત્રી છે જે રોજ પતિ કે પુત્ર કે પિતા કે આસપાસના અન્ય પુરુષોના મોઢે એવું સાંભળતી હોય છે કે ‘તને આમાં સમજ ન પડે.’ હજારો વર્ષોથી બુદ્ધિ પર પુરુષોનો એકાધિકાર રહ્યો છે. પરંપરાગત રીતે સ્ત્રીઓનું મુખ્ય કામ ઘર-પરિવાર સંભાળવાનું હતું અને પુરુષોનું કામ રોજીરોટી કમાવાનું હતું. ધંધો-રોજગારમાં સહજ રીતે જ બુદ્ધિની જરૂર વધુ પડતી હતી એટલે જેટલી પણ વ્યવસ્થાઓ અમલમાં આવી તે પુરુષોને ધ્યાનમાં રાખીને હતી.

દાખલા તરીકે, અડધી સદી પહેલાં સ્ત્રીઓને મતાધિકાર નહોતો કારણ કે એવું માનવામાં આવતું હતું કે એમનામાં રાજકીય નિર્ણયશક્તિ નથી. અથવા સ્ત્રીઓ માટે શિક્ષણ જરૂરી ગણાતું નહોતું (ભારતમાં આજે પણ ઘણા સમુદાયો અને પરિવારોમાં છોકરીઓને ભણાવવામાં આવતી નથી). ‘સ્ત્રીઓની બુદ્ધિ પગની પાનીએ હોય છે’ તેવી કહેવત મેલિંડા ગેટ્સની ફરિયાદને જ સાબિત કરે છે કે નારીવાદી અંદોલનની સફળતા છતાં સ્ત્રીઓને આજે પણ પુરુષોથી ઊતરતી માનવામાં આવે છે અને હજુ એમણે ઘણો સંઘર્ષ કરવાનો બાકી છે.

વિશેષ

અનંત મામતોરા
feedback@bombaysamachar.com

# અમેરિકાની ચૂંટણીમાં ત્યાં વસેલા ભારતીયોના મત ગૅમચેન્જર બનશે?

**સંશોધનના આધાર પ્રમાણે ભારતીય મૂળના લોકો જે કાઉન્ટીઝમાં વધુ સંખ્યામાં રહે છે એવા પહેલા ૧૫ કાઉન્ટી દેખાડ્યા છે. એ સંખ્યા અમેરિકામાં વર્તમાનમાં રહેતા અનિવાસી ભારતીયોની સાથે એકંદર ભારતીયોની છે.**

અમેરિકામાં વિશાળ સંખ્યામાં ભારતીયો વસે છે. ચાર વર્ષ પહેલા ૨૦૨૦ના ઑગસ્ટમાં ત્યાંના પ્રેસિડન્ટ જૉ બાઇડને ઉપરાષ્ટ્રપતિના પદ માટે ભારતીય મૂળના કમલા હેરિસને ઉમેદવાર જાહેર કર્યાં હતાં. એ વખતે એક એશિયન મૂળની મહિલા આ પદની એકદમ નજીક આવી ગઈ હોય એવું લાગી રહ્યું હતું.

કમલા હેરિસની ઉમેદવારી બાદ અમેરિકામાં રહેતાં મૂળ ભારતીયોમાં ખુશીની લહેર ફરી વળી હતી. સાથે જ તેઓ ગર્વ અનુભવી રહ્યાં હતાં. (આવો જ આનંદ અગાઉ બ્રિટનમાં ઋષિ સુનકની વડાપ્રધાન પદે નિમણૂક થયા બાદ જોવા મળ્યો હતો.) કમલા હેરિસ ઉપરાષ્ટ્રપતિના પદ પર વિરાજમાન થાય ત્યાં સુધી લોકોમાં તેમના પ્રત્યે અપાર અપેક્ષાઓ બંધાઈ ગઈ હતી.

ભારતીય મૂળના કેટલાય લોકોને આશા બંધાઈ હતી કે કમલા હેરિસ ભારતીયોના અનેક મુદ્દાઓ પર પ્રકાશ પાડશે, તેઓ ભારતીય પૂર્વજોની પ્રશંસા કરશે, કેટલાય વિષયો પર ભારતનો પક્ષ લઇને સકારાત્મક બાબતો કહેશે. પોતાના કાર્યકાળમાં કમલા હેરિસે કાશ્મીરનો વિષય ઉઠાવ્યો હતો. આ વખતે પાંચ નવેમ્બરે યુએસમાં થનારા રાષ્ટ્રપતિના ઇલેક્શનમાં કમલા હેરિસે ઝંપલાવ્યું છે.

જોકે તેમને આ ઇલેક્શનમાં ઇન્ડિયન-અમેરિકન્સ તરફથી ઓછા મત મળવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. જોકે અહીં નોંધવા જેવી બાબત એ છે કે શું ખરેખર ભારતીય વંશના મત અમેરિકાના ઇલેક્શનમાં ગેમ-ચેન્જર બનશે? એનું વિશ્લેષણ આંકડા સાથે દેખાડીશું.

૨૦૨૦ની લોકસંખ્યા ગણના પ્રમાણે અમેરિકામાં અન્ય દેશોની સરખામણીએ સૌથી વધુ જો કોઈ રહેતું હોય તો એ છે મૂળ ભારતીયો.

અમેરિકાના ૧૯૬૫ના સ્થળાંતરના કાયદા મુજબ વિશિષ્ટ દેશોની કોટા પદ્ધતિને રદ્ કરીને એશિયાના લોકોને અમેરિકામાં રહેવા દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યારબાદ તો અમેરિકામાં સ્થાયી થવા માટે ભારતીયોની સંખ્યામાં વધારો થયો હતો. તાજેતરમાં તો એશિયાના ખંડમાંથી ચીનના લોકોની સંખ્યા અમેરિકામાં વધી ગઈ છે. વાસ્તવમાં ૧૯૯૦ અને ૨૦૧૦ બાદ અમેરિકામાં ભારતીય લોકોનો ધસારો વધી ગયો છે.

છેલ્લાં પંદર વર્ષમાં અમેરિકામાં વસવા જવા માગતા ભારતીયોની સંખ્યા બમણી થઈ ગઈ છે. ૨૦૨૩માં મેક્સિકો બાદ ભારત બીજા ક્રમાંકે આવી ગયું છે.

તમામ દેશોની સરખામણીએ ભારતીયોને અમેરિકામાં શિક્ષિત ગણવામાં આવે છે. એનું કારણ એ છે કે તેઓ અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવે છે, વિજ્ઞાન, ગણિત અને ટૅક્નોલોજીમાં પણ નિપુણ હોય છે. અમેરિકાની અનેક એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂટમાં સંશોધનના કામમાં ભારતીયોનો બહોળો ફાળો રહ્યો છે. ટૅક્નોલોજી અને





આઇટી કંપનીઓમાં પણ ભારતીયોનો દબદબો છે.

અમેરિકામાં ભારતીયોની સંખ્યામાં ભલે વધારો થયો હોય અને તેમની પ્રગતિ થઈ હોય છતાં પણ ત્યાંના રાજકારણમાં ભારતીયોના મતને ધાર્યું એવુ મહત્ત્વ નથી મળ્યું.

આ વખતે ડેમોક્રેટિક પાર્ટી વતી કમલા હેરિસની પ્રેસિડન્ટ પદ પર ઉમેદવારી પાક્કી થઈ ગઈ છે. સાથે જ રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડૉનલ્ડ ટ્રમ્પે ઉપરાષ્ટ્રપતિના પદ માટે જે. ડી. વેન્સને ઉમેદવારી આપી છે. તેમના પત્ની ઉષા વેન્સ મૂળ ભારતના હોવાથી તેમનો પરિવાર યુએસમાં સ્થાયી થયો છે. એથી એમ કહી શકાય કે ૨૦૨૫ની જાન્યુઆરીમાં વ્હાઇટ હાઉસમાં ભારતીય વંશની વ્યક્તિ બિરાજમાન હશે એ નક્કી છે.

એથી ભારતીયોમાં ઉત્સાહ નિર્માણ થયો છે. ખાસ કરીને ભારતમાં રહેતા લોકોને એવો અંદાજો છે કે અમેરિકામાં વસતાં મૂળ ભારતીયોનો પ્રભાવ આ ઇલેક્શનમાં જોવા મળશે. છેલ્લાં થોડાં વર્ષોથી અમેરિકાના રાજકારણમાં ભારતીયોની હાજરી દેખાવા માંડી છે.

અમેરિકાના સર્વોચ્ચ સદનમાં પાંચ ભારતીય-અમેરિકન છે. તો સાથે જ વિવિધ રાજ્યોની સંસદમાં લગભગ ૪૦ સદસ્યો ભારતીય છે. વર્તમાન ઇલેક્શનમાં રિપબ્લિકન પક્ષના નિકી હેલી, વિવેક રામાસ્વામીએ પણ ઝંપલાવ્યું છે. અગાઉ રિપબ્લિકન પક્ષના બૉબી જીંદલ પણ રાષ્ટ્રીય રાજકારણમાં સક્રિય રહ્યા હતા.

આમ છતાં ભારતીય વંશના મતદારો અમેરિકાના રાજકારણમાં ખરા અર્થમાં વોટ-બૅન્ક સાબિત થશે કે નહીં એ જોવું રહ્યું. અમેરિકામાં લગભગ પચાસ લાખ લોકો રહે છે. એમાંથી અંદાજે ૨૬ લાખ મૂળ ભારતીયો એવા છે જે અમેરિકાના નાગરિક હોવાથી તેમને જ માત્ર મત આપવાનો અધિકાર છે. આ સંખ્યા અમેરિકાના કુલ મતદાતાની સરખામણીએ માત્ર દોઢ ટકા જેટલી છે.

ભારતીય મૂળના મતદાતા અમેરિકાના પૂર્વ, પશ્ચિમ અને સાઉથના સ્ટેટમાં વસે છે. ‘માઇગ્રેશન પૉલિસી ઇન્સ્ટિટ્યૂટ’ના સંશોધનના આધાર પ્રમાણે ભારતીય મૂળના લોકો જે કાઉન્ટીઝમાં વધુ સંખ્યામાં રહે છે એવા પહેલા ૧૫ કાઉન્ટી દેખાડ્યા છે. એ સંખ્યા અમેરિકામાં વર્તમાનમાં રહેતા અનિવાસી ભારતીયોની સાથે એકંદર ભારતીયોની છે. જે ભારતીય વંશના લોકો અમેરિકાના નાગરિક અને મતદાતા પણ છે તો તેમની સંખ્યા ખૂબ ઓછી છે.

છેલ્લાં વીસથી પચીસ વર્ષમાં ઇલેક્શનમાં ત્રણ-ચાર રાજ્યોની ભાગીદારી ખૂબ અગત્યની ગણવામાં આવે છે. આ રાજ્યો એટલે કે મિશિગન, વિસ્કોન્સિન, એરિઝોના અને જ્યોર્જિયા છે. જે ‘સ્વિંગ સ્ટેટ’ તરીકે ઓળખાય છે. આ રાજ્યો જ ખરા અર્થમાં અમેરિકાના પ્રેસિડન્ટની નિમણૂક કરે છે એવું કહીએ તો કાંઈ ખોટું નથી.

૨૦૨૦ના ઇલેક્શનમાં રાષ્ટ્રાધ્યક્ષ જો બાઇડેનને મળેલા વિજયી મતના કુલ મતમાંથી ૦.૦૨ ટકા આ રાજ્યો તરફથી મળ્યા હતં. એથી ભારતીય મૂળના મતદાતાઓની અમેરિકાના રાષ્ટ્રીય સ્તરે જરૂરી એવી વોટ-બૅન્ક તૈયાર નથી થઈ એ બાબત પણ ધ્યાન રાખવા જેવી છે.

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# પ્રેત પિયુ ને પંચનામા... જો જો હસતા નહીં !



**ટાઇટલ્સઃ**
**મૃત્યુ-સત્ય, ભૂત-અર્ધસત્ય છે. (છેલવાણી)**

**એક પતિ-પત્ની** કાર એક્સિડન્ટમાં ગુજરી ગયા. પછી પતિ ભયાનક દેખાતો ભૂત બની ગયો ને પત્ની ડાકણ. એકવાર બંને સ્મશાનના રસ્તે સામસામે મળી ગયા. પતિએ કહ્યું : અરે વાહ! તું તો ડાકણ બનીને પહેલાં કરતાં વધુ સુંદર દેખાય છે.'

પત્નીએ કહ્યું : હા, પણ તમે જરા ય બદલાયા નથી. એવા ને એવા જ છો, હોં! '

પ્રેતકથાઓમાં મોત બાદ લોકોને ભૂત નડતા હોય છે , પણ આપણને તો જીવતાજીવત મોંઘવારી, રાજકારણ, સોશિયલ મીડિયા, ફેમસ થવાનાં ભૂત... સતત નડે જ રાખે છે.

હમણાં અલ્હાબાદ હાઇ કોર્ટમાં એક એવો ભૂતિયા કેસ આવ્યો કે લોકોનાં હોશ ભૂતની જેમ ઊડવા માંડ્યા. અલ્હાબાદનાં એક પોલીસ સ્ટેશનમાં ૨૦૧૪માં શબ્દપ્રકાશે જમીનના ઝગડાને માટે એક પરિવારના ૫ લોકો વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ કરેલી. પોલીસે ચાર્જશીટ ટ્રાયલ કોટમાં દાખલ કરેલી, પણ કેસ જ્યારે હાઇ કોર્ટમાં આવ્યો ત્યારે જજે આ કેસને સાંભળતા વેંત જ રદ્દ કરી નાખ્યો કારણ કે પેલા શબ્દપ્રકાશનું મૃત્યુ તો છેક ૨૦૧૧માં થઇ ગયેલું! તો પછી મરેલા શબ્દપ્રકાશે ૨૦૧૪માં પુરષોત્તમસિંહને એના પરિવારના બીજા ૪ લોકો પર છેતરપિંડીના મામલે એફ.આઈ.આર. કઇ રીતે નોંધાવેલી? અને ૨૦૨૩માં હાઇ કોર્ટમાં અરજીનો વિરોધ કરતી ઍફિડેવિટ પર એણે સહી કઇ રીતે કરેલી? જજ સૌરભસાહેબે પોલીસને ધમકાવતા કહ્યું કે કોઇ ભૂત કઇ રીતે એફ.આઈ.આર. લખાવીને નિર્દોષ લોકોને ફસાવી શકે? આવું તો અદાલતનાં ઇતિહાસમાં પહેલીવાર બન્યું, પણ જો જો હસતા નહીં, નહીંતર અદાલતનાં આપમાનના ગુનામાં તમને અંદર કરી મૂકશે!

અલબત્ત, આપણાં ભારતમાં કંઇ પણ શક્ય છે. મરેલા માણસો સરકારી નોકરીમાં વરસો સુધી પગાર લઇ શકે છે, સરકારી એવોર્ડ જીતી શકે છે ને ઘણીવાર તો મરેલાઓ ચૂપચાપ ઘરે પાછાં આવીને નોર્મલ લાઇફ ફરી જીવવા પણ લાગે છે! વળી બીજી બાજુ, ભૂત-પ્રેતની માન્યતાને લીધે આજે ય કોઇ લાચાર સ્ત્રીને 'ચૂડેલ' તરીકે ખપાવીને આખેઆખા ગામ દ્વારા મારી પણ નાખવામાં આવે છે! અન હેલો, માત્ર ભારતમાં જ નહીં, સ્ત્રીને વિચ કે ડાકણ ગણવાની ઘટનાઓ આફ્રિકા, યુરોપ અને અમેરિકામાં પણ આજે ય બને રાખે છે.

અરે, ત્યાં સુધી કે અમેરિકામાં પણ એવી અંધશ્રદ્ધા છે કે રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકનનું ભૂત આજે ય વ્હાઈટ-હાઉસ આંટા મારે છે! 'ક્લીવલેન્ડ પ્લેન ડીલર' અખબાર મુજબ ખુદ લિંકને કબૂલેલું કે- હા, હું પ્રેતાત્માવાદી છું! એ વિશે મેં જે કંઈ અનુભવ કર્યો છે, એ બહુ ઓછા લોકોએ કર્યો હશે!'

આજથી ૧૫૯ વરસ અગાઉ, અમેરિકામાં ગુલામી પ્રથા નાબૂદ કરનાર લિંકન ખુદ ભ્રમણાં, ડર ને સંશયના ગુલામ હતા! પ્રેતાત્માવાદીના માધ્યમથી મૃત લોકો સાથે સંપર્ક કરતા. 'ડેનિયલ વેવસ્ટર' નામના પ્રેતાત્મા દ્વારા લિંકનને એમની હત્યાનો ઇશારો કે પૂર્વ-સંકેત સપનાંઓ દ્વારા કરાવવામાં આવેલો. પ્રેતાત્મા ડેનિયલ વેવસ્ટરનો ફોટો, લિંકનની ઓફિસમાં હંમેશા રહેતો. લિંકને, ખુદની હત્યાનાં થોડા દિવસ અગાઉ મિત્રોને કહેલું, મને સપનામાં વ્હાઇટ હાઉસના ખાલી રૂમમાં કોઈકનો પોક મૂકીને રડવાનો ભયાનક અવાજ સંભળાયો ને ત્યાં જઈને જોયું તો અમુક લોકો રોયલ વસ્ત્રોથી સજજ થઇને એક લાશ સામે રડી રહ્યા હતા. એ લાશ કોની હતી?' મિત્રોએ પૂછ્યું. રાષ્ટ્રપતિ લિંકનની!' લિંકને કહ્યું!

હદ તો ત્યારે થઇ કે થોડા જ દિવસ બાદ 'ફોર્ડ્સ થિયેટર'માં લિંકનની હત્યા થઇ. લિંકનની લાશ એ જ રૂમમાં રાખવામાં આવી, જે લિંકનને સપનામાં દેખાયેલી.

લાશની સામે બેઠેલા લોકો પણ એ જ રીતે પોક મૂકીને રડતા હતા, જે લિંકનને સપનામાં દેખાયેલા!

**ઇંટરવલઃ**
**મોતની ય બાદ તારી ઝંખના કરતો રહ્યો,**
**કે તું જન્નતમાં મળે, એવી દુઆ કરતો રહ્યો. (બેફામ)**

વેલ, આજે ૨૦૨૪માં ય વિચિત્ર ભૂતકથાઓ અટકવાનું નામ જ નથી લેતી. ૨૬ ઓગસ્ટ, ૨૦૨૦માં ૪૫ વર્ષીય શેર-દલાલ જીજ્ઞેશ દોશી અને ૪૪ વર્ષની તેની પત્ની કાશ્મીરા એમના કાંદિવલીનાં ઘરમાં મૃત હાલતમાં મળી આવેલાં. છેલ્લા ૪ વર્ષથી આ કેસ નોંધવામાં આવ્યો નહોતો, કારણ કે મહાન મુંબઇ પોલીસને ફોરેન્સિક રિપોર્ટ મળ્યો જ નહોતો! પણ પોલીસ તપાસ મુજબ, જીજ્ઞેશે ચિઠ્ઠીમાં લખેલુંઃ આર્થિક તંગીના કારણે અમે આ પગલું ઉઠાવીએ છીએ. અમારા મોત માટે બીજું કોઇ જવાબદાર નથી પોલીસને શંકા થઇ કે જીજ્ઞેશે પહેલાં કપડાંથી ગળું દબાવી પત્નીની હત્યા કરી હશે ને પછી પોતાનાં ડાબા હાથનું કાંડું કાપવામાં એ સફળ ન થયો એટલે પછી ખુદને ફાંસી આપી હશે. હવે ૪ વર્ષ પછી જ્યારે ફોરેન્સિક રિપોર્ટમાં આવ્યું કે જીગ્નેશના મૃત્યુનો સમય, એની પત્નીના મુત્યુનાં સમય પછીનો છે એટલે મૃત્યુનાં સમયના આધારે પોલીસે, સ્વ.જીજ્ઞેશ સામે હત્યાનો કેસ નોંધ્યો છે! બોલો, ધન્ય છેને આપણી સિસ્ટમ? તો હવે શું પોલીસ જીગ્નેશનાં ભૂતને બોલાવીને ફરી ફાંસી આપીને લટકાવશે? જે ઓલરેડી ફાંસી ખાઇને મરી ગયો છે?!

હોલિવૂડની બિનધાસ્ત, સેક્સ-સિંબોલ અભિનેત્રી-લેખિકા મે વસ્ટે ૧૯૩૦-૪૦ના દાયકામાં બેબાક લાઇફ કે ગુદગુદાત્મક બયાનો વડે સમગ્ર અમેરિકાને હલાવી નાખેલું. પછી મે વેસ્ટ, અચાનક પોતાનું ધીખતું સ્ટારડમ છોડીને મેલીવિદ્યા શીખવા માંડેલી! એ દરમિયાન મે વેસ્ટનાં મેનેજર-કમ-મિત્ર, જિમ ટિમોનીનું મૃત્યુ થઈ ગયું. મે વેસ્ટે પોતાના મેનેજર ટિમોનીના આત્મા સાથે સંપર્ક કર્યો અને પછી ટિમોનીનું ભૂત હંમેશાં પેલીની આસપાસ રક્ષકની જેમ ફરતું. મે વેસ્ટ, ત્યાં સુધી માનવા માંડેલીકે ટિમોનીના ભૂતે જ એને નાટ્ય-લેખિકા બનાવી ને અનેક વાર્તાઓની પ્રેરણા આપેલી! જોકે, પેલા ટિમોનીએ જીવતાજીવત, ડાયરીમાં કરિયાણાનાં હિસાબ જેવું એક વાક્ય પણ લખ્યું નહોતું! ફિલ્મોમાં પૈસા માટે ભાડૂતી લેખકને 'ઘોસ્ટ-રાઇટર' કહેવાય છે, પણ આ તો ખરેખર ઘોસ્ટ હતો , જે રાઇટર સાબિત થયો!

( એક ચોખવટઃ આ લેખ કોઈ ઘોસ્ટ કે ઘોસ્ટ-રાઇટરે લખ્યો નથી ! )

**એન્ડ -ટાઇટલ્સઃ**
**આદમઃ મર્યા પછી યાદ કરીશને?**
**ઈવઃ કોને?** ■

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# 'એક મિનિટ' - એક નવી એન્ટ્રી



રંગલાલ નાયક સાથેની મુલાકાત અંધારામાં દીવાની ટમટમતી જ્યોત સાબિત થઈ. દીવાની જ્યોત હોય છે તો સાવ નાની અમથી, પણ અંધકારને ચીરી માર્ગ દેખાડવાની શક્તિ ધરાવે છે અને એની મદદથી માણસ વધુ ઉજાસની દિશામાં આગળ વધી શકે છે. અંધારું - અજવાળું છેવટે તો નિરાશા - આશાના જ પ્રતીક છે ને. રંગભૂમિના અત્યંત વ્યસ્ત દોરમાં કેટલાક વર્ષ કામ કર્યા પછી સાવ નવરી- કામ વગરની થઈ ગઈ એ ઉજાસમાંથી અંધકારની જ અવસ્થા હતી. રંગલાલભાઈ નામની જ્યોત મને વિનુભાઈના 'સંપત્તિ માટે' સુધીનો મારગ ચીંધી ઉજાસની દિશા દેખાડી રહી હતી. ઊંડા અંધારેથી પરમ તેજે પહોંચવાની આશા જાગી હતી. કવિ ન્હાનાલાલની પંક્તિ 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા'નો અનુભવ કરી રહી હતી.

વિનયકાંત દ્વિવેદી રોબર્ટ મની સ્કૂલમાં રિહર્સલ કરી રહ્યા હતા. આજની પેઢી કદાચ આ સ્કૂલથી માહિતગાર નહીં હોય, પણ ૧૮૩૫માં મુંબઈના ગ્રાન્ટ રોડ વિસ્તારમાં શરૂ કરવામાં આવેલી આ શાળા એક સમયે ટેકનિકલ શિક્ષણ માટે ખ્યાતનામ હતી. સાતેક વર્ષ પહેલા એ બંધ પડી એ વાત મને રંગભૂમિના જ કોઈ સહયોગીએ કરી હતી. સાંભળી વ્યથિત થઈ હતી અને અનેક સંસ્મરણો તાજા થયા હતા. આ સ્કૂલમાં અનેક નાટ્યકર્મીઓએ રિહર્સલ કર્યા છે. રંગભૂમિના અનેક રોચક પ્રસંગોની સાક્ષી આ શાળા રહી છે. કામ મળશે એ ઉત્સાહનો સંચાર થવાથી હું રીતસરની દોડતી દોડતી જ રંગલાલ ભાઈ સાથે સ્કૂલમાં પહોંચી ગઈ.

સ્કૂલમાં જઈને જોયું તો મેઘના રોય, પુષ્પા શાહ, જયંત વ્યાસ જેવા મહારથી રિહર્સલ કરી રહ્યા હતા. બહુ જ મોટા સેટઅપમાં કામ થઈ રહ્યું છે એનો અંદાજ મને આવી ગયો. વિનુભાઈને મળી અને ઔપચારિકતા પતાવી મેં પેટ છૂટી વાત કરી દીધી કે 'વિનુભાઈ, મને કામ જોઈએ છે. કામ માગવા તમારી પાસે હું આવી છું.' પ્રભુલાલ દ્વિવેદીના પુત્ર વિનયકાંત દ્વિવેદી નાટ્ય જગતનું કેવું મોટું નામ છે એ વાચકો જાણતા જ હશે. મારું એક વાક્ય અને એમાં રહેલું કંપન તેઓ તરત પામી ગયા. વિશેષ કશું પૂછ્યા વિના એટલું જ બોલ્યા કે 'હમણાં હું જે નાટક કરી રહ્યો છે તેમાં મોટાભાગના પાત્રોમાં કલાકારો ફિટ થઈ ગયા છે. એટલે હમણાં તો કશું નહીં થઈ શકે' અગાઉ 'સંપત્તિ માટે' નાટકમાં હું જે રોલ કરતી હતી એ મેઘના રોય કરી રહી હતી અને બીજો એક મહત્ત્વનો રોલ પુષ્પાબહેન કરી રહ્યાં હતાં. હું નિરાશ થઈ ગઈ. પણ કહે છે ને કે બધા દરવાજા બંધ થાય ત્યારે ઈશ્વર એક બારી ઉઘાડી દેતો હોય છે. આ ભાવનાનો સાક્ષાત્કાર એ દિવસે મને થયો. હું નિરાશ થઈ નીચું માથું રાખી પાછી વળી રહી હતી ત્યાં વિનુભાઈ બોલ્યા 'એક મિનિટ...' આ બે શબ્દ ('એક મિનિટ') ઈશ્વરે બારી ઉઘાડી હોય એવા મને લાગ્યા.

એ ઉઘડેલી બારીમાંથી પ્રકાશનું એક કિરણ પ્રવેશી અંધારાની તાકાત ઓછું કરી રહ્યું હોય એમ વિનુભાઈ બોલ્યા કે 'નર્સનો એક નાનકડો રોલ છે જેના માટે મેં હજી કોઈ કલાકાર નક્કી નથી કર્યો.' આ એક વાક્ય સાંભળી હું ટટ્ટાર થઈ ગઈ. દરવાજા તરફ જઈ રહેલા પગ પાછા વળ્યાં અને મોઢું ઊંચું રાખી આંખોમાં આશા સાથે મેં વિનુભાઈ સામે જોયું. મારી આંખોમાં ચમક જોઈ વિનુભાઈના ચહેરા પર સ્મિત રેલાયું અને એ નાનકડા રોલ વિશે મને વાત કરી. નાટકમાં નાદારના ઉપનામથી ઓળખાતા ઉન્નતલાલ નામના ધનિક યુવાનની પત્ની તનુલતાનું એક પાત્ર હતું જેને વારે ઘડીએ એનો પતિ માંદી ઠેરવ્યા કરતો હોય છે. આ તનુ સાથે એક નર્સ એની દેખભાળ માટે રાખી હોય છે એવું એ પાત્ર હતું. રોલ સાવ નાનો હતો પણ 'ડૂબતો માણસ તરણું પકડે' એ ન્યાયે મેં હા પાડી દીધી. એ બહાને સ્ટેજ પર એન્ટ્રી મળશે અને એક શોના દોઢસો રૂપિયા પણ મળશે એ ગણતરી સંતોષ આપનારી હતી. બારી ઉઘડી અને પ્રકાશના એક કિરણે અંધારાને ચીરવાની શરૂઆત તો કરી દીધી. ઉત્સાહ સાથે રિહર્સલ શરૂ કરી દીધા. નાટક બરાબર બેસી ગયું અને જે દિવસે ટીવી માટે શૂટિંગ કરવાનું હતું એ દિવસે એવું બન્યું કે જાણે બારી જ નહીં જાણે બધા દરવાજા ઉઘડી ગયા હોય અને પ્રકાશના કિરણો અજવાળું વેરવા થનગની રહ્યા હોય... ■

### મૂંગા પણ બહુ 'બોલકા' પાત્રો

નાટક કોનું? લેખકનું, એ ભજવનાર કલાકારોનું, કેવી રીતે ભજવવું એ શીખવનાર દિગ્દર્શકનું કે પછી પ્રેક્ષકોનું? નાટક અંતે તો ટીમવર્ક છે. બધા મણકા પરોવાયા પછી માળા તૈયાર થઈ શોભા વધારે એવું. નાટ્ય ભજવણીમાં નેપથ્યનું યોગદાન વિશેષ હોય છે જે દેખીતું નથી. નાટક સર્વાંગ સુંદર બને એમાં નેપથ્યનો ફાળો મહત્ત્વનો હોય છે. સંનિવેશની આ કલામાં છેલ- પરેશ, ગૌતમ જોશી, મનસુખ જોશી, નારણ મિસ્ત્રી, સુરેશ વ્યાસ વગેરે માતબર નામો છે. મહારથી જેવા તેમના યોગદાન રહ્યા છે. આઈએનટીના 'કુમારની અગાશી'માંનાટકના અંતિમ તબક્કામાં એન્ટ્રી લેતા કુમારના પાત્ર પર જે રીતે પ્રકાશનું આયોજન થયું હતું એ જોઈ પ્રેક્ષકો આફરીન પોકારી ગયા હતા. કાંતિ મડિયા તો નવીનતા લાવવામાં માહેર હતા. તેમના 'મુઠ્ઠી ઊંચેરો માનવી' નાટકમાં સ્ટેજ પર સમુદ્રનું તોફાનનું વાતાવરણ ઊભું કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. 'અમે બરફના પંખી' તેમજ 'આતમને ઓઝલમાં રાખ મા' પણ તેમના પ્રયોગોએ નાટકને વધુ ઊંચાઈએ બેસાડી દીધા હતા. 'હિમ અંગારા' નાટકમાં સ્ટેજ પર પસાર થતી ટ્રેન જોઈ પ્રેક્ષકો અવાચક થઈ ગયા હતા. જૂની રંગભૂમિમાં પણ હેરતભર્યા પ્રયોગો થયા છે. નેપથ્યના કસબીઓ નાટકના મૂંગા પણ બહુ 'બોલકા' પાત્રો છે એ વિશે સૌ કોઈ સહમત થશે. (સંકલિત) ■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# સરળતાભરી સચ્ચાઈથી કવિતાને સંસ્કારનાર કવિ કલાપી

**કાવ્યમાં** જીવન અને જીવનમાં કાવ્યરસ સંગોપીને કવિ તરીકે અમરતા પામેલા રાજવી સર્જક કવિ કલાપીની કાવ્ય સર્જનની- સાહિત્ય નિર્માણની કથા સવા સો વર્ષથી એકધારી આકર્ષણનું કેન્દ્ર રહી છે. પ્રણય- પ્રકૃતિ ને પરમ તત્ત્વના રંગે રંગાયેલી કલાપીની કાવ્ય સૃષ્ટિ અને કાવ્ય ભાવના એમના જમાના કરતાં ઘણા પ્રગતિશીલ હતાં. વેદનાની કથા 'સારંગી' કાવ્યમાં કવિએ જે રીતે કરી છે તે અનન્ય છે, જેમ કે...

**પ્રેમને કારણો સાથે સંબંધ કંઇએ નથી**
**કારણ પ્રીતિનું પ્રીતિ : પ્રેમની લક્ષ્મી તે બધી**

'કલાપી' તરીકે કવિતા પ્રેમીઓના હૈયે અને હોઠે વસેલા કવિ એટલે સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ સૌરાષ્ટ્રના લાઠી નામના એક નાનકડા રજવાડાના રાજા. જન્મ ઇ. સ. ૧૮૭૪ના અને અવસાન થયું ઇ. સ. ૧૯૦૦માં માત્ર છવ્વીસ વર્ષનું અલ્પજીવી આયુષ્ય, પણ સિદ્ધિની સંપદાનો ભરપૂર વૈભવ. આ કવિ પાછા પ્રણય ત્રિકોણના નાયક અને રાજકારભારની ઝફા પણ એમણે જે જોયું- અનુભવ્યું- આત્મસાત કર્યું, તે અસાધારણ કહી શકાય. રસિક ઊર્મિશીલ રાજવીને જીવનની વિષમતા આભડી ગઇ અને એનાથી સહજપણે ગવાઇ ગયું :

**મારો હિસાબ વિધિ પાસે કશો ન લાંબો**
**જીવ્યો, મરીશઃ જયમ તારક ત્યાં ખરે છે**

કવિ જયંત પાઠક નોંધે છે તે પ્રમાણે કે આકાશમાંથી તારો ખરે એક કવિ આપણા સાહિત્ય આકાશમાંથી અકાળે ને એકાએક ખરી તો ગયા, પણ એમના ટૂંકા જીવનનો લાંબો હિસાબ આપતા ગયા અને ગુજરાતી સાહિત્યને ન્યાલ કરતા ગયા. 'કલાપીનો કેકારવ'માં સંઘરાયેલા એમના અઢીસો જેટલાં કાવ્યો, 'માલા અને મુદ્રિકા' ને 'નારી હૃદય' જેવી નવલકથાઓ, સ્વીડન-બોર્ગના ધર્મ વિચાર જેવું ચિંતન, કાશ્મીરનો પ્રવાસ' જેવું પ્રવાસ વર્ણન ઉપરાંત અનેક પત્રો, ડાયરીને આત્મકથાનાં પાનાં-એમની અઢળક હૃદયસમૃદ્ધિ આપણને એ વારસામાં આપતા ગયા. એક યુવાન રાજવી કવિ, અને સ્નેહી, જીવનના અંતનાં વર્ષોમાં સાક્ષાત હરિને જોવા જેવું હૈયું હાલી નીકળ્યું છે એવા સંસ્કારી પુરુષ, ગુજરાતના સંસ્કાર કોષનો એક મોઘેરો અંશ બનીને લાંબો કાળ ટકશે,



કલાપીના કવિ અને મનુષ્ય તરીકેના બન્ને પાસાં એવાં તો આકર્ષક અને રસપ્રદ છે કે ગુજરાત એમને સદા હૈયામાં સંઘરી રાખશે.

સર્જનકાળ તો ફકત આઠ વર્ષનો, પણ તે સમય દરમિયાન ગદ્યમાં અને પદ્યમાં અનેક કૃતિ આપી એ સર્જકનું હૈયું. કુસુમ જેવું કોમળ માટે સાહિત્યમાં એમનું સ્થાન કવિ તરીકે જ રહેવાનું. કાવ્ય સર્જન માટેની સજ્જતા, વિશાળ વાચન, પ્રકૃતિ પ્રેમ તથા ઊર્મિઓના સ્પંદનની સંવેદનશીલતા સહજ ચારુતાથી વ્યક્ત થાય છે. મુખ્યત્વે પ્રકૃતિ વર્ણનના કાવ્યોની વાત કરીએ તો 'કુદરત અને મનુષ્ય' અને 'મનુષ્ય અને કુદરત'નું રચનાવિધાન ધ્યાન માગી લે તેવું છે. બન્ને પ્રકારમાં કવિએ મનુષ્ય જીવન પર પ્રકૃતિની સરસાઇ પ્રકૃતિના સરલ વિલાસની સર્વોપરિતા પ્રગટ કરી છે. અન્ય કાવ્યોમાં પણ એમની પ્રકૃતિ પ્રેમ અનાયાસ આવી જાય છે. એમની ગઝલોમાં ખંડકાવ્યોમાં કે પ્રસંગોચિત કાવ્યો ઉપરાંત 'હૃદય ત્રિપુટી' 'હમીરજી ગોહિલ' જેવાં દીર્ઘકાવ્યોમાં પ્રકૃતિનાં સુંદર વર્ણનો કાવ્યના વિષયને ઉપકારક થઇને આવે છે. 'આપની યાદી'માં કવિ કોઇ પરમ તત્ત્વની હાજરી રહેલી અનુભવતા હોવાનું જયંત પાઠક નોંધે છે. પ્રકૃતિના આલંબન સાથે કવિએ કરેલું વર્ણન રમણીય બન્યું છે.

**જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર,**
**તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની!**
**તારા ઉપર તારા તણા ઝૂમી રહ્યાં જે ઝૂમખાં**
**તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની.**

ગુજરાતી ગઝલની શરૂઆતના એ સમયમાં કલાપીએ જે આપ્યું છે તે ખૂબ જ મહત્ત્વનું છે. ફારસી-ઉર્દૂના દબદબામાંથી ગઝલને ગુજરાતીમાં અવતારનારાઓમાં કલાપીનું સ્થાન ગુણવત્તાની દૃષ્ટિએ 'મોખરા'નું છે.

(ક્રમશઃ)

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# ક્યારેક સામાન્ય વ્યક્તિ પણ ફિલોસોફર કરતાંય ઊંડી વાત શીખવી જાય...!



થોડા દિવસો અગાઉ ગુજરાતના પ્રવાસ દરમિયાન હું એક મિત્રની કારમાં ક્યાંક જઈ રહ્યો હતો એ વખતે મિત્રના યુવાન ડ્રાઈવર સાથે થોડી રસપ્રદ વાતો થઈ.એને હું ઘણાં વર્ષોથી ઓળખું છું. હું દુનિયાના અનેક દેશોમાં ફર્યો છું. આપણા દેશના અને વિદેશોના રસ્તાઓ ઉપર મેં લાખો કિલોમીટરનો પ્રવાસ કર્યો છે, પરંતુ બહુ ઓછા ડ્રાઈવર્સના ચહેરાઓ એકદમ યાદ રહી ગયા છે. અને એમાંના કેટલાકના નંબર પણ મારા મોબાઈલ ફોનમાં મેં સેવ કરી લીધા છે એ બધામાં આ યુવાન તો દોસ્ત જેવો જ બની ગયો છે.એના ચહેરા પર હંમેશાં સ્મિત જ ફરકતું હોય. મેં એને સવાલ કર્યોઃ

'હું તને જયારે પણ મળું ત્યારે તારો ચહેરો હસતો જ હોય છે. તને જાણે કોઈ ચિંતા કે તકલીફ જ ન હોય એ રીતે તું જીવી રહ્યો છે...' એ યુવાન હસી પડયો. એણે કહ્યુંઃ

ના, ના. એવું નથી. હું પણ ઘણી તકલીફોનો સામનો કરી રહ્યો છું અને મારી પાસે સ્વાભાવિક રીતે એવા પૈસા નથી કે હું કશો વ્યવસાય કરી શકું. હું ઘણું ભણ્યો છું,પરંતુ કુટુંબનું ગુજરાન ચલાવવા માટે મારે ડ્રાઈવર તરીકે નોકરી કરું છું, પણ મને એ વાતનો કોઈ અફસોસ નથી. હું એમ વિચાર કરું છું કે મને ડ્રાઈવિંગ ગમે છે અને મને ગમતી આ પ્રવૃત્તિ માટે મને પૈસા મળે છે એટલે હું માથા પર કોઈ બોજ રાખ્યા વિના જીવી શકું છું.' એની આ વાત મને સ્પર્શી ગઈ. મોટા ભાગના લોકોના ચહેરા પર તણાવ જોવા મળતો હોય છે. ઘણા લોકો તો જાણે આખી દુનિયાનો બોજ એમના પર હોય એ રીતે ચહેરા પર ભાર લઈને ફરતા હોય છે- વર્તતા હોય છે,પણ તકલીફો વચ્ચે ય હસી શકે એવા માણસો ઓછા જોવા મળે.

મેં એની પ્રશંસા કરીઃ 'યાર, તું તો ફિલોસોફર જેવી વાત કરે છે!' એ ફરી હસી પડ્યો.એણે કહ્યુંઃ

'આપણી જે સ્થિતિ હોય એ સ્થિતિમાં હસીને પણ જીવી શકાય અને રડીને પણ જીવી શકાય. માની લો કે હું મનોમન અફસોસ સાથે કોઈ પણ પ્રવૃત્તિ કરું અથવાતો હમેશાં રડતા-રડતા જીવું તો મારી તકલીફો કંઈ ઓછી થઈ જવાની નથી. એના કરતાં હું હસતાં-હસતાં દિવસો પસાર કરું છું. અને જે સમય આવે એ સમયને મારાથી શક્ય હોય એ રીતે માણી લઉં છું.મને ડ્રાઇવિંગની સાથેસાથે જૂની હિન્દી ફિલ્મોનાં ગીતો સાંભળવાનો ય શોખ છે અને એમાંય કાર ચલાવતાં -ચલાવતાં જૂનાં ગીતો સાંભળવાની મજા જ કંઈક ઓર હોય છે... અને આ મનગમતી પ્રવૃત્તિ માટે મને પૈસા પણ મળે છે! આમ પણ આપણા હાથમાં તો કશું છે જ નહીં તો આપણે શા માટે દુઃખી થવું ? માની લો કે મારા દુઃખી થવાથી આ સ્થિતિ બદલાઈ જવાની હોય તો હું દુઃખી થાઉં,પણ દુઃખી થવાથી સ્થિતિ તો બદલાવાની નથી ઉલટું એ તકલીફોની વચ્ચે હું મારી તકલીફોનો ઉમેરો કરીશ. એટલે હું મારું જ નુકસાન કરીશ. જે થવાનું છે એ થાય જ છે એવું માનીને જીવું છું એટલે હું જીવનનો આનંદ માણી શકું છું.'

એની એ વાત મને સ્પર્શી ગઈ.એની સાથે વાતો થઈ એને કારણે મને મુંબઇની એક રેસ્ટોરાંનો એક વેઇટર યાદ આવી ગયો.

એક વાર પ્રખ્યાત અંગત મિત્ર એવા નાટ્ય-ટીવી-ફિલ્મ લેખક મિહિર ભુતા સાથે હું એક રેસ્ટોરાંમાં ડિનર પર ગયો હતો. એ વખતે એ રેસ્ટોરાંના એક હસમુખા વેઈટરને મેં આ ડ્રાઈવરને કર્યો એવો જ સવાલ કર્યો હતો કે તારા ચહેરા પર હંમેશાં સ્મિત ફરકતું જોવા મળે છે. તું હંમેશાં આટલો ખુશ કઈ રીતે રહી શકે છે?' એ વેઈટરે જવાબ આપ્યો હતોઃ 'મેં સંત તુલસીદાસજીના શબ્દો મારા જીવનમાં ઉતારી લીધા છેઃ અનહોની હોની નહીં, હોની હો સો હોય.એટલે જે થવાનું નથી એ કોઈ કાળે થવાનું છે જ નહીં અને જે થવાનું છે એ થશે જ... એમાં આપણે કશું કરી શકવાના નથી. એટલે હું હસી શકું છું.'

એણે હસતાં-હસતાં બહુ ઊંડી વાત કરી દીધી અને આટલું કહીને મલકતા ચહેરે એ બીજા ટેબલ તરફ આગળ વધી ગયો.

એ વેઈટર તેની ઉંમરના અન્ય યુવાનો સાથે રેસ્ટોરાં માલિકે આપેલી એક નાનકડી રૂમમાં રહે છે એવી મને ખબર હતી અને સ્વાભાવિક રીતે તેનાં વતનમાં તેનાં કુટુંબની આર્થિક સ્થિતિ સારી નહોતી એટલે વેઈટર તરીકે નોકરી કરવા એ મુંબઈ આવ્યો હતો.

ઘણા લોકો જાણે આખી દુનિયાનો બોજ એમના પર હોય એ રીતે વર્તતા હોય છે,પણ તકલીફો વચ્ચે ય હસી શકે એવા માણસો ઓછા જોવા મળે અને એમાંના કેટલાકનાં જીવન સાથે આપણા જીવનની સરખામણી કરીએ તો આપણી સમસ્યાઓ કે તકલીફો તો સાવ સામાન્ય લાગે. ક્યારેક સામાન્ય વ્યક્તિ પણ ફિલોસોફર કરતાંય ઊંડી વાત શીખવી જતી હોય છે.


માણસ ભૌતિક સ્થિતિથી સુખી કે દુઃખી નથી થતો હોતો, એની મનોસ્થિતિ પ્રમાણે એ જીવતો હોય છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ભાગ્યશાળીને ઘેર ભૂત રળે



આજકાલ ભૂતનું જોર વધી ગયું છે, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં. ભૂત કેન્દ્રી ફિલ્મોના મેકિંગમાં ભરતી આવી છે. ભૂત કલ્પિત ભયનું પ્રતીક છે. ‘શોલે’માં ભલે ડાયલોગ હોય કે ‘બેટા સો જા, સો જા નહીં તો ગબ્બર સિંહ આ જાએગા’, અનેક માવરૂઓએ ‘સૂઈ જા, નહીં તો ભૂત ઉપાડી જશે’ એવી બીક દેખાડી બાળકોને ઊંઘાડી દીધા હોવાનો ભવ્ય ‘ભૂત’કાળ છે. શબ્દકોશની વ્યાખ્યા અનુસાર ભૂત એટલે સંસારમાં કોઈ ભાવમાં મન રહી જવાથી અવગતિ પામેલો જીવ અથવા સ્મશાન, ઝાડ વગેરેમાં વસતો પ્રેત. આ સ્થિતિમાં તે જીવ હંમેશાં ભટક્યા કરે છે. ભૂતની ઘણી જાત છેઃ પિશાચ, જીન, શેતાન, પ્રેત, ઝાંપડી, બ્રહ્મરાક્ષસ, ખવીસ. એ મસાણમાં ઝાડમાં રહે છે અને પ્રાણીને પીડા કરે છે એમ કહેવાય છે. અલબત્ત આ બધી કલ્પનાઓ છે.

જે વ્યક્તિ ખરાબ કે દુર્જન હોય તેનાથી બધા આઘા રહે. સંસ્કૃતમાં ભૂત શબ્દ સંસારના દરેક પ્રાણી માટે વપરાય છે. એટલે **ભૂંડાથી ભૂત ભાગે** એ કહેવતનો એવો અર્થ થાય કે જે ભૂંડા માણસ હોય તેનાથી દરેક પ્રાણી દૂર ભાગે, નુકસાન કરી દેશે એ ભયથી. **ભૂતનો ભાઈ અથવા ભૂતનો** સોબતી એટલે લીધી વાતનો તંતુ છોડે નહીં, એને વળગીને રહે એવો માણસ. **ભૂત ગયું ને પલીત જાગ્યું અથવા આવ્યું** એટલે એક પીડા જાય ત્યાં બીજી આવે. બકરું કાઢતાં ઊંટ પેસે જેવું કે પછી ઘરના બળ્યા વનમાં ગયા ત્યાં વનમાં લાય લાગી જેવું. **ભાગ્યશાળીને ઘેર ભૂત રળે** એટલે જેના નસીબ પાધરા હોય એને આપોઆપ બધું મળી રહે. **ભાગતા ભૂતની ચોટલી ભલી** એટલે તક મળે તો બનતો લાભ લઈ લેવો એવો ભાવાર્થ છે. **ભૂતનું સ્થાનક પીપળો** એટલે જેવો માણસ એવું એનું સ્થાન.

બાબરો ભૂતની કથા પ્રચલિત છે. ભગવદ્ગોમંડલ અનુસાર બાબરો એટલે એ નામનો ભૂત. આ ભૂતની અનેક કથા પ્રચલિત છે. ગુજરાતના રાજા કરણદેવની માનીતી રાણી કમળાદેવીને આ ભૂત વળગ્યો હતો એવી માન્યતા છે. બીજો અર્થ છે એક જ દિશાનું જ્ઞાન ધરાવનાર માણસ. સિવાય કામ સારું કે નરસું થાય તેની દરકાર નહીં કરનાર માણસ એવો અર્થ સુધ્ધાં છે. બાબરા માટેની લોક વાયકા એવી છે કે અડાલજની વાવ બંધાતી હતી ત્યારે ગાડાવાટે સૌરાષ્ટ્રમાંથી પથ્થરો લાવવામાં આવતા હતા એ વખતે બાબરો પોતાની તાકાતથી ગાડું રોકી એક એક પથ્થર તેમાંથી લઈ લેતો. એક બાજુ અડાલજની વાવ તૈયાર થઈને બીજી બાજુ છત્રાલમાં બાબરા ભૂતની વાવ તૈયાર થઈ જે આજે ય જોવા મળે છે. આ વાયકા અનુસાર બાબરો ભૂત નહીં પણ એક અતિ સામર્થ્યવાન એન્જિનિયર હતો એવી પણ માન્યતા છે. ટૂંકમાં બાબરો ભૂત તરીકે ખ્યાતિ ધરાવતો હોવા છતાં ભૂત નહોતો એ વાત છે બડી મજેદાર.■

સગ્ગી બહિણ

## पंढरीजे भूत

પંઢરપુર... મહારાષ્ટ્રના ભક્તિ સંપ્રદાય સાથે સંકળાયેલું ધાર્મિક સ્થળ છે. આ નગરમાં અનેક મંદિરો છે, પણ તેમાં પંઢરીનાથ અથવા વિઠ્ઠલનાથનું મંદિર મુખ્ય છે. મહારાષ્ટ્રના ભક્તજનો ભગવાન પંઢરીનાથ કે વિઠ્ઠલનાથને ‘વિઠોબા’ના હુલામણા નામથી ઓળખે છે. આવા સ્થળ સાથે ભૂત શબ્દનું જોડાણ કેમ થયું હશે એ આશ્ચર્ય અને કુતૂહલની બાબત છે. સંત તુકારામનું અભંગ (ભક્તિ રચના) છે **पंढरीचे भूत मोठे। आल्या गेल्या झडपी वाटे।। बहू खेचरीचे रान। जाता वेडे होय मन।। तेथे जाऊ नका कोणी। गेले, नाही आले परतोनी।। तुका पंढरीस गेला। पुन्हा जन्मा नाही आला।।** આ અભંગ સમજવા શબ્દાર્થ નહીં, ભાવાર્થ સમજવો જરૂરી છે. તુકારામ એમ કહેવા માંગે છે જે પંઢરપુર એવું સ્થાન છે જ્યાં દૈવી અનુભવ કરવો હોય તો એ સ્થળનું સાનિધ્ય માણો. એનાથી અળગા રહેશો તો પ્રભુમય નહીં થઈ શકો. આ સ્થળે (પંઢરી) પહોંચતાની સાથે દુન્યવી ઈચ્છાઓ અને અહંકારમાંથી મુક્તિ મળશે અને પ્રભુ સાથે નિકટ હોવાનો અનુભવ થશે. પ્રભુપ્રેમમાં, એની ભક્તિમાં લીન થયા પછી પાછા ફરવાનું મન નહીં થાય એવું એનું ખેંચાણ છે. પોતાનું જ ઉદાહરણ આપી સંત તુકારામ કહે છે કે સત્યની ખોજમાં પોતે પંઢરી ગયા પછી પાછા તો ફર્યા જ નહીં, તેમનો ફરી ક્યારેય જન્મ પણ ન થાય. પ્રભુ સાથેનું તાદાત્મ્ય મોક્ષ અપાવે છે એવી વાત છે. આવું ‘ભૂત’ કોને વહાલું ન લાગે.

राष्ट्र भाषा

## कहावतों में भूत

હિન્દી કહેવતોમાં ભૂતની હાજરીની નોંધ લઈ તેના પ્રયોગથી વાકેફ થઈએ. **ओलती तले का भूत सत्तर पुर्खा का नाम जाने मतलब घर का आदमी घर के सब भेद जानता है.** ઓલતી એટલે ઘરની છતનો કિનારો જ્યાંથી સમગ્ર ઘરમાં કોની આવનજાવન થઈ છે એના પર ધ્યાન પડ્યું હોય. છત તો વર્ષોનાં વર્ષો હોય એટલે પેઢી દર પેઢીના નામ - ઓળખથી પરિચિત હોય. આ એનો શબ્દાર્થ થયો. ભાવાર્થ એમ છે કે ઘરનું માણસ ઘરની રજેરજથી વાકેફ હોય. **जनम का औलिया, कर्म का भूत, पहले कपूत दूजे अछूत.** ઓલિયા એટલે સિદ્ધ પુરુષ અથવા સંત. સંતના ઘરમાં પણ એવી વ્યક્તિ જન્મ લઈ શકે છે જે શેતાન જેવી હરકત કરી શકે છે એ આ કહેવતમાં જણાવવામાં આવ્યું છે. **जरा में औलिया जरा में भूत** કહેવત મનુષ્યના ચંચળ સ્વભાવનું પ્રતીક છે. આપણી આસપાસ એવા કેટલાક લોકોની હાજરી હોય છે જે જરાક અમથી વાતથી રાજીના રેડ થઈ જાય અને ક્યારેક નાની અમથી વાતમાં માઠું લાગી જતું હોય એવા લોકો માટે આ કહેવત છે. **पठान का पूत, घडी में औलिया घडी में भूत** કહેવત વિસ્તારપૂર્વક સમજવી જરૂરી છે. આ કહેવત જેમની માનસિક અવસ્થા ઘડીએ ઘડીએ બદલાતી રહે છે એવા લોકો માટે છે. એવા લોકો હોય છે જેમની આંખોમાં ક્યારેક કૃપા દ્રષ્ટિ હોય તો ક્યારેક વેરભાવ હોય. આવા લોકોનો વિશ્વાસ નથી કરી શકાતો. પઠાણ લોકો અસ્થિર ચિત્તના હોય છે અને ઘડિયાળના લોલકની જેમ તેઓ પ્રસન્ન - અપ્રસન્ન રહે છે. ■

ENગ્લિશ વિંGLISH

## GHOST IDIOMS


ભૂત માટે અંગ્રેજી શબ્દ છે ઘોસ્ટ. Ghost means an apparition of a dead person which is believed to appear or become manifest to the living, typically as a nebulous image. ભૂત એટલે મૃત વ્યક્તિનો ઓળો - પડછાયો જે એક જીવંત વ્યક્તિની છાયા તરીકે આપણા મનોવિશ્વમાં ઘૂમરાય છે. જોકે, આ શબ્દ ક્રિયાપદ બની હેરત પમાડે એવા અલગ અલગ અર્થ ધારણ કરે છે. In Slang Ghost means to suddenly end all contact with a person without explanation, especially in a romantic relationship. બોલચાલની ભાષામાં ઘોસ્ટ એટલે કોઈપણ કારણ આપ્યા વિના સંબંધ પર પૂર્ણવિરામ મૂકી દેવું, ખાસ કરીને રોમેન્ટિક સંબંધોમાં. એક પ્રયોગ છે Ghost Writer જેને સ્થૂળ ભાવે નહીં, પણ સૂક્ષ્મ ભાવથી ભૂત સાથે સંબંધ છે. A writer (usually a professional) who assists in the writing of something (such as a book or speech) without taking credit for it is called a Ghost Writer. કોઈ લેખક (મોટેભાગે લેખનકાર્યથી પેટિયું રળતો લેખક) પોતાનું નામ જાહેર કર્યા વિના પુસ્તકના લખાણમાં કે વક્તવ્ય તૈયાર કરવામાં મદદ કરે એ ‘ભૂતિયો લેખક’ કહેવાય છે. એક સ્પષ્ટતા. આ કોલમ ‘ઘોસ્ટ રાઈટર’ દ્વારા નથી લખેલી. Ghosting means the practice of ignoring someone until they stop pestering or trying to get in touch with one, rather than directly expressing one's disinterest. ઘોસ્ટિંગ એટલે સીધી ના પાડીને અવગણના કરવી જેથી સામી વ્યક્તિ અકળાઈને સંબંધ રાખવાનું પડતું મૂકે. મોટેભાગે રોમેન્ટિક સંબંધોમાં જોવા મળે છે. Ghost from (one's) past એટલે ભૂતકાળની કોઈ અનિચ્છનીય બાબત કે વ્યક્તિનું અચાનક સામે આવી જવું. I accidentally met a Ghost from the Past. It was the girlfriend I broke up with 2 years ago. બે વર્ષ પહેલા જેની સાથે મૈત્રી તૂટી ગઈ હતી એ ગર્લફ્રેન્ડ સાથે અચાનક એક પાર્ટીમાં ભેટો થઈ ગયો. Not have a Ghost of a Chance એટલે કોઈ બાબતની સંભાવના શૂન્ય લાગવી. After I heard that they required 10 years of experience, I knew that I didn't have a ghost of a chance of getting hired. કંપનીને ૧૦ વર્ષનો અનુભવ ધરાવતી વ્યક્તિનો ખપ છે એ જાણ્યા પછી મને એ નોકરી મળવાની કોઈ શક્યતા નથી એ હું સમજી ગયો. Devil's Advocate એટલે ચર્ચા જોર પકડે એ હેતુથી અન્ય બાજુની - પક્ષની તરફેણમાં દલીલ કરતી વ્યક્તિ. A devil's advocate is someone who challenges a viewpoint in a discussion to stimulate critical thinking. ■



હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# આખેઆખા ગામમાં વસતિ માત્ર એક માણસની...!





રાજસ્થાનનું એક ગામ- એક મંદિર એક પૂજારીઃ બસ એટલી જ વસતિ!

રાજસ્થાન એટલે અનેક આશ્ચર્યથી ભરપૂર પ્રદેશ. અહીં એક ગામ છે જે અપરાધ, પ્રદૂષણ, ઘોંઘાટ, ગંદકી, કાનૂની લડાઈ સહિતની અનેક સમસ્યાઓથી સંપૂર્ણપણે મુક્ત છે. નથી અહીં ટ્રાફિક જામ કે ભીડ - ગર્દી, નથી ધક્કા-મુક્કી કે કાન ફાડી નાખતો કોલાહલ.

આ ગામનું નામ છે શ્યામ પાંડિયા. ચુરુ જિલ્લાના તારાનગર તાલુકાના નેઠવા ગ્રામ પંચાયત હેઠળના આ ગામની વસતિ છે એક માણસની. હા, મેં લખવામાં કે આપે વાંચવામાં ભૂલ નથી કરી. ૨૦૧૧ની સત્તાવાર વસતિ ગણતરી મુજબ આ ગામમાં માત્ર, ફક્ત અને ઓન્લી એક માણસ રહેતો હોવાનું નોંધાયું હતું. આ ગામનો વિસ્તાર કે ફેલાવો ૫૨૧ વીઘા સરકારી જમીન પર છે. આશ્ચર્યની વાત એ છે કે અહીં માનવ વસાહત માટે દોઢ એકર જમીન નેઠવા પંચાયતે મુકરર કરેલી છે. એટલે શ્યામ પાંડિયા એક મંદિર સિવાય કોઈ ઘર કે એકેય બાંધકામ નથી.

ટૂંકમાં, શ્યામ પાંડિયા બાબા શ્યામ મંદિરનું પ્રાચીન મંદિર છે અને આના પૂજારી જ્ઞાનદાસ એટલે આ ગામની પૂરેપૂરી વસતિ. પૂજારીજી શિક્ષિત છે એટલે સરકારી ચોપડે આ ગામમાં સો ટકા સાક્ષરતા નોંધાયેલી છે.

પૂજારી જ્ઞાનદાસને પોતાનો જીવન-નિર્વાહ કરવા આજુબાજુના ગામે જઈને અનાજ સહિતની સામગ્રી લાવવી પડે છે. શ્યામ પાંડિયાથી થોડે દૂર આવેલા સાહબા નામના ગામમાં ચૌદેક હજારની વસતિ છે, જ્યાં જવું જ્ઞાનદાસજીને વધુ અનુકૂળ પડે છે.

ક્યારેક ગામ પાસેથી પસાર થતા પ્રવાસી મંદિરના દર્શનાર્થે આવે અથવા એક વ્યક્તિના ગામને જોવા કુતૂહલ પ્રેમી આવે એ સિવાય પૂજારી જ્ઞાનદાસને માનવ-મોઢું જોવા ન મળે. પણ તેઓ એકલતાથી ટેવાઈ ગયા છે. એમાંય સાંજે સાત પછી તો ભેંકાર એકલતા, જાણે કર્ફ્યુનો બાપ હાજર થઈ જાય.

હા, હિન્દુ મહિના ભાદરવાની અમાસે અહીં બહુ મોટો મેળો ભરાય ત્યારે મોટી મેદની ઊમટી પડે. એ સિવાય દિવાળી, હોળી કે જન્માષ્ટમી હોય, જ્ઞાનદાસજીએ એકલપંડે બધી ઉજવણી કરવાની આવે.

જ્ઞાનદાસજી માટે મંદિર, એની બાજુમાં આવેલી પોતાની ઝૂંપડી અને અમાપ એકલતા જ એમનો સથવારો અને ખજાનો. જ્ઞાનદાસજી અગાઉના પૂજારી રાજેશ ગિરિ પણ આ રીતે જ જીવ્યા હતા. એમના સ્વર્ગવાસ બાદ જ્ઞાનદાસ પૂજારી બન્યા હતા. ત્યારથી તેઓ પણ સવાર-સાંજ મંદિરમાં પૂજા - અર્ચના કરી રહ્યા છે. બાબા શ્યામ મંદિર લગભગ ૩૦૦ ફૂટ ઊંચી ટેકરી પર છે.

વચ્ચે આ ગામને પર્યટન સ્થળ તરીકે વિકસાવવાની કવાયત હાથ ધરાઈ હતી ખરી. એને પગલે હવે દર વર્ષે સેંકડો પર્યટક અહીં આવે છે.

અહીંનું મંદિર દ્વાપર યુગમાં બન્યું હોવાનું મનાય છે. એની સાથે અત્યંત રસપ્રદ દંતકથા સંકળાયેલી છે. જે કથા ખૂબ લોકપ્રિય છે.

મહાભારતના કુરુક્ષેત્રના યુદ્ધમાં કૌરવોને પરાસ્ત કર્યા પછી યુધિષ્ઠિરની તિલકવિધિ માટે શ્યામ પાંડિયા સ્થિત મંદિરના પૂજારી સંત શ્યામ પાંડિયાના આશીર્વાદ લેવા માટે ગદાધારી ભીમ અહીં આવ્યા હતા. એટલે જ સેંકડો વર્ષ જૂના શ્યામ પાંડિયા ધામ મંદિરમાં લોકોને ભારે શ્રદ્ધા છે.

ભવ્ય અને રસપ્રદ દંતકથા છતાં કલ્પના કરી જુઓ કે જ્યાં બાળકોની દોડધામ નથી, દોડાદોડી નથી, હૉસ્પિટલ નથી, વાહનોની અવરજવર નથી, કોઈ વાત કરવાવાળું નથી, જોવાવાળું નથી, ઝઘડવાવાળું નથી, ગોસિપિંગ કરવાવાળું નથી, સંમત થવાવાળું નથી, દલીલ કરવાવાળું નથી... ત્યાં માણસ સમય કેવી રીતે પસાર કરે? અરે જીવી કેવી રીતે શકાય એવો સવાલ આપણા જેવા ટીવી-મોબાઈલમાં ગળાડૂબ માનવ મશીનોને થયા વગર ન રહે. છેલ્લાં તેર વર્ષથી પૂજારી જ્ઞાનદાસજી અહીં એકલા જીવી રહ્યા છે. એમને જાત સાથે સંવાદ સાધવાનો, પોતાની સાથે રહેવાનો અઘધ સમય મળતો હશે. જીવન-સાથી, પરિવાર અને દોસ્તો (કે ફોર ધેટ મેટર દુશ્મનો) વગર રહેવું જરાય આસાન નથી. બરાબરને?

પૂજારી જ્ઞાનદાસજી અને શ્યામ પાંડિયા ગામ વિશે જાણીને રોજ એકાદ કલાક સાવ, ખરેખર એકદમ, એકલા રહેવાનો પ્રયોગ ન કરવો જોઈએ? અને મેળ ખાય તો રાજસ્થાનની આગામી ટુર વખતે શ્યામ પાંડિયા ગામ જવાનું નક્કી કરીએ?■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# બ્રાન્ડની સફળતા એટલે લાંબા-ટૂંકા ગાળાનું સચોટ સંકલન




**લાંબા ગાળાના બ્રાન્ડ બિલ્ડિંગ અને ટૂંકા ગાળાના વેચાણને જે ન્યાય આપે છે તે બ્રાન્ડ સૌથી વધુ સફળ થાય છે. આ બે અભિગમ શ્રેષ્ઠ રીતે કામ કરે છે એ હકીકત આ તમામ ઉદ્યોગ ક્ષેત્ર માટે સાચું છે**

માર્કેટિંગની વાત આવે ત્યારે સૌથી પહેલી પ્રતિક્રિયા હોય છે કે આ ખર્ચાળ પ્રવૃત્તિ છે અને સમય માંગી લે તેવી છે. લોકોને ટૂંકા ગાળાના લાભમાં રસ હોય છે. લાંબા અને ટૂંકા ગાળાને વધુ સારી રીતે સમજવાની આપણે અહીં કોશિશ કરીએ.

લાંબા ગાળાની બ્રાન્ડ બિલ્ડિંગ એ તમારી બ્રાન્ડની ઓળખ અને પ્રતિષ્ઠાને વિકસાવવાની અને મજબૂત કરવાની પ્રક્રિયા છે. બ્રાન્ડ જાણીતી બને છે, જેથી ગ્રાહકો સરળતાથી તેને ઓળખી શકે અને તેની સાથે કનેક્ટ થઈ શકે. લાંબા ગાળાના બ્રાન્ડ બિલ્ડિંગના ફાયદામાં એ છે કે બ્રાન્ડ બિલ્ડિંગમાં રોકાણ કરવાથી તમે ગ્રાહકની વફાદારી વધારી શકો છો, બ્રાન્ડ જાગૃતિ વધારી શકો છો અને બજારનો વધુ નોંધપાત્ર હિસ્સો સુરક્ષિત કરી શકો છો.

બીજી બાજુ, ટૂંકા ગાળાની વૃદ્ધિ, તાત્કાલિક લાભો અને મર્યાદિત સમયમર્યાદામાં ચોક્કસ વ્યવસાય હેતુઓ હાંસલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે ઘણી વખત મર્યાદિત સમયની ઓફરો શરૂ કરવા, રેફરલ બોનસ ઓફર કરવા અને લક્ષિત સોશિયલ મીડિયામાં જાહેરાતો ચલાવવા જેવી યુક્તિઓનો સમાવેશ કરે છે.

ટૂંકા ગાળાનાં પરિણામ હાંસલ કરવાનું દબાણ ઘણીવાર લાંબા ગાળાના બ્રાન્ડ નિર્માણના મહત્વને ઢાંકી દે છે. વેપારમાં તમારે ટૂંકા ગાળામાં પરિણામ જરૂરથી આપવાના છે, પરંતુ લાંબા ગાળે પણ પરિણામો મેળવવાના છે. લાંબા ગાળાનાં પરિણામ માટે લોકોની એક ગેરસમજ છે કે ટૂંકા ગાળાનાં પરિણામોનો ઉમેરો થતા લાંબા ગાળે ટકી જશુ. ટૂંકા ગાળાનાં પરિણામ તત્પૂરતા છે અને તેથી તે લાંબા ગાળાનો વેપાર કે બ્રાન્ડ કદી ના બનાવી શકે. લાંબા ગાળાનાં પરિણામ માટે બ્રાન્ડ બનાવવી આથી આવશ્યક થઇ પડે છે.

લોકો બીજી એક સામાન્ય વાત અવગણે છે કે મજબૂત બ્રાન્ડ ધરાવતી કંપનીઓ આવક વૃદ્ધિ, માર્કેટ શૅર અર્થાત્ બજાર હિસ્સો અને ગ્રાહક વફાદારીના સંદર્ભમાં એમના સ્પર્ધકોને પાછળ રાખવાનું વલણ ધરાવે છે. મોટી બ્રાન્ડ્સ પણ ટૂંકા ગાળાનાં પરિણામો જોઈ શકે છે, છતાં એ શા માટે લાંબા ગાળાની માર્કેટિંગ વ્યૂહરચનામાં રોકાણ કરે છે? ઘણી કંપની, ખાસ કરીને નાની અથવા સ્ટાર્ટઅપ કંપનીઓ, તેમના માર્કેટિંગને ફક્ત ટૂંકા ગાળાના વેચાણની આસપાસ કેન્દ્રિત કરે છે. જો કે, વાસ્તવિકતા એ છે કે તમારા મોટાભાગના સંભવિત ગ્રાહકો અત્યારે ખરીદવાની સ્થિતિમાં નથી. કદાચ એ આવતા અઠવાડિયે, આવતા મહિને અથવા આવતા વર્ષે હશે, પરંતુ શું એ ત્યારે તમને યાદ કરશે? આપણે જાણીયે છીએ કે; ઇરઇ માર્કેટમાં, વેચાણની મુસાફરી જટિલ છે અને એનાં નિર્ણય વધુ સમય લે છે. તેથી, ટૂંકા ગાળાના, પુનરાવર્તિત ‘હમણાં ખરીદો’ જેવા મેસેજો એમને માટે યોગ્ય નથી અને એ કામ ન પણ કરે. તેના બદલે, બ્રાન્ડ અવેરનેસ જો હશે તો એ સુનિશ્ચિત કરશે કે જ્યારે કોઈ કંપની ખરીદીનો નિર્ણય લેવા માટે તૈયાર હોય ત્યારે તમે એમના કન્સિડરેશન સેટ અર્થાત તમારી બ્રાન્ડ એ જાણતા હોય. ટૂંકા અને લાંબા ગાળાની વ્યૂહરચનાઓનું સંતુલન B2C ગ્રાહકો માટે પણ કામ કરે છે. ગ્રાહકો હંમેશા તમારી બ્રાન્ડ વિશે વિચારતા નથી. લાંબા ગાળાનું વિચારી સતત એમના સંપર્કમાં રહો તો સમય આવશે ત્યારે એ તમારી બ્રાન્ડને જરુર યાદ કરશે...

લાંબા ગાળાના બ્રાન્ડ બિલ્ડિંગ અને ટૂંકા ગાળાના વેચાણને જે ન્યાય આપે છે તે બ્રાન્ડ સૌથી વધુ સફળ થાય છે. આ બે અભિગમ શ્રેષ્ઠ રીતે કામ કરે છે એ હકીકત આ તમામ ઉદ્યોગ ક્ષેત્ર માટે સાચું છે.

બીજા શબ્દોમાં કહીએ તો જો એકલા ટૂંકા ગાળાની વ્યૂહરચનાનો ઉપયોગ કરવામાં આવે તો તે અલ્પજીવી છે અને લોકો તમારી બ્રાન્ડને તરત ભૂલી જશે. અને જયારે તમારી બ્રાન્ડ ઝડપથી ભુલાય જાય ત્યારે તેને ફરી જાગૃત કરવાની જરૂર પડે છે. લાંબા ગાળાની વ્યૂહરચના લાંબા ગાળાની વૃદ્ધિ તરફ દોરી જાય છે. તે તમારી બ્રાન્ડ માટે અવેરનેસ તથા વફાદારી વધારશે. આનો મોટો ફાયદો તે છે કે લાંબા ગાળાનો વિચાર શ્રેષ્ઠ ખરીદી માટેનું વાતાવરણ તૈયાર કરે છે અને આગળ જતા માલના વેચાણની શક્યતા વધી જાય છે. લાંબા ગાળાના બ્રાન્ડ નિર્માણ અને ટૂંકા ગાળાની વેચાણ પ્રવૃત્તિનું આ શ્રેષ્ઠ સંતુલન હાંસલ કરવાથી વ્યવસાય વૃદ્ધિને વેગ મળશે.

ઉચ્ચ-ગુણવત્તાવાળું કન્ટેન્ટ (બ્રાન્ડ વિશે માહિતી આપતી સામગ્રી ) એ અસરકારક માર્કેટિંગનો આધાર છે. તે માત્ર તાત્કાલિક ધ્યાન આકર્ષિત કરતું નથી, પણ તમારા ઉદ્યોગમાં તમારી બ્રાન્ડને એક સત્તા તરીકે સ્થાપિત કરે છે. જે કન્ટેન્ટ શિક્ષિત કરે છે- જાણ કરે છે અને મનોરંજન કરે છે તે તમને તમારા ગ્રાહકો સાથે કનેક્ટ કરવામાં-જોડવામાં મદદ કરી શકે છે.

આ ઉપરાંત ટૂંકા અને લાંબા ગાળાના તમારા માર્કેટિંગ કેમ્પેઇનની સફળતાને માપવું પણ આવશ્યક છે. જ્યારે વેબસાઇટ ટ્રાફિક, લીડ જનરેશન અને વેચાણ જેવા ટૂંકા ગાળાના મેટ્રિક્સ નિર્ણાયક છે ત્યારે બ્રાન્ડ જાગૃતિ, ગ્રાહક વફાદારી અને માર્કેટ શેર લાંબા ગાળાના. લાંબા ગાળાની, બ્રાન્ડ-બિલ્ડિંગ માર્કેટિંગ પ્રવૃત્તિમાં ટૂંકા ગાળાની અસરો હોય છે, પરંતુ ટૂંકા ગાળાની યુક્તિઓમાં લાંબા ગાળાની બ્રાન્ડ અસર હોતી નથી. આથી લાંબા ગાળાની બ્રાન્ડ બિલ્ડિંગ સાથે ટૂંકા ગાળાના વિકાસને સંતુલિત કરવું તે સ્થાયી વ્યવસાયિક સફળતા માટે જરૂરી છે. ■

## સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




'મારો એક દોસ્ત આવે છે...એક રાત રૂમમાં રહેશે' સાંભળીને અભિના હોંશ ઉડી ગયા....ભાગેડુ ગુનેગાર સાથે અવારનવાર આમ સાથે રહેવું ખતરો છે....પોલીસનું પગેરું રૂમ સુધી આવ્યું તો....આ તો રોજનું થઇ પડશે. પગથી માથા સુધી એક અલગ કંપન એને હચમચાવી ગયું. બબલુ સાથે રાત વિતાવીને અનુભવ લેવાનો આનંદ અનુભવતા અભિને એની ભયાનકતાનો ખયાલ આવવા લાગ્યો. કલાકારે અનુભવોનું ભાથું બાંધવું જરૂરી ખરું પણ આટલી હદ સુધી નહીં કે કોર્ટના ચક્કરો કાપવા પડે ને છેવટે જેલના સળિયા ગણવા પડે. 'જો હોગા વો દેખા જાયેગા' એના મોઢામાંથી દર વખતે સરી પડતું...આત્મવિશ્વાસથી છલકતું વાક્ય બોલવાનું એ ભૂલી ગયો....એની જગ્યા હવે શું કરવું એના વિચારે ચડી ગયો.

બીજી બીજુ ચંદને અભિને દોસ્ત રોકાશે એવી પરમિશન માગી નહોતી. એણે માત્ર જાણ કરી હતી.....કેમ કે એ તો માલિક હતો. એણે અભિએ ના પાડવાની તક આપી નહતી...એને ખબર હતી કે અભિ પાસે ના પાડવાનો કોઇ વિકલ્પ નથી.

'તું કોઇ ફિકર ન કર.....આ રૂમમાં તું સેફ છો....પોલીસ તો શું અહીં ચકલુંય ફરકતું નથી.' ચંદન જાણે કે અભિના મનની વાત જાણી ગયો હોય એમ બોલ્યો.

'હું મારી ચિંતા નથી કરતો ચંદન. મને તારી ફિકર થાય છે કે આવા ખતરનાક ખેલમાં ક્યાંક તું ફસાઇ ન જાય.'

ચંદન કહેવા જતો હતો કે 'મારા માથા પર બસ્તા શેઠનો હાથ છે. મારો વાળ પણ વાંકો નહીં થાય,' પણ એ શબ્દો ગળી ગયો. ચંદને અભિની પીઠ પર ધબ્બો મારતા કહ્યું: 'કાલે રાતે મળીએ એક નવા દોસ્ત સાથે.'

********************

અભિ એક્ટર્સ અફ્ડા પર વહેલી સવારથી પહોંચી ગયો ને એક ખૂણામાં બેસીને કાંઇક લખવા લાગ્યો. એ લખવામાં એટલો તલ્લીન થઇ ગયો કે નાટકના રિહર્સલનો ટાઇમ થઇ ગયો ને કલાકારો આવી ગયા એનું પણ એને ભાન રહ્યું નહીં. ચૌબેજી આવ્યા કે તરત જ બધા અંદર ગયા. અચાનક અભિ પાસે ધસી ગયેલી શીલાએ કહ્યું: આજ ફિર સર સે માફી માગની હૈ ક્યા.?'

અભિને જાણે કોઇએ મોં પર પાણીની છાલક મારી હોય એમ સફાળો જાગી ગયો. બુક બગલથેલામાં નાખીને શીલાની સાથે ચાલતો થયો.

'ક્યા લિખ રહે થે કબ સે..?' શીલાએ પૂછ્યું.

'કૂછ નહીં બસ એસે હી'

'બસ એસે હી અગર કોઇ લિખ પાતા...તો ક્યા બાત હોતી.' શીલા હસીને બોલી.

બંને અંદર પહોંચ્યા કે ચૌબેજીનો અવાજ સંભળાયો: 'શીલા ઔર રિયાઝ કે સીન સે શુરુઆત કરતે હૈ..સેકન્ડ એક્ટ...પાર્ટ વન.'

શીલા સ્ટેજ પર દોડી ગઇ...અભિએ એક કોર્નર પકડી લીધો.

************************

નાટકનું રિહર્સલ પતાવીને બધા ચૌબેજીને ઘેરીવળીને બેઠાં. ચૌબેજી એમના નાટક 'અંતહિન અંત'ના દરેક પાત્રની ઝીણીઝીણી બાબત વિશે ખયાલ આપતા રહ્યા. દરેક કલાકાર એકાગ્રતાથી સાંભળી રહ્યો હતો....એક અભિ સિવાય. એનું ચિત્ત રાતે રૂમમાં આવનારા એક અજનબી ભાગેડુમાં હતું. પહેલી વખતનો અનુભવ હંમેશાં રોમાંચ જગાવનારો હોય..પણ બીજીવારનો અનુભવ પણ એટલો જ થ્રિલિંગ હોય એ જરૂરી નથી....કારણ એમાં ઘણુંબધું અપેક્ષિત હોય છે....કેટલીક ધારણાઓ બંધાયેલી હોય છે. ચંદને વાત કરી ત્યારથી અભિની ધારણાઓ બંધાવા લાગી હતી ને વિચારોના હણહણતા ઘોડાઓને છુટી લગામ મળી હતી.

મુંબઈમાં પગ મૂકતાની સાથે રહેવાની જગ્યા મળી, અશોક ટંડન જેવા ખ્યાતનામ દિગ્દર્શક અને સત્યદીપ ચૌબે જેવા સિધ્ધહસ્ત નાટયદિગ્દર્શક સાથે ઓળખાણ તાજી થઇ, ચૌબેજીએ એમના રિહર્સલમાં બેસવાની તક આપી. આ બધી ખુશી અને ખુશનસીબી હવામાં ઓગળી જશે. જો ચંદનની રુમ હાથમાંથી ગઇ તો. અને જો રૂમમાં રહું તો માથે ખતરો લટકતો રહેશે.

અચાનક લગામ તાણી હોય એમ એ બોલી ઉઠ્યો. 'ટુ બી ઓર નોટ ટુ બી.' ચૌબેજી સહિત સૌ ચોંકી ઉઠ્યા. બધાની આશ્ચર્યસભર આંખો અભિ પર મંડાઇ.....ચૌબેજીની લાલ આંખો એમના નાટક 'અંતહિન અંત'માં શેક્સપિઅરના જગવિખ્યાત નાટક હેમલેટની આ ધ્રુવપંક્તિને શોધી રહી હતી.

'ક્યા મતલબ હૈ તુમ્હારા?' ચૌબેજી ગુસ્સામાં બોલ્યા.

'સોરી, મૂંહ સે નીકલ ગયા...મૈં કૂછ ઓર સૌચ રહા થા.'

'યહી તકલીફ હૈ....છોટે શહેરો સે આયે હુએ કલાકારો કી...કોન્સન્ટ્રેશન નહીં હૈ...અપની હી ઉલઝનો મેં ઉલઝે રેહતે હૈ....અગર એક્ટર બનના હૈ...તો અપની તકલીફોં...અપની મુશ્કેલીઓ કો જુહુ કે સમંદર મેં જા કર ફેંક દો.' ચૌબેજી નાટકના સંવાદની જેમ બોલી ગયા, પણ એમના આકરા શબ્દોમાં સચ્ચાઇ હતી. અભિ માફી માગવાની સ્થિતિમાં પણ નહતો. એ નીચું જોઇને બેસી રહ્યો.

> 'અગર એક્ટર બનના હૈ...તો અપની તકલીફોં... અપની મુશ્કેલીઓં કો જુહુ કે સમંદર મેં જા કર ફેંક દો.'

'જાઓ, જુહુ કે સમંદર મેં ફેંક કર આઓ સારી તકલીફે.' ચૌબેજીના આવા આદેશની અભિ તો શું...ત્યાં બેઠેલા કોઇનેય કલ્પના નહતી. બધા અભિને જોઇ રહ્યા. અભિ ઊભો થઇને ચાલવા લાગ્યો.

******************

અભિ મોડી રાત સુધી જુહુના દરિયા કિનારે બેસીને પાછો ફર્યો ત્યારે એક્ટર્સ અફ્ડા પર કોઇ નહતું. આમેય ઝાંખો પ્રકાશ ફેંકતી લાઇટો બુઝાઇ ગઇ હતી.

એ એક ખૂણામાં બેઠો. એના કાનમાં ચૌબેજીના શબ્દો પડઘાવા લાગ્યા....દરિયા કિનારે બેસીને પોતે કરેલા સંકલ્પો મોજાં બનીને મનના કિનારે અફળાવા માંડ્યા. કાંઇપણ થાય....આજે રાતે રૂમ પર પાછું જવું નથી. આજની રાત અહીં વિતાવી દઉં. અચાનક ડંડો પછડાયો.

'રાત કો ગ્યારાહ કે બાદ ઇધર બૈઠને કા એલાઉડ નહીં હૈ.' વોચમેન જેવા એક માણસે કહ્યું.

'બસ, એક રાત કા સવાલ હૈ....સુબહ મેં નીકલ જાઉંગા..' અભિના અવાજમાં લાચારી હતી.

'એસે તો સબ સ્ટ્રગલર લોગ રાત કો ઇધર હી સો જાયેગા...બોલા ના...નોટ અલાઉડ.' અભિ એક ઝટકા સાથે બહાર નીકળીને સ્ટ્રીટ લાઇટ નીચે ઊભો રહી ગયો.

'ઓ ભાઇ સા'બ' એણે પેલા વોચમેન જેવા માણસને અજવાળામાં બોલાવ્યો.

'મેરા ચહેરા દેખ લો...અંદર કે અંધેરે મેં શાયદ દેખા નહીં હોગા. એક દિન બડા એક્ટર બનુંગા.' અભિના અવાજમાં ખુમારી હતી.

'મૈં ભી એક્ટર બનને આયા થા...ઔર આજ.' એટલું બોલીને એ ડંડો પછાડતો નીકળી ગયો ને અભિ સપનાને ચકનાચુર કરી નાખનારા એના ડંડાના અવાજને સાંભળતો રહી ગયો.

હવે ક્યાં જવું...ક્યાં રાત વિતાવવી. અભિનો થોડીવાર પહેલાનો ખુમાર ઊતરી ગયો. સપનાની દુનિયામાંથી એ વાસ્તવિકતાની નક્કર ધરતી પર ઊતર્યો.

********************

અભિ રેલવે સ્ટેશનના બાકડા પર જઇને સૂતો ને એને ફરી ડંડાનો અવાજ સંભળાયો. અચાનક પરાણે ઉઘાડવી પડેલી આંખ સામે પોલીસ હવાલદાર અને એક લુખ્ખો ઊભા હતા. એ બેબાકળો ઊભો થઇ ગયો.

'ઇધર સોને કા નહીં...ચલો ઉઠો.' હવાલદાર બોલ્યો ને દારૂના અફ્ડામાંથી દેશી દારૂની વાસ બહાર ધસી આવી. હવાલદારની બાજુમાં ઊભેલા લુખ્ખાની નસેડી આંખો ઘડીક મિંચાતી તો ઘડીક ઉઘડતી હતી. એના પગ સ્થિર થવા મથી રહ્યા હતા.

'મેરી ટ્રેન મિસ હો ગઇ ઇસલિયે સો ગયા.' અભિએ કહ્યું.

'કિધર જાને કા હૈ તુમકો?' હવાલદાર નશામાં બબડ્યો.

'સાયન.'

'સાયન કિધર..?' હવાલદારનું મગજ છટક્યું.

'સાયન કોલીવાડા'

'પૂરા એડ્રેસ બોલો.....પુરા.'

અભિ થોથવાયો...એને પૂરા સરનામાની ખબર નહતી.

'ચલો પોલીસ ચૌકી ચલો' એણે અભિના પગ પર ડંડાનો ગોદો માર્યો.

'ચલો બોલાના એકબાર'....હવાલદારના નશાએ જીદ પકડી.

બાજુમાં ઊભેલા લુખ્ખાને મજા પડી હોય એવું લાગ્યું. જેવો અભિ આગળ ગયો કે તરત લુખ્ખો હવાલદારને રૂપિયાની નોટ પકડાવીને બાકડા પર સૂઇ ગયો. અભિ હવાલદારની ચાલાકી સમજી ગયો.

'મૈં નયા હું ઇસલિયે એડ્રેસ યાદ નહીં.' અભિએ કહ્યું.

'સબ યાદ આ જાયેગા....ચલો સા'બ કે પાસ.'

'ચંદનનું એડ્રેસ, રૂમમાં ભાગેડુ...પોલીસનું પગેરું....એક્ટર બનતા પહેલા કારકિર્દી ખતમ....ધી એન્ડ. વિચારતા જ અભિને ચક્કર આવવા લાગ્યા. હવાલદાર એને રેલવે પ્લેટફોર્મને છેવાડે આવેલી રેલવે પોલીસ ચોકીમાં લઇ ગયો. અડધી ઊંઘમાં ને અડધા નશામાં ઝોકાં ખાતો પોલીસ ચોકી ઇન્ચાર્જ હવાલદારનો અવાજ સાંભળીને ખુરસીમાં થોડો ટટ્ટાર બેઠો.

'ક્યા હુઆ?' એ બબડ્યો.

'સા'બ જરા બાજુ મે આઓ.' બંને થોડા પાછળ જઇને કાનમાં ફુસફુસ કરી આવ્યા.

'પ્લેટફોર્મ પર સોને કા નહીં માલૂમ નહીં તુમ કો..?' ઇન્ચાર્જ બોલ્યો.

'નયા હું સા'બ'

'કહાં સે હો?'

'સા'બ, ભોપાલ સે....એક્ટર બનને આયા હું.'

'એક્ટર બનને?' ઇન્ચાર્જની આંખમાં વિસ્મય હતું.

'કૌન સી ફિલ્મ મેં કામ કિયા હૈ.?'

'અભી અભી આયા હું સ્ટ્રગલર હું'

'સ્ટ્રગલર...યે ક્યા હોતા હૈ.?' ઇન્ચાર્જે વારાફરતી હવાલદાર અને અભિની સામે જોતા કહ્યું. 'મૈંને સ્મગલર ઔર ગેમ્બલર સુના હૈ' હવાલદાર બાઘો બનીને જોવા લાગ્યો.

'સા'બ, સ્ટ્રગલર વો હૈ જો ફિલ્મો મેં કામ કરને કે લિયે સંઘર્ષ કરતે હૈ.'

'તો અપને આપ કો સંઘર્ષસલર બોલોના....સ્ટ્રગલર તો સ્મગલર યા ગેમ્બલર જૈસા લગતા હૈ.' ઇન્ચાર્જ ખડખડાટ હસી પડ્યો.

'દંડ ભરના પડેગા.' હવાલદારે કહ્યું.

'સા'બ ગલતી હો ગયા...દો બાર નહીં હોગા.' અભિ કરગરવા લાગ્યો.

'તુમ સ્ટ્રગલર હો યા સ્મગલર પ્લેટફોર્મ પર સોને કે લિયા દંડ તો ભરના પડેગા.' હવાલદારનો બહાર આવવા મથી રહેલો લાંચિયો સ્વભાવ બોલ્યો.

'કિતના પૈસા હે જેબ મેં.?' ઇન્ચાર્જે પૂછ્યું.

'સા'બ, સચ કહું....લાસ્ટ એક સો કી નોટ બચી હૈ.' અભિએ કહ્યું.

'હવાલદાર, ચેક કરો.' હવાલદારે ખિસ્સા ફંફોસીને સોની નોટ કાઢી લીધી

ઇન્ચાર્જ અને હવાલદારના ચહેરા પર ચમક આવી ગઇ ને અભિના ચહેરા પર માયુસી.....જોકે પોલીસે ઘરનું સરનામું નહીં માગીને કે વધુ તપાસ નહીં કરીને પોતાને બચાવી લીધો હતો અને એની સામે સો રૂપિયાની લાંચ મામૂલી હતી.

'સા'બ મુઝે લોકઅપ મેં ડાલ દો.' અભિ બોલ્યો.

'લોકઅપ મેં જાને કે લિયે ગુના કરના પડતા હૈ.' હવાલદારે કહ્યું.

'સા'બ મૈને ગુના તો કિયા ના....પ્લેટફોર્મ પર સોને કા ગુના...પ્લીઝ મુઝે લોકઅપ મેં ડાલ દો....મેરે પાસ સોને કી જગહ નહીં હૈ.' ■

## વિશેષ પ્લસ

નિધિ શુક્લ
feedback@bombaysamachar.com

# મુમ્બાઃ હજારો ખેડૂતો માટે આશીર્વાદ રૂપ સ્ટાર્ટ-અપ



### સાત મિત્રોએ મળીને શરૂ કરેલા આ સાહસનું કામ હલકી ગુણવત્તાવાળા પાકને લાંબો સમય સુધી તાજા રાખવાનું છે



મહારાષ્ટ્રમાં રહેતા ૭ મિત્રોએ સાથે મળીને ખેડૂતો માટે એક્સ્ટ્રા આવક મળી રહે એ માટે નવતર પ્રયોગ શરૂ કર્યો છે. એના માધ્યમથી ૩૫૦૦ ખેડૂત મહિલાઓને રોજગાર મળ્યો છે અને તેઓ આર્થિક રીતે સદ્ધર બની છે.

આપણાં દેશમાં પાકની લણણી બાદ કુલ ખેતીની ઊપજના ૪૦ ટકા પાકનું નુકસાન થાય છે. એને કારણે લગભગ વાર્ષિક ૧૪ બિલિયન ડૉલરનું નુકસાન થાય છે.

એને ધ્યાનમાં રાખીને તે ૭ મિત્રો વૈભવ તિડકે, સ્વપ્નિલ કોકાટે, તુષાર ગવારે, નિધી પંત, અશ્વિન પવાડે, ગણેશ ભેરે અને શીતલ સોમાણીએ ૨૦૧૯ માં ભેગા મળીને 'મૂમ્બા' નામનું સ્ટાર્ટ-અપ શરૂ કર્યું છે. તે સાતેય ખેતીનું બૅકગ્રાઉન્ડ ધરાવે છે.

તેઓ પોતાના વૈજ્ઞાનિક ક્ષેત્રનાં જ્ઞાનના આધારે ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવ્યા છે. એનાં અંતર્ગત તેમણે એક ટૅક્નિક વિકસાવી છે. સોલાર કન્ડક્શન ડ્રાયર ટૅક્નિકના માધ્યમથી ખરાબ અને હલકી ગુણવત્તાવાળા પાકને લાંબા સમય સુધી ટકી શકે એવા ટકાઉ પદાર્થમાં બદલી દે છે.

'મૂમ્બા'એ નકામા પાક માટે એક માર્કેટ ઊભી કરી છે. એના માટે સોલાર પાવરનાં ઉપયોગથી ડિહાઇડ્રેશન ટૅક્નોલોજીનો ઉપયોગ કરે છે, જે ફેંકી દેવામાં આવતા પાકની ગુણવત્તા વધારી દે છે.

'મૂમ્બા'ની માહિતી આપતાં વૈભવ તિડકેએ કહ્યું કે, 'જે ઉત્પાદનો વેચાયા નથી એને માર્કેટમાં વેચવા લાયક બનાવવામાં આવે છે. અમે ૩૫૦૦ મહિલા ખેડૂતોને વાર્ષિક ૫૦૦૦૦ થી એક લાખ રૂપિયા આવક રળી આપવામાં મદદ કરીએ છીએ.

કર્જની જાળમાં ફસાયેલા આપણાં ખેડૂતોને એમાંથી બહાર કાઢવામાં પણ અગત્યનું છે. તેમને આર્થિક રીતે સક્ષમ બનાવવાની સાથે જ તેમનું જીવન ધોરણ ઊંચું લાવવામાં પણ એ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.'

'મૂમ્બા' દ્વારા બે લાખ ટન ફૂડને વેસ્ટ થતા અટકાવવામાં સફળતા મળી છે. સાથે જ ૧.૮ મિલિયન ટન કાર્બન ડાયોક્સાઇડના ઉત્સર્જનને ઘટાડે છે.

આ સિવાય આ સ્ટાર્ટ-અપ લોકોને આર્થિક રીતે સદ્ધર તો બનાવે જ છે, પરંતુ સાથે જ ભેદભાવ રાખ્યા વગર મહિલાઓને પણ સોલાર પાવર ટૅક્નોલોજીને ઓપરેટ કરવાની તાલીમ આપે છે.

પાકને થતાં નુકસાન વિશે વૈભવ તિડકેએ કહયું કે, 'વિવિધ પરિબળો પાકને નુકસાન કરે છે, જેમ કે સાચવવાની સગવડ ન હોય, હલકી સાધન-સામગ્રી, સક્ષમ ન હોય એવી સપ્લાય ચેન અને પ્રોસેસિંગની યોગ્ય ટૅક્નોલોજીનો અભાવ.

એને કારણે આર્થિક નુકસાન થાય છે, કેમ કે તેમના પાકની કિંમત ઘટી જાય છે. એને કારણે અનેક ખેડૂતોને ના છૂટકે કર્જ લેવું પડે છે. એથી ગરીબી અને દેવાનો ભાર વધતો જાય છે.'

'મૂમ્બા' હેઠળ કાશી પવાર છેલ્લા ત્રણ વર્ષથી કામ કરે છે. અગાઉ તે અન્યોના ખેતરમાં કાળી મજૂરી કરતી હતી. એ વિશે કાશીએ કહ્યું કે, 'મારે બે કિલોમીટર સુધી ચાલીને કામની શોધમાં નીકળવું પડતું હતું.

આખો દિવસ બળબળતા તડકામાં કામ કર્યા બાદ મને દિવસના માત્ર બસો રૂપિયા મળતા હતા. પૈસાના અભાવે મારે મારી દીકરીને બાર સુધી ભણાવવી પડી હતી. જોકે અહીં કામ કર્યા બાદ મને ડબલ પૈસા મળે છે, જેમ કે દિવસનાં ૪૦૦થી ૫૦૦.

આ સેન્ટર મારા ઘરની પણ એકદમ નજીક છે, જેથી મારાં બાળકોનું પણ હું ધ્યાન રાખી શકું છું. મારી દીકરી હવે ગ્રેજ્યુએશન માટે તૈયારી કરી રહી છે.'

૭ મિત્રોનું આ સ્ટાર્ટ-અપ અત્યારે બસો કરોડ રૂપિયાનો બિઝનેસ ધરાવે છે. એમાં અંદર સોલાર પાવરનો ઉપયોગ કરીને ફળો અને શાકભાજી જેવા કે બટેકા, લીલા મરચા, વટાણા, કાંદા, લસણ, ટામેટા, પાલક અને કોળાને ડીહાઇડ્રેટ કરે છે.

સાથે જ ચોખા, સોયા અને મકાઇનો લોટ, બ્રેકફાસ્ટ સીરીલ્સ અને વિવિધ દાળને લાલ મરચા અને હળદર સાથે ભેળવીને પોષણ યુક્ત આહાર બનાવવામાં આવે છે. આ કંપનીમાં લગભગ ચાર લાખ ખેડૂતો જોડાઈ ગયા છે અને પોતાને આર્થિક રીતે સદ્ધર બનાવવામાં સફળ રહ્યા છે. ■

## આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# હું, સૂર સમ્રાજ્ઞી



રાત્રે સાડા બાર વાગે મ્યુઝિકલ શો પતાવી રાધિકા નાયર પ્રિન્સ હોટલના રૂમ-નં-૩૦૯માં પહોંચી ગઈ. મેકઅપ અને શો માટેના ભભકદાર ડ્રેસને બદલે નાઈટશૂટ પહેરતાં તેણે હળવાશ અનુભવી. સંગીતના સૂરો રાધિકાને આમ તો ઈશ્વરની સમીપ લઈ જાય છે. રાધિકા જ્યારે પણ કોઈ ગીતનું રિયાઝ કરે કે સ્ટેજ શોમાં ગાય એને કોઈ દિવ્ય અનુભૂતિ થતી. રાધિકા માટે સંગીતસાધના એ પ્રભુએ આપેલી ભેટ છે, અને એ માનતી કે આ જ રિટર્ન ગિફ્ટ મારે ઈશ્વરને આપવાની છે. બાકી આ જીવનમાં તો ડગલે ને પગલે સંઘર્ષ જ છે.

રાધિકા વિચારી રહી- આ જીવન કંઈ પરીકથા જેવું રૂપાળું નથી, કે કોઈ રાજકુમાર આવશે અને સોનાના રથમાં બેસાડીને મને રાજમહેલમાં લઈ જશે. હા, કેટલાક દુઃશાસનો ટાંપીને બેઠા જ હોય છે કે ક્યારે મારા જેવી યુવતીનું દ્રૌપદીની જેમ ચીરહરણ ખેંચવા મળે. હમણાં રાધિકાનું મન ભવની ભૂતાવળમાં ભટકી રહ્યું હતું.

સ્ટેજલાઈટની ઝાકમઝોળને ઝીલીને આવેલી રાધિકા રાત્રિના અંધકારને ભૂલવા માગતી હતી. એને યાદ આવ્યું કે આજે કાર્યક્રમ પૂરો થતાં મળેલા સ્ટેન્ડિંગ ઓવીએશનમાં જ પ્રથમ હરોળમાં- પેલા ખંધુ હસતા યુવાનેતા કુમારજી એની સાથે હાથ મિલાવવા આગળ આવ્યા હતા, પણ મેં પીઠ ફેરવી લીધી, અમે કલાકાર છીએ- કલાના પૂજક છીએ.

મુંબઈના એક ઑડીટોરિયમમાં નવરાત્રિનો કલ્ચરલ પ્રોગ્રામ યોજાયો હતો. કાકાને ઘેર રહેતી ૧૬વર્ષની રાધિકા નાયર કે જેણે ગુરુ જયરામ પંડિત પાસે શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી હતી, તેણે દ્મહિષાસુર મર્દિનીનું દિવ્ય સ્તોત્ર અદ્‌ભુત રીતે રજૂ કર્યું. મુખ્ય અતિથિ કમલ વર્માએ તેને રૂ,૫૦૦૦નું ઈનામ આપ્યું. અને પોતાની કંપની વોઈસ ઓફ ઈંડિયામાં જોડાવવા આમંત્રણ આપ્યું. આ જ કંપનીમાં રાધિકા મ્યુઝિકલ ઈવેન્ટનું સંચાલન કરે છે. મુંબઈની નાઈટ ક્લબને રંગીન બનાવવા ફિલ્મી સોંગને રજૂ કરતી રાધિકાના સૂર સાથે મેલ વોઈસ હોય તો રંગ જામે. વળી પાંચ-છ યુવતીઓના લોભામણા નૃત્ય તો રાખવા જ પડે. રાત કે સિતારેના ઈવેન્ટમાં પણ ઈનચાર્જ તરીકે રાધિકાનો ભારે ઠસ્સો જોવા મળે. રાધિકાના કલાજગતના પિતૃવત્સલ કમલ વર્માજીએ રાધિકાને કહ્યું હતું- રાધિકા આપણે બંને કૃષ્ણને ઝંખીએ છીએ. મારો કૃષ્ણ મને ભવપાર કરાવશે, જ્યારે તને કીસનજી ધન-વૈભવ આપશે. સંગીતની દુનિયામાંથી તું તારા કૃષ્ણને શોધી લે. અને જો આપણી મ્યુઝિક કંપનીને નંબર વન તારે જ કરવાની છે. એને છોડીને તારે ક્યાંય જવાનું નહીં.

તમે મારા પિતાતુલ્ય છો, પણ હવે આ કંપનીમાં મન અકળાય છે. કલાના મૂલ્ય કરતાં અહીં વધુ અનૈતિક કામ ચાલે છે. ભૂષણ તો - પણ એ કશું બોલી ન શકી.

બીજે જ દિવસે વર્માજીને એટેક આવ્યો. રાધિકા અને તેમનો દીકરો ભૂષણ તેમને હૉસ્પિટલમાં લઈ ગયા. પણ, એ તો અનંતધામે પહોંચી ગયા.

વર્માજીની અંતિમ ઈચ્છા પૂરી કરવા માટે જ રાધિકા કંપનીનું કામ સંભાળતી. એને પોતાના ગોડફાધરની અંતિમ ઈચ્છા પૂરી કરવાની હતી.

ભૂષણે એક નવી ચેનલ શરૂ કરવા પાર્ટનર શિપ કરી. રાધિકા સ્ટેજ શો અને કલચરલ ઈવેન્ટ કરવા માંગતી હતી. બંનેના રસ્તા અલગ પણ એક જ કંપનીની બે શાખા હતી.

રાત્રિના વિચારોના વંટોળમાં રાધિકાએ નિશ્ચય કર્યો કે ભૂષણના દબાણમાં કામ નહીં જ કરું. ભલે, કંપની અને મુંબઈ છોડવું પડે.

બીજે દિવસે સવારે ઘરે પહોંચી ત્યારે ચોથા માળે રહેતા ભૂષણના મેનેજરે રાધિકાના ઘરે આવીને કહ્યું- મેડમ, સાહબને બોલા હૈ તીન હફ્તેમેં નયા ઘર ઢૂંઢ લો. યે ફ્લેટ ઉન્હોને બેચ દીયા હૈ.

મગર વર્માસાહબને યે ફ્લેટ કંપની કી ઓર સે દીયા થા- મૈં કંપની જોઈંટ કી તબસે યહાં રહતી હૂં- રાધિકાએ કહ્યું.

વર્મા સાહેબને રહેને કો દીયા થા, અબ ભૂષણજી માલિક હૈ, દેખો મેડમ,તુમ ભૂષણજીસે બાત કરો. મેનેજરે કહ્યુ.

ઓકે. મૈં બાત કરુંગી. રાધિકાએ ટૂંકમાં જવાબ આપી દરવાજો બંધ કર્યો.

રાધિકાએ જૂની ફાઈલો જોઈ કદાચ કોઈ ડોક્યુમેન્ટ મળી આવે કે આ ઘર વર્માજીએ એને રહેવા આપ્યું છે, એ સાબિત કરી શકાય. લલિતા વર્માજી ખૂબ માંદા રહેતા તેથી જિંદગીના છેલ્લાં બે વર્ષ આ જ ફ્લેટમાં હતાં અને રાધિકાએ જ સેવા કરી હતી.

રાધિકાએ કોઈ દિવસ પોતાના ભવિષ્ય અંગે વિચાર્યું જ ન હતું. એ મનોમન વિચારવા લાગી કે અમારા ગામમાં દીકરીઓને ખાસ ભણાવે જ નહીં. હું ભણી હોત તો આવું ન થાત.

એક નવી સમસ્યા. મારા આપા અમ્માને છોડીને ભાગી ગયા. દારૂની લતે ચઢેલા આપા અમ્માને ઢોર માર મારતા, કારણકે અમ્માએ મને એક છોકરીને જનમ આપ્યો. મારી અમ્મા હૉસ્પિટલમાં સફાઈ કરવા લાગી, મારા કાકા મને મુંબઈ લાવ્યા. ગોડફાધર વર્માજીએ મને નામ-શાન - શોહરત અપાવી પણ હવે આ ભૂષણનો બદઈરાદો ન સાંખી શકાય.

તે રાત્રે નાઈટ ઈવેન્ટમાં મને વિકૃત રીતે ભીંસવા જતો હતો,પણ મેં એને ધકેલી દીધો હતો. ભૂષણ ૩૫વર્ષનો થયો છે, આ શિકારી હંમેશાં નવા પંખીના શિકાર કરવા તત્પર હોય છે, પણ હું રાધિકા નાયર એનો શિકાર નહીં બનું. મને એની જાળમાં ફસાવવાનો જ આ કારસો છે.

રાધિકા વિચારવા લાગી,આજે મારો દીકરો હોત તો પંદર વર્ષનો હોત, પણ તે રાત્રે ગામમાં તોફાન થયાં ત્યારે ટોળામાંથી બે પુરુષો અમારા ઝૂંપડે સંતાયા, તે હું ૧૫વર્ષની માંડ હોઈશ પેલો હવસખોર મને આભડી ગયો. છ અઠવાડિયે અમ્મા મને ડોકટર પાસે લઈ ગયા. મારું ફૂલ ત્યાંજ મૂરઝાઈ ગયું. આજે પણ પેટ પર હાથ ફેરવતાં કોઈ સ્પંદન જાગે છે. મારી છાતીમાં એ ગર્ભના ધબકાર છે. ના, હવે મારા જીવનમાં કોઈને સ્થાન નથી. આ ભૂષણ મને એની જાળમાં ફસાવશે, પણ, એ મને ક્યારે ય પામી નહીં શકે.

રાધિકાએ ગુરુજીને યાદ કરતાં કહ્યું- ગુરુજી આપ કહેતે થે, રાધે તેરી સાધના શુદ્ધ રખના, સંગીત કી સાધના એક ભક્તિ હૈ, ઉસે બિકાઉ મત સમજના- મગર, ગુરુજી યે કોમર્શિયલ યુગમેં તો દામ કરે કામ. આપ મુઝે ઈસ કંપનીમેં નંબર વન પર દેખના ચાહતે થે, આજ મૈં હૂં એ ગોલ્ડન વોઈસ ઓફ ઈંડિયા. મગર, ભૂષણ કે સાથ કૈસે કામ કરું. ન તો મૈં યે ફ્લેટ ખરીદ શકું, ન તો ઉસકે સામને લડ શકું. રાધિકાનો સંઘર્ષ હતો આત્મસમ્માનનો, જીવનને ટકાવવાનો અને બળિયા સામે બાથ ભીડવાનો.

બે જ અઠવાડિયામાં રાધિકાએ ભૂષણને ફ્લેટની ચાવી સોંપી દીધી.અને તે મુંબઈની એક મહિલા હોસ્ટેલમાં રહેવા જતી રહી. એક શાળામાં સંગીત શિક્ષિકા તરીકે કામ કરી ધન્યતા અનુભવે છે. ઈશ્વર પ્રતિ કૃતજ્ઞતા દર્શાવતાં કહે છે- આપણે ખૂબ કષ્ટ સહન કરીએ છીએ ત્યારે આપણો આત્મવિશ્વાસ તથા પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા દૃઢ થાય છે. હે, પ્રભુ તેં મને જીવનમાં ઘણું આપ્યું છે. જરૂરિયાત કરતાં ય વધુ,પણ જીવનના અનુભવોએ મને દુઃખ સહન કરવાની ગજબની શક્તિ અને સંઘર્ષો સામે લડવાની હિંમત આપી છે.

હું સ્વર સમ્રાજ્ઞી છું. યસ, આય એમ ધ ગોલ્ડન વોઈસ ઓફ ઈંડિયા. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# મોબાઈલની દુનિયામાં થશે પાર વગરના ફેરફાર...

## .....સિમકાર્ડ અને ચાર્જરની ઝંઝટ જ ખતમ !

ડિજિટલની દુનિયામાં જેટલાં ઈનોવેશન-નવ પરિવર્તન-નવી શોધખોળ થાય છે એને દૈનિક ધોરણે ગણવાં કઠિન છે. નાનું-મોટું સંશોધન કાર્ય ચાલતું જ હોય છે. કેટલાક લોકો આને 'જુગાડ'નું નામ આપે છે તો કેટલાક એને પ્રથમ સફળતા પણ માને છે. મોબાઈલ અને ઈન્ટરનેટ આ બન્ને પાસાએ એક નવું માધ્યમ ઊભું કરતા દુનિયા એક ગ્લોબલ વિલેજ બની એમ કહેવામાં કંઈ ખોટું નથી. સ્માર્ટફોનના સર્જનને ક્રાંતિ સમાન માનવું યોગ્ય છે. પ્રોફેશનલ કૅમેરાને ટક્કર મારે એવા મોબાઈલના કૅમેરાના રિઝલ્ટ અને એપ્સની દુનિયામાં ડોકિયું કરીએ તો દરિયાની ઊંડાઈ-પહોળાઈ ઓછી પડે એવી વિવિધતા છે. એક પછી એક અપડેટથી કંઈક નવી વસ્તુઓ રોમાંચને વધારી રહી છે. એ પછી નવા મોબાઈલનું માર્કેટલોંચિંગ હોય કે નવી ઑપરેટિંગ સિસ્ટમ....

કાળક્રમે બદલતી ટૅકનોલૉજીની દુનિયામાં નવું શું છે એના પર જ મોટાભાગના લોકોની નજર રહેતી હોય છે. મોબાઈલ ફોનની નાનકડી સ્ક્રિનમાંથી દુનિયાભરના વિષયો પીરસાય છે એમાં ઘણી વખત પીરસવાની શૈલીમાં વૈવિધ્ય જોવા મળ્યું છે. ગૂગલ સર્ચ બાદ AI ટૅકનોલૉજીએ નવા માર્ગ તૈયાર કરી આપ્યા છે, જે માટે અગાઉ તૈયારી કરવી પડતી, પ્રસ્તાવના લખવી પડતી. સ્માર્ટફોનની નવી એડિશનમાં સોફ્ટવેરના અપગ્રેડેશન સાથે એ વસ્તુઓ આવી રહી છે જે ખરા અર્થમાં આશ્ચર્યની ગ્રંથિને પણ ભૂકંપ જેવો અનુભવ કરાવી દેશે. ચાલો. આવા દરિયામાં ડૂબકી મારીને આવનારી મોબાઈલ ટૅકનોલૉજીના એંધાણ જોઈએ.

૫જીની ટૅકનોલૉજીના જમાનામાં ૩ડી સામાન્ય વાત છે. ૪ડીમાં હવે ફિલ્મો રજૂ થાય છે. ફોનની સ્ક્રિન પર જ એક આખી લેઝરના કિરણો જેવી ઈમેજ ઊભી થાય તો? આ ટૅકનોલૉજી આવી રહી છે મોબાઈલમાં, જેને કહેવા છે હોલોગ્રાફિક્સ ડિસપ્લે.

કૅનેડાની એક યુનિવર્સિટીએ ગુપ્તખાને કરેલો પ્રયોગ ભવિષ્યમાં આકાર લઈ શકે છે. આ પ્રયાસમાં સફળતા મળી તો ગૂગલ મેપ પરની આખી ઈમેજ ક્યાં કેવી હશે એની કલ્પના સાચી પડશે.



હાઈ-વેના મેપ ઓરિજિનલ કેવા લાગતા હશે એ સવાલનો જવાબ મળશે. ટ્રાફિક ઍલર્ટની નોટિફિશન મળશે.

અહીં ફાયદાની વાત એ છે કે, મોબાઈલ સ્ક્રિન પર તૈયાર થતી ઈમેજ એક એવો અનુભવ આપશે જાણે આપણે જ કોઈ મેપમાં રિયાલિટી જોઈ રહ્યા હોઈએ.

હવે ધારી લો કે, મોબાઈલમાંથી સિમ બદલતી વખતે કોઈ સિમકાર્ડ કોઈ કારણે ખોવાઈ ગયું તો? અથવા તો કોઈ એવું કહે કે, મોબાઈલમાં કોઈ જ પ્રકારના સિમકાર્ડના સ્લોટ જ નથી તો? 'એપલ' અને 'સેમસંગ' જેવી કંપની સિમ સ્લોટ વગરના મોબાઈલ પર કામ કરી રહી છે. આ પ્રોજેક્ટ સફળ રહ્યો તો ખરા અર્થમાં આ નવી ક્રાંતિ હશે. ટેલિફોનથી શરૂ થયેલી માહિતીસંચારની દુનિયામાં એક નવા યુગની શરૂઆત હશે.

આ પહેલા પણ કેટલીક મોબાઈલ કંપની એ વાત સ્પષ્ટ કરી ચૂકી હતી કે એમને મોબાઈલમાં સિમકાર્ડ માટે અલગ સ્લોટ ફાળવવા પડે છે, જે એમના ચીપ પ્રોગ્રામિંગને રોકે છે. આ સ્લોટ દૂર થશે તો ડિવાઈસની ખાસિયતની એક અલગ મજા માણવા મળશે એ નક્કી છે.

ચાર્જિંગ કેબલની દુનિયામાં હવે તો મોટાભાગના કેબલ સી-ટાઈપ અને ફાયબર કેબલ પર ફિક્સ થઈ ગયા છે. ભારતના સંદર્ભમાં વાત કરીએ તો 'એપલ'ના ફોનને બાદ કરતાં મોટાભાગની સી-ટાઈપની પિનથી મોબાઈલમાં ફાસ્ટ ચાર્જિંગ થાય છે. ક્યારેક ચાર્જ કરવાનું ભૂલાઈ જાય તો મોબાઈલ જાણે વેન્ટિલેટર પર જીવતો હોય એવું લાગે. માની લો કે, ચાર્જિંગ વાયર પ્લગ પણ કરી દીધો, પણ સ્વિચ ચાલું કરવાનું ભૂલાઈ ગયું અને છેક સવારે ખબર પડે તો?

આવું ન થાય એ માટે કંપની લાવે છે બેકએન્ડ ચાર્જિંગ સ્લોટ. મોબાઈલની સ્ક્રિન ઉપરની દિશામાં રહે એ રીતે મોબાઈલ એક ડિવાઈસ પર રાખી દેવાથી મોબાઈલ ફૂલ્લી ચાર્જ થશે. આ ડિવાઈસનું પરીક્ષણ થઈ ચૂક્યું છે. મોંઘીદાટ ગણાતી કારમાં પણ આ ડિવાઈસ સેટ છે. આ પરથી કહી શકાય કે, આ ડિવાઈસ માર્કેટમાં મળશે એ દિવસો દૂર નથી.

સ્વિચ ચાલું કરવાની ચિંતા કે ન કેબલ સાચવવાની ઝંઝટ. મોબાઈલ મૂકોને ચાર્જિંગ ચાલું...!

'ફોર્બ્સ' મેગેઝિનનો રિપોર્ટ તો ત્યાં સુધી કહે છે કે, તમારી હેલ્થનું ધ્યાન પણ હવે મોબાઈલ રાખશે. વાત હેલ્થની છે એ વિષયમાં એકવાત એવી પણ છે કે, ફિટનેસ સંબંધિત એપ્લિકેશનના પર્ફોર્મન્સ અને રિઝલ્ટમાં મતમતાંતર છે. 'ગૂગલ' જેવી જાયન્ટ કંપની આ વિશે રિસર્ચ કરીને કંઈક નવું આપે તો નવાઈ નહીં. પર્સનલ હેલ્થ ફિચર્સથી નોટિફિકેશન મળશે. નિષ્ણાતો ત્યાં સુધી કહે છે કે, મોબાઈલ ઓટોમેટિક રીતે સ્વિચઓફ થઈ જશે. કમ્પ્યુટરની માફક એડમિન અને ગેસ્ટ એવા એકાઉન્ટ પણ સેટ કરી શકાશે. હવે આ સિસ્ટમ આવે તો બાળકો માટે મોબાઈલને અલગથી કસ્ટમાઈઝ નહીં કરવો પડે. ■

### આઉટ ઑફ ધ બોક્સ

*'નોકિયા' અને 'બ્લેકબેરી'નો એક યુગ હતો. સફળતા એની શિખર પર હતી ત્યારે જુદા જુદા ડિવાઈસનાં લેટેસ્ટ ફિચર્સનું વૈવિધ્ય એમના માટે ઘાતક સાબિત થઈ શકે એવું બધા સ્વિકારે છે.*

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# ગુજરાત ને રાજસ્થાનનાં વિવિધ ઘાસિયાં મેદાનોમાં કલરવ કરીને થનગનતાં મુસાફર જીવ - કુંજ

**પંખીઓ** સૃષ્ટિનાં આરંભથી જ આ ધરાને વસુધૈવ કુટુંમ્બકમની ભાવનાથી જોતા આવ્યા છે અને એ ક્રમ આજ દિન સુધી ચાલતો આવ્યો છે. યુરોપિયન દેશોમાંથી ભારત આવતા વિવિધ પક્ષીઓની મુસાફરીનું વિજ્ઞાન અચરજ પમાડે તેવું હોય છે. આ સૃષ્ટિનાં સમગ્ર જમીની વિસ્તાર, સમુદ્ર અને આકાશ પર લાખો વર્ષોથી લઈને આજની ઘડી સુધી પક્ષીઓ રાજ કરતા આવ્યા છે. વસંત ઋતુ ખીલે કે આ પક્ષીઓ મુસાફરની માફક ધરતીનાં એક છેડેથી બીજા છેડા સુધી લાંબી મુસાફરીનો આરંભ કરે છે અને પતઝડની મોસમ બેસતા જ ફરી એ જ રસ્તે પરત ફરે છે, જેનું એક માત્ર કારણ છે પોતાનાં જીવનનાં અસ્તિત્વને ટકાવી રાખવું. જીવનનાં દરેક પાસાઓનો ખૂબ જ ઓછા સમયમાં અનુભવ કેળવીને કોઈ પણ જાતનાં સ્વાર્થ વિના બધી જ હકારાત્મક અને નકારાત્મક શક્યતાઓને તેઓ પોતાની આગલી પેઢીને શીખવે છે. આ જ પક્ષીઓ સરળ અને સફળ લાંબી એટલે કે હજારો માઈલની મુસાફરી માટેની વ્યૂહરચનાને દરેક સાથીદારોના મગજમાં ઠસાવી દે છે અને સઘળા પક્ષીઓ એક સાથે મુસાફરી આદરે છે. મારા પપ્પા ખેતરમાં ઊંચે નજર માંડીને કહેતા કુંજડાં આવવાનાં શરૂ થઇ ગયા એટલે હવે શિયાળો બેઠો સમજો. આ કુંજ ગજબનાં મુસાફર જીવડાં હો ભાઈ. શિયાળાનું પાકું એંધાણ જ આ પક્ષીઓ આપે. આપણા પ્રદેશમાં શિયાળુ મોંઘેરા મહેમાન કુંજનાં આગમનની શરૂઆત થઇ ચૂકી છે. સદીઓથી પક્ષીઓ આ સૃષ્ટિ પર રાજ કરતા આવ્યા છે. પક્ષીઓનાં માઈગ્રેશન રૂટ સેન્ટ્રલ એશિયન ફ્લાયવેનો મહત્ત્વનો હિસ્સો ગુજરાતમાંથી પસાર થાય છે એટલે હવે અવનવા પક્ષીઓ મુસાફર બનીને ગુજરાત આવે છે. પંખીઓનાં આવા વિશ્વને શ્રી ધ્રુવ ભટ્ટે અદ્ભુત શબ્દો આપ્યા છે.

પાંખમાં ભરીને ચલો આખું આકાશ કોઈ તગતગતા સરોવરમાં ઢોળીએ

*ભાંગતા કિનારાનું ભાંગે એકાંત એવી કલબલતી કોઈ વાત બોલીએ*

*માળાનો હોય નહીં આપણને સાદ સાવ ટૂંકા રોકાણ છીએ આપણે*

*યાયાવર ગાન છીએ આપણે*

-ધ્રુવ ભટ્ટ

નવું વર્ષ બેસે કે ગુજરાત અને રાજસ્થાનનાં રણ વિસ્તાર, ઘાસિયાં મેદાનો અને સરોવરોની આસપાસનાં ખેતરોમાં કુંજનો કલરવ ગુંજવા માંડે. વહેલી સવારે ઊંચે આકાશમાં નજર માંડો કે એકમેકની પાછળ શિસ્તબદ્ધ શેપમાં ઉડાન ભરતા નજરે ચઢે. દેખાવે આકર્ષક લાગતા કુંજ મોટા ભાગનો સમય ખોરાક શોધવામાં જ વિતાવતા હોય છે. પોતાની લાંબી અને મજબૂત ચાંચનો ઉપયોગ કરીને જમીનમાં ઉગેલા ઝાંખરાઓનાં મૂળ ખોદીને તેઓ ખાતા હોય છે આ સિવાય ખેતરમાં જમીનમાં રહી ગયેલા મુળીયાઓમાંથી અને રણ વિસ્તારનાં ઝાંખરાંઓમાંથી તેઓ ખોરાક મેળવતા હોય છે. તેઓનું દિશા જ્ઞાન અચરજ પમાડે તેવું છે. જે રૂટનો ઉપયોગ કર્યો હશે એ જ રસ્તેથી તેઓ પરત ફરે છે અને એ જ પ્રક્રિયા વર્ષો વર્ષ સુધી ચાલ્યા જ કરે છે. તેઓ નવી પેઢીનાં પક્ષીઓને રસ્તા અને રસ્તા પર આવતા સંકટ વિષે માહિતગાર કરતા હશે. મોટાભાગે તેઓ ૨૫૦૦ મીટર કરતા વધારે ઊંચાઈ વાળા વિસ્તારો પરથી ઉડવાની પ્રક્રિયાને ટાળતા હોય છે જેથી યોગ્યતા માત્રામાં હવાની મદદ મળી રહે અને શક્ય એટલા ઓછા સમયમાં યોગ્ય સ્થળે વિરામ માટે ઉતરાણ પણ કરી શકાય યુરોપિયન દેશોમાં વધુ માત્રામાં જોવા મળતું આ પક્ષી ભારતમાં રાજસ્થાન અને ગુજરાતને પોતાનું શિયાળુ આવાસ બનાવે છે. કચ્છનાં મોકળા બન્નીનાં ઘાસિયાં મેદાનો તેઓ માટે સ્વર્ગ છે.

નળ સરોવર આસપાસનાં ખેતરોમાં, કાઠીયાવાડનાં ભાલ વિસ્તારનાં મગફળીનાં ખેતરોમાં, કચ્છનાં નાના રણનાં ખુલ્લાં મેદાનોમાં આ પક્ષીઓ ખૂબ જ મોટા સમૂહમાં ઊતરે છે. આ પક્ષીઓની ઉડાનને જોઈને જાણે પળવાર માટે જગ વિસરી જવાય એવો એનો નાદ હોય છે અને અનન્ય પ્રકારની ઊડાન જોવા મળે છે. અસંખ્ય પક્ષીઓ એક સાથે ઝડપથી ઉડતા હોવા છતાં એકમેક સાથે એવો તાલમેળ જાળવે છે. તેઓ એકબીજાને મદદ કરીને સુરક્ષિત રીતે હજારો કિમી જેટલી મુસાફરી દિવસ દરમ્યાન સતત ઉડાન ભરીને પાર પાડે છે અને રાત થતા જ સુરક્ષિત વિસ્તાર પસંદ કરીને આરામ કરે છે અને દિવસની શરૂઆત થતા જ ફરી ઉડાન શરૂ કરે છે . પરત ફરતી વખતે ગુજરાતથી નીકળીને પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઈરાન, તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન અને છેલ્લે કઝાકિસ્તાન પહોંચે છે અને ફરી પાછા ગુજરાતનાં નળ સરોવર સુધી પરત ફરે છે. કુંજ માત્ર દિવસે જ ઉડાન ભરે છે અને રાત્રે યોગ્ય સ્થળે આરામ કરે છે, એમ કરતા કરતા તેઓ ૧૦-૧૨ દિવસમાં આશરે ૪૫૦૦ કિમી સુધીની મુસાફરી કરીને ગુજરાત અને રાજસ્થાનમાં ઉતરાણ કરે છે. કુંજ પક્ષીઓમાં મોટા ભાગે વડીલ કુંજ હોય જ છે જે માર્ગદર્શક બની રહે છે. અફઘાનિસ્તાન વિસ્તાર પર પસાર થતી વખતે તેઓ ખાસ સાવચેતી રાખીને ઓછામાં ઓછો વિશ્રામ કરીને પસાર થાય છે.



ગુજરાતનાં પક્ષીઓ



રાજસ્થાનનાં પક્ષીઓ

કચ્છનાં છારી ઢંઢનાં વિશાળ મેદાનો તેઓ માટે સ્વર્ગ સમાન છે. બનાસકાંઠાનો રણ વિસ્તાર, પોરબંદર નજીક આવેલ અમીપુર ડેમ વિસ્તાર, મોકરસાગર જળ પ્લવિત ક્ષેત્ર, માંડવીનો દરિયાઈ પટ્ટો, કચ્છનાં નાના રણથી લઈને રાજસ્થાનનાં આખેય રણ વિસ્તારનો વિશાળ પટ્ટો, પાકિસ્તાન તરફી આવેલો રણ વિસ્તાર જેવા ક્ષેત્રોમાં કુંજનો કલરવ આખા શિયાળા દરમ્યાન સાંભળવા અને જોવા મળે. શિયાળાની ઋતુમાં કુદરતનાં સંપૂર્ણ પણે ખીલેલા રંગો, પંખીઓનું મધુર સંગીત અને સમીરનાં સ્પર્શની શીતળતાનો અનુભવ શબ્દોમાં વર્ણવીને કોઈ સાથે શેર કરવા કરતા વગડાની વાટે જ નીસરી જવું પડે. અમદાવાદ નજીકની નવી જ જાહેર કરાયેલી રામસર સાઈટ થોળ પક્ષી અભયારણ્યમાં હાલમાં કુંજનાં ટોળેટોળા તળાવનાં કિનારે ગમ્મત કરતા જોવા મળે એમને જોવામાં મારો આખો ટંક ક્યાં જતો રહે એ સૂર્ય ક્ષિતિજ પર ઢળ્યા પછી જ ખ્યાલ આવે. ઓક્ટોબર - નવેમ્બર દરમ્યાન શરૂ થયેલું માઈગ્રેશન થકી ડિસેમ્બરમાં ખૂબ જ મોટા પ્રમાણમાં કુંજ જોવા મળે છે. માર્ચ એપ્રિલ મહિનાની ગરમી શરૂ થતા જ પોતાનાં બ્રિડીંગ ગ્રાઉન્ડ તરફ પરત ફરવા ઉડાન ભરે છે. પરત ઉડાન ભરતા પહેલા તેઓ લાંબા પ્રવાસ માટે જરૂરી એવી ઊર્જા મેળવી લે છે જેથી તેઓ ઓછામાં ઓછા સમયમાં વધારેમાં વધારે અંતર કાપી શકે.

દુનિયા માટે દિવસ ઢળે પણ મારા માટે તો દિવસ ઉગે. સોનેરી સંધ્યા ટાણે આ વિશ્વપ્રવાસી કુંજ તેઓનાં કલરવથી આખું વાતવરણ ગૂંજવી મૂકે ત્યારે એક આખો પરિવાર ક્યાંક પ્રવાસે નીકળવાનો હોય ત્યારે આદરવામાં આવતી તૈયારીઓ નજર સમક્ષ તરવરે. કોઈ પણ જીવ જ્યારે કોઈ સ્થળને પોતાનું ઘર બનાવે એટલે એ સ્થળ સાથે ગજબની આત્મીયતા બંધાઈ જાય. પોતાના જીવનનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તેઓ લાંબો પ્રવાસ ખેડીને ગુજરાતમાં શિયાળો ગાળવા આવતા આ પક્ષીઓ ઉનાળો બેસે કે અધધ લાંબી એટલે કે હજારો માઈલની સફર શરૂ કરે એ પહેલા તેઓ આખાયે આકાશમાં ગુંજતા ગુંજતા ચક્કર લગાવે જાણે તેઓ પોતાનાં ઘરને છેલ્લી વાર જતા જતા જોઈ લેતા હોય. મારા મનમાં તેઓને જોઈને એક નિઃશ્વાસ નંખાઈ જાય કે આ તળાવે ફરી હું આવીશ પણ મને કુંજની ગુંજ થોડા મહિનાઓ સુધી નહિ સાંભળવા મળે. આપણે પોતાની જાતને વિશ્વ પ્રવાસી તરીકે ઓળખાવીએ પણ આમનાથી વિશેષ વિશ્વ તો આપણે નહિ જ જોયું હોય ને?

બસ આ સફર ચાલ્યા જ કરે અવિરત! ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# તમે ખોબો માંગો અને હું દઉં દરિયો



શોધ સુખની કરવા નીકળે છે સમગ્ર સમુદાય નામે દુનિયા નામની એક નાનકડી વસ્તી અને સરી પડે છે સમૃધ્ધી કે લક્ષ્મી ફંફોસવામાં અને માલિક બનવાને બદલે ચોકીદાર બનીને હવાતિયા મારતાં વિતાવે છે જીવન શું કરીએ ? આખી દુનિયાને સુધારવાનો ઠેકો તો લીધો નથી આપણે !!! પણ જેટલાં સમજે છે એમને સુખ , સમૃદ્ધિ , આનંદ , વિલાસ ઇત્યાદિનો ફરક તો બતાડીએ !!! મહાકવિ રમેશ પારેખના આ અપ્રતિમ શબ્દદસ્તા દ્વારા

### સુખ

*સમજ્યા, ચંદુભાઈ !*
*એને ટેવ નડી, ટેવ ...*
*ખોતરવાની.*
*એ કાન ખોતરવાની ટેવ.*
*દાંત ખોતરવાની ટેવ.*
*નાક ખોતરવાનું તો બંધાણ...*
*નખ નવી નવાઈના એને જ હોય જાણે*
*બધું ખોતર ખોતર કર્યા જ કરે.*
*ઘડીય જંપ નહીં.*
*ખોતર ખોતર કરવું કાંઈ સારું છે ?*
*અરે, સાલો સાથળ ખોતરે, સાથળ.*
*કેમ જાણે એમાંથી ગગો નીકળવાનો હોય !*
*આપડને એમ,*
*છો ખોતરે*
*એની જાંઘ ઈ ખોતરે એમાં આપડે સું ?*
*પણ ચંદુભાઈ,*
*આ ખુસાલિયો કાંઈ ખોતરવે ચડ્યો, કાંઈ ખોતરવે ચડ્યો...*
*છેવટે ઈણે એનું મગજ ખોતાર્યું*
*મોટા મોટા ખાડા કર્યા ઈમાં.*
*ઘરઘરાઉ ખોતરણા કરતોતો*
*ત્યાં સુધી તો જાણે ઠીક,*
*પણ પછી તો એનો હાથ*
*મૂળો વધે એમ મૂળમાંથી વધવા લાગ્યો...*
*આપડને ઈમ કે ઈનો હાથ છે તે વધે*
*એમાં આપડે સું?*
*પણ વધતો વધતો હાથ નીકળ્યો બહાર.*
*કેછ સેરીમાં કોઈને દીઠો ન મેલે.*
*માણસનાં હાડકાં ખોતરી નાખે,*
*ઊંઘ ખોતરી નાખે,*
*વિચાર -*
*ઈનો હાથ કોલંબસ થઇ ગ્યો !*
*મૂળે ખુસાલિયાને ગોતવુંતું સુખ.*
*જોવુંતું નજરોનજર.*
*પછી પારકું હોય કે પોતાનું - પણ સુખ.*
*ઈ અડબાઉને એમ કે*
*ચોપડીયુંમાં લખ્યું હોય ઈ બધું જ સાચું હોય.*
*સુખના ઝાડવાં ફિલ્મુંમાં ઊગે*
*સુખના ફુવારા કવિતામાં ઊડે*
*નવલકથાયું વાંચે એમાં હોય સુખના હિલ્લોળા*
*તે ખુસાલિયાને બસ એમ જ થઇ ગ્યું કે સુખ હોય.*
*દીકરો અહિયાં જ થાપ ખાઈ ગ્યો...*
*એને એમ કે*
*સોમવાર રવિવાર હોય એમ સુખ પણ હોય જ !*
*ટપુભાઈને તરવેણીબહેનની જેમ*
*સુખેય આપડે ત્યાં આવે...*
*અક્કલના ઇસ્કોતરાને કહેવુંય સું ?*
*આપણે તો જાણીએ, ચંદુભાઈ કે*
*સસલાને સિંગડા હોય તો*
*માણસને સુખ હોય.*
*ઠીક છે ડાહી ડાહી વાતું કરીએ*
*ચોપડીયું વાંચીએ*
*પણ ખુસાલીયા, સુખો માટે આવી ખોતરપટ્ટી ?*
*જે નથી એને માટે આવો રઘવાટ ?*
*અભણ હતો, સાલો,*
*જે વાંચવું જોઈએ ઈ વાંચ્યું નહીં.*
*નવલકથાયું નહીં, ઈતિહાસ.*
*પૂછજો એને, ઈતિહાસ વાંચ્યો છે એણે ?*
*એમાં છે ચપટી ય સુખ મળ્યાનો ઉલ્લેખ કોઈ પાને ?*
*આપડા આ ખુસાલિયાનાં હાથ*
*જેને જેને અડે ઈ પદારથ દુખ થઇ જાય-*
*એક દિવસ ખુસાલિયો*
*પોતાના સપનાંને અડ્યોતો !*
*ત્યારથી છે આવી દિમાગને ચાટી જતી બળતરાઉં !*
*પણ હાળો, મરસે !*
*સુખ*
*નથી આઠેય બ્રહ્માંડમાં.*
*સુખ નામનો પદારથ જ નથી આ ભોં પર*
*આવી વાત ઈ જાણતો નથી*
*ઈ જ એનું સુખ !*
*આપડે સું, મરસે, હાળો ઢ*
*આપડે તો એના વધ થતા હાથની દયા આવે,*
*આવે કે નહીં, ચંદુભાઈ ?*
*બસ આજે આટલું જ...* ■

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# ફિલ્મો ઉપર ક્યાં સુધી કાતર ચાલતી રહેશે?

**સિનેમા** એક સદી કરતાં પણ વધુ લાંબા સમયથી અભિવ્યક્તિનું એક શક્તિશાળી માધ્યમ રહ્યું છે. જે ફિલ્મ સર્જકોને સમાજને પ્રતિબિંબિત કરવાની, સ્થાપિત ધોરણોને પડકારવાની અને સોસાયટીમાં પરિવર્તનને પ્રેરિત કરવા માટે એક સશક્ત માધ્યમ આપે છે. તેમ છતાં વિશ્વના ઘણા દેશમાં આ માધ્યમને સેન્સરશીપ દ્વારા સખત રીતે નિયંત્રિત કરવામાં આવે છે, જે ઘણી વખત કહેવાની જરૂર હોય તેવી વાર્તાઓને પણ પ્રતિબંધિત કરતાં અચકાતા નથી. રાજકીય દમનથી લઈને મોરલ પોલિસિંગ સુધી, સેન્સરશિપનું પ્રમાણ અને તીવ્રતા વિવિધ દેશોમાં બદલાતું રહે છે.

જોકે, એક વાત બધે જ સુસંગત રહે છેઃ ફિલ્મ સર્જકો સતત મર્યાદાઓને ઓળંગીને સિનેમાના માધ્યમને આગળ ધપાવવાનું ચાલુ રાખે છે. એ મૂકવામાં આવેલા પ્રતિબંધોને પડકારતા રહે છે ને ફિલ્મો બનાવવાનું બંધ કરતા નથી. આ ફિલ્મો માત્ર કળાકૃતિ જ નહીં, પણ પ્રતિકારક કૃત્યોનાં પ્રતીક પણ બની જાય છે. ફિલ્મો સમાજમાં એવી ચર્ચા પ્રેરે છે, જેને સત્તાધીશો બંધ કરી શકતા નથી. વિશ્વભરના પ્રેક્ષકો જુદી જુદી ફિલ્મો સાથે સંધાન સ્થાપી શકે છે. ફિલ્મની ભાષા ભલે જુદી હોય પણ પ્રેક્ષકો તેની લાગણી સમજી શકે છે.

એક સૌથી અગ્રણી ઉદાહરણ ઈરાનમાંથી લઈ શકાય. તે બંધિયાર દેશમાં જાફર પનાહી અને અસગર ફરહાદી જેવા દિગ્દર્શકોએ રાજકીય અને સામાજિક મુદ્દાઓની સૂક્ષ્મ ટીકા કરતી ફિલ્મો બનાવવા માટે કડક સેન્સરશિપનો સામનો કરવો પડ્યો હતો. ફિલ્મો બનાવવા પર પ્રતિબંધ હોવા છતાં, પનાહીએ 'ધીસ ઈઝ નોટ અ ફિલ્મ' (૨૦૧૧) બનાવી હતી. જેમાં સેન્સરશિપ સામે શક્તિશાળી વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. એ જ રીતે, ફરહાદી દ્વારા 'ધ સેલ્સમેન '(૨૦૧૬) રિલીઝ કરવામાં આવી હતી, જે એક ઘરેલું નાટક છે અને તેની વાર્તામાં દમનકારી વ્યવસ્થામાં વ્યક્તિઓ દ્વારા થતા અન્યાય ઉપર વ્યંગ કરવામાં આવ્યો હતો.

આવી ફિલ્મોની વાર્તા એક કરતાં વધુ પાસાં દર્શાવતી હતી. પ્રેક્ષકો તે ફિલ્મને એક કરતાં વધુ વખત જુએ તો તે વાર્તામાં એકની નીચે રહેલા બીજા સ્તરને સમજી શકે. કડવું સત્ય કહેવાની દરેક




દિગ્દર્શકની એક આગવી શૈલી હોય. અમુક સર્જક સુગર કોટેડ સત્ય રજૂ કરે તો અમુક કડવા સત્યને કોઈ ફિલ્ટર વિના સિનેમાના પડદે મૂકી દે.

સૌથી વધુ સેન્સર કરાયેલા ફિલ્મ ઉદ્યોગોમાંનો એક ચીનમાં છે. ઝાંગ યિમૌ જેવા દિગ્દર્શકોએ ચીની સમાજની કાળી બાજુઓ તેની ફિલ્મોમાં દર્શાવી હતી માટે એમની ફિલ્મો ઉપર પ્રતિબંધ મુકાયો હતો. એમની ફિલ્મ 'ટુ લાઇવ' (૧૯૯૪), વિદેશમાં વિવેચકો દ્વારા વખાણવામાં આવી હોવા છતાં સાંસ્કૃતિક ક્રાંતિને કારણે થતી વેદનાના નિરુપણ માટે ચીનમાં તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

એવી જ રીતે, ચેન કાઈગેની 'ફેરવેલ માય કંક્યુબાઈન' (૧૯૯૩) તેના સમલૈંગિકતાના સંશોધન અને ચીનના સાંસ્કૃતિક પરિવર્તનમાં કમ્યુનિસ્ટ પાર્ટીની ભૂમિકાના ટીકાત્મક ચિત્રણ માટે પ્રતિબંધિત કરવામાં આવી હતી. આ ફિલ્મોને તેમની પોતાની સરકારો દ્વારા નકારી કાઢવામાં આવી હોવા છતાં એ ફિલ્મોએ આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરીને સાબિત કર્યું કે કલાને એ રીતે દબાવી કે છુપાવી શકાય નહિ.

સેન્સરશિપનો મુદ્દો રાજકીય મુદ્દાઓથી પણ આગળ વિસ્તરતો હોય છે. ભારતમાં, જ્યાં મોરલ પૉલિસિંગ ઘણીવાર રાજકીય સેન્સરશિપ જેટલી કડક હોય છે; ક્ત્રક્ષ્ઠઝચ+ અધિકારો, જાતીયતા અને ધર્મ જેવા નિષિદ્ધ વિષયો દર્શાવતી ફિલ્મોએ નોંધપાત્ર પડકારોનો સામનો કરવો પડે છે.

દીપા મહેતાની 'ફાયર' (૧૯૯૬) લેસ્બિયન સંબંધો વિશેની ફિલ્મ હતી. તે ફિલ્મે આંતરરાષ્ટ્રીય પ્રશંસા મેળવવા છતાં ભારતમાં હિંસક વિરોધ અને સેન્સરશિપનો સામનો કરવો પડ્યો. એ જ રીતે, અનુરાગ કશ્યપની 'ઉડતા પંજાબ' (૨૦૧૬) જેણે પંજાબ રાજ્યમાં ડ્રગની સમસ્યાને હાઈલાઈટ કરી હતી. તે ફિલ્મે નિર્માતાઓની તરફેણમાં ચુકાદો આવતા પહેલા સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશન તરફથી ગંભીર કાપકૂપીનો સામનો કરવો પડ્યો હતો અને ત્યારબાદ જ ફિલ્મને રિલીઝ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

ન્યૂનતમ સંપાદન અને સર્જનાત્મક સ્વતંત્રતા માટેની આ લડાઈઓ એવા સમાજોમાં મોટા સંઘર્ષોને પ્રતિબિંબિત કરે છે, જ્યાં પરંપરાગત મૂલ્યોને જાળવવા અને અસંમત અવાજોને દબાવવાના સાધન તરીકે રાજકીય સેન્સરશિપનો ઉપયોગ કરવામાં આવે છે.

રશિયામાં એન્દ્રે ઝ્વ્યાગિનસેવ દ્વારા નિર્દેશિત 'લેવિઆથન' (૨૦૧૪) જેવી ફિલ્મોને રશિયન ઓર્થોડોક્સ ચર્ચ અને રાજ્યમાં ભ્રષ્ટાચારની ટીકા કરવા બદલ સરકારી અધિકારીઓના તીવ્ર વિરોધનો સામનો કરવો પડ્યો હતો. આંતરરાષ્ટ્રીય પ્રશંસા મેળવી હોવા છતાં તે રશિયન સાંસ્કૃતિક મૂલ્યો માટે અપમાનજનક ફિલ્મ માનવામાં આવી હતી. તે ફિલ્મને કારણે કલાત્મક સ્વતંત્રતા વિરુદ્ધ રાજ્ય નિયંત્રણ પર જુદા જુદા પ્લેટફોર્મ ઉપર ગરમ ચર્ચા શરૂ થઈ હતી.

આવી અને બીજી અગણિત ફિલ્મો વિશ્વભરના ફિલ્મ નિર્માતાઓની સર્જનાત્મક ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે. સારી ફિલ્મો ઉપર દમનકારી સેન્સરશિપ હોવા છતાં ફિલ્મ સર્જકો યથાસ્થિતિને પડકારતી કળાનું નિર્માણ કરવાનું ચાલુ રાખે છે. જે ફિલ્મોને અનુમતિ નથી મળતી તે તેના દેશની સીમાઓ વટી જઈને બીજા સમાજો સમક્ષ રજૂ થાય છે અને પબ્લિકને અણગમતા સત્યનો સામનો કરવા માટે તૈયાર કરે છે.

આ રીતે, વિશ્વ સિનેમાના ઇતિહાસમાં ઘણી ફિલ્મોએ સંવાદ, પ્રતિબિંબ અને આખરે પરિવર્તનના દરવાજા ખોલી આપ્યા છે. ■

વલો કચ્છ
ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# લોકઘડતરના હેતુથી મનોરંજન પૂરું પાડતા ભાતીગળ ભવાઈ વેશો

**સિનેમા,** ટીવી, રેડિયો જેવાં સાધનો ન હતાં તે યુગમાં વિભિન્ન વેશો (ભવાઈ) દ્વારા લોકઘડતરના હેતુથી મનોરંજન પૂરું પાડવામાં આવતું હતું પરંતુ રંગભૂમિના આધુનિકીકરણ અને ડિજિટલ યુગના પ્રવેશ સાથે આજે આ વેશ ભજવાતા ખૂબ ઓછા થઈ ગયા છે. જૂના સમયના કઠપૂતળી, ડાયરો, ભવાઈ, રામલીલાનાં નાટકો જેવા આયોજનો ગ્રામીણ વિસ્તારમાં પ્રચલિત મનાય છે પરંતુ એ ગ્રામીણ ખૂબસૂરતી જ્યારે શહેરી માંગરા ઊભા કરે ત્યારે વિશેષ આનંદ થાય છે. વીસરાતી જતી આ કલા સંદર્ભે સઆનંદ કહેવાનું મન થાય છે કે કચ્છમાં તો મુખ્ય શહેરોને બાદ કરતાં પ્રતિ વર્ષ ચારેક મહિના માટે ભવાઇના આવા આયોજનો ઠેરઠેર યોજાતાં રહે છે, જે ખારા રણમાં મીઠી વિરડી સમાન છે. હમણાં ગણેશ ઉત્સવ દરમિયાન ભુજ શહેરમાં સનસિટી સોસાયટીના રહેવાસી નરેશભાઇ જે. સોમૈયા પરીવાર દ્વારા ભવાઇનું ભવ્ય આયોજન થયું હતું.

ભવાઇની મુખ્ય વિશિષ્ટતા છે એનાં પાત્રો, વેશભૂષા અને ભાતીગળ ભાષાશૈલી. જેમાં નાટકની અંદર સ્ત્રીનું પાત્ર પણ પુરુષો જ ભજવે છે. પહેલા સંગીત માટે મુખ્યત્વે ભૂંગળ, તબલાં, મંજીરા, ઝાંઝ, ઢોલક, સારંગી જેવાં વાજિંત્રો સાથે પદ્ય અને ગદ્ય રજૂ કરવામાં આવતા પરંતુ હવે હર્મોનિયમ અને ઢોલક અથવા તબલા જ વાપરવામાં આવે છે. તત્કાલીન યુગમાં ગીત-સંગીત અને અભિનય વડે જે-તે સમયની સામાજિક રૂઢિઓ પર ચાબખા મારીને લોકોને ખડખડાટ હસાવવાનું કામ તેઓ ભવાઈના માધ્યમથી કરે છે તે ખરેખર સરાહનીય બાબત છે. અહીં આવેલા પાટણ જિલ્લાના 'ચામુંડા કલા મંડળ'ના કલાકારો ગોવિંદ મારાજ, મનોજ મારાજ, જયેશ મારાજ, શના મારાજ, વિષ્ણુ મારાજ, અજય અને દીપક મારાજ દ્વારા 'કરિયાવર' વિષય સાથે ભવાઈ રજૂ કરી હતી. તે પૈકીના એક જશુ મારાજ એ અસાઈત ઠાકરના વંશજ છે જે આધુનિકતા સાથે હાસ્યરસનો સર્જનાત્મક વિનિયોગ સાધવા સતત પ્રયત્નશીલ છે. તેમનું માનવું છે કે, ભવાઈ વેશ એ જ ભજવી શકે જેમનામાં અભિનયકળાની સૂઝબૂઝ, સંગીતનું જ્ઞાન અને પ્રેક્ષકો સાથે સંવાદ સાધવાની કળા હોય. હજાર



વર્ષ જૂની ભવાઈની કેટલીક લાક્ષણિકતાઓ જેવી કે પૂર્વરંગ, આવણું, પ્રેક્ષકો સાથે સીધો સંવાદ અને હાસ્યરસનો સર્જનાત્મક વિનિયોગ સાથેના સંવાદો રજૂ કરવામાં આવે છે. આ ભવાઈથી પહેલા હાલરડાં લેવાય છે એની પણ ખાસ વિશેષતા છે કે જે પણ બાળકના હાલરડાં લેવાય તે વ્યંઢળ નથી બનતો, તેનું અપમૃત્યુ નથી થતું અને દારિદ્રયનો નાશ થાય છે.

અમે ઘાઘરી પેરીને પડમાં ઘૂમ્યા, જોનારા કોઇ ન મળ્યા કવિ કાગબાપુના આ શબ્દોને ખોટા પાડતા અને ડિજિટલ યુગમાં પણ લોકશિક્ષણ અને મનોરંજન પીરસતી આ નાટ્યકળાને આસપાસની કોલોનીના ૫૦૦ થી વધુ લોકોએ માણી ત્યારે પ્રોત્સાહક પહેલ કરનાર નરેશભાઇના પ્રયાસોને અભિનંદન આપવા ઘટે. અંતે આવી વિસરાતી જતી કલાઓને 'પરંપરાથી પ્રયોગ સુધી' લાવવા સૌએ પ્રયાસ કરવા રહ્યાં.

ભાવાનુવાદઃ ટોકીઝ, ટીવી, રેડિયો જેડા સાધન ન વા હૂન જુગમેં નિડારા નિડારા વેશ (ભવાઈ) ભરાં લોકઘડતરજે હેતુસેં મનોરંજન ડિનેમેં અચીંધો હો ૫ રઙભૂમિજે આધુનિકીકરણ ને ડિજિટલ યુગજે પ્રિવેશ ભેરો આજ હી વેશ ભજવાઇંધા ઓછા થિઈ વ્યા ઐં. જૂને સમોમેં કઠપૂતલી, ડાયરો, ભવાઈ, રામલીલાજે નાટકેં જેડા આયોજનો ગામડેગામમેં પ્રિખ્યાત આય ૫ હી ગ્રામીણ ખૂબસૂરતી જેર સેરમેં માંગરા ઉભા કરીયેં તેર અજાઉ ખુસિ જુડેતિ. ભૂંસાતી વિનંધી હી કલાજે બારેમેં રાજીપે ચેજો મન થિએતો ક કચ્છમેં ત મેન સેરેંકે બાદ કઇંધે હર વરે ચારોક મેણેંલા ભવાઇજા એડા આયોજન યોજાંધા રેંતાં, જુકો ખારે રિણમેં મિઠી વિરડી સમાન આય. હેવર ગણેશ ઉત્સવ ટાંણે ભુજજે સનસિટી સોસાયટીજા નરેશભાઇ જે. સોમૈયા પરીવાર ભરાં ભવાઇજો ભવ્ય આયોજન થ્યો હો.

ભવાઇજી મેન ખાસિયત ઇ આય ઇનજા કિરધાર, પેરવેશ ને ભાતીગડ ભાષાશૈલી. જેમેં નાટકજી અંધર બાઇમાડૂ જો પાત્ર ૫ ભાઇમાડૂ જ ભજવેંતા. પહેલા સંગીતલા ભૂંગરો, તબલાં, મંજીરા, જાંજ, ઢોલક, સારઙી જેડા વાજિંધ્ર સેં પદ્ય ને ગદ્ય રજૂ કરેમેં અચીંધા વા પણ હાણે હાર્મોનિયમ ને ઢોલક કા ત તબલા જ વજાયમેં અચેતા. તત્કાલીન જુગમેં ગીત-સંગીત ને અભિનય ભેરો સમાજજી રૂઢિએંતે ચાબખા મારેને માડૂએંકે ખિલખલાટ હસાયજો કમ હિની ભવાઈજે માધ્યમસેં કરેંતા ઇ ખરેખર સૂંઠી ગાલ ચોવાજે. હિત પાટણ જિલ્લાજા 'ચામુંડા કલા મંડલ' જા કલાકારો ગોવિંદ મારાજ, મનોજ મારાજ, જયેશ મારાજ, શના મારાજ, વિષ્ણુ મારાજ, અજય ને દીપક મારાજ ભરાં 'કરિયાવર' વિષયતે ભવાઈ રજૂ કરેમેં આવઇ હૂઇ.

અમે ઘાઘરી પેરીને પડમાં ઘૂમ્યા, જોનારા કોઇ ન મળ્યા કવિ કાગબાપુજે હિન સબધકે ખોટા સાભિત કરીંધલ નેં ડિજિટલ જુગમેં પણ લોકશિક્ષણ ને મનોરંજન પિરસધિ હિન નાટચકલાકે ઓર્યાકોર્યાજી કોલોનીજા ૫૦૦ કનાં વધુ લોક માણ્યો હો તેર પ્રોત્સાહક પહેલ કરીંધલ નરેશભાજે પ્રયાસેંકે અભિનંદન ડીણા ખપે. નેં છેલે હિકડી ભરામણ કે એડી વિસરાંધી કલાએંકે 'પરંપરાસે પ્રયોગ સુધી' ગિની અચેલા મિણીકે પ્રિયાસ કેંણા પોંધા. ■

ફોકસ
સાશા શર્મા
feedback@bombaysamachar.com

# બીજાં પાંચ 'હરિયાણા' મળે તો ભારત ઑલિમ્પિકમાં પાવર હાઉસ બની જાય

## આ વખતે પણ ૨૧ ટકા ભારતીય ખેલાડીઓ હરયાણવી હતાઃ હરિયાણાની જેમ જ ખેલાડીઓ બીજાં રાજ્યો પણ તૈયાર કરવા માંડે તો ચાર ચાંદ લાગી જાય

હરિયાણાના ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ ઉજાળી રહ્યાં છે. વિવિધ રમતોમાં મેડલ્સ જીતીને દેશનું નામ ઊંચું કરી રહ્યા છે. ભારતની કુલ લોકસંખ્યામાં હરિયાણાની ભાગીદારી બે ટકા જેટલી છે. તાજેતરમાં ઑલિમ્પિકમાં ભારતે જેટલા મેડલ્સ જીત્યા છે એમાંથી ૩૦ ટકા મેડલ્સ માત્ર હરિયાણાના ખેલાડીઓએ જીત્યા છે. પૅરિસના ઑલિમ્પિકમાં ભાગ લેવા ગયેલા ખેલાડિઓમાંથી ૨૧ ટકા માત્ર હરિયાણાનાં હતાં. ત્યારબાદ પૅરાલિમ્પિકમાં ગયેલા કુલ ૮૪ ખેલાડીઓમાંથી બાવીસ હરિયાણા વતી ગયા હતાં. એથી અંદાજો લગાવી શકાય કે હરિયાણા ખેલ જગતમાં મહાશક્તિ બનીને ઊભરી રહ્યું છે. ભારતના ઈતિહાસમાં પહેલી વખત દેશે કુલ ૨૯ મેડલ્સ ઑલિમ્પિકમાં જીત્યા છે. એમાં ૭ ગોલ્ડ, બે સિલ્વર અને ૧૩ બ્રોન્ઝ મેડલ છે. આવી રીતે ૨૦૨૪ પૅરિસના ઑલિમ્પિકમાં મેડલ જીતવામાં ભારત ૧૮મા ક્રમાંકે આવ્યો છે.

હરિયાણાના સુમીત અંતિલે ૭૫ મીટર જૈવલિન થ્રોમાં બીજી વખત પૅરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. ટૉક્યો બાદ પૅરિસમાં પણ તેમણે ઈતિહાસ રચી દીધો છે. તો ચરખી દાદરીના ગામ નાંધામાં રહેતા નિતેશ કુમારે પણ પૅરાલિમ્પિકમાં પુરુષ એકલ એલએલ ૩ વર્ગમાં ગોલ્ડ મેડલ જીતી લીધો છે. જોકે બહાદુરગઢના યોગેશ કથુનિયાએ પુરુષ ડિસ્કસ થ્રો એફ ૫૬ કૅટેગરીમાં સિલ્વર મેડલ જીતીને દેશનું સન્માન વધાર્યું છે. ફરિદાબાદના મનીષ નરવાલે ૧૦ મીટર ઍર પિસ્ટલ શૂટિંગના એસએચ વર્ગમાં સિલ્વર જીત્યો છે. મહેન્દ્રગઢના કાલબા ગામના નિવાસી મોના અગ્રવાલે ૧૦ મીટર ઍર પિસ્ટલ સિંગલ ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. નોંધનીય છે કે ૨૦૨૦ ટૉક્યો પેરાલિમ્પિકમાં પણ હરિયાણાના પાંચ ખેલાડીઓએ ૬ મેડલ્સ જીત્યા હતા. જોકે તાજેતરમાં સંપન્ન થયેલા પૅરિસ ઑલિમ્પિકમાં ભારતે જીતેલા કુલ ૬ પદકોમાંથી એકલા હરિયાણાના ખેલાડીઓએ પાંચ મેડલ્સ જીત્યા હતા. એમાં એક સિલ્વર, બે બ્રોન્ઝ અને ત્રણ વ્યક્તિગત મેડલ હતા. ખેલની દ્રષ્ટિએ હરિયાણા એક મહાશક્તિ બનીને ઊભર્યુ છે. હરિયાણામાં ખરા અર્થમાં ખેલ સંસ્કૃતિ છે. એનો



અંદાજો એ વાતથી લગાવી શકાય કે કુસ્તી હોય કે બૉક્સિંગ હોય કે પછી ઍથ્લીટ હોય બૅડમિન્ટન હોય કે પછી ક્રિકેટ કેમ ન હોય, હરિયાણાના ખેલાડીઓ દરેક ખેલમાં આગળ હોય છે. ન માત્ર પારંપરિક પરંતુ પેરાગેમ્સમાં પણ તેમણે દેશનું નામ રોશન કર્યુ છે. હરિયાણા દેશનું એક માત્ર એવું રાજ્ય છે કે જ્યાં ખેલાડીઓની પ્રાથમિક ટ્રેઇનિંગ પર ભાર મૂકવામાં આવે છે. સાધારણ રૂપે ખેલાડીઓના પોષણથી ભરપૂર ફૂડ ડાએટમાં વધુમાં વધુ માસ અને ઈંડાનો સમાવેશ કરવામાં આવે છે. જોકે હરિયાણાના ૯૮ ટકા ખેલાડીઓ શાકાહારી છે. તેઓ દાળ, શાકભાજી, ઘી અને દૂધ પીને જરૂરી પ્રોટીન મેળવી લે છે. આમછતાં મેડલ્સ મેળવવામાં તેઓ મોખરે છે.

એથી જે લોકો હરિયાણાને ખેલમાં મહાશક્તિ નથી માનતા તેમની એ ધારણાં હરિયાણાના પ્રદર્શનને જોઈને ભાંગી જાય છે. પ્રસિદ્ધ સ્પૉર્ટસ રાઇટર વિનીત કરણે બે વર્ષ પહેલા આવેલી તેમની બુક 'બિઝનેસ ઑફ સ્પૉર્ટસ-ધ-વિનિંગ ઑફ સક્સેસ ફોર્મુલા'માં લખ્યું હતું કે જો હરિયાણાની જેમ ભારતનાં માત્ર પાંચ રાજ્યોમાં ખેલાડીઓને પ્રોત્સાહન મળે તો ભારત જલ્દી જ ખેલ જગતમાં મહાશક્તિ બની જશે. અમેરિકા, ચીન, બ્રિટન, ફ્રાન્સ, ઑસ્ટ્રેલિયા અને જાપાનને ખેલમાં મહાશક્તિ ગણવામાં આવે છે. દરેક ક્ષેત્રે ભારત ચમક્યુ છે, આમ છતાં રમત ક્ષેત્રે તે થોડું પાછળ રહી ગયું છે. હરિયાણા એક માત્ર એવું રાજ્ય છે, જ્યાં બાળકોને બાળપણથી ખેલ પ્રત્યે રુચિ નિર્માણ કરવામાં આવે છે. તેમને સવારે ચારથી પાંચ વાગે જબરદસ્ત ટ્રેઇનિંગ આપવામાં આવે છે. અહીંનાં ગામડાઓમાં સવારમાં રસ્તાઓ પર અને ખેતરમાં ખેલાડીઓ દોડતા, કુસ્તી કરતાં, મુક્કેબાજી કરતાં અને નિશાનેબાજીની પ્રેક્ટિસ કરતાં જોવા મળે છે. દર શનિવારે અને રવિવારે અહીંના યુવકો સમય વેડફ્યા વગર સ્પૉર્ટસમાં ઊંડા ઊતરી જાય છે. જોકે એના પાડોશી રાજ્ય પંજાબની વાત કરીએ તો ત્યાંના પચાસ ટકા યુવાનો નશાને રવાડે ચડી ગયા છે. જોકે હરિયાણા આ બાબતે નસીબદાર છે, કે જ્યાંનુ યુવાધન આવાં દૂષણમાં નથી સપડાયું. ખરેખર તો હરિયાણામાં ઘણાં સમય પહેલાથી ખેલદિલી જોવા મળી રહી હતી. કોઈપણ પ્રકારની સુવિધા વગર હરિયાણાના યુવકો ખેતરની માટીમાં પોતાની કુસ્તીની રીંગ બનાવીને પ્રેક્ટિસ કરતા હતા. ભાલા ફેંકવામાં દેશને ગોલ્ડ મેડલ અપાવનાર નીરજ ચોપડા હોય, રવી દહિયા અને બજરંગ પુનિયા હોય, ઑલિમ્પિકમાં બે વખત કુસ્તીમાં મેડલ જીતનાર યોગેશ્વર દત્ત અને સાક્ષી મલિક હોય, પછી બૉક્સિંગમાં જીતનાર વિજેન્દર સિંહ હોય કે પછી બૅડમિન્ટન ખેલાડી સાનિયા નેહવાલ હોય. આ સૌ દેશ-વિદેશમાં પોતાની મહેનત અને લગનથી પ્રખ્યાત થયાં છે. સુશીલ કુમાર એક માત્ર એવા ખેલાડી છે જેમણે અતિશય પ્રસિદ્ધિ મેળવ્યા બાદ અપરાધની દુનિયામાં ફસાયો હતો. એવા અનેક ખેલ છે જેમાં હરિયાણાને મેડલ્સ નથી મળ્યા. જોકે ભવિષ્યમાં હરિયાણા વિવિધ ખેલોમાં ચમકશે એમાં કોઈ બે મત નથી. ■

વ્યંગ
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# ચાઈનીઝ કોથમીર - આદું- મીઠો લીમડો ને દાતણ બજારમાં ક્યારે આવશે ?



'આ લઇ જાવ.તમને ફાયદો થશે.' કવિ કનુ કાછિયાએ સામેથી રાજુ રદીને સૂચન કર્યું. જયારે ગ્રાહકના ફાયદાની વાત વેપારી કરે ત્યારે સમજી લેવું કે છેવટે તો ગ્રાહકના નામે વેપારીને ફાયદો થતો હોય છે.રાજુ રદી આજે ઝપટે ચડી ગયેલો . 'ગરાશિયો વેઠે પકડાઇ ગયો' એવી કહેવત છે. રાજુ રદી પહેલીવાર શાક લેવા ગયેલો. વાસ્તવમાં રાજુને ધકેલવામા આવેલો .

એ શું છે ? કંઇક શોભાના ગાંઠિયા જેવું કશુંક હતું .રાજુ રદીને કંઇ ખ્યાલ ન આવ્યો એટલે પૂછયું :

'સાહેબ એ લસણ છે.' કવિ કનુ કાછિયાએ જવાબ આપ્યો.

તમને કવિ અને કાછિયો ઉત્તર- દક્ષિણ ધ્રુવ જેવું લાગશે. કનુ ફૂલટાઇમ કવિ હતો અને પાર્ટટાઇમ કાછિયો હતો.' નભ ઝૂક્યું તે કાનજી ને પગલી પડે તે રાધાજી જેવું અદ્દ્ભુત ગીત લખનાર પ્રિયકાંત મણિયાર બંગડી વેચતા હતા.

'કનુભાઇ, તો પછી આ શું છે?' રાજુએ બીજી ટોપલી તરફ આંગળી ચીંધી.

'સાહેબ, એ પણ લસણ છે.' કનુએ જવાબ આપ્યો.

કનુભાઇ, તમારી શોપમાં બે પ્રકારના લસણ? હજુ ત્રીજો પ્રકાર છે? રાજુએ આશ્ચર્ય પામીને પૂછયું.

ના, સર, બે જ પ્રકારના લસણ છે. કનુએ સ્પષ્ટતા કરી.

'બંને લસણ લીલા છે કે સૂકા છે?' રાજુએ નવો સવાલ વહેતો મુકયો.

'સાહેબ, બંને સૂકા લસણ છે.' કનુએ ફરી સ્પષ્ટતા કરી.

'બંનેના ભાવ શું છે? ' રાજુએ ભાવતાલ શરૂ કર્યા.રાજુ લહણ ખાઇને લસણ પાછળ પડ્યો. કેટલાક સાત્ત્વિક નેતા લસણ ડુંગળી જેવા તામસિક પદાર્થો ગ્રહણ કરતા નથી અને તેના વધતા ભાવથી વ્યથિત પણ થતા નથી.

'સાહેબ, આ લાલ ટોપલીમાં છે તે લસણ ચારસો રુપિયે કિલો છે. કાળી ક્રેટમાં લસણ છે તે દોઢસો રૂપિયે કિલો છે.'

'શું? બંને લસણ છે, પરંતુ બંનેના ભાવમાં જમીન-આસમાનનો કેમ ફરક છે? દોઢસો રૂપિયે કિલોવાળું લસણ નકલી છે? આજકાલ નકલીનો ધંધો ઉકરડાની જેમ ફૂલ્યોફાલ્યો છે.' રાજુએ તફાવતના કારણ પૂછ્યા.

'સાહેબ,કોઇ લસણ નકલી નથી. કોઇ બેનંબરી નથી.' કનુએ ખુલાસો કર્યો પછી ઉમેર્યું :

'સાહેબ, ચારસો રૂપિયે કિલોવાળું લસણ સ્વદેશી છે.'

'કનુભાઇ, દોઢસો રૂપિયે કિલોવાળુ કડી કે છત્રાલ જીઆઇડીસીની ફેકટરીમાં બનાવેલું છે?' રાજુએ પ્રશ્નનો બાઉન્સર ફેંક્યો .

'સાહેબ, તમે તો ઘરના માણસ છો. દોઢસો રૂપિયે કિલોવાળું આર્ટિફિશલ કે ફેકટરી મેઇડ લસણ નથી.' કનુએ નમ્રતાથી રહું.

'કનુભાઇ , એ લસણ વાસી કે મરી ગયેલું હશે.' રાજુએ આશંકા વ્યક્ત કરી.

'સાહેબ , તમે લસણ ખાધા વગર લસણ પાછળ પડી ગયા છો. એટલે પેટ છૂટી વાત કરવી પડશે. આ દોઢસો રૂપિયાનું કિલો લસણ ચાઇનીઝ છે!' કનુએ શાંતિથી રહસ્ય પરથી પડદો ઉઠાવ્યો.

રાજુ રદીના કાનમાં કોઇએ પરમાણુબોન્બ ફોડ્યો હોય તેમ રાજુના કાન ફાટી ગયા. કાનમાં સનન.. સનન.. સનનન અવાજ ગુંજવા લાગ્યો.

'શું કહ્યું.. ચાઇનીઝ લસણ? હવે તો ચાઇનીઝ કોથમીર , આદુ મીઠો લીમડો અને દાતણ પણ ચાઇનીઝ આવશે કે શું? ' રાજુ રદી આખલાની જેમ ભડકયો . જાણે ચાઇનીઝ' શબ્દ સાંભળ્યો જ ન હોય તેવી પ્રતિક્રિયા આપી.

'અરે, સાહેબ યે દુનિયા એક દુલ્હન, દુલ્હન કે માથે કી બિંદિયા એ દેશ ચાઇના જેવું થઇ ગયું છે. ચીન એવો ડ્રેગન છે પોતાના પડોશી દેશમાં મદદના નામે પેટમાં પહોંચી ટાંટિયા પહોળા કરે છે અને એ પાડોશી દેશને ડસી જાય છે. ચાઇનીઝ રમકડાં, રેડિયા, ચીપ, ચાઇનીઝ એપ્સ, પેટીએમ,ચાઇનીઝ ફોન, મોબાઇલ, ચાઇનીઝ કેમેરા, ફટાકડા, ઇલેકટ્રિક સિરીઝ, દીવા, ગણપતિ, લીંબુ મરચાંના તોરણ, ચાઇનીઝ ભેળ, નૂડલ્સ, મંચુરિયન. હવે કોઇ વસ્તુ પૂરેપૂરી ઇન્ડિયન રહી છે ખરી ? ગ્રાહક તરીકે બે પૈસા સસ્તું મેળવવાની લ્હાયમાં ચાઇનીઝ વસ્તુ દિલ અને દિમાગનો કબ્જો કરી રહી છે.' કવિ કનુ કાછિયાએ દાર્શનિકની જેમ આપણી દુખતી નસ પર હાથ મુકયો .

'કનુભાઇ, ચાઇનીઝ લસણ હીરાની જેમ ચમકી રહ્યું છે.' રાજુએ ચાઇનીઝ લસણની ચમકની પ્રશંસા કરી.

'સાહેબ, દરેક ચમકતી વસ્તુ સોનું ન હોય એવી કહેવત છે. ઊજળું એટલું દૂધ નહીં અને પીળું એટલું સોનું નહીં. આ લસણ એટમબોમ્બ જેવું છે. લસણમાં દુર્ગંધ નહિવત્ હોય છે, સ્વાદમાં તીખાશ ઓછી હોય છે અને તેના કદકાઠી નાના હોય છે. તેનો રંગ ગુલાબી હોય છે. લસણનો પાક લેવા માટે ચીનનાં ખેતરોમાં ખતરનાક જંતુનાશકોનો ભારે માત્રામાં વપરાશ કરવામાં આવે છે એટલે આ લસણમાં મિથાઇલ બ્રોમાઇટ,હેવી મેટલ હોય છે, જેનો વપરાશ કરવાથી ઊલ્ટી, શ્વાસની તકલીફ,અલ્સર જેવી તકલીફો થાય છે. લાંબાગાળે કેન્સર થવાની પણ વકી છે.' કનુએ નિર્દોષ દેખાતા ચાઇનીઝ લસણની ઘાતક અસર વર્ણવી.

'કનુભાઇ, બે કિલો ચાઇનીઝ લસણ તોલી દો. આમ પણ, આપણે કયાં મરવાની જલ્દી કે ઉતાવળ છે?' આમ કહી રાજુએ કનુએ ત્રણ સો રૂપિયા પકડાવ્યા.

'કહે છે કે યમરાજ અને યમદૂતોએ માણસોને મારવા માટે ઉપયોગમાં લેવાનું પાડા નામનું પ્રાણી પણ ચાઇનાથી આયાત કરવાનું એમઓયું' કરાર ચીન સાથે કર્યું છે.! ■

# એક નજર ઇધર ભી...

પ્રથમેશ મહેતા
feedback@bombaysamachar.com

## અગાસી પર ઊગાડ્યા ડ્રેગન ફ્રૂટ... મહિને રળે છે એક લાખ રૂપિયા!

### કેરળની શિક્ષિકાની નાસીપાસ થયા વિના સતત પ્રયાસ કરીને જીવનનો ઉદ્દેશ ખોળવાની અનોખી કહાણી





કેરળના કોલ્લમમાં રહેતાં ૫૮ વર્ષના શિક્ષિકા રેમાભાઈ એસ.એ હાલમાં ડ્રેગન ફ્રૂટની ખેતીની શરૂઆત કરી છે. આ ડ્રેગન ફ્રૂટની ખેતીમાં તેમણે રચનાત્મક સોઈલ વગરનો પ્રયોગ શરૂ કર્યો છે. તેઓ શિક્ષકની ફરજમાંથી રિટાયર્ડ થઈ ગયા છે. ૩૬ વર્ષ શિક્ષણ ક્ષેત્રે યુવાઓને ઝુલોજીનું જ્ઞાન આપ્યા બાદ અને પછીથી સરકારી શાળામાં હેડમિસ્ટ્રેસની જવાબદારી ભજવ્યા બાદ ૨૦૨૨માં નિવૃત્ત થયા હતા. પોતાના સમયનો સદ્ઉપયોગ કરતાં તેમણે નવી જર્નીની શરૂઆત કરી હતી. તેમણે ડ્રેગન ફ્રૂટની ખેતી કરીને નસીબ અજમાવ્યું. એના દ્વારા તેઓ દર મહિને એક લાખ રૂપિયા રળે છે. એ પહેલા તેમના માતાનું અવસાન થયું હતું. એ દુઃખમાંથી બહાર આવવા તેમને જીવન જીવવાનો ઉદ્દેશ શોધી કાઢ્યો હતો. એ વિશે રેમાભાઈએ કહ્યું કે, 'મારી મમ્મી મારી બહેન સાથે રહેતી હતી. તેનું ઘર મારા ઘરની નજીક હતું. હું જ્યારે પણ સ્કૂલથી ઘરે આવું તો તે મારી રાહ જોતી હતી. તે મારું ઉમળકાભેર સ્વાગત કરીને મને ગળે મળતી હતી. હું જ્યારે ૧૫ વર્ષની હતી ત્યારે મારા પિતાનું નિધન થયું હતું. મમ્મીએ અમારા ૧૩ ભાઈ-બહેનોનો ઉછેર કર્યો હતો. તેઓ ખૂબ સ્ટ્રૉન્ગ હતાં. તેમના અવસાન પછી તો હું સાવ એકલી પડી ગઈ, કેમ કે એ એકલવાયા ઘરમાં કોઈ મને હવે આવકારવા માટે નહોતું ઊભું રહેતું.'

રેમાભાઈએ તેમના હસબન્ડ સાથે મળીને ટૅરેસ પર ડ્રેગન ફ્રૂટ ઉગાડ્યા છે. દર મહિને તેઓ પાંચસો કિલોના ડ્રેગન ફ્રૂટ ઉગાડે છે. બસો રૂપિયા કિલોના ભાવે તેઓ મહિને એક લાખ રૂપિયાની આવક ધરાવે છે. ડ્રેગન ફ્રૂટ માટી વગર ઉગાડી ન શકાય એ જાણવા છતાંપણ તેમણે એક નવતર પ્રયોગ હાથ ધર્યો. એની માહિતી આપતાં રેમાભાઈએ કહ્યું કે, 'મારી પાસે પૂરતી ખાલી જમીન નહોતી. સાથે જ ડ્રેગન ફ્રૂટને ઉગાડવા માટે તો મારે પુષ્કળ માટી લાવવી પડે એમ હતી. ટૅરેસ પર હું માટી લાવી શકું એમ શક્ય નહોતું. એથી મેં માટી વગર ફળ ઉગાડવાનું નક્કી કર્યું હતું.'

તેમણે માટી વગર ડ્રેગન ફ્રૂટ ઉગાડવાની માહિતી આપતાં જણાવ્યું કે, 'પ્લાસ્ટિકનો કૂંડો લો અને એની નીચે કાણું કરો. એની અંદર લીલા પાંદડાનું જાડું થર રાખો. બાદમાં એના પર લાકડાનું ભૂસું પાથરો, પછી એના પર ચોખાના છોતરાં પાથરો અને એના પર ખાતરનો જાડો થર પાથરો. છેલ્લે એના પર સો ગ્રામ બોન મીલ પાથરો. ત્યારબાદ તમારો છોડ વાવો. આવી રીતે મેં દરેક કૂંડામાં બે છોડ રોપ્યા છે. આ કોમ્બિનેશન છોડને પોષણ પૂરું પાડશે અને મૂળના વિકાસ માટે યોગ્ય વાતાવરણ આપશે. મારા માટે આ એક ઉત્તમ ઉપાય છે માટી વગર છોડ ઉગાડવાનો.'

આ સાથે જ તેઓ ઑર્ગેનિક ખાતર કઈ રીતે બનાવે છે એ વિશે જણાવતાં કહ્યું કે, 'એક કિલો માછલી, જીંગા, ખેકડાના શેલ્સ અને એ જ પ્રમાણમાં ગોળ લો, એને પપૈયાની છાલ સાથે મિક્સ કરો. એને છાયડામાં રાખો એટલે ખાતર તૈયાર થઈ ગયુ, જેને ત્રણ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય છે. એમાં કેલ્શિયમ અને ફોસ્ફરસની માત્રા પૂરતા પ્રમાણમાં હોય છે. ડ્રેગન ફ્રૂટના વિકાસ માટે આ મિનરલ્સ ખૂબ અગત્યનાં છે.'

માટી વગરની ખેતી દ્વારા તેણે ટકાઉ અને અસરકારક ઊપજ મેળવવાનો ઉપાય શોધી કાઢ્યો છે. રેમાભાઈ જેટલા પણ ફળ ઉગાડે છે એ તરત વેંચાઈ પણ જાય છે. એમાંથી કેટલાક ફળ તેમણે પોતાના દીકરા ક્રિષ્ના અદ્વૈતને પણ મોકલ્યા હતાં. એ ફ્રેશ ફ્રૂટ ખાઈને તેની ખુશીની કોઈ સીમા ન રહી. એ વિશે ક્રિષ્નાએ કહ્યું કે, 'મારી મમ્મી ફ્રેશ ફ્રૂટસ મોકલીને મારા પર આવી રીતે પ્રેમ ઠાલવ્યો છે. આ મારા ફૅવરિટ ફ્રૂટ્સ છે અને એ પણ ઘરે ઉગાડેલા ઑર્ગેનિક છે, જે ખૂબ ટેસ્ટી પણ છે. મારા માટે સૌથી મોટી રાહત એ છે કે હું હવે જ્યારે પણ ઇચ્છા થાય ઘરે ઉગાડેલા ફળ ખાઈ શકું છું.'

મમ્મી આ ઉંમરે પણ રિટાયર્મેન્ટ બાદ ઍક્ટિવ રહે છે એ વાતની ક્રિષ્નાને ખુશી છે. એ બાબત ક્રિષ્નાએ કહ્યું કે, 'મારી ઇચ્છા છે કે મારા પેરન્ટ્સ નિવૃત્તિ બાદ પણ સક્રિય રહે, એક વખત જો તમે બેઠાડુ જીવન શરૂ કરો એટલે તમને વિવિધ બીમારીઓ ઘેરી વળે છે. મને એ વાતની ખુશી છે કે તેમણે ડ્રેગન ફ્રૂટ્સ ઉગાડીને નવતર પ્રયોગ શરૂ કર્યો છે. તે દરેક ફળને પોતાના બાળકની જેમ માવજત કરે છે.'

૫૮ની ઉંમરે રેમાભાઈ જે પ્રકારે સક્રિય છે એ જોઈને તો યુવાઓ પણ શરમાઈ જાય. એ વિશે રેમાભાઈ કહે છે, 'હું ૫૮ની છું અને મને એમ લાગે છે કે હું ૨૦ વર્ષની છું. દરરોજ મારી ટૅરેસ પર ૨૦૦થી ૩૦૦ ફૂલો ખીલે છે, એ જોઈને તો હું પણ તરોતાજા થઈ જાઉં છું. મારી નકારાત્મક લાગણીઓ અને ચિંતાઓ દૂર થઈ જાય છે.' ■

ધીરજ બસાક
feedback@bombaysamachar.com

## ઝીરો મ્યુઝિક ફેસ્ટિવલ... નામ તો સુના હોગા?

### ન સાંભળ્યું હોય તો અરુણાચલ પ્રદેશના આ વિશિષ્ટ સંગીત જલસાનું અથથી ઈતિ જાણી લઈએ



**કહેવાય** છે કે સંગીતને કોઈ સીમા નથી નડતી અને આ જ કારણ છે કે દેશ-વિદેશનાં કળાપ્રેમીઓ અરુણાચલ પ્રદેશમાં આયોજિત થનાર 'ઝીરો મ્યુઝિક ફેસ્ટિવલ'ની આતુરતાથી રાહ જોતા હોય છે. આ વર્ષે પણ એની ઉત્સાહપૂર્વક ઉજવણી થવાની છે. ચાર દિવસીય આ ફેસ્ટિવલ ૨૬થી ૨૯ સપ્ટેમ્બર સુધી અરુણાચલ પ્રદેશની ઝીરો ઘાટીમાં યોજાવાનો છે. આ ફેસ્ટિવલને સ્વદેશી અપતાની જનજાતિ દ્વારા યોજવામાં આવે છે.

આ એક મ્યુઝિક પૂરતો જ સીમિત ઉત્સવ નથી, પરંતુ એ સ્થિરતા, સાંસ્કૃતિક વિવિધતા અને સામુદાયિક સમરસતાનું ઉદાહરણ પૂરું પાડે છે. આ ઉત્સવમાં અનેક પ્રસિદ્ધ કલાકારો સામેલ થાય છે. એમાં કોલકાતાના ફકીરા, અરુણાચલ પ્રદેશના ડોબોમ ડોજી ક્લેક્ટિવ, સ્વિડનથી હૉલો શિપ, કેરળથી ગૌવલી, દિલ્હીથી પરિક્રમા, ગોવાથી પિંક મૉસ અને બેન્ગ્લુરુથી હનુમાનકાઇંડ જેવા ગ્રૂપ પર્ફોર્મ કરવાના છે.

કર્ણપ્રિય સંગીતની સાથે ખૂલ્લા આકાશ નીચે બેસીને તારાઓને જોવા એ કાંઈ અલગ જ આનંદ આપે છે. આ ઉત્સવની શરૂઆત ૨૦૧૨માં બૉબી હાનો, મેનહોપૉઝ અને ગિટારવાદક અનુપ કુટ્ટીએ કરી હતી. આ સંગીત મહોત્સવમાં અત્યાર સુધી એક એકથી ચડિયાતા કલાકારોએ ભાગ લીધો છે. એમાં અત્યાર સુધી લી રોનાલ્ડો, સ્ટીવ શેલી, દામો સુઝુકી, શાય બેન તજુર, મોનો ડિવાઇન, એસિડ મધર્સ ટેમ્પલ, લૂવ મઝૉ, શાયર એન ફંક જેવા આંતરરાષ્ટ્રીય કલાકારોએ લોકોને પોતાની ધૂન પર નચાવ્યા હતાં.


આ ફેસ્ટિવલની તૈયારીમાં મોટા ભાગે સ્થાનિક સામગ્રીઓનો ઉપયોગ કરવામાં આવે છે. એને પર્યાવરણને ધ્યાનમાં રાખીને ઉજવવામાં આવે છે. ભારત સરકારના પર્યટન મંત્રાલય અને અરુણાચલ પ્રદેશના પર્યટન મંત્રાલયનો આ ઉત્સવને ટેકો હોય છે. આ ઉત્સવમાં ત્રણ સ્ટેજ હોય છે. એકનું નામ ડોની એટલે કે સૂર્ય, બીજાનું નામ પિઇલો એટલે કે ચન્દ્ર અને ત્રીજા સ્ટેજનું નામ તાકર એટલે કે તારા થાય છે. આ ત્રણેય મંચને સ્થાનિક કારીગરો દ્વારા બનાવવામાં આવે છે. જેમાં સંપૂર્ણરીતે વાંસનો ઉપયોગ કરવામાં આવે છે. સાથે જ એમાં પ્લાસ્ટિકનો ઉપયોગ જરાપણ નથી કરવામાં આવતો. સાથે જ આ ફેસ્ટિવલમાં સામેલ લોકોને પણ ગંદકી ન કરવાનો સંદેશ આપવામાં આવે છે.

આ સંગીત સમારોહમાં રૉકથી માંડીને લોક સુધીની અનેક સંગીતની શૈલીને રજૂ કરવામાં આવે છે. આ મંચ દ્વારા પૂર્વોત્તરના ઊભરતા કલાકારોને પણ પ્લૅટફૉર્મ આપવામાં આવે છે. આ ફેસ્ટિવલની લોકપ્રિયતા દિવસે ને દિવસે વધી રહી છે. આ જ કારણ છે કે આ ઉત્સવમાં પંડિત વિશ્વ મોહન ભટ્ટ, જ્યોતિ હેગડે, સુકન્યા રામગોપાલ અને ડૉ. કમલા શંકર જેવા શાસ્ત્રીય સંગીતકારોએ પણ ભાગ લીધો હતો.

આ શાનદાર કાર્યક્રમમાં ભાગ લેવા માટે ભારતીયોને ઇનર પરમિટ અને વિદેશીઓને સંરક્ષિત પરમિટ લેવાની જરૂર હોય છે. આ તમામ પરમિટ ભારતના તમામ પ્રમુખ પર્યટન કાર્યાલયમાંથી મળી રહે છે. અહીં આવવા માટે પ્લેનથી આવવું હોય તો ઇટાનગર ઍરપોર્ટ પર ઊતરવાનું હોય છે. જો ટ્રેનથી આવો તો ઇટાનગરના નાહરલાગુન રેલવે સ્ટેશન પર ઊતરવાનું જે આ ફેસ્ટિવલના આયોજન સ્થળની એકદમ નજીક છે. ■

નરેન્દ્ર કુમાર
feedback@bombaysamachar.com

## કન્ટેન્ટ ક્રિએટરઃ નંબર વન કારકિર્દી



**સોશિયલ** મીડિયા પર હાલમાં જે કન્ટેન્ટ ક્રિએટર્સની લાંબી ફોજ છે તેમાંથી અમુકે જ વિચાર્યું હશે કે ભવિષ્યમાં તેઓ જાણીતા કન્ટેન્ટ ક્રિએટર્સ અથવા સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ બની જશે. શરૂઆતમાં કેટલાકે આ સફર ફક્ત શોખ ખાતર શરૂ કરી હતી, પરંતુ આજે સોશિયલ મીડિયામાં કન્ટેન્ટ ક્રિએશનની એક મોટી ઇકોનોમી બની ગઇ છે. વિશ્વની વાત અલગ રાખીએ, ફક્ત હિન્દુસ્તાનની વાત કરીએ તો ૧૦ લાખથી વધુ લોકો જે યૂ-ટ્યૂબ પર પોતાના શોખને ખાતર નહીં, પણ પોતાની રોજીરોટી રળવા માટે કન્ટેન્ટ અપલોડ કરે છે. તેમ છતાં આ અંગે કોઇ સત્તાવાર આંકડો તો નથી, પરંતુ વિવિધ અનુમાન લગાવનારા ગ્રુપ જેઓ સક્રિય છે તેમના જણાવ્યાનુસાર સોશિયલ મીડિયા પર અંદાજે છ લાખ લોકો મધ્યમ સ્તરની કમાણી કરી લે છે એટલે કે તેમને દર મહિને અંદાજે રૂ. ૩૫,૦૦૦થી રૂ. ૪૦,૦૦૦ મળી રહે છે. અંદાજે વીસથી ૩૦ હજાર એવા કન્ટેન્ટ ક્રિએટર્સ છે જેઓ દર મહિને સરેરાશ ૭૦થી ૮૦ હજાર રૂપિયા કમાવે છે. આ સિવાય અંદાજે ૫,૦૦૦ એવા સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર છે જેઓ વર્ષના રૂ. ૧૨થી રૂ. ૧૪ લાખ કમાવે છે અને ૩૦૦થી ૫૦૦ એવા કન્ટેન્ટ ક્રિએટર્સ છે જેમની વર્ષની આવક રૂ. પચાસ લાખ અથવા તેનાથી વધુ છે.

આના પરથી અંદાજ લગાવી શકાય છે કે ધીરે ધીરે કેવી રીતે સોશિયલ મીડિયા એક મોટી અર્થવ્યવસ્થાના રૂપમાં આગળ વધી રહી છે. એક અમેરિકી અધ્યયન પ્રમાણે ૨૦૨૨ના અંત સુધી કન્ટેન્ટ ક્રિએશન ઇકોનોમી ૨૧ અબજ ડૉલરની પાર પહોંચી ગઇ હતી અને ૨૮થી ૩૦ ટકાના દરે નિયમિત રીતે આગળ વધી રહી હતી. ૨૦૨૦-૨૧માં તો કન્ટેન્ટ ઇકોનોમી ૧૦૦થી ૧૭૫ ટકા વધી હતી. આજની લાઇફસ્ટાઇલનો સોશિયલ મીડિયા કન્ટેન્ટ જે રીતે હિસ્સો બની ગયો છે તે જોઇને એવું જરાય લાગતું નથી કે આ ક્ષેત્રે ક્યારેય મંદી આવશે. એનું એક કારણ એ પણ છે કે ઉદ્યોગ જગતમાં પોતાના કારોબાર સૌથી સસ્તી જાહેરખબર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આપી શકાય છે અને ભવિષ્યમાં પણ આવી જાહેરખબરો સસ્તામાં જ આપી શકાશે. એટલે જ ફક્ત ભારતની કન્ટેન્ટ ઇકોનોમી ૩૦૦ અબજ રૂપિયા પાર કરી ચૂકી છે અને વૈશ્વિક સ્તરે કન્ટેન્ટ ઇકોનોમી ૧,૦૦૦ અબજ રૂપિયાને પાર પહોંચી ગઇ છે.

આ તમામ નિષ્કર્ષો તરફથી એક વાત તો સાફ થઇ ગઇ છે કે ભવિષ્યમાં કન્ટેન્ટ ક્રિએટરોની માગ વધુ હશે. ખાસ કરીને આગામી વીસથી પચીસ વર્ષથી ભારતમાં આની બોલબાલા તો રહેવાની જ છે. જે રીતે ભારત વિકાસશીલથી વિકસિત દેશ તરફ આગળ વધશે સોશિયલ મીડિયા પર તેની ધમધમાટી બની રહેશે અને આ હાલચાલ જ કન્ટેન્ટ ઇકોનોમીને નવી ઊંચાઇ પર લઇ જશે.

સવાલ એ છે કે જો તમને આ ક્ષેત્રમાં પોતાનું કરિયર બનાવવું હોય તો તમારામાં કોઇ વિષય પર સંશોધન, લેખન, સંપાદનની સાથેસાથે ટાર્ગેટ ઓડિયન્સની જરૂરિયાતોને સમજવાના ગુણ છે? કોઇ પણ કન્ટેન્ટ ક્રિએટરને સૌથી પહેલા એક એવા લેખક બનવાનું હોય છે જેના લખાણને ઓડિઅન્સ જોવા અથવા વાંચવા માટે ઉત્સુક હોય. તમારામાં કન્ટેન્ટ ક્રિએટર બનવાના તમામ ગુણ હોવા જરૂરી હોય છે.

આવનારા દિવસોમાં કન્ટેન્ટ ક્રિએશન એક વ્યક્તિગત બિઝનેસ નહીં રહે, પણ તેની માટે ટીમ પણ બનાવવી પડશે તેથી પ્રોફેશન કેમેરામેનથી લઇને પ્રોફેશનલ વીડિયો એડિટર સુધીની માગ વધુ રહેશે, પણ શરૂઆતમાં આ બધા કામ તમને જ શિખવા પડશે જેથી આ ક્ષેત્રમાં પગદંડો જમાવી શકાય. જ્યાં સુધી કન્ટેન્ટ ક્રિએટર બનવાનો સવાલ છે ત્યાં સુધી ઔરચારિક ડિગ્રી માટે રાઇટિંગ, કૉપી રાઇટિંગ, કન્ટેન્ટ સ્ટ્રેટેજી, સોશિયલ મીડિયા કન્ટેન્ટ ક્રિએશન અને કન્ટેન્ટ મેનેજમેન્ટ જેવા કોર્સ પર વિચાર કરી શકાય છે. યુડેમી, લિંક્ડઇન લર્નિંગ અને હૉબ્સપૉટ જેવા પ્લેટફોર્મ પૂરી દુનિયામાં ઉપલબ્ધ છે જે આ ક્ષેત્રમાં તમામ વ્યવહારિક કોર્સ મફતમાં કરાવે છે અથવા બહુ નજીવો ચાર્જ કરે છે. આ સિવાય ઘણા ઓનલાઇન કોર્સ પણ છે જેની તમે પસંદગી કરી શકો છો. ■



પ્રભાકાંત કશ્યપ
feedback@bombaysamachar.com

## નબળો કે સબળો? બંધારણમાં દરેકને મફત કાનૂની મદદની ગેરન્ટી

**ભારતીય** બંધારણનો અનુચ્છેદ ૩૯એ સમાજના દરેક ગરીબ અને નબળા વર્ગોને મફત કાયદાકીય સહાયતા પ્રદાન કરે છે જેથી બધાને માટે ન્યાય સુનિશ્ચિત થઈ શકે. બંધારણ મુજબ રાજ્યનું એ દાયિત્વ છે કે આર્થિક અસમર્થતા કે કોઈ અક્ષમતાને લીધે દેશનો કોઈ નાગરિક ન્યાયથી વંચિત ન રહી જાય એની તકેદારી લે. નિઃશુલ્ક કાનૂની સહાયતા દરેક ભારતીયને મળેલી બંધારણીય ગેરન્ટી છે. આ કોઈ સરકાર દ્વારા થતો પરોપકાર નથી. કાનૂની સેવા પ્રાધિકરણ અધિનિયમ -૧૯૮૭ના વિવિધ સહાયતા કાર્યક્રમોને કાર્યાન્વિત કરવાના હેતુ પાર પાડવા નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી (એનએલએસએ) અને સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટી (એસએલએસએ)ની રચના કરાઈ છે. આની પાછળનું કારણ એ છે કે રાજ્ય માટે કાયદા સમક્ષ સમાનતા અને બધાને માટે સમાન અવસરના આધાર પર ન્યાયને પ્રોત્સાહન આપવો કાનૂની રીતે અનિવાર્ય છે.

૧૯૮૭માં નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટીની સ્થાપનાનો પ્રસ્તાવ સંસદમાં બહાલ કરવામાં આવ્યો હતો જે સમાન અવસર દેવાના આધારે સમાજના કમજોર વર્ગોને મફત સક્ષમ કાનૂની સેવા પૂરી પાડે છે. આને માટે એક રાષ્ટ્રવ્યાપી નેટવર્ક નવ નવેમ્બર, ૧૯૯૫એ સ્થાપિત કરવામાં આવ્યું. એનએસએલએની રચના કાનૂની સહાયતા કાર્યક્રમોને અમલમાં મૂકવા પર દેખરેખ રાખવા અને મૂલ્યાંકન કરવા કરાઈ. આ પ્રક્રિયા હેઠળ દરેક રાજ્યમાં એક સ્ટેટ લીગલ સર્વિસિસ ઓથોરિટીની રચના અને દરેક હાઈકોર્ટમાં એક કાનૂની સેવા સમિતિની સ્થાપના કરવામાં આવી. આ યોજનાને પ્રભાવી બનાવવા અને લોકોમાં એ અંગે જરૂરી જાણકારી દેવા તથા રાજ્યમાં લોક અદાલતોનું સંચાલન કરવા દેશના દરેક જિલ્લામાં મોટા ભાગના તાલુકામાં ડિસ્ટ્રિક લીગલ સર્વિસીસ ઓથોરિટી અને તાલુકા ઓથોરિટીની સ્થાપના કરાઈ. હકીકતમાં હાઈકોર્ટ લીગલ સર્વિસીસ કમિટીની રચના લીગલ સેવા કાર્યક્રમોને પ્રશાસિત કરવા અને અમલમાં મૂકવા કરવામાં આવી. આ ભારતના હાઈકોર્ટને સંબંધિત છે. **નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી નીચેનાં કાર્યો કરે છે.**

- આ જરૂરતમંદ નાગરિકોને નિઃશુલ્ક અને સક્ષમ લીગલ સેવા પ્રદાન કરે છે. વિવાદોના સૌહાર્દપૂર્ણ સમાધાન માટે લોકઅદાલતનું આયોજન કરે છે અને ગ્રામીણ ક્ષેત્રોમાં કાનૂની જાગૃતિ શિબિરો ચલાવે છે.

### ઉપલબ્ધ નિઃશુલ્ક કાનૂની સેવાઓઃ

આ ઓથોરિટી નીચે પ્રમાણેની કાનૂની સેવા આપે છે :

- કોર્ટ ફી, પ્રોસેસ ફી અને કાનૂની કાર્યવાહીના સંબંધમાં બધા પ્રભારોની ચુકવણી
- કાનૂની કાર્યવાહીઓ માટે જરૂરતમંદોને મફત વકીલોની સેવા આપવી.
- મુદ્રણ અને કાનૂની કાર્યવાહીમાં દસ્તાવેજોનો અનુવાદ સહિત અપીલ તથા પેપર બુકની તૈયારી

**કોને સહાયતા મળી શકે?**

- દિવ્યાંગોને
- આદ્યોગિક મજૂરોને
- કસ્ટડીમાં રહેલા આરોપીને
- વિવિધ પ્રકારની સામૂહિક આપદા, હિંસા, પૂર, દુકાળ, ભૂકંપ અને ઔદ્યોગિક દુર્ઘટનાના ભોગ બનેલાઓને
- જે વ્યક્તિની વાર્ષિક આવક એક લાખ રૂપિયાથી ઓછી છે તેને પણ મફત કાનૂની સેવા મેળવવાનો હકક છે.
- આના સિવાય માનવ તસ્કરીના ભોગ બનેલાઓને અને ભિખારીઓને મફત કાનૂની સેવા ઉપલબ્ધ છે.

**કયા કેસમાં સેવા નથી મળતી?**

- માનહાનિના કેસમાં
- દ્વેષપૂર્ણ અભિયોજનમાં
- અદાલતના તિરસ્કારમાં
- ખોટી સાક્ષીના કેસમાં
- ચૂંટણી સંબંધી કેસમાં
- આર્થિક અપરાધના કેસમાં
- અને એવા કેસમાં નહીં જેમાં પાંચ હજાર રૂપિયાથી ઓછા દંડનો કેસ હોય અને એ કેસમાં પણ સહાયતા ન મળે જેમાં વ્યક્તિ પોતે ગુનામાં સીધો સામેલ ન હોય.

**કેવી રીતે મળે મફત કાનૂની સહાયતા**

આને માટે અરજી ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી, હાઈકોર્ટ લીગલ સર્વિસ કમિટી, સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટીમાં કરવી પડે. આ મફત કાનૂની સેવા એનએસએલએના પોર્ટલ અને સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટીની વેબસાઈટમાં ઓનલાઈન પણ મળી શકે. ■

## ૪. ધાર્મીક સંબંધી

**સામૂહિક શ્રીમદ્ ભાગવત કથા**
સમદર્શન સેવા પરિવાર 300 પરિવાર - અન્નદાન, દહાણુ- આદિવાસી 3000 વિદ્યાર્થીઓના લાભાર્થે, વ્યાસપીઠ ઈશ્વરચંદ્ર વ્યાસજી, પવિત્ર પિતૃપક્ષમાં - 25 સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર, યમુનાષ્ટકમ, પોથી પૂજા, કથા- વિશ્વકર્મા AC Hall, વિલેપાર્લે વેસ્ટ. પોથી યજમાન, અમાસ-પિતૃતર્પણ, હવન. 9324250850. (૧૪૯૪૩/એ)

## ૭. ખુશખબર

**સિનિયર સિટિઝન**
મુંબઈમાં ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૧૭૨)

## ૯. લગ્ન સંબંધી

■ સુખી કુટુંબના વડીલને કંપની આપી શકે તેવી ઘરગથ્થુ વહુ (મેમણ, ખોજા, વોરા ચાલશે) 9377992110, 7046555148, 9867510027. (દહેજ નહીં) (બી-૧૪૮૯૯)

■ મરાઠી કન્યા ઉંમર 27, ઊંચાઈ 5' શિક્ષણ - કરિયાણાની દુકાનમાં કામ કરે છે, પગાર - 9,000/- છોકરીના માબાપ નથી, કાકા કાકી સાથે રહે છે, અપેક્ષા મહેનતુ નિર્વ્યસની છોકરો જોઈએ, ઉમરબાધ નથી. તાત્કાલિક લગ્નઃ મોબાઈલ - 9579032497. (દહેજ નહીં). (બી-૧૪૯૦૨)

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૪૯૯૪-ડી)

**સમુહ જનોઈ**
બ્રાહ્મણ સેવાસમાજ તા. 17/11/2024 Rs. 10,000/-, કાંદિવલી ખાતે. સંપર્ક - અલકેશભાઈ વ્યાસ- 9819673665. (દહેજ નહીં). (૧૪૯૧૧-એ)

**50થી ઉપરના**
મહિલા/ પુરુષો સાથી માટે સંપર્ક - પરિચય કેન્દ્ર - 9967894750. (દહેજ નહીં). (બી-૧૪૮૭૦)

**જૈન વૈષ્ણવ**
બધા Age ગ્રુપના યુવક-યુવતીઓના Bio-data whatsapp ગ્રુપમાં મળશે. Rs. 500/- "Kapil Sagpan" 9324863855. Sunday Get together છે. (દહેજ નહીં). (બી-૧૪૭૪૩)

## ૧૦. મહિલાઓ માટે

**વેડિંગ સેલ**
**સ્પેશિયલ ઓફર અપટુ 50% ડિસ્કાઉન્ટ વુમન્સ કાર્નિવલ સેલ ડિઝાઈનર સાડી, પૈઠણી, બનારસી, કાંજીવરમ, ચણિયાચોળી, સલવાર સૂટ-કુર્તી, ગાઉન, 6 અને 9 વારી સાડી. સંપર્ક - ''પલ્લરી'' - દાદરકર બિલ્ડિંગ, ઈન્ડિયન બેન્કની સામે, એન. સી. કેલકર રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ. જીપે - પેટીએમ દરેક કાર્ડ સ્વીકાર્ય. (૧૫૦૦૬-ઈ)**

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Tel. : 28811012
Mobile: 9820489442
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.

DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
S. ARTS ADVERTISING
Tel: 23415111
Tel.Fax: 23415222
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

## ૧૨. યાત્રા સહેલગાહ

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૧૫૪)

**ચાલો અયોધ્યા નેપાલ**
સાથે ચિત્રકુટ, વારાણસી, પ્રયાગરાજ, મિનિમમ બે થી વધુ પ્રવાસીઓને અનુકૂળ તારીખે (ગ્રુપ પણ આવકાર્ય) સ્પેશ્યલ વાહન દ્વારા - 9967894750. (બી-૧૪૯૦૩)

■ **નવીજ ઇનોવા ક્રિસ્ટા, કિયા કરન્સ, અર્ટિગા 6 સીટર ભાડે મળશે. ''નીલ - તેજ - ટ્રાવેલ્સ'' - 8828221010 / 9322694599. (બી-૧૪૭૭૯)**

## ૧૪. નોકરી ખાલી છે

COMPANY REQUIRES RE-tired/ Homemakers/ Bankers/ Pensioners. Salary+ Incentives : 9619666037 /6289194190. (B-14916)

**REAL ESTATE**
Sales Wanted 10 Male candidates to Work at a reputed Real Estate Company at Juhu Scheme Earn 10 lacs annually, On Commission basis. Field job 10 am to 7 pm Pro-file-Site Visits, Inspections, Meetings Whatsapp CV 7021919014. (14982-G)

OPENING IN GOVERNMENT Bank Insurance Department Part time Assured income. Get Training from Symbiosis Institute, Recognise urself Internationl Level. Age 45 above 9324545859. (B-14913)

WANTED CANDIDATE TO work at our BSE Office, with Computer knowledge, especially knowledge of Share Dealing & Back Office preferred. Post Your CV on 9821115814. (220)

## ૧૭. જગ્યા આપવી છે

**ગોવાલીયા ટેંક**
2 + 2 બેડરૂમની જોડી 1800' - 2 ગેરેજ 11,00,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૪૪૭૮-એફ)

**તારદેવ**
3 બેડરૂમ- 1350' - કાર્પેટ - પાર્કીંગ - 7,00,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૭૮-ઈ)

**ગોવાલીયા ટેંક**
2 બેડરૂમ- 800'- લીવ લાયસન્સથી ભાડુ 75,000/= શાહ- 9820068382. (૧૪૪૭૮-ડી)

**તારદેવ**
2 બેડરૂમ - 850' - કાર્પેટ - પાર્કીંગ - 4,25,00,000/= શાહ - 9820068382. (૧૪૪૭૮-સી)

**તારદેવ**
3 બેડરૂમ - 1600' - કાર્પેટ - પાર્કીંગ - 7,00,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૭૮-બી)

**બ્રીચકેન્ડી**
2 બેડરૂમ - 730' - કાર્પેટ - પાર્કીંગ - 4,30,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૭૮-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**લક્ષ્મીનગર-૧ બેડરૂમ, હોલ, કિચન, 500' યુઝેબલ કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ ૧ રીઝર્વ્ડ કાર પાર્કિંગ. 90 LAKH. ''જુગ્નું શાહ''-"HOMEALONE PROPERTY"-9833352224. (૧૪૮૬૨/ઈ)**

**ભુજ ફ્લેટ વેચાણથી**
વિજયનગર, હોસ્પિટલ રોડ તથા જૈન દેરાસર નજીક. 3 સાઈડ ખુલ્લો, 2 BHK ફ્લેટ, 2 ટોઈલેટ, અલગ ડાઈનિંગ રૂમ, 2 બાલ્કની, 24 કલાક પાણી, નવી લિફ્ટ. સંપર્ક-. 9820016348, 9825122956. (૧૪૯૯૨-એ)

**ચીરા બજાર**
**1 બેડરૂમ, બે બાથરૂમ, કારપાર્કિંગ, હાયરફ્લોર, સીવ્યુ, રેડી પજેશન, વેચાણમાં નટુભાઈ દવે - 9892971331. (૧૪૯૮૯-એ)**

**વી.પી. રોડ - ચર્નીરોડ**
**તૈયાર-બંધાતા મકાનમાં ઓનરશીપથી વેચાણમાં-ભાડામાં લેવા-આપવા નટુભાઈ દવે - 9892971331. (૧૪૯૮૯-ડી)**

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી ઓબેરોય પાસે**
3 બેડરૂમ, 1050' બાલ્કની પાર્કિંગ, ગેસ્ટ પાર્કિંગ, ગાર્ડન, સુંદર સોસાયટી (2.61 કરોડ) 9820177738. (૧૪૯૯૫-એ)

**''ખાર''-''મધુ પાર્ક''**
**3 બેડરૂમ-૧૧૫૦', ૨ પાર્કિંગ, ૬ બેડરૂમ-૨૩૦૦', ૪ પાર્કિંગ, નવું બિલ્ડીંગ, O.C. સાથે, જીમ, ફક્ત ગુજરાતીઓ માટે, કોનટેક. "KUNAL PAREKH" 9819100243. (બી-૧૪૭૪૧)**

■ વાલકેશ્વર 1 BHK Flat ભાડેથી ઉપલબ્ધ. સંપર્કઃ 9321699256. (બી-૧૪૮૯૩)

**પરેલ/શિવરી**
અશોક ગાર્ડન્સ / ટાવર્સ ૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ભાડેથી - ૯૬૧૯૦૧૪૫૫૫ / ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૪૭૧૭)

**ઓબેરોય -સ્કાયસિટી**
**સોનીભાઈ - 7050305030**
**બોરીવલી ઈસ્ટમાં 3/4 બેડરૂમના ફ્લેટો લેવા-વેચવા-ભાડેથી. (૧૪૯૯૯-ડી)**

**ફાર્મ હાઉસ**
કોલાડ રાયગઢ ૭૫ ગુંઠા જમીન પર ૪૫/૫૦ લોકોની રહેવાની સગવડ (કિચન, સ્ટાફ રૂમ, ડાયનિંગ હોલ, કોમ્યુનિટી હોલ ૧૦૦+ ફળના ઝાડ), ૨ બોર, ૨ મીટર, સીંગલ નામનો સાતબારા સર્વે કરાવેલ પ્લોટ, આઉટ રાઈટ વેચાણ માટે રૂ. ૧.૬૫ ગામ ચેરળ, તેહસિલ રોહા, જિલ્લો રાયગઢ. ૯૮૨૦૧૫૭૪૯૬. (બી-૧૪૮૧૧)

**''બોરીવલી''-''ઈસ્ટમાં''-''વૈભવશાળી''**
''3 બેડરૂમ'' ''(2,58,000,00)'' ''અગિયારમો ફ્લોર'' ''સ્ટેશન નજીક'' ''તાત્કાલિક'' ''ખરીદવા'' ''સુનિલભાઈ - 9821477177''. (૧૪૯૭૯-એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**
વેચાણથી- ઈર્લા, KLS હોસ્પિટલ પાસે, 9 માળના ટાવરમાં 3-બેડરૂમ 890' અને 5-બેડરૂમ 1800' હાયરફ્લોર બુકિંગમાં લેવા- 9819117722. (જેપી/૪૯૪૨-એ)

**વિલેપાર્લે (ઇસ્ટ) વેચાણથી**
આઝાદ રોડ - ફાયર બ્રિગેડની બાજુમાં, મીલન સબવે નજીક 3-બેડરૂમ - 1025' - હાયરફલોર, રેડી પઝેશન નવા બિલ્ડીંગમાં 3.70 Cr. All Inclusive, For Videos "Navkar Estate" - 9619674640. (જેપી/૪૯૪૦-ઈ)

**વિલેપાર્લે (વેસ્ટ)**
વેચાણથી- બાપુભાઈ વશી રોડ, સ્પેશિયસ 3-બેડરૂમ તેમજ 4-બેડરૂમ એમિનિટીઝવાળા ટાવરમાં રેડી પઝેશન વિથ OC. ''નવકાર રીઅલ એસ્ટેટ''- 8356990950. (જેપી/૪૯૪૨-બી)

**લોનાવાલા**
૩૨૦૦ પ્લોટ એરિયા ૬ બેડરૂમનો બંગલો વેચાણમાં અન્ય ઘણી પ્રપોઝલ. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૪૮૫૧)

**અંધેરી**
**વેસ્ટમાં ઈરલા બ્રિજ દેરાસર નજીક 1 BHK લીઝથી/ ઈસ્ટમાં 435' (1.25 CR) આંબાવાડીમાં/ 547' 2 BHK (1.80 CR) અમરતરૂમાં/ 700' (2.60 CR) વિશાલમાં સ્ટેશન નજીક લેવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૨૧૬૬)**

**લોનાવાલા - ખંડાલા**
ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૪૮૫૦)

**MATUNGA EAST**
New tower launch, Gated community, 5 acres land, Open spaces, 7 star amenities, 2, 2.5, 3, 3.5 bed 3.21 to 6 cr Special pre launch benefits 9004078342. (B-14917)

**"CHAITANYA TOWER - PRABHADEVI"**
2+2 bed 2200, 4 bed servant room /toilet 2 parking, middle floor ready possession. 12,50,00,000 Ashok Shah 9821036552. (15000-C)

**BABULNATH**
3 Bed & 4 Bed Duplex sea facing Flats Higher Floors with OC & Jain Temple. Modern amenities Call # 8097839330 / 8779694199. (B-14904)

**FORJETT / TARDEO**
Residence/Commercial Properties Available For Rent Sale Atul: 9820070445, 9920070445. (B-14839)

**RAJASTHAN ESTATE AGENCIES**
**2,3,4,5 BHK Available Buying Selling Gopalbhai Jaipurvala 9322898994/ Mukesh Mehta 9967502537. (218)**

**BORIVALI (WEST)**
**Spacious fully furnished two bedrooms flat with 3 AC in TPS, Opp. Savarkar Garden, North kuber door for 2.70 cr. Ashok 9867015566. (14997-A)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073 હિતેષ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૧૪૭)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**ગોરેગાંવ (ઈસ્ટ)**
1000 ફૂટથી 1500 ફૂટ કારપેટ જગ્યા ભાડેથી ફોટો સ્ટુડિયો માટે જોઈએ છે દિલીપભાઈ શાહ 9324310830. (જેપી/૪૯૪૨-ઈ)

**AVAILABLE ON RENT / Lease in Bhiwandi Owali village, Parasnath Complex 3 Galas 3125 each First floor Contact 09833694353. (JP-4942-F)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**પાંજરાપોળ**
**કમર્શિયલ જગ્યા ૨૪૦' ૧લે માળે, ૩જી પાંજરાપોળ લેન, સી. પી. ટેન્ક વેચવાની છે. સંપર્ક ઓનરઃ 9819084680. (એસડીબી-૨૧૫૮)**

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2171)

## ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**
''નવરાત્રી દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''ડીજે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા''- 9820889938. (૧૫૦૦૬-એ)

## ૨૫. શૈક્ષણીક

**સંગીત શીખો**
હાર્મોનિયમ, કેસિયો, શાસ્ત્રીય સંગીત, શ્લોક શીખવા માટે વોટ્સએપ કરો. 9930461779. ગદાધર. (બી-૧૪૮૮૮)

## ૩૧. નાણાંકીય

■ ''લોન- ડીફોલ્ટર્સ'' બેંકથી સેટલમેન્ટ / ઈન્સ્ટોલમેન્ટ (કોઈપણ-મેટર) (વકીલ મારફત). 9137725086. (બી-૧૪૮૪૪)

## ૩૨. જમીન - મિલકત

■ સ્ટીલ કંપનીને જમીન જોઈએ છે. ભુજથી ભચાઉ હાઈવે જે એક્સપ્રેસ કોરીડોર રોડ મંજૂર થયેલ છે. તે કનૈયાબે ગામની સીમમાં અંબિકા સ્ટીલ કંપની અને સી.યુ.બેલ્ટ ઈન્ડિયા કંપનીની લગોલગ એક જથ્થામાં 200 એકર કનૈયાબે ગામના સર્વે નંબરો 300 થી 400 વાળી અથવા આજુબાજુની જમીન સ્ટીલ કંપનીને 45 લાખ પ્રતિ એકરના બજેટ સુધી વેચાણથી જોઈએ છે. વિગતો મેઈલ કરવી. shriramestate@yahoo.com (બી-૧૪૮૯૧)

**રાજકોટ/સુરતમાં જમીન**
રાજકોટ/સુરતમાં આજુબાજુ ગામમાં નાના/ મોટા પ્લોટ લેવા-વેચવા ''દીલીપ ઠક્કર'' - ૯૩૨૪૦૭૬૬૨૧. (૧૫૦૧૧-એ)

■ **વિરાર પૂર્વ ગણેશપુરીમાં ફાર્મ હાઉસ વેચાણથી (30 ગુંઠા), 2 સ્વિમિંગપુલ, પ્લે એરિયા, ૪૫ માણસોની રહેવાની સગવડ. ફાઈનલ 2.90 કરોડમાં વેચવાની છે. ઓનરઃ 9324629596. (૧૫૦૧૨-એ)**

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૪૮૫૬)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
૫૦ વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

■ મહારાજા જ્યોતિષ, બોરીવલી (વેસ્ટ) તાત્કાલિક ચોક્કસ રીઝલ્ટ, પ્રેમ લગ્ન, છૂટાછેડા, લવ પ્રોબ્લેમ, ઘરકંકાશ, સૌતન-શત્રુ, તૂટેલા સંબંધ, ફેક્ટરી-ધંધો. 9998705190. (બી-૧૪૮૮૪)

**માયા જ્યોતિષ**
શ્રાદ્ધક્રિયા, નવરાત્રિ ચંડીપાઠ, વ્યાપારમાં લાભ, ગૃહકલેશ, કર્જમુક્તી, શત્રુપીડા, (પ્રેમી-પ્રેમિકા મિલન સ્પેશિયાલિસ્ટ) 9594273700. (માલાડ) (બી-૧૪૯૧૪)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

# શક્તિપીઠ એક્સપ્રેસ-વેને મળ્યું નવું શક્તિબળઃ ખેડૂતોને પાંચગણું વળતર મળશે

મુંબઈઃ કોલ્હાપુર, સાંગલી, નાંદેડ જિલ્લાના ખેડૂતોએ કરેલા વિરોધને પગલે પ્રસ્તાવિત શક્તિપીઠ એક્સપ્રેસ-વે માટે જમીન હસ્તગત કરવાની પ્રક્રિયા રદ કરવાનો નિર્ણય સરકારે લીધો હતો. જોકે હવે એમએસઆરડીસી(મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન) દ્વારા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂતોને પાંચગણું વળતર આપવાની તૈયારી બતાવવામાં આવી હોવાથી પ્રોજેક્ટ ફરી પાછો પાટે ચઢે તેવી શક્યતા દેખાઇ રહી છે.

એમએસઆરડીસીએ આ વિશે પત્ર પણ ભૂતપૂર્વ સાંસદ રાજૂ શેટ્ટીને મોકલાવ્યો છે જેમાં નવા સરકાર પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂતોને તેમની જમીનના બદલામાં મૂળ કિંમતથી પાંચગણું વળતર આપવાની વાત જણાવવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે શક્તિપીઠ એક્સપ્રેસ-વે માટે ખેડૂતોની મોટા પ્રમાણમાં બાગાયતી ખેતીની જમીન હસ્તગત કરવામાં આવવાની હોઇ પશ્ચિમ મહારાષ્ટ્રમાં આ પ્રોજેક્ટનો ખૂબ વિરોધ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ શરૂ ન થાય એ માટે આંદોલન પણ કરવામાં આવ્યા હતા. આ આંદોલનના કારણે મહાયુતિને લોકસભાની ચૂંટણીમાં અસર થઇ હોવાનું પણ કહેવામાં આવે છે.

૮૦૨ કિલોમીટરના આ એક્સપ્રેસ-વે માટે ૨૭,૦૦૦ એકર જમીનની જરૂર છે. જોકે પાંચગણાં વળતરની વાત ફક્ત ખેડૂતો તેમની જમીન આપે એ માટે કરવામાં આવી રહી હોવાની વાતો પણ ચાલી રહી છે.

આ પ્રોજેક્ટ માટે જમીન હસ્તગત કરવા માટે સરકારે અંદાજે ૮,૭૨૪.૫૪ કરોડ રૂપિયાની ચુકવણી કરવી પડશે. ઉલ્લેખનીય છે કે શક્તિપીઠ એક્સપ્રેસ-વે મહારાષ્ટ્રના ૧૨ જિલ્લાનાં ૩૯ તાલુકા અને ૩૭૨ ગામોમાંથી પસાર થશે. ■

# સાત વર્ષથી પ્રદૂષણથી પરેશાન અંધેરી આરટીઓ વિસ્તારના રહેવાસીઓ આંદોલન કરશે

મુંબઈઃ રસ્તા પરથી ચાલતી વખતે મુંબઈગરાઓને પ્રદૂષણનો ત્રાસ થતો હોય છે, પરંતુ અંધેરી આરટીઓના વિસ્તારના રહેવાસીઓને હવે ઘરે પણ ભારે પ્રદૂષણ સહન કરવો પડી રહ્યો છે. છેલ્લા સાત વર્ષથી વધુ સમયથી અંધેરી આરટીઓની ખુલ્લી જમીન પર ડમ્પિંગ શરૂ છે. તેનો ત્રાસ સતત વધી રહ્યો છે તેથી સ્થાનિક રહેવાસીઓએ અંધેરી આરટીઓના મુખ્ય અધિકારીને પત્ર લખીને અઠવાડિયાની મુદત આપી છે તથા આ સાત દિવસમાં જો કોઇ જરૂરી પગલાં ન લેવાયા તો આંદોલન કરવાની ચિમકી પણ આપી છે.

અંધેરી આરટીઓની ખુલ્લી જમીન પર હંમેશા ડમ્પિંગ કરવામાં આવે છે. બાંધકામનો કાટમાળ સહિત કચરો પણ અહીં નાખવામાં આવે છે. આરટીઓની આ જગ્યા પર આઠ ગૃહસંસ્થાનું સંગઠન છે. અહીં ફેન્સિંગ ન હોવાને કારણે કોઇ પણ આવીને અહીં કચરો નાખી જાય છે. અગાઉ આ જમીન પર ઝૂંપડાઓ હતા. ગયા વર્ષે આ ઝૂંપડા દૂર કરાયા, પણ ફેન્સ બાંધવામાં આવી નહીં અને સુરક્ષા ગાર્ડ પણ ગોઠવવામાં આવ્યા નહીં. ૨૦૧૯માં તત્કાલિન પરિવહન પ્રધાન અનિલ પરબે અહીં ફેન્સિંગ બાંધવાનું આશ્વાસન આપ્યું હતું, પણ અત્યાર સુધી તેના પર કોઇ અમલ કરાયો નથી. છેલ્લા એક મહિનાથી ડમ્પિંગનો ત્રાસ વધી ગયો છે તેથી પ્રદૂષણ પણ વધ્યું છે. ■

**તૈયારીઓ શરૂ**
છેલ્લા સાત વર્ષથી ત્રાસ સહન કર્યા બાદ હવે સ્થાનિકોએ આંદોલન કરવાનું નક્કી કર્યું છે. અઠવાડિયામાં કોઇ પગલાં નહીં લેવાય તો ઉગ્ર આંદોલન કરાશે એવી ચીમકી પણ આપવામાં આવી છે.

# શાહપુરમાં નિસંતાન દંપતીએ જીવન ટૂંકાવ્યું

થાણેઃ નિસંતાન દંપતીએ હતાશામાં પોતાના નિવાસસ્થાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના થાણે જિલ્લાના શાહપુર ખાતે બની હતી.

પોલીસના જણાવ્યા મુજબ શાહપુરના નાડગાંવ સ્થિત ઘરમાંથી ગુરુવારે હર્ષ ઉગાડે (૨૮) અને તેની પત્ની નીલમ (૨૫)ના મૃતદેહ મળી આવ્યા હતા. દંપતીને ગળાફાંસો ખાધેલી હાલતમાં જોઈ પડોશીઓએ પોલીસને જાણ કરી હતી.

ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે બન્નેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં મોકલી આપ્યા હતા. ઘટનાસ્થળેથી સુસાઈડ નોટ મળી ન હોવાથી દંપતીના અંતિમ પગલા લેવા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પડોશીઓની પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે સંતાન થતું ન હોવાથી દંપતી છેલ્લા કેટલાક સમયથી હતાશ રહેતું હતું. હતાશામાં જ તેમણે આત્મહત્યા કરી હોવાનું કહેવાય છે. આ પ્રકરણે પોલીસે એડીઆર નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. (પીટીઆઈ)■

## સંસ્થા સમાચાર

### પાલિતાણામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પૂજન ૨૧૧મી શ્રી યંત્રપૂજન/શ્રી દેવીપૂજનનું આયોજન

યોગનિષ્ઠ આચાર્ય ભગવંત શ્રી કેશરસૂરીશ્વરજી સામ્રાજ્યે, પરમાત્મરસિક ૨૬મા વર્ષીતપ તપસ્વી, સૂરીમંત્ર પંચ પ્રસ્થાન આરાધક પ. પૂ. આચાર્યદેવ શ્રી રાજચંદ્રસૂરીશ્વરજી મહારાજા, કાર્યકુશલ મુનિરાજ શ્રી ધર્મરત્નવિજયજી મ.સા. આદિ ઠાણાનું ૨૦૨૪નું ચાતુર્માસ શાશ્વત મહાતીર્થ પાલિતાણાની પન્નરૂપા ધર્મશાળામાં ઐતિહાસિક ચાતુર્માસ બનવા જઈ રહ્યું છે. મહાતીર્થમાં પૂ. આ. દેવ શ્રી રાજચંદ્રસૂરીશ્વરજી મહારાજાની પાવનનિશ્રા/ સાંનિધ્યમાં પુષ્યનક્ષત્રના અવસર પર ૨૧૧ શંખેશ્વર પાર્શ્વનાથ પૂજન, સમુદ્ધિદાયક શ્રીયંત્ર શ્રી દેવીપૂજનની આરાધના તા. ૨૭/૯/૨૪ શુક્રવાર ભાદરવા વદ ૧૦ના સવારે ૯.૩૦એ શુભારંભ થશે.

### શ્રી વાગડ વિશા ઓશવાળ શ્વે. મૂર્તિ જૈન સંઘ (ગોરેગામ)માં 'દિવ્ય પર્યુષણ પર્વ' સંપન્ન

અધ્યાત્મનિષ્ઠ પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી વિ. કલ્પતરુસૂરીશ્વરજી મ.સા. પ્રશાંતમૂર્તિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિ. તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન મુનિરાજ શ્રી તીર્થસુંદરવિજયજી મ.સા. આદિ ઠાણા 'દિવ્ય પર્યુષણ પર્વ' કરવા શ્રી કલાપૂર્ણસૂરી આરાધના ભવન, શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન દેરાસર, શ્રી વાગડ વિશા ઓશવાળ શ્વે. મૂર્તિ જૈન સંઘ, એમ. જી. રોડ ગોરેગામ (પ.)માં પાવન નિશ્રા આપી હતી. સવારના વ્યાખ્યાનમાં સવાર/સાંજ પ્રતિક્રમણમાં મોટી સંખ્યામાં ભાઈઓ આવતા હતા.

### કાંદિવલી (પ.) મહાવીરનગર પાસે સોસાયટીમાં ગણેશોત્સવમાં દર્શનાર્થીઓને છોડના કુંડા ભેટ

શ્રી વિસા સોરઠિયા વણિક સર્વોદય મહિલા મંડળ મુંબઈના પ્રમુખ પ્રાકૃતિક પ્રેમી, સમાજસેવિકા સરલાબેન નવીનચંદ્ર શાહના ઘેર કાંદિવલી (પ.) પંચશીલ સોસાયટી, મહાવીરનગરમાં પ્રાકૃતિક સજાવટમાં હિંડોળામાં બિરાજમાન વિઘ્નહર્તા ગણપતિના દર્શનાર્થે ગણેશોત્સવમાં પધારેલા મહિલા મંડળ કારોબારી/ સભ્યો, જ્ઞાતિના વિવિધ મંડળના કારોબારી સભ્યો, વેપારી જગતના ભાઈઓ, મહિલા જગતની બહેનો તથા જ્ઞાતિજનો અને આમંત્રિત મહેમાનોને છોડના કુંડા યાદગાર ભેટરૂપે આપ્યા હતા. આ વ્યવસ્થા ફાલ્ગુની જિગ્નેશ શાહ અને સમગ્ર શાહ પરિવારજનોએ સંભાળી હતી.

# બાંગ્લાદેશ સામે પ્રથમ ટેસ્ટમાં જીતથી છ વિકેટ દૂર ભારત, પંત-ગિલની સદી

ચેન્નઇઃ ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના ત્રીજા દિવસની રમત ખરાબ પ્રકાશના કારણે વહેલી સમાપ્ત થઈ ગઈ છે. ભારતે બાંગ્લાદેશને જીતવા માટે ૫૧૫ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં બાંગ્લાદેશની ટીમે ત્રીજા દિવસની રમતના અંતે ચાર વિકેટે ૧૫૮ રન કરી લીધા હતા અને તેને જીતવા માટે વધુ ૩૫૭ રન બનાવવા પડશે, જ્યારે ભારત છ વિકેટ લેતાં જ મેચ જીતી જશે. ત્રીજા દિવસના અંતે કેપ્ટન નઝમુલ હુસૈન શાંતો ૬૦ બોલમાં ચાર ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી ૫૧ રન અને શાકિબ અલ હસન ૧૪ બોલમાં પાંચ રન સાથે ક્રિઝ પર હાજર હતા. ભારત તરફથી ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને ત્રણ અને જસપ્રીત બુમરાહે એક વિકેટ ઝડપી હતી.

આ પહેલા ભારતે બીજી ઈનિંગમાં શુભમન ગિલ અને ઋષભ પંતની સદીઓની મદદથી ચાર વિકેટે ૨૮૭ રન પર ઇનિંગ ડિકલેર કરવાનો નિર્ણય લીધો હતો. શુભમન ૧૭૬ બોલમાં ૧૦ ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૧૧૯ રન કરીને અણનમ રહ્યો હતો જ્યારે પંતે ૧૨૮ બોલમાં ૧૩ ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૧૦૯ રન કર્યા હતા. ભારતે પ્રથમ દાવમાં ૩૭૬ રન કર્યા હતા અને બાંગ્લાદેશને પ્રથમ દાવમાં ૧૪૯ રનમાં આઉટ કરીને ૨૨૭ રનની લીડ મેળવી હતી. આ રીતે ભારતે બાંગ્લાદેશને વિશાળ રનનો લક્ષ્યાંક આપ્યો હતો.

લક્ષ્યનો પીછો કરતી વખતે બાંગ્લાદેશની શરૂઆત સારી રહી હતી. શાદમાન ઇસ્લામ અને ઝાકિર હસને મળીને પ્રથમ વિકેટ માટે ૬૨ રનની ભાગીદારી કરી હતી. ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે આ ભાગીદારી તોડી હતી. તેણે ઝાકિરને યશસ્વી જયસ્વાલના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. ઝાકિરે ૩૩ રન કર્યા હતા. ત્યારબાદ ઓફ સ્પિનર આર. અશ્વિને શાદમાન ઈસ્લામને આઉટ કરીને બાંગ્લાદેશને બીજો ઝટકો આપ્યો હતો. શાદમાને આઉટ થતા પહેલા ૩૫ રન કર્યા હતા.

આ પછી અશ્વિને મોમિનુલ હકને બોલ્ડ કરીને ભારતીય ટીમને ત્રીજી સફળતા અપાવી હતી. મોમિનુલ (૧૩) આઉટ થયો ત્યારે બાંગ્લાદેશનો સ્કોર ત્રણ વિકેટે ૧૨૪ રન હતો. અશ્વિને મુશફિકુર રહીમ (૧૩)ને કેએલ રાહુલના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. અશ્વિને ટેસ્ટ ક્રિકેટમાં પાંચમી વખત રહીમને આઉટ કર્યો છે. રહીમના આઉટ થયા બાદ કેપ્ટન નઝમુલ હુસૈન શાંતોએ પોતાની ફિફ્ટી પૂરી કરી હતી.

અગાઉ બીજી ઇનિંગમાં રોહિત શર્માએ પાંચ રન કર્યા હતા. આ પછી યશસ્વી જયસ્વાલ ફાસ્ટ બોલર નાહિદ રાણાના બોલ પર વિકેટકીપર લિટન દાસના હાથે કેચ આઉટ થયો હતો. કોહલી સ્પિન બોલર મેહદી હસન મિરાજના બોલ પર એલબીડબલ્યૂ આઉટ થયો હતો. કોહલીએ ૩૭ બોલમાં ૧૭ રન કર્યા હતા. આ પછી શુભમન ગિલ અને ઋષભ પંતની જોડી ક્રિઝ પર ટકી હતી. બંને વચ્ચે ચોથી વિકેટ માટે ૧૬૭ રનની ભાગીદારી થઈ હતી.

પંતે ૧૨૮ બોલનો સામનો કરીને ૧૦૯ રન કર્યા હતા. આ તેની ટેસ્ટ કારકિર્દીની છઠ્ઠી સદી હતી. પંતના આઉટ થયાના થોડા સમય બાદ શુભમન ગિલે પણ પોતાની સદી પૂરી કરી હતી. શુભમન ૧૧૯ રન કરીને અણનમ પરત ફર્યો હતો. કેએલ રાહુલ ૨૨ રન કરીને અણનમ રહ્યો હતો. ■



**કેચઃ** ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની પ્રથમ ટેસ્ટ મૅચના ત્રીજા દિવસે ભારતના યશસ્વી જયસ્વાલે બાંગ્લાદેશના ઝાકિર હસનનો કેચ પકડ્યો હતો. (એજન્સી)



**બૉલ્ડઃ** ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની પ્રથમ ટેસ્ટ મૅચના ત્રીજા દિવસે ભારતના રવીચંદ્રન અશ્વિને બાંગ્લાદેશના મોમિનૂલ હકને ક્લિન બૉલ્ડ કર્યો હતો. (એજન્સી)



**ઈજાઃ** ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની પ્રથમ ટેસ્ટ મૅચના ત્રીજા દિવસે બાંગ્લાદેશના ઈજાગ્રસ્ત ખેલાડી શાદમન ઈસ્લામને ચૅક કરી રહેલો ફિઝિયો. (એજન્સી)




**ઓછો પ્રકાશઃ** ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની પ્રથમ ટેસ્ટ મૅચના ત્રીજા દિવસે ઓછા પ્રકાશને કારણે રમત રોકી દેવામાં આવી હોવાનું દર્શાવતું સ્કૉર બૉર્ડ. (એજન્સી)

## ઋષભ પંતની શાનદાર વાપસી, બાંગ્લાદેશ વિરુદ્ધ કરિયરની છઠ્ઠી સદી ફટકારી

ચેન્નઇઃ ભારતનો સ્ટાર વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંત ટેસ્ટ ક્રિકેટમાં શાનદાર વાપસી કરવામાં સફળ રહ્યો છે. તેણે શનિવારે બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે શાનદાર સદી ફટકારી હતી. ડાબોડી બેટ્સમેને તેની કારકિર્દીની છઠ્ઠી ટેસ્ટ સદી ૧૨૪ બોલમાં પૂરી કરી હતી. નોંધનીય છે કે ડિસેમ્બર ૨૦૨૨માં તે એક ગંભીર માર્ગ અકસ્માતમાં ઘાયલ થયો હતો. આ અકસ્માત બાદ તેણે ઘણો સંઘર્ષ કર્યો અને બાંગ્લાદેશ સામેની ટેસ્ટ શ્રેણીથી તેણે ટેસ્ટ ક્રિકેટમાં વાપસી કરી હતી.

૨૬ વર્ષીય બેટ્સમેને તેની ટેસ્ટ કારકિર્દીની છઠ્ઠી સદી અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટની સાતમી સદી ફટકારી છે. આ સાથે તેણે પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીની બરાબરી કરી છે. તે ધોની સાથે સંયુક્ત રીતે ટેસ્ટમાં સૌથી વધુ સદી ફટકારનાર ભારતીય વિકેટ-કીપર બેટ્સમેન બની ગયો છે. ભારતીય વિકેટ કીપર દ્વારા સૌથી વધુ ટેસ્ટ સદી ફટકારવાના મામલે તે ધોનીની બરાબરી પર પહોંચી ગયો છે. પંતે ૫૮ ઇનિંગ્સમાં છ સદી ફટકારી છે, જ્યારે ધોનીએ ૧૪૪ ઇનિંગ્સમાં છ સદી ફટકારી છે, જ્યારે વૃદ્ધિમાન સહા આ મામલે ત્રીજા સ્થાને છે. તેણે ત્રણ સદી ફટકારી છે. પંત ૧૨૮ બોલમાં ૧૦૯ રન કરીને પેવેલિયન પરત ફર્યો હતો. આ શાનદાર ઇનિંગ દરમિયાન તેણે ૧૩ ફોર અને ૪ સિક્સર ફટકારી હતી.

અકસ્માતમાં ઘાયલ થયા બાદ પંતે આ વર્ષે આઇપીએલથી ક્રિકેટમાં વાપસી કરી હતી. તે ઘરેલુ ટૂર્નામેન્ટમાં મજબૂત આત્મવિશ્વાસ સાથે પાછો ફર્યો અને ૧૩ મેચમાં ત્રણ અડધી સદીની મદદથી ૪૪૬ રન કર્યા હતા. આ પછી તે ટી-૨૦ વર્લ્ડ કપમાં રમતા જોવા મળ્યો હતો, જ્યાં તેણે ભારતને ટાઇટલ જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. હવે તેણે ટેસ્ટ ક્રિકેટમાં શાનદાર વાપસી કરી છે. ■

## અફઘાનિસ્તાને રચ્યો ઈતિહાસ, સાઉથ આફ્રિકા સામે પ્રથમવાર જીતી વન-ડે સિરીઝ

શારજાહઃ અફઘાનિસ્તાને વન-ડે ક્રિકેટ સિરીઝમાં પ્રથમ વખત દક્ષિણ આફ્રિકાને હરાવ્યું હતું. અફઘાનિસ્તાને બીજી વન-ડે મેચ ૧૭૭ રને જીતી લીધી હતી જે રન મામલે વન-ડે ક્રિકેટમાં તેની સૌથી મોટી જીત છે. રહેમાનલ્લા ગુરબાઝે ૧૦૫ રન કર્યા હતા અને સાત વન-ડે સદી ફટકારનાર પ્રથમ અફઘાન બેટ્સમેન બન્યો હતો. અફઘાનિસ્તાને ચાર વિકેટે ૩૧૧ રન કર્યા, પરંતુ તેના જવાબમાં દક્ષિણ આફ્રિકા શુક્રવારે ૩૫ ઓવરમાં ૧૩૪ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

લેગ સ્પિનર રાશિદ ખાને ૧૯ રનમાં પાંચ વિકેટ ઝડપી હતી. લેફ્ટ આર્મ સ્પિનર નંગેલિયા ખરોટે ચાર વિકેટ ઝડપી હતી. રાશિદે જીત બાદ કહ્યું, મને હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ હતી, પરંતુ હું મેદાન છોડવા માગતો ન હતો. મોટી ટીમ સામે સિરીઝ જીતવાની ગોલ્ડન તક હતી. દક્ષિણ આફ્રિકા જેવી ટીમને હરાવવી એ મોટી વાત છે.

ગુરબાઝ અને રહેમત શાહે બીજી વિકેટ માટે ૧૦૧ રનની ભાગીદારી કરી હતી. અફઘાનિસ્તાને દક્ષિણ આફ્રિકા સામે પ્રથમ વખત ૩૦૦ રનનો સ્કોર પાર કર્યો હતો. ગુરબાઝ ૧૧૦ બોલમાં દસ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી ૧૦૫ રન કરીને આઉટ થયો હતો. જ્યારે ઉમરઝઈએ ૫૦ બોલમાં ૮૬ રન અને શાહે ૬૬ બોલમાં ૫૦ રન કર્યા હતા.

દક્ષિણ આફ્રિકા તરફથી ટેમ્બા બાવુમાએ ૩૮ રન કર્યા હતા પરંતુ અન્ય કોઈ બેટ્સમેન ટકી શક્યો નહોતો. દક્ષિણ આફ્રિકાએ ૩૯ રનમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી. ૩૧૨ રનના મોટા ટાર્ગેટનો પીછો કરતા દક્ષિણ આફ્રિકા ૩૪.૨ ઓવરમાં માત્ર ૧૩૪ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું અને ૧૭૭ રનથી મેચ હારી ગયું હતું. કેપ્ટન ટેમ્બા બાવુમાએ સૌથી વધુ ૩૮ રન કર્યા હતા. ■

## એએફસી અંડર-૨૦ એશિયન કપ ક્વોલિફાયર માટે ભારતીય ટીમ જાહેર

નવી દિલ્હીઃ ૨૧ સપ્ટેમ્બર (ભાષા) ભારતે લાઓસમાં ૨૫ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારી ૨૦૨૫ એએફસી અંડર-૨૦ એશિયન કપ ક્વોલિફાયર માટે ૨૩ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. ભારતને ઈરાન, મંગોલિયા અને લાઓસની સાથે ગ્રૂપ જીમાં રાખવામાં આવ્યું છે.

ભારતીય અંડર ૨૦ ટીમઃ ગોલકીપર્સઃ દિવ્યજ ધવલ ઠક્કર, સાહિલ, પ્રિયાંશ દુબે

ડિફેન્ડર્સઃ પરમવીર, એલ હેમ્બા મીતાઈ, અંગબમ સૂરજકુમાર સિંહ, માલેમ્ગમ્બા સિંહ, ધનજીત અશાંગબમ, મનબીર બાસુમંત્રી, થોમસ ચેરિયન, સોનમ ટી.એલ.

મિડફિલ્ડર્સઃ મનજોત સિંહ ધામી, વી ગુઈટે, આકાશ ટિર્કી, અબિન્દાસ યેસુદાસન, ઈશાન સિસોદિયા, એમ કિપજેન.

ફોરવર્ડઃ કેલ્વિન સિંહ ટી, કોરોઉ સિંહ ટી, મોનિરુલ મોલ્લા, ટી ગાંગટે, નાઓબા મીતેઈ પી, જી ગોયારી

મુખ્ય કોચઃ રંજન ચૌધરી ■

## ભારતીય હોકી ટીમનો કેપ્ટન હરમનપ્રીત સિંહ એફઆઈએચ વર્ષના સર્વશ્રેષ્ઠ ખેલાડીના એવોર્ડની રેસમાં

નવી દિલ્હીઃ પેરિસ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતનાર ભારતીય હોકી ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહને શનિવારે એફઆઇએચ વર્ષના સર્વશ્રેષ્ઠ ખેલાડીના પુરસ્કાર માટે નોમિનેટ કરવામાં આવ્યો હતો. ૨૮ વર્ષીય ડ્રેગ ફ્લિકર હરમનપ્રીત સિંહે પેરિસ ઓલિમ્પિકમાં આઠ મેચમાં ૧૦ ગોલ કર્યા હતા. તેણે ૨૦૨૦ અને ૨૦૨૨માં સતત બે વાર એવોર્ડ જીત્યો છે.

હોકી ઈન્ડિયા દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં તેમણે જણાવ્યું હતું કે, ''ફરી એક વાર એફઆઇએચ પ્લેયર ઓફ ધ યર એવોર્ડની રેસમાં રહેવું ગર્વની વાત છે.'' તેમણે કહ્યું હતું કે , હું ખુશ છું કે મને વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓની સાથે નામાંકિત કરવામાં આવ્યો છે, પરંતુ મારી ટીમના સહયોગ વિના આ શક્ય ન બન્યું હોત. હું એફઆઇએચ પ્રો લીગ અને પેરિસ ઓલિમ્પિકમાં પણ ઘણા ગોલ કરી શક્યો કારણ કે ટીમે ગોલ કરવાની તકો ઊભી કરી હતી.

હરમનપ્રીત ઉપરાંત નેધરલેન્ડના થિએરી બ્રિંકમેન અને યોએપ ડી મોલ, જર્મનીના હાનેસ મ્યૂલેર અને ઈંગ્લેન્ડના જેક્સ વોલેસ પણ રેસમાં છે. આ માટે ૨૦૨૪ માં યોજાયેલી તમામ મેચોની ગણતરી કરવામાં આવશે જેમાં ટેસ્ટ મેચ, એફઆઇએચ હોકી પ્રો લીગ, એફઆઇએચ હોકી નેશન્સ કપ, ઓલિમ્પિક ક્વોલિફાયર અને ઓલિમ્પિક્સનો સમાવેશ થાય છે.

હરમનપ્રીતે કહ્યું હતું કે, પેરિસ ઓલિમ્પિક્સ મારી કારકિર્દીની અત્યાર સુધીની સૌથી મોટી ઉપલબ્ધિ છે. ટીમે હંમેશાં મને સપોર્ટ કર્યો, ખાસ કરીને ગયા વર્ષે વર્લ્ડ કપમાં જ્યારે હું એક પણ ગોલ કરી શક્યો ન હતો, પરંતુ ટીમે મને દોષ આપ્યો ન હતો. મારા મનમાં હંમેશાં એવું હતું કે મારે ટીમના વિશ્વાસ પર ખરા ઊતરવું છે. ભારતીય ટીમે તાજેતરમાં ચીનમાં એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી પણ જીતી છે. ■

## ભારત અને ન્યૂ ઝીલેન્ડ વચ્ચે મુંબઈમાં રમાનારી ત્રીજી ટેસ્ટની ટિકિટોની કિંમતોમાં નહીં થાય વધારો

મુંબઈઃ મુંબઈ ક્રિકેટ એસોસિએશન (એમસીએ) એ કહ્યું હતું કે ભારત અને ન્યૂ ઝીલેન્ડ વચ્ચે અહીં ૧ થી ૫ નવેમ્બર દરમિયાન રમાનારી ત્રીજી ટેસ્ટ માટે ટિકિટના ભાવમાં કોઈ વધારો કરવામાં આવશે નહીં. આ બંને ટીમોએ ૨૦૨૧માં આ સ્ટેડિયમમાં ટેસ્ટ મેચ રમી હતી. ભારતે આ મેચ ૩૭૨ રને જીતી લીધી હતી. ન્યૂ ઝીલેન્ડના સ્પિનર એજાઝ પટેલે એક જ મેચની એક ઇનિંગમાં ૧૦ વિકેટ લેવાની સિદ્ધિ મેળવી હતી. તે ટેસ્ટ ઇનિંગ્સમાં તમામ ૧૦ વિકેટ લેનારો ત્રીજો બોલર બન્યો હતો.

એમસીએએ છેલ્લે ૨૦૧૬માં ટેસ્ટ મેચની ટિકિટના ભાવમાં ૨૫ ટકાનો વધારો કર્યો હતો. સૌથી સસ્તી દૈનિક ટિકિટની કિંમત ૧૦૦ રૂપિયાથી વધારીને ૧૨૫ રૂપિયા કરવામાં આવી હતી જ્યારે સમગ્ર મેચની કિંમત ૩૦૦ રૂપિયાથી વધારીને ૩૭૫ રૂપિયા કરવામાં આવી હતી.

એમસીએએ તેની સર્વોચ્ચ કાઉન્સિલની બેઠકમાં આવતા વર્ષે ૧૯ જાન્યુઆરીએ તેના સ્વર્ણ જયંતી સમારોહની ઉજવણીમાં દેશના સૌથી પ્રતિષ્ઠિત ક્રિકેટ સ્થળો પૈકીના એક વાનખેડે સ્ટેડિયમની ૫૦મી વર્ષગાંઠ ઉજવવાનું પણ નક્કી કર્યું હતું.

બેઠકમાં લેવાયેલા અન્ય નિર્ણયોમાં વિવિધ શ્રેણીઓ (અંડર-૧૪, અન્ડર-૧૬, અંડર-૧૯ છોકરાઓ અને અન્ડર-૧૫, અન્ડર-૧૯, અન્ડર-૨૩ સિનીયર મહિલાઓ)માંથી તમામ તાલીમાર્થી ખેલાડીઓને શિબિર માટે પસંદગી અથવા ખેલાડીઓને પ્રથમ શ્રેણી પાસ અને મુસાફરી ભથ્થું આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

એમસીએ ખેલાડીઓ માટે જોબ ફેરનું આયોજન કરશે જેમાં વિવિધ કોર્પોરેટ સંસ્થાઓના ટોચના અધિકારીઓ તેમજ ભૂતપૂર્વ અને વર્તમાન ભારતીય ક્રિકેટરો હાજર રહેશે. એમસીએના પ્રમુખ અજિંક્ય નાઈકે કહ્યું, આ ઈવેન્ટનો ઉદ્દેશ્ય ક્રિકેટરોને રોજગારી આપવાનો રહેશે. આનાથી ક્રિકેટની અંદર અને બહાર બન્ને સ્થળે ખેલાડીઓને કારકિર્દીની તક મળશે. ■

## પ્રશાંત-નેદુનચેઝિયાન અને ભાંબરી ચીનમાં અલગ અલગ ટૂર્નામેન્ટની સેમિફાઇનલમાં પહોંચ્યા

નવી દિલ્હીઃ ભારતના વિજય સુંદર પ્રશાંત અને જીવન નેદુનચેઝિયાને શનિવારે હાંગઝોઉ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં બીજા ક્રમાંકિત જૂલિયન કૅશ અને લોયડ ગ્લાસપુલને હરાવ્યો હતો, જ્યારે યુકી ભાંબરીએ ફ્રાન્સના પોતાના સાથી સાથે ચેંગદૂ ઓપનની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

હાંગઝોઉમાં રમાઈ રહેલી ટૂર્નામેન્ટમાં પ્રશાંત અને નેદુનચેઝિયાન શરૂઆતી સેટ હારી ગયા હતા, પરંતુ તે પછી તેઓએ જોરદાર વાપસી કરી હતી અને બે કલાક સુધી ચાલેલી મેચમાં ૬-૭ (૪) ૭-૬ (૬) ૧૦-૮થી જીત મેળવી હતી. તેમણે સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું.

ભારતીય જોડી હવે એરિયલ બેહાર અને રોબર્ટ ગેલોવેની ત્રીજી ક્રમાંકિત જોડી સામે ટકરાશે. બીજી તરફ ચેંગડુમાં ભાંબરી અને ફ્રાન્સના અલ્બાનો ઓલિવેટીની ત્રીજી ક્રમાંકિત જોડીએ પણ પ્રથમ સેટ ગુમાવ્યા બાદ ગોન્ઝાલો એસ્કોબાર અને ડિએગો હિડાલ્ગોને ૫-૭, ૬-૩, ૧૨-૧૦થી હરાવ્યા હતા. હવે તેમનો સામનો ઈવાન ડોડિજ (ક્રોએશિયા) અને રાફેલ માટોસ (બ્રાઝિલ)ની બીજી ક્રમાંકિત જોડી સાથે થશે. ■

## નેશનલ રાઈફલ એસોસિયેશન ઓફ ઈન્ડિયાના નવા અધ્યક્ષ બન્યા કલિકેશ નારાયણ સિંહ

નવી દિલ્હીઃ કલિકેશ નારાયણ સિંહ દેવ નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (એનઆરએઆઇ) ના નવા અધ્યક્ષ બન્યા હતા. તેમણે શનિવારે અહીં યોજાયેલી ચૂંટણીમાં વીકે ધાલને ૩૬- ૨૧થી પરાજય થયો હતો.

ઓડિશાના ભૂતપૂર્વ સાંસદ કલિકેશ ગયા વર્ષે રનિંદર સિંહના રાજીનામા પછી એનઆરએઆઇની રોજિંદી કામગીરીનું ધ્યાન રાખતા હતા. ગયા વર્ષે રમત મંત્રાલયે સૂચના જાહેર કરી હતી કે રાષ્ટ્રીય રમતગમત સંહિતા હેઠળ રાષ્ટ્રીય ખેલ મહાસંઘનો કોઈ પણ અધિકારી ૧૨ વર્ષથી વધુ સમય સુધી આ પદ પર રહી શકે નહીં. આ પછી રનિંદરે રાજીનામું આપ્યું, જેમના ૧૨ વર્ષ ૨૯ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ પૂર્ણ થયા હતા.

ગયા વર્ષે એપ્રિલમાં રનિંદરના રાજીનામા પછી એનઆરએઆઇની કામગીરી તેના વરિષ્ઠ ઉપાધ્યક્ષ કલિકેશ જોઇ રહ્યા હતા. તેમના કાર્યવાહક પ્રમુખ રહેતા ભારતે પેરિસ ઓલિમ્પિકમાં શૂટિંગમાં ત્રણ મેડલ જીત્યા હતા.

રિયો ઓલિમ્પિક ૨૦૧૬ અને ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦માંથી ભારતીય શૂટર્સ ખાલી હાથે પરત ફર્યા હતા. ■

## પ્રથમ વન-ડેમાં ઓસ્ટ્રેલિયાની અંડર-૧૯ ટીમ સામે ભારતનો સાત વિકેટે વિજય, કાર્તિકિયની વિજયી ઈનિંગ

પુડુચેરીઃ કેપી કાર્તિકેય (૮૫ અણનમ) અને કેપ્ટન મોહમ્મદ અમાન (૫૮ અણનમ) વચ્ચે ચોથી વિકેટ માટે ૧૫૩ રનની અતૂટ ભાગીદારીની મદદથી ભારતીય અંડર-૧૯ ટીમે પ્રથમ વન-ડે મેચ જીતી લીધી હતી. શનિવારે અહીં ત્રણ મેચની સિરીઝની વન-ડેમાં ઓસ્ટ્રેલિયા અંડર-૧૯ને સાત વિકેટે હરાવ્યું હતું.

એવું માનવામાં આવતું હતું કે આ મેચથી રાહુલ દ્રવિડના પુત્ર સમિતે ભારતની જૂનિયર ટીમ માટે ડેબ્યૂ કરશે, પરંતુ તે વાતની પુષ્ટિ થઈ શકી નથી કે તેને ટીમ કોમ્બિનેશનને કારણે અથવા કોઈ ઈજાને કારણે બહાર કરવામાં આવ્યો હતો.

ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતા સ્ટીવ હોગન (૪૨) અને રિલે કિંગ્સલે (૩૬)ની શાનદાર ઇનિંગની મદદથી ૪૯.૪ ઓવરમાં ૧૮૪ રન કર્યા હતા. જમણા હાથના લેગ સ્પિનર મોહમ્મદ અનાને ૧૦ ઓવરમાં ૩૨ રન આપીને ચાર વિકેટ લીધી હતી. ટાર્ગેટનો પીછો કરતી વખતે ભારતીય ટીમે ૩૨ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ કાર્તિકેય અને અમાને ઓસ્ટ્રેલિયાના બોલરોને કોઈ તક આપી ન હતી. આ દરમિયાન કાર્તિકેયે આક્રમક બેટિંગ કરી હતી. તેણે ૯૯ બોલમાં પોતાની અણનમ ઇનિંગમાં નવ ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા હતા. અમાને તેની ૮૯ બોલની સંયમિત ઇનિંગમાં પાંચ ચોગ્ગા ફટકાર્યા હતા. ■

## બાંગ્લાદેશના સ્પિનર્સ સામે ફૂટવર્કનો ઉપયોગ કર્યોઃ શુભમન ગિલ

ચેન્નઈઃ શુભમન ગીલે બાંગ્લાદેશના સ્પિનરોનો સામનો કરવા માટે ફૂટવર્કનો ઉપયોગ કરવાની જૂની શૈલી અપનાવી અને ભારતના બેટ્સમેને કહ્યું કે તે ધીમા બોલરોનો સામનો કરવાની તેમની વ્યૂહરચનાનો એક ભાગ છે.

ગિલે અણનમ ૧૧૯ રન કર્યા હતા. ભારતે શનિવારે અહીં પ્રથમ ટેસ્ટ ક્રિકેટ મેચમાં બાંગ્લાદેશ માટે ૫૧૫ રનનો કપરો લક્ષ્યાંક આપતા ચાર વિકેટે ૨૮૭ રન પર તેનો બીજો દાવ જાહેર કર્યો હતો.

ગિલે ત્રીજા દિવસની રમત સમાપ્ત થયા બાદ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, પહેલા જ્યારે હું પ્રેક્ટિસ કરતો હતો ત્યારે હું ખાસ કરીને સ્પિનરો સામે મારા સ્ટેપ્સનો ઉપયોગ કરીને આગળ રમતો હતો.

મેં અહીં એ જ વ્યૂહરચના અપનાવી કારણ કે બોલ ભાગ્યે જ ટર્ન થતો હોવાથી સ્પિનર માટે આવી વિકેટ પર લય શોધવી સરળ ન હતી.

ગિલે ઑફ-સ્પિનર મેહદી હસન મિરાઝ સામે આ વ્યૂહરચના અપનાવી હતી. ભારતીય બેટ્સમેને કહ્યું કે તે તેના કરિયરની શરૂઆતથી સ્પિનરો સામે ફૂટવર્કનો ઉપયોગ કરીને પ્રેક્ટિસ કરતો હતો અને જેમ જેમ સમય આગળ વધતો ગયો તેમ તેમ તેમાં તેની કુશળતા વધતી ગઇ હતી.

ગિલે આ વર્ષની શરૂઆતમાં ઈંગ્લેન્ડ સામે પણ બે સદી ફટકારી હતી અને તેણે કહ્યું હતું કે તેનાથી તેને ઘણો આત્મવિશ્વાસ મળ્યો છે. ■

## મુંબઇ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો**

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.00 શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.00 દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.00 દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# ફેડરલ રિઝર્વ પછી શું ભારતની રિઝર્વ બેન્ક પણ વ્યાજદર ઘટાડશે? આ વર્ષે સંભાવના કેવી છે?

ફોરકાસ્ટ

નિલેશ વાઘેલા

અમેરિકાની મધ્યસ્થ બેન્ક ફેડરલ રિઝર્વ દ્વારા ચાર ચાર વર્ષ બાદ અણધારી રીતે, પા ટકા (૦.૨૫ બેસીસ પોઇન્ટ)ની ધારણાં સામે વ્યાજ દરમાં અડધા ટકા (૦.૫૦ બેસીસ પોઇન્ટ)ના ઘટાડાની જાહેરાત થયા બાદ ભારતીય રિઝર્વ બેન્ક હવે શું કરે છે તેની ઉત્સુકતા વધી ગઇ છે. ભારત અને અમેરિકાના સંજોગો અને અર્થતંત્રની પરિસ્થિતિ અલગ છે, પરંતુ પાછલા કેટલાક વર્ષથી એવું જોવા મળ્યું છે કે મોટેભાગે રિઝર્વ બેન્ક ફેડરલ બેન્કને અનુસરી રહી છે. આ માટે કારણો અને પરિબળો ગમે તે હોય પરંતુ ચિત્ર કંઇક એવુ જ ઉપસ્યુ છે.

હવે દેશના બેંકરો, ઉદ્યોગો, રોકાણકારો તથા લોનધારકોની નજર હવે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની આવતા મહિનાની બેઠક પર નજર માંડીને બેઠાં છે. આપણે એ જાણીએ કે ખૂદ આરબીઆઇનો રિસર્ચ રિપોર્ટ અને આ ક્ષેત્રના વિવિધ નિષ્ણાતો શું કહે છે!

ફેડરલ રિઝર્વ પહેલા યુકે, કેનેડા તથા યુરોઝોનમાં વ્યાજ દરમાં ઘટાડાના પ્રારંભ થઈ ચૂકયો છે ત્યારે રિઝર્વ બેન્ક પણ તેમના પગલે ચાલશે તેવી ઉદ્યોગો ખાસ કરીને ઓટો ઉદ્યોગ તથા લોનધારકો અપેક્ષા રાખી રહ્યા છે. રિઝર્વ બેન્કે ફેબ્રુઆરી ૨૦૨૩થી ૬.૫૦ ટકા વ્યાજ દર જાળવી રાખ્યો છે.

નોંધવું રહ્યું કે, જુલાઈ તથા ઓગસ્ટનો ફુગાવો આરબીઆઈના ચાર ટકાના ટાર્ગેટ કરતા નીચો રહ્યો છે. જુલાઈમાં ૩.૫૪ ટકા તથા ઓગસ્ટનો રિટેલ ફુગાવો ૩.૬૫ ટકા રહ્યો છે. ફુગાવાના ટાર્ગેટ કરતા નીચા સ્તર તથા વર્તમાન વર્ષનું ચોમાસુ સારુ રહેતા રિઝર્વ બેન્ક ઓકટોબરની બેઠકમાં વ્યાજ દરમાં ઘટાડો કરવાનું શરૂ કરશે એમ એક બેન્કરે જણાવ્યું હતું.

જો કે ખાધાખોરાકીના ફુગાવાના ઊંચા સ્તરને ધ્યાનમાં રાખતા આરબીઆઈ પા ટકા ઘટાડાથી પ્રારંભ કરશે, એવો તેમણે મત વ્યકત કર્યો હતો. ઓકટોબરની બેઠકમાં વ્યાજ દર ઘટાડવાનું શરૂ કરી ૨૦૨૫ના મધ્ય સુધીમાં આરબીઆઈ એકંદર એક ટકો ઘટાડો કરી રેપો રેટ ૫.૫૦ ટકા સુધી લઈ આવશે, તેવી ધારણાં બ્રોકરેજ પેઢી નોમુરા દ્વારા મૂકવામાં આવી છે.

અમેરિકા તથા ભારતમાં આર્થિક વિકાસ દર તથા ફુગાવાના ગણિતો વચ્ચે તફાવત છે તેને ધ્યાનમાં રાખતા રિઝર્વ બેન્ક ફેડરલ રિઝર્વને અનુસરશે તેમ જણાતું ના હોવાનું એક સ્ટોક બ્રોકરે જણાવ્યું હતું. નોંધવું રહ્યુ કે, એસબીઆઈના ચેરમેન સી. એસ. શેટ્ટીએ પીટીઆઈને અગાઉ આપેલી એક મુલાકાતમાં ૨૦૨૪માં વ્યાજ દરમાં ઘટાડો જોવા નહીં મળવાની ધારણાં મૂકી હતી. ખાધાખોરાકીના ફુગાવાને ધ્યાનમાં રાખીને તેમણે આ પ્રકારની ધારણાં વ્યકત કરી છે. આપણે ખૂદ રિઝર્વ બેન્કની માહિતી ટાંકીએ તો અમેરિકાની ફેડરલ રિઝર્વ દ્વારા તાજેતરમાં વ્યાજદરોમાં પચાસ બેસિસ પોઇન્ટના ઘટાડા બાદ આરબીઆઇ પણ વ્યાજદરોમાં ઘટાડો કરી શકે છે, પરંતુ આ વર્ષે નહીં. આરબીઆઇ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં રેપોરેટમાં ઘટાડો કરશે તેવી શક્યતા આરબીઆઇના રિસર્ચમાં વ્યક્ત કરવામાં આવી છે.

ઓગસ્ટ ૨૦૨૪માં દેશમાં સીપીઆઇ ફુગાવો ૩.૬૫ ટકા સાથે પાંચ વર્ષના તળિયે રહ્યો છે. કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં વ્યાજદરોમાં ઘટાડો કરે તેવી શક્યતા ઓછી છે. વર્ષ ૨૦૨૫ની શરૂઆતનો સમયગાળો વ્યાજદરમાં ઘટાડા માટે શ્રેષ્ઠ સમય કહી શકાય.

સરકારની રોકડનું બેલેન્સ બેન્કિંગ સિસ્ટમની બહાર જઇ રહ્યું હોવાથી બેન્કિંગ સેક્ટરમાં આગામી સમયમાં પણ લિક્વિડિટીને લગતા પડકારો પ્રવર્તી શકે છે. સપ્ટેમ્બર તેમજ ઑક્ટોબરમાં ફુગાવામાં અંદાજિત વધારા છતાં, આગામી મહિનામાં સીપીઆઇ ફુગાવો પાંચ ટકા કરતાં નીચે રહે તેવી શક્યતા છે.

સમગ્ર નાણાવર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન સરેરાશ ફુગાવો ૪.૬ ટકાથી ૪.૭ ટકાની રેન્જ વચ્ચે રહી શકે છે. જે આરબીઆઇના લક્ષ્યાંક ચારથી છ ટકાની વચ્ચે રહેશે. આ વરસે ચોમાસું સાનુકૂળ રહેતા સાત ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેનાથી ખરીફ પાકના વાવેતરમાં વધારો થયો છે, જે ૧૦૯.૭ મિલિયન હેક્ટર થયું છે, જે પાંચ વર્ષની સરેરાશ કરતાં વધુ છે.

૧૭ સપ્ટેમ્બર સુધીમાં ખરીફ પાકનું વાવેતર ૦.૧ ટકા વધુ હતુ અને ગત વર્ષ કરતાં ૨.૨ ટકા વધુ હતુ. જ્યારે ડાંગરનું વાવેતર પણ ૪૧ મિલિયન હેક્ટર સાથે ૨.૧ ટકા વધ્યું હતું. જે પાંચ વર્ષની સરેરાશ કરતાં વધુ છે. મોનેટરી પોલિસીની દષ્ટિએ આરબીઆઇએ ફુગાવાના દબાણને અંકુશમાં રાખવા માટે લિક્વિડિટીની સ્થિતિને યોગ્ય રાખી છે.

સરકારનું કેશ બેલેન્સ રૂ. ૨.૮ લાખ કરોડ રહ્યું છે, જ્યારે ડ્યૂરેબલ અથવા કોર લિક્વિડિટી સરપ્લસ ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં વધીને રૂ. ૩.૧૯ લાખ કરોડ નોંધાયું છે. ગત મોનેટરી પોલિસીની દરમિયાન તે સરેરાશ રૂ. ૩.૯ લાખ કરોડ રહેવા પામ્યું હતું. વર્ષ ૨૦૨૪-૨૫માં જીડીપી ગ્રોથ ૭.૨ ટકા રહેવાનો અંદાજ છે.

રિઝર્વ બેન્કે ગત મોનેટરી પોલિસી બેઠક દરમિયાન વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૭.૨ ટકાના આર્થિક વૃદ્ધિદરનું અનુમાન વ્યક્ત કર્યું છે. જેમાં પહેલા ક્વાર્ટર માટે ૭.૧ ટકા, બીજા ક્વાર્ટર માટે ૭.૨ ટકા, ત્રીજા ક્વાર્ટર માટે ૭.૩ ટકા અને ચોથા ક્વાર્ટર માટે ૭.૨ ટકાના આર્થિક વૃદ્ધિદરનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. હવે અંતે નિર્ણય શું લેવાય છે તે રહસ્ય તો આવતા મહિને જ ખૂલશે!

# શૅરબજાર નવી વિક્રમી સપાટીએ, માર્કેટ કૅપ ₹ ૪૭૧.૭૧ લાખ કરોડના સ્તરે

મુંબઇઃ ફેડરલ ઇફેક્ટ વચ્ચે વૈશ્વિક બજારમાં આવેલા જોરદાર ઉછાળા સાથે સ્થાનિક શેરબજાર પણ તોતિંગ ઉછાળા સાથે નવી વિક્રમી ટોચે પહોંચ્યા હતા અને તેને પરિણામે કુલ લિસ્ટેડ ઇક્વિટ શેરના માર્કેટ કેપિટલમાં પણ ઉછાળો આવ્યો હતો. સપ્તાહ દરમિયાન રિયલ્ટી, બેન્કેક્સ અને પાવર શેરો ઝડપથી વધ્યા હતા, જ્યારે આઈટી ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો હતો.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૮૨,૮૯૦.૯૪ના બંધથી ૧,૬૫૩.૩૭ પોઈન્ટ્સ (૧.૯૯ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ સોમવારે ૮૨,૯૮૫.૩૩ ખૂલી ૧૮ સપ્ટેમ્બર અને બુધવારે નીચામાં ૮૨,૭૦૦.૬૩ સુધી સુધી જઈ અને ૨૦ સપ્ટેમ્બર અને શુક્રવારે ૮૪,૬૯૪.૪૬ સુધી જઈ સપ્તાહ અંતે ૮૪,૫૪૪.૩૧ બંધ રહ્યો હતો.

આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ.૪૭૧.૭૧ લાખ કરોડ રહ્યું હતું, જે ૧૩ સપ્ટેમ્બરના શુક્રવારના અંતે રૂ.૪૬૯.૯૧ લાખ કરોડ હતું. બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૧.૫૨ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૧.૨૯ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૧.૦૬ ટકા વધ્યા હતા, જ્યારે બીએસઈ મિડકેપ ૦.૧૬ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૦૮ ટકા ઘટ્યા હતા. બીએસઈ આઈપીઓ ૦.૨૦ ટકા વધ્યો અને એસએમઈ આઈપીઓ ૪.૧૯ ટકા ઘટ્યો હતો.

સેકટરલ ઈન્ડેક્સમાં રિયલ્ટી ૪.૬૭ ટકા, બેન્કેક્સ ૩.૪૭ ટકા, પાવર ૩.૪ ટકા, ઓટો ૨.૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૬૪ ટકા, એફએમસીજી ૧.૦૬ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૯૯ ટકા, મેટલ ૦.૨૮ ટકા અને ઈન્ફ્રા ૦.૧૭ ટકા વધ્યા હતા, જ્યારે ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૨.૮૩ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૮૩ ટકા, ટેક ૧.૭૬ ટકા, પીએસયુ ૧.૩૯ ટકા અને હેલ્થકેર ૦.૩૯ ટકા ઘટ્યા હતા.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી સૌથી અધિક વધેલા પાંચ શેરોમાં મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૭.૧૯ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૬.૭૦ ટકા, નેસ્લે ૬.૨૨ ટકા, એનટીપીસી ૫.૪૦ ટકા, લાર્સન એન્ડ ટુબ્રો ૪.૭૯ ટકા વધ્યો હતો. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક ઘટેલા પાંચ શેરોમાં ટાટા કન્સલ્ટન્સી ૫.૫૩ ટકા, એચસીએલ ટેકનોલોજી ૩.૦૮ ટકા, તાતા મોટર્સ ૨.૧૫ ટકા, ટેક મહિન્દ્ર ૨.૦૯ ટકા અને ઈન્ફોસિસ ૨ ટકા ગબડ્યો હતો.

એ ગ્રુપની ૭૩૦ કંપનીઓમાં ૩૧૦ સ્ક્રિપ્સના ભાવ વધ્યા, ૪૨૦ સ્ક્રિપ્સના ભાવ ઘટ્યા હતા. બી ગ્રુપની ૧,૦૭૫ કંપનીઓમાંથી ૩૫૦ વધી હતી, ૭૧૬ ઘટી અને નવ સ્થિર રહી હતી.

સેન્સેક્સમાંની ૨૦ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૦ ઘટી હતી. બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સમાંની ૫૪ સ્ક્રિપ્સ વધી હતી અને ૪૬ ઘટી હતી. બીએસઈ ૨૦૦ સમાવિષ્ટ ૯૮ સ્ક્રિપ્સ વધી અને ૧૦૨ ઘટી હતી, મિડકેપમાંની ૧૨૬ સ્ક્રિપ્સમાંથી ૪૬ વધી, ૮૦ ઘટી હતી. સ્મોલ કેપમાંની ૯૯૧ સ્ક્રિપ્સમાંથી ૩૪૧ વધી હતી, ૬૪૯ ઘટી હતી અને એક સ્થિર રહી હતી.

સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ. ૧,૮૯૮.૫૧ કરોડની અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ. ૧૩,૮૮૨.૭૪ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી.

# વિદેશી હૂંડિયામણની અનામત ૬૮૯ અબજ ડૉલરની નવી વિક્રમી ટોચે

### વૈશ્વિક સ્તરે ફોરેક્સ રિઝર્વની દ્રષ્ટિએ ચીન, જાપાન, સ્વીત્ઝરલેન્ડ બાદ ભારતનો ચોથો ક્રમ

મુંબઈ : ભારતીય શેરબજારમાં રેકોર્ડ રેલી બાદ દેશના ફોરેક્સ રિઝર્વમાં પણ વિક્રમી સિદ્ધિ જોવા મળી છે. ફોરેન ફન્ડોના સતત ઈન્ફ્લોસને પરિણામે દેશના ફોરેક્સ રિઝર્વના સ્તરમાં વર્તમાન વર્ષમાં ૬૬.૨૬ અબજ ડોલરનો વધારો થયો છે જેને પરિણામે ફોરેક્સ રિઝર્વનું સ્તર પણ ૬૮૯.૪૬ અબજ ડોલરની વિક્રમી સપાટીએ પહોંચ્યું છે. ૧૩મી સપ્ટેમ્બરના સપ્તાહના અંતે ફોરેક્સ રિઝર્વમાં ૨૨.૩૦ કરોડ ડોલરનો વધારો થયો છે.

૧૩મી સપ્ટેમ્બરના સમાપ્ત થયેલા સપ્તાહમાં સતત પાંચમા સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વમાં વધારો જોવાયો છે. ૨૦૨૩ના અંતે ફોરેક્સ રિઝર્વનું સ્તર ૬૨૩.૨૦ અબજ ડોલર રહ્યું હતું જે ૨૦૨૪ના ૧૩ સપ્ટેમ્બરના અંત સુધીમાં વધી ૬૮૯.૪૬ અબજ ડોલર રહ્યું છે.

અમેરિકામાં વ્યાજ દરમાં ૫૦ ટકાના નોંધપાત્ર ઘટાડા બાદ વિદેશી ફન્ડોનું ભારતીય ઈક્વિટીસમાં આકર્ષણ વધવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે, જે ફોરેક્સ રિઝર્વમાં વધુ વધારો કરાવશે. વૈશ્વિક સ્તરે ફોરેક્સ રિઝર્વની દ્રષ્ટિએ ચીન, જાપાન, સ્વીત્ઝરલેન્ડ બાદ ભારતનો ચોથો ક્રમ રહ્યો છે. જો કે વર્તમાન વર્ષમાં રિઝર્વમાં ઉમેરામાં ભારત અન્ય દેશોની સરખામણીએ ટોચના સ્થાને રહ્યું છે. વૈશ્વિક સ્તરે ૩૨૮૮ અબજ ડોલર સાથે ફોરેક્સ રિઝર્વમાં ચીન પ્રથમ ક્રમે છે. જાપાન ૧૨૩૫ અબજ ડોલર અને સ્લીત્ઝરલેન્ડ ૮૦૨ અબજ ડોલરનું રિઝર્વ ધરાવે છે. ચીને તેની ૭૦૦ અબજ ડોલરની સપાટી બે દાયકા પહેલા જ હાંસલ કરી લીધી હતી. ભારતના ફોરેક્સ રિઝર્વમાં ૨૦૨૩ના સંપૂર્ણ વર્ષમાં ૬૦ અબજ ડોલરનો ઉમેરો થયો હતો જ્યારે ૨૦૨૪ના પ્રથમ આઠ મહિનામાં જ ભારતે આ સ્તર પાર કરી લીધુ હોવાનું રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું. ૨૦૨૪માં ફોરેક્સ રિઝર્વમાં ઉમેરાની દ્રષ્ટિએ ૭.૭૦ ટકા સાથે ભારત વિશ્વમાં ટોચના સ્થાને રહ્યું છે જ્યારે સ્વીત્ઝરલેન્ડમાં ૨.૬૦ ટકા અને ચીનના રિઝર્વમાં ૧.૩૦ ટકા વધારો થયો છે. ૨૦૨૪માં ભારતીય ઇક્વિટીસમાં તથા ઋણ સાધનોમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અત્યારસુધી અનુક્રમે રૂપિયા ૭૭૮૫૩ તથા રૂપિયા૧૦૫૨૩૮ કરોડની નેટ ખરીદી રહી છે. ફોરેક્સ રિઝર્વનું વર્તમાન સ્તર ૧૨ મહિનાથી વધુના આયાત બિલને પહોંચી વળાય તેટલું છે. ફોરેક્સ રિઝર્વના મજબૂત સ્તરને ભારતીય રૂપિયો ડોલર સામે અન્ય ચલણોની સરખામણીએ ઓછો વોલેટાઈલ જોવા મળી રહ્યો છે.

# ગ્લોબલ એમએસસીઆઇ ઇન્ડેક્સમાં ભારત ચીનથી આગળ, નિફ્ટી આ વર્ષે ૧૭ ટકા વધ્યો, ચીનનો શાંઘાઇ નવ ટકા ઘટ્યો

નવી દિલ્હીઃ ભારતે પ્રથમ વખત વૈશ્વિક ઇક્વિટી ઇન્ડેક્સમાં ચીનને પાછળ રાખ્યું છે. મોર્ગન સ્ટેનલી કેપિટલ ઇન્ટરનેશનલ (એમએસસીઆઇ)ના રોકાણ કરી શકાય તેવા લાર્જ, મિડ અને સ્મોલ કેપ ઇન્ડેક્સમાં ભારતનું વેઇટેજ વધીને ૨.૩૫ ટકા થયું છે. જે ચીનના ૨.૨૪ ટકા વેઇટેજ કરતાં વધુ છે.

આને પરિણામે ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણ વધી શકે છે. મોર્ગન સ્ટેન્લીએ એક અહેવાલમાં જણાવ્યું કે સ્થિર આર્થિક વૃદ્ધિ વચ્ચે મજબૂત રોકાણને કારણે ભારતીય શેરબજારે ચીન કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. વાસ્તવમાં, ભારત સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા શેરબજારો પૈકી એક છે.

ભારતનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટી ફીફ્ટી આ વર્ષે અત્યાર સુધીમાં ૧૭ ટકા વધ્યો છે. સેન્સેક્સમાં પણ સરેરાશ ૧૫ ટકાનો ઉછાળો આવ્યો છે. બીજી તરફ ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ લગભગ નવ ટકા ઘટ્યો છે. વિશ્વભરના રોકાણકારો ચીનની અર્થવ્યવસ્થા ખાસ કરીને પ્રોપર્ટી સેક્ટરના ગ્રોથને લઈને ચિંતિત છે. મોર્ગન સ્ટેનલીના જોનાથન ગાર્નરની આગેવાની હેઠળની એનાલિસ્ટોની ટીમે એક અહેવાલમાં લખ્યું છે કે વૈશ્વિક ઇન્ડેક્સમાં ભારતનો આર્થિક વિકાસદરનો સતત સારો દેખાવ, શેરબજારમાં નવી કંપનીઓની ઝડપી લિસ્ટેડ થવાને કારણે છે. કેશની ભરમારના કારણે વૈશ્વિક ઇન્ડેક્સમાં ભારતની વૃદ્ધિ ઝડપી વધી રહી છે. આ નિષ્ણાતોના મતે ભારતનો નોમિનલ જીડીપી વૃદ્ધિ દર હાલમાં ૧૮થી વીસ ટકા સુધી છે. આ ચીન કરતાં ત્રણ ગણું વધારે છે. ફુગાવાની અસર નોમિનલ જીડીપી વૃદ્ધિ દરમાંથી બાદ કરવામાં આવતી નથી.

# ખાદ્યપદાર્થોના ભાવની અસ્થિરતાનું આકસ્મિક જોખમ તોળાતું રહે છેઃ આરબીઆઇ બુલેટિન

મુંબઈઃ એકંદર રિટેલ ફુગાવો ઓગસ્ટમાં સતત બીજા મહિને ચાર ટકાના લક્ષ્યાંકથી નીચે રહ્યો હોવા છતાં પણ ખાદ્યપદાર્થોના ભાવની અસ્થિરતા એક સતત ઝળુંબતું અને ખલેલ પહોચાડતું આકસ્મિક જોખમ રહે છે, એમ રિઝર્વ બેન્કના તાજેતરના બહાર પાડવામાં આવેલા બુલેટિનમાં ટાંકવામાં આવ્યું હતું.

સપ્ટેમ્બર બુલેટિને એમ પણ જણાવ્યું હતું કે વૈશ્વિક આર્થિક પ્રવૃત્તિ ધીમી પડી રહી છે જ્યારે ડિસ્ફલેશનની ગતિ ધીમી રહે છે, જેને પરિણામે નાણાકીય નીતિ ઘડનારા સત્તાવાળાઓમાં સાવચેતીનો અભિગમ અપનાવવાનું પ્રેરે છે.

બુલેટિનમાં નસ્ટેટ ઓફ ધ ઈકોનોમીથ પરના એક લેખમાં જણાવાયું છે કે, ગ્રાહક ભાવ સૂચકાંક ફુગાવો ઓગસ્ટમાં સતત બીજા મહિને રિઝર્વ બેંકના લક્ષ્યાંકથી નીચે આવ્યો હતો, જો કે તાજેતરના અનુભવના પ્રકાશમાં, ખાદ્યપદાર્થોની કિંમતની અસ્થિરતા એક આકસ્મિક જોખમ બની રહે છે.

# સરકારે ખાદ્યતેલના ઊછળતા ભાવ અંગે કંપનીઓ પાસેથી સ્પષ્ટતા માગી

નવી દિલ્હીઃ સરકારે ખાદ્યતેલ કંપનીઓ પાસેથી નીચી ડ્યુટી પર આયાત કરવામાં આવતા અને પર્યાપ્ત સ્ટોકની ઉપલબ્ધતા વચ્ચે ભાવમાં સ્થિરતા સુનિશ્ચિત કરવાની તાકીદ કરી હોવા છતાં ખાદ્ય તેલના છૂટક ભાવમાં જોવા મળી રહેલા ઉછાળા માટે સ્પષ્ટતા માગી છે.

કેન્દ્ર સરકારે ૧૪ સપ્ટેમ્બરના રોજ, સ્થાનિક તેલીબિયાંના ભાવને ટેકો આપવા માટે વિવિધ ખાદ્ય તેલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટીમાં વધારો કર્યો હતો અને ત્યારબાદ ૧૭ સપ્ટેમ્બરે ખાદ્ય મંત્રાલયે ખાદ્ય તેલ ઉદ્યોગ સંસ્થાઓ સાથે બેઠક બોલાવી એમની પાસેથી એવી ખાતરી લ્ધી હતી કે આને કારણે તેલની છૂટક કિંમતોમાં કોઈ વધારો ન થવો જોઇએ. ખાદ્ય મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, નઉદ્યોગને તાજેતરના ભાવ ઉછાળા અંગે સ્પષ્ટતા કરવા અને કારણો આપવાનું કહેવામાં આવ્યું છે કે સરકાર દ્વારા આગામી તહેવારોની સિઝનમાં છૂટક કિંમતો જાળવી રાખવાના નિર્દેશો હોવા છતાં, આયાત ડ્યુટીમાં વધારો કરવાની જાહેરાત બાદથી ભાવમાં શા માટે વધારો થઈ રહ્યો છે, તેનો જવાબ કંપનીઓએ આપવો પડશે.

કેન્દ્ર સરકાર દ્વારા ગત સપ્તાહે ખાદ્ય તેલની આયાત ડ્યુટીમાં વધારો કરાતાં રિટેલ બજારના વેપારીઓએ તેલના ભાવમાં તોતિંગ વધારો કર્યો છે. ગત સપ્તાહે જ સિંગતેલ, કપાસિયા, પામ તેલના ભાવમાં રૂ. ૧૦૦ સુધીનો વધારો કર્યા બાદ આ સપ્તાહે વધુ રૂ. ૫૦ સુધીનો વધારો ઝીંક્યો છે. જો કે, કેન્દ્ર સરકારે રિટેલ વેપારીઓને આડેધડ ભાવ ન વધારવા અપીલ કરી છે. કેન્દ્ર સરકારે જણાયું છે કે, રિટેલ વેપારીઓ ખાદ્ય તેલના ભાવોમાં તોતિંગ વધારો ન કરે. કારણકે, ડ્યુટીમાં વધારો કર્યો તે પહેલાં દેશમાં ૪૦થી ૪૫ દિવસ સુધી ચાલી શકે તેટલા રિફાઈન્ડ ઓઈલની આયાત થઈ ચૂકી છે. અર્થાત ઝીરો કસ્ટમ ડ્યુટી પર ૩૦ લાખ ટનથી વધુ રિફાઈન્ડ ઓઈલ આયાત કરવામાં આવ્યું છે. જેથી તેના પર ભાવ વધારો અયોગ્ય છે.

સિંગતેલ માટે તો ભારત સ્વનિર્ભર છે અને આ વર્ષે મગફળીનું વાવેતર ગત વર્ષથી ચાર લાખ હેક્ટર વધીને ૪૭.૪૯ લાખ હેક્ટરમાં થયું છે. ગુજરાતમાં પણ ગત વર્ષે ૧૬.૩૫ લાખ હે.થી વધીને ૧૯.૧૦ લાખ હે.વાવેતર છે. ગત વર્ષે રાજ્યમાં એટલા વાવેતરમાં પણ ૪૬.૪૫ લાખ ટન મગફળીનું મબલખ ઉત્પાદન થયું હતું. આમ છતાં, સૌરાષ્ટ્રના તેલમિલરોએ ગત સપ્તાહે ભાવમાં રૂ. ૪૦નો વધારો ઝીંકી દીધો હતો. આ સપ્તાહે પણ ભાવ વધ્યા છે. ક્રુડ પામ, સોયા, સૂર્યમુખી તેલ પર ૨૦ ટકાની કસ્ટમ ડ્યુટી લાદવામાં આવતાં સૌરાષ્ટ્ર તેલ બજારમાં બેફામ ભાવ વધારો ઝીંકવામાં આવ્યો છે. કપાસિયા અને પામ તેલના ભાવમાં ૫૦ રૂપિયાનો વધારો થયો છે. સનફ્લાવર, મકાઈ, સરસવ તેલના ભાવ પણ ૫૦ રૂપિયા વધ્યા છે. ચાલુ સપ્તાહમાં જ ભાવમાં ૨૨૫થી ૨૭૫ રૂપિયાનો તોતિંગ વધારો થયો છે. કપાસિયા તેલના ડબ્બાનો ભાવ વધીને રૂ. ૨૧૩૦, પામ તેલના ડબ્બાનો ભાવ વધીને રૂ. ૧૯૩૫ થયા છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પબ્લિક નોટીસ**

આથી ખબર આપવામાં આવે છે કે, હું મજાસ, તાલુકા અંધેરી, જોગેશ્વરી (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૦ (હવે પછી થી ''મિલકત'' તરીકે ઓળખવામાં આવે છે)ના મજાસ વાડી, રેવન્યુ ગામ ખાતે આવેલ ભરતમાં ૧૫૦૦ ચો.મી. (કાર્પેટ એરિયા) અથવા તેની આસપાસ ગ્રાઉન્ડ વત્તા મેઝેનાઈન ફ્લોરનો સમાવેશ કરતો સ્ટ્રકચર સાથે ભરતમાં ૨૦૨૪ ચો.મી. અથવા આસપાસ C.T.S. નં. ૨૮ને અનુરૂપ પ્લોટ નં. ૬A ધરાવતી જમીનનો તે તમામ ટુકડો કે કકડાના સંદર્ભમાં પ્લોટ નં. ૬A, શ્યામ નગર, મજાસ વાડી, જોગેશ્વરી (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૦ ખાતે તેની રજીસ્ટ્રેડ ઓફિસ ધરાવતી કંપની એક્ટ, ૧૯૫૬ હેઠળ સમાવિષ્ટ એક કંપની, રાધા માધવ સિલ્ક મિલ્સ પ્રાઈવેટ લિમિટેડના ટાઈટલની તપાસ કરી રહ્યો છું.

તમામ શખ્સ મિલકત સામે વારસો, ગીરો, વેચાણ, ભેટ, પૂર્વાધિકાર, ચાર્જ, ટ્રસ્ટ, ટેનાન્સી, જાળવણી, ઈઝમેન્ટ કે બીજી કોઈપણ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો, આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં દસ્તાવેજી પુરાવા સાથે, તેના સંદર્ભમાં, નીચે સહી કરનારને C-૯૦૨, એલિટ એન્કલેવ CHS, સેક્ટર-૧૦, મેડીકવર હોસ્પિટલ પાસે, ખારઘર, નવી મુંબઈ-૪૧૦૨૧૦ ખાતે તેમની ઓફિસમાં આ છપાયાની તારીખથી ૧૪ (ચૌદ) દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, આવા કોઈપણ દાવાઓની અવગણના કરવામાં આવશે અને ત્યજી દીધેલ અને/અથવા છોડી દીધેલ ગણવામાં આવશે.

આ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૪.

આદિત્ય માંજરેકર
એડવોકેટ


# નાણાં મંત્રાલયે ગિફ્ટ સિટીસ્થિત સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટિંગના નિયમો હળવા કર્યા

નવી દિલ્હીઃ નાણાં મંત્રાલયે ગિફ્ટ સિટીમાં સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ થવા માટે કંપનીઓના લઘુતમ જરૂરી જાહેર શેરહોલ્ડિંગને હાલના ૨૫ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરવા માટેનું નોટિફિકેશન બહાર પાડયું છે. નિષ્ણાતો કહે છે કે લઘુત્તમ મર્યાદા ઘટાડવાથી ભારતીય કંપનીઓ માટે વૈશ્વિક મૂડી સુધી પહોંચવામાં સરળતા રહેશે.

આ ક્ષેત્રના નિષ્ણાતો અનુસાર વૈશ્વિક નાણાકીય બજારમાં ભારતની સ્થિતિને મજબૂત બનાવવાની દિશામાં આ એક પગલું છે. સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ રેગ્યુલેશન રૂલ્સ, ૧૯૫૬માં આર્થિક બાબતોના વિભાગ દ્વારા જારી કરાયેલી સૂચના દ્વારા સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારો ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સવસિસ સેન્ટર્સ હેઠળ વૈશ્વિક ધોરણોને અનુરૂપ આંતરરાષ્ટ્રીય એક્સચેન્જમાં સૂચિબદ્ધ કરવા ઇચ્છતી ભારતીય કંપનીઓ માટે લિસ્ટિંગની જરૂરિયાતોને સરળ બનાવે છે. આર્થિક બાબતોના વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ મર્યાદા ઘટાડીને સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ રેગ્યુલેશન રૂલ્સમાં કરાયેલો સુધારો ઝડપથી વિકસતી ટેક્નોલોજી ક્ષેત્રની કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ માટે વૈશ્વિક મૂડીની સરળ પહોંચ સુનિશ્ચિત કરશે.

આનાથી ખાસ કરીને તે ભારતીય કંપનીઓને ફાયદો થશે જેઓ વૈશ્વિક ઉડાન ભરવા માંગે છે અને અન્ય બજારોમાં તેમની હાજરી વિસ્તારવા માગે છે. સરકારે જાન્યુઆરીમાં જ કંપનીઓને ગિફ્ટ, આઈએફએસસી પર સૂચિબદ્ધ કરવા સક્ષમ બનાવવા નિયમોની સૂચના આપી હતી.

ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ સર્વિસ સેન્ટર્સ ઓથોરિટીએ વધારાની નિયમનકારી જરૂરિયાતો પર મે મહિનામાં જારી કરાયેલ કન્સલ્ટેશન પેપર પર મંતવ્યો માગ્યા હતા. આ એક આવકારદાયક પગલું છે. તેનો હેતુ ગિફ્ટ આઈએફએસસી અંતર્ગત આંતરરાષ્ટ્રીય એક્સચેન્જો પર ભારતીય કંપનીઓની લિસ્ટિંગ જરૂરિયાતોને સરળ બનાવવાનો છે.

આ એક મહત્વપૂર્ણ સુધારો છે જે લિસ્ટિંગ માટે ફરજિયાત લઘુત્તમ પબ્લિક શેરહોલ્ડિંગ જરૂરિયાતને ૨૫ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરે છે તેમ જાણકાર વર્તુળોએ જણાવ્યું હતું. આ સિવાય વિદેશી રોકાણકારોને ભારતમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે જેથી તેઓ તેમની સ્થિતિ મજબૂત કરી શકે. તેનાથી દેશમાં વિદેશી ચલણનો પ્રવાહ વધશે. પબ્લિક શેર ઘટાડવાથી સામાન્ય લોકો માટે ઉપલબ્ધ શેરની સંખ્યામાં ઘટાડો થશે. શેર પર અનેક પ્રકારની અસર જોવા મળી શકે છે. લિસ્ટિંગની સુવિધા માટે, આઈએફએસસી ટૂંક સમયમાં પાત્રતાની શરતો, જાહેરાતના ધોરણો, નેટવર્થની જરૂરિયાતો, એકાઉન્ટિંગ ધોરણો વગેરે માટે અંતિમ ધોરણો જારી કરશે. અંતિમ ધોરણો વૈશ્વિક ધોરણો સાથે સંરેખિત હશે. જેમાં તેઓ માર્કેટ રેગ્યુલેટર સેબીના ડિસ્કલોઝર અને લિસ્ટિંગના ધોરણો અને ઈશ્યુઅર્સની જરૂરિયાતોનું પણ પાલન કરશે.


**મધ્ય રેલવે**

**ઈ-ઓક્શનની નોટીસ**

મુંબઈ ડિવિઝન, મધ્ય રેલવે ઈ-ઓક્શન લિઝિંગ મોડ્યૂલ દ્વારા www.ireps.gov.in પર નીચે આપેલા અસેટ લિઝિંગ માટે ઈ-ઓક્શનની માંગણી કરેલ છે. રસ ધરાવતા બિડરોએ ઈ-ઓક્શન લિઝિંગ મોડ્યૂલમાં રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે અને ઈ-ઓક્શન પહેલા અપલોડ કરવાના તમામ જરૂરી દસ્તાવેજો. વધુ વિગતો માટે રસ ધરાવતા બિડરોને નીચે દર્શાવેલ ઈ-ઓક્શનની વિગતો જાણવા www.ireps.gov.in વેબસાઈટની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે.

| ક્ર. નં. | કેટેગરી | સબ - કેટેગરી | ઓક્શન પ્રારંભ |
|---|---|---|---|
| ૧ | જાહેરાત | સ્ટેશન પ્રિમાઈસિસ (ડિઝિટલ) | ૨૪.૦૯.૨૦૨૪ |
| | | સ્ટેશન પ્રિમાઈસિસ (નોન ડિઝિટલ) | ૦૧.૧૦.૨૦૨૪ |
| | | OOH | ૦૩.૧૦.૨૦૨૪ |
| | | મોબાઈલ એસેટ (આંતરિક અને બાહ્ય) બંને | ૨૩.૦૯.૨૦૨૪, ૨૭.૦૯.૨૦૨૪ ૩૦.૦૯.૨૦૨૪ |
| ૨ | પાર્કિંગ | મિક્સ | ૨૪.૦૯.૨૦૨૪, ૨૫.૦૯.૨૦૨૪ |
| ૩ | પાર્સલ | SLR અને SLRLHB 01SLR01VP | ૨૩.૦૯.૨૦૨૪, ૦૪.૧૦.૨૦૨૪ ૦૭.૧૦.૨૦૨૪ |
| ૪ | પે એન્ડ યુઝ | પે એન્ડ યુઝ | ૨૬.૦૯.૨૦૨૪, ૨૭.૦૯.૨૦૨૪ ૨૮.૦૯.૨૦૨૪, ૩૦.૦૯.૨૦૨૪ |
| ૫ | અન્ય NFR | BB-C-PRKIOKS3 | ૦૧.૧૦.૨૦૨૪ |
| ૬ | અન્ય NFR | રોહા અને KYN ખાતે વેઈટિંગ રૂમ | ૦૧.૧૦.૨૦૨૪ |
| ૭ | કેટરીંગ | કેટ. વિવિધ સ્ટેશનો | ૨૫.૧૦.૨૦૨૪ |

વધુ પરિશિષ્ટ/સુધારા, લોટ/કેટલોગ પાછી ખેંચી, તારીખમાં ફેરફાર, સમય વિસ્તરણ, સ્પષ્ટતા વગેરે જો કોઈ હોય તો, વિષયની ઓક્શનના સંબંધમાં, ફક્ત વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે. બિડર્સે પોતાને અપડેટ રાખવા માટે નિયમિતપણે વેબસાઈટની મુલાકાત લેવી જોઈએ. DRM(C), CSMT

अनाधिकृत रूप से रेल लाइन को पार करना दंडनीय अपराध है 419

# ધારાવીમાં મોટો ભડકો થતાં - થતાં રહી ગયો

**મસ્જિદનો ગેરકાયદે ભાગ તોડવા પહોંચેલી સુધરાઈની ટીમ સામે સેંકડો લોકો રસ્તા પર ઊતરી આવ્યા : પથ્થરમારો કર્યો, રસ્તો રોક્યો , પોલીસ સ્ટેશનની સામે દેખાવો કર્યા : જોકે પોલીસ - પાલિકા અને મસ્જિદના ટ્રસ્ટીગણની બેઠકમાં ટ્રસ્ટીઓ જ પાંચ દિવસમાં અનધિકૃત બાંધકામ તોડી પાડશે એવી સમજૂતી થયા પછી મામલો થાળે પડ્યો**




ધારાવીમાં આંદોલન કરી રહેલા રહેવાસીઓ.
(ઉપર) ગેરકાયદે બાંધવામાં આવેલી મસ્જિદ.
(ડાબે) દેખાવકારો દ્વારા સુધરાઈના વાહનને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ધારાવીમાં શનિવારે મોટો ભડકો થતા-થતા સહેજમાં રહી ગયો હતો અને તેના માટે એમાંના ત્રણે પક્ષ - સુધરાઈ, પોલીસ અને મસ્જિદના ટ્રસ્ટગણ - એ મોટો ભાગ ભજવ્યો. ધારાવીમાં નાઇન્ટી ફૂટ રોડ પર આવેલી મસ્જિદના ગેરકાયદે બાંધકામને તોડી પાડવા પહોંચેલી મુંબઈ મહાનગરપાલિકાની ટીમના વિરોધમાં સેંકડો લોકો રસ્તા પર ઊતરી આવ્યા હતા અને તેમણે પથ્થરમારો પણ કર્યો હતો. આટલું જ નહીં પણ રસ્તો પણ રોકી દીધો હતો. આ બધાને લીધે પરિસ્થિતિ તંગદિલીભરી બની હતી. પાલિકાના વાહનને નુકસાન પહોંચ્યા બાદ મોટી સંખ્યામાં લોકોએ ધારાવી પોલીસ સ્ટેશન બહાર પણ વિરોધ પ્રદર્શન કર્યું હતું. વરિષ્ઠ પોલીસ અધિકારીઓની સમજાવટ અને ટ્રસ્ટીઓ સાથેની મીટિંગ પછી મામલો થાળો પડ્યો હોવા છતાં પોલીસે સમગ્ર વિસ્તારમાં કડક બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

મહેબૂબ-એ-સુબહાની મસ્જિદના ગેરકાયદે ભાગને તોડી પાડવા માટે અગાઉથી આપેલી નોટિસ બાદ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મુંબઈ મહાનગરપાલિકા શનિવારે સવારે કાર્યવાહી હાથ ધરવા પહોંચી ગઈ હતી. જોકે આ કાર્યવાહીના વિરોધમાં સ્થાનિકો રસ્તા પર બેસી જતા વિસ્તારમાં તણાવ નિર્માણ થયો હતો. અમુક વાહનોની તોડફોડ થઈ હોવાના પણ અહેવાલ હતા. આ દરમિયાન સુધરાઈ, પોલીસ સહિત મસ્જિદના ટ્રસ્ટીગણ વચ્ચે આ મામલે ચર્ચા થયા બાદમાં ટ્રસ્ટીઓએ ગેરકાયદે બાંધકામને જાતે જ હટાવવાની તૈયારી દર્શાવી હતી અને તે માટે ચારથી પાંચ દિવસની મુદત આપવાની માગણી કરી હતી, જેને સુધરાઈએ માન્ય રાખતા મામલો શાંત પડ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ

(જુઓ પાનું ૪) ▶▶

## ૯ વાગ્યા પહેલાં મસ્જિદ પાસે મોટી સંખ્યામાં ભેગા થજો

### ‘મસ્જિદ બચાઓ’ લેટર ફર્યો ને ટોળાં ભેગાં થયાં

મુંબઈ: ધારાવીમાં મસ્જિદને બચાવવા લોકોને મોટી સંખ્યામાં એકઠા થવાની અપીલ કરતો પત્ર સોશિયલ મીડિયા પર વાયરલ થવાને કારણે શનિવારે રહેવાસીઓ રસ્તા પર ઊતર્યા હતા અને પાલિકાના અધિકારીઓને ઘેરી વળ્યા હતા, એવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. પોલીસ આ બાબતે તપાસ કરી રહી છે.

સોશિયલ મીડિયા પર ધારાવીની મસ્જિદ મહેબૂબ-એ-સુબહાનીનું લેટરહેડ ફરતું થયું હતું, જેમાં ૯૦ ફૂટ રોડ પર હિમાલયા હોટેલ પાસેની સુબહાની મસ્જિદની તોડફોડ કરવા પોલીસ પ્રોટેક્શન સાથે બીએમસી કાલે, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ની સવારે ૯ વાગ્યે આવવાની છે. તેથી બધાને અપીલ કરવામાં આવે છે કે મસ્જિદની સુરક્ષા માટે વધુમાં વધુ સંખ્યામાં જમા થજો. તમે બધા સવારે ૯ વાગ્યા પહેલાં મસ્જિદ પાસે એકઠા થજો... એવા મતલબનું લખાણ હોવાનું કહેવાય છે.

આ લેટર સોશિયલ મીડિયા પર વાયરલ થવાને કારણે મોટી સંખ્યામાં લોકો શનિવારે સવારે રસ્તા પર ઊતર્યા હોવાનું માનવામાં આવે છે. પોલીસ આ લેટરની ખરાઈ ચકાસી તે અંગે તપાસ કરશે, એવું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## નોટિસ આપ્યાના બીજા જ દિવસે કાર્યવાહીથી રોષ ભભૂક્યો

નોટિસ આપ્યાના બીજે જ દિવસે પાલિકાની ટીમ કાર્યવાહી માટે પહોંચી હોવાનો આક્ષેપ કરીને તેના વિરોધમાં મોટી સંખ્યામાં લોકો ધારાવી પોલીસ સ્ટેશન બહાર જમા થયા હતા. રસ્તા પર બેસી લોકોએ વાહનવ્યવહાર રોકી દીધો હતો. પરિસ્થિતિ વણસતી જોઈ વરિષ્ઠ અધિકારીઓએ ધારાવી દોડી જવું પડ્યું હતું. નોટિસ આપ્યાના બીજા જ દિવસે મસ્જિદનો ગેરકાયદે ભાગ તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવતા લોકોમાં રોષ ભભૂક્યો હતો. ■

## મસ્જિદ તો બહુ જૂની છે, તોડવાનો સવાલ જ નથી

સ્થાનિકો કહેવા મુજબ આ મસ્જિદ બહુ જૂની છે, તેથી તેને તોડી પાડવાનો કોઈ સવાલ જ નથી. રહેવાસીઓમાં શુક્રવારથી જ રોષનો ચરુ ઉકળી રહ્યો હતો. શુક્રવાર મોડી રાતથી સુધરાઈની આ કાર્યવાહીના વિરોધમાં લોકો રસ્તા પર ઊતરી આવ્યા હતા. શનિવારે સવારના જ્યારે સુધરાઈના જી-ઉત્તર વૉર્ડના અધિકારી-કર્મચારીઓ મસ્જિદમાં રહેલા ગેરકાયદે બાંધકામને તોડી પાડવા માટે પહોંચ્યા હતા ત્યારે પરિસ્થિતિ તણાવભરી થઈ હતી. પરિસ્થિતિ વણસી જવાની શક્યતાને પગલે મોટી સંખ્યામાં પોલીસબળને તહેનાત કરી દેવામાં આવ્યું હતું. ■

## ઈદ પછી કાર્યવાહી કરવાની વિનંતી કરાઈ હતી: ફડણવીસ

નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ મામલે જણાવ્યું હતું કે ગેરકાયદે બાંધકામ હટાવવાના અદાલતના આદેશને પગલે જ પાલિકાએ આ પહેલા પણ મસ્જિદના ગેરકાયદે બાંધકામને તોડી પાડવાની કાર્યવાહી શરૂ કરી હતી. જોકે, એ વખતે ઇદનો તહેવાર પૂરો થયા બાદ આ કાર્યવાહી કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી હતી. તેથી આજે પાલિકાની ટીમ કાર્યવાહી માટે ત્યાં ગઇ હતી. એ દરમિયાન મસ્જિદ કમિટીએ આવતા ચાર-પાંચ દિવસમાં તે પોતે ગેરકાયદે બાંધકામ હટાવશે તેવી બાંયધરી આપતા ટીમ પાછી આવી ગઇ હતી.

## ચૂંટણી પહેલા રમખાણોનો કારસો: આદિત્ય ઠાકરે

ઉદ્ધવ ઠાકરે જૂથના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ આ મુદ્દે પ્રતિક્રિયા આપતા મહાયુતિની સરકાર પર રમખાણો ભડકાવવાનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે રાજ્યમાં ચૂંટણી યોજાય એ પહેલા હિંદુ-મુસ્લિમ વચ્ચે વૈમનસ્ય ઊભું કરવાનો ભાજપ અને શિંદે સરકારનો આ છેલ્લો પ્રયાસ છે. ભાજપ અને તેના સાથી પક્ષો રાજ્યમાં ધાર્મિક અને જાતિય દ્વેષભાવ પેદા કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. એક બાજુ તે કહે છે બાંગ્લાદેશમાં હિંદુઓ પર હુમલાઓ થઇ રહ્યા છે અને બીજી બાજુ તમે બાંગ્લાદેશની ટીમ સાથે ક્રિકેટ રમી રહ્યા છો. ■

## સુધરાઈના કર્મચારીઓ મસ્જિદ સુધી પહોંચી પણ ન શક્યા

ધારાવીમાં નાઈન્ટી ફૂટ રોડ પર પચીસ વર્ષ જૂની સુબહાની મસ્જિદ આવેલી છે, જેમાં અમુક બાંધકામને ગેરકાયદે હોઈ તેને તોડી પાડવા માટેની નોટિસ પાલિકાએ મોકલી હતી, તે મુજબ શનિવારથી મસ્જિદના ગેરકાયદે બાંધકામને તોડી પાડવાની કાર્યવાહી સુધરાઈ ચાલુ કરવાની હતી. પાલકાના વિરોધમાં સૂત્રોચ્ચાર કરી મસ્જિદ તરફ જતા માર્ગને બંધ કરી દીધો હતો, જેને કારણે પાલિકાની ટીમ મસ્જિદ નજીક પહોંચી શકી નહોતી. ■

**સરકારને કોર્ટની લપડાક**

# મુંબઈ યુનિવર્સિટીની સેનેટની ચૂંટણી ૨૪મી સપ્ટેમ્બરે યોજવાનો આદેશ

મુંબઈ: મુંબઈ યુનિવર્સિટીની સેનેટની ચૂંટણી મોકૂફ રાખવાના સરકારના પરિપત્ર પર સ્ટે મૂક્યા બાદ મુંબઈ હાઈકોર્ટે મંગળવારે ૨૪મી સપ્ટેમ્બરે ચૂંટણી યોજવાનો આદેશ આપ્યો છે.

ન્યાયમૂર્તિ એ એસ ચાંદુરકર અને રાજેશ પાટીલની ખંડપીઠે અસ્થાયીરૂપે ચૂંટણી મુલતવી રાખવાના સરકારના ૧૯ સપ્ટેમ્બરના પરિપત્ર પર રોક લગાવી દીધી હતી. અગાઉ કોર્ટે ચૂંટણી નિર્ધારિત સમયે એટલે કે ૨૨મી સપ્ટેમ્બરે જ યોજવાનો આદેશ આપ્યો હતો, પરંતુ આટલા ઓછા સમયમાં ચૂંટણી યોજવામાં યુનિવર્સિટીએ અસમર્થતા દર્શાવતા કોર્ટે પોતાનો આદેશમાં સુધારો કરીને ચૂંટણી ૨૪મી સપ્ટેમબર સુધી મુલતવી રાખી હતી. ચૂંટણી લડવા ઇચ્છુક ઉમેદવારો મિલિંદ સાટમ, શશિકાંત ઝોરે અને પ્રદીપ સાવંતની અરજી પર કોર્ટે શનિવારે વિશેષ સુનાવણી હાથ ધરી હતી. અરજીમાં ચૂંટણી અનિશ્ચિત સમય માટે મુલતવી રાખનારા પરિપત્રને પડકારવામાં આવ્યો

(જુઓ પાનું ૪) ▶▶

# આજથી છત્રી સાથે જ રાખજો: બે-ત્રણ દિવસ વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાદરવા મહિનાની ગરમી મુંબઈગરાને અકળાવી રહી છે. વરસાદની ગેરહાજરીમાં મુંબઈમાં ચારેક દિવસથી દિવસના સમયમાં ગરમીનું પ્રમાણ વધી ગયું છે ત્યારે આગામી અઠવાડિયામાં મુંબઈ સહિત રાજ્યના અમુક જિલ્લામાં ચોમાસું ફરી સક્રિય થવાની શકયતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે.

ભારતીય હવામાન ખાતાએ સપ્ટેમ્બર મહિનામાં ધોધમાર વરસાદ પડવાનો અંદાજો વ્યક્ત કર્યો હતો. જોકે સપ્ટેમ્બર મહિનો પૂરો થવાની તૈયારી છે, છતાં મુંબઈમાં બે-ત્રણ દિવસને બાદ કરતા લગભગ વરસાદ ગાયબ જ રહ્યો હતો. પરંતુ આગામી અઠવાડિયામાં વરસાદ ફરી સક્રિય થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે, તે મુજબ ૨૩થી ૨૫ દરમિયાન મુંબઈ સહિત ઉત્તર કોંકણ, મધ્ય મહારાષ્ટ્ર, પશ્ચિમ મહારાષ્ટ્રના મરાઠવાડ અને વિદર્ભમાં વરસાદ પડવાની શક્યતા છે. આ દરમિયાન મુંબઈમાં કોલાબામાં મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી અને સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ■

# જીએસબી ગણપતિ મંડળને ૧૧.૫ કરોડ, લાલબાગચા રાજાને ૫.૧૬ કરોડ રૂપિયાનું દાન મળ્યું



મુંબઈ: ગણેશોત્સવ દરમિયાન ભક્તો બાપ્પાના ચરણે પોતાની યથાશક્તિએ દાન-ચઢાવો ચઢાવતા હોય છે. આ વર્ષે પણ મુંબઈના પ્રખ્યાત અને સૌથી શ્રીમંત ગણપતિ એવા જીએસબી સેવા મંડળ તથા લાલબાગ ચા રાજાના ચરણે ભરીભરીને દાન કર્યું છે. ૪૦૦ કરોડ રૂપિયાનું વીમા કવચ ધરાવતા જીએસબીના ગણપતિને કુલ ૧૧.૫ કરોડ રૂપિયાનું રોકડ દાન મળ્યું હતું, જ્યારે ૩૦ કિલો ચાંદી અને ૨૦૦ ગ્રામ સોનાનો ચઢાવો અર્પણ કરવામાં આવ્યો હતો. બીજી તરફ, લાલબાગના રાજાને દસ દિવસમાં ૫.૧૬ કરોડ રૂપિયા તથા સાડા ત્રણ કિલો સોનું અને ૬૪ કિલો ચાંદીનું દાન કરવામાં આવ્યું હતું. જીએસબીમાં આ વર્ષે ભક્તોની સંખ્યા પાંચ દિવસમાં આઠ લાખ સુધી પહોંચી હતી એટલે કે રોજ અંદાજે ૧.૭૫ લાખ લોકોએ બાપ્પાના દર્શન કર્યા હતા. ૮૨,૦૦૦ પૂજા તથા ૩૦,૦૦૦ હવન અહીં કરવામાં આવ્યા હતા. સૌથી વધુ દક્ષિણ ભારતીયો તરફથી ચાંદીની વસ્તુઓ ચઢાવવામાં આવી હતી. લાલબાગના રાજાના ચરણે આ વર્ષે ૫.૧૬ કરોડનું રોકડ દાન કરવામાં આવ્યું હતું, જ્યારે સાડા ત્રણ કિલો સોનું અને ૬૪ કિલો ચાંદીનું દાન કરાયું હતું. ગણેશોત્સવના પ્રથમ દિવસે જ ભક્તો તરફથી ૪૨ લાખ રૂપિયાની રોકડ રકમ દાનમાં આવી હતી, જ્યારે ૧૯૮.ગ્રામ સોનું અને ૫૪૪૦ ગ્રામ ચાંદીની વસ્તુઓ બાપ્પાના ચરણે ધરવામાં આવી હતી. લાલબાગ ચા રાજાના ચરણે ભક્તો તરફથી જે વસ્તુઓ ધરવામાં આવે છે તેની લિલામી કરાય છે.

# મહારાષ્ટ્રને ૧.૫ ટ્રિલ્યન ડોલરનું અર્થતંત્ર બનાવવા માટે થાણેએ મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે: એકનાથ શિંદે

થાણે: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શનિવારે કહ્યું હતું કે ૨૦૪૭ સુધીમાં રાજ્યને ૧.૫ ટ્રિલ્યન ડોલરનું અર્થતંત્ર બનાવવા માટે આઠ વ્યૂહાત્મક ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવું આવશ્યક છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આ લક્ષ્ય હાંસલ કરવા માટે થાણેએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવી પડશે.

‘એમએમઆર થાણે ડેવલપમેન્ટ કોન્ફરન્સ ૨૦૨૪’ને સંબોધતા શિંદેએ જણાવ્યું હતું કે તેમની સરકાર મુંબઈ મેટ્રોપોલિટન રિજનની અર્થવ્યવસ્થા ૨૦૩૦ સુધીમાં ૩૦૦ બિલ્યન ડોલરના આંકને સ્પર્શે તે સુનિશ્ચિત કરવા માટે કામ કરી રહી છે.

આ આઠ વ્યૂહાત્મક ક્ષેત્રો નીતિ આયોગ દ્વારા સૂચવવામાં આવ્યા છે અને તેમને હાંસલ કરવા માટે માસિક સમીક્ષાઓ, સમર્પિત વોર રૂમ વગેરેને સમાવતું

(જુઓ પાનું ૪) ▶▶



**સફાઈનો સંદેશ...** આંતરરાષ્ટ્રીય તટ સ્વચ્છતા દિવસ નિમિત્તે મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણન, મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, કેન્દ્રીય પ્રધાન ભૂપેન્દ્ર યાદવ તથા અન્યો જૂહુ બીચમાં. (એજન્સી)

# નવી મુંબઈમાં સિડકોનાં ઘરોની કિંમતો ઘટાડાશે?

નવી મુંબઈ: નવી મુંબઈમાં પોતાની માલિકીનું ઘર નહીં ધરાવતા લોકોને પરવડે તેવા આવાસ ઉપલબ્ધ કરાવવા માટે કેન્દ્ર સરકાર વડા પ્રધાન આવાસ યોજના હેઠળ મામૂલી આવક ધરાવતા લોકો માટે ઘરોનું બાંધકામ કરી રહી છે. આ ઘર આર્થિક દૃષ્ટિએ સર્વસામાન્ય જનતાને પરવડે એવા હોય એ માટે ગુરુવારે આયોજિત કરવામાં આવેલી બેઠકમાં સિડકોના અધ્યક્ષ સંજય શિરસાટે ઘરના ભાવ લોકોની પહોંચમાં હોય એવા હોવા જોઈએ એવી સૂચના સિડકોના અધિકારીઓને આપી છે. આ મકાનોના ભાવ સરકારના માર્કેટ રેટ (રેડી રેકનર) કરતા ઓછા ભાવના કે પછી રેડી રેકનરની તુલનામાં સર્વસામાન્ય જનતાને પરવડે એવા હોવા જોઈએ એમ પણ તેમણે જણાવ્યું છે.

સિડકો બોર્ડ નવી મુંબઈમાં માલિકીનું ઘર ન ધરાવતા નાગરિકોને નવી મુંબઈના વિવિધ રેલવે સ્ટેશન નજીક મકાન ખરીદવાની સોનેરી તક આપશે. સિડકો બોર્ડ ૬૭ હજાર મકાનોનું નિર્માણ કરી રહ્યું છે, જેમાંથી ૨૫ હજાર મકાન બાંધકામના અંતિમ તબક્કામાં છે. નાગરિકો મહાત્મા ગાંધી જયંતી એટલે કે બીજી ઓક્ટોબરે લોટના ડ્રો માટે અરજીઓ નોંધાવી શકે છે એવી જાણકારી સંજય શિરસાટે આપી છે. આ ફ્લેટ ખાન્દેશ્વર,

(જુઓ પાનું ૪) ▶▶

# બેટથી ફટકારાતા શ્વાનનું મોત: યુવાન વિરુદ્ધ ગુનો નોંધાયો

થાણે: થાણે નજીકના ઘોડબંદર રોડ પર એક રહેવાસીએ બેટથી ફટકારવાને કારણે શ્વાનનું મૃત્યુ થયું હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારે ઘોડબંદર રોડ પરના મોગરપાડા ખાતે બની હતી. આ પ્રકરણે સામાજિક કાર્યકરે પોલીસમાં ફરિયાદ કરી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે આરોપી ગોકુલ થોરેએ રખડતા શ્વાનને બેટથી નિર્દયતાથી માર્યો હતો, જેને કારણે શ્વાન ગંભીર રીતે ઘવાયો હતો. ડૉગીને સારવાર માટે વેટરનરી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં સારવાર દરમિયાન શુક્રવારે બપોરે તેનું મૃત્યુ થયું હતું. પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૨૫ અને ક્રુઅલ્ટી ઑફ એનિમલ ઍક્ટ હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો. (પીટીઆઈ) ■

# મધ્ય અને હાર્બર રેલવેમાં આજે બ્લોક

મુંબઈ: મધ્ય રેલવે દ્વારા રવિવારે થાણેથી કલ્યાણ અને કુર્લાથી વાશી દરમિયાન બ્લોક જાહેર કર્યો છે. મધ્ય રેલવેમાં થાણેથી કલ્યાણ વચ્ચે સવારે ૧૧થી બપોરે ચાર વાગ્યા સુધી અપ અને ડાઉન ધીમી લાઇન પર બ્લોક રહેશે. બ્લોક દરમિયાન ધીમી લાઇનની લોકલ ફાસ્ટ લાઇન પર દોડશે. આ સિવાય અમુક ટ્રેનો રદ કરવામાં આવશે. હાર્બર લાઇન પર કુર્લાથી વાશી વચ્ચે સવારે ૧૧.૧૦ કલાકથી સાંજે ૪.૧૦ કલાક સુધી અપ અને ડાઉન પર બ્લોક રહેશે. બ્લોકને કારણે સીએસએમટીથી પનવેલ, બેલાપુર, વાશી દરમિયાન અપ અને ડાઉન લોકલ રદ રહેશે. સીએસએમટીથી કુર્લા અને પનવેલથી વાશી દરમિયાન વિશેષ લોકલ દોડાવવામાં આવશે. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ‘‘મુંબઈ સમાચાર સાપ્તાહિક’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**